A

B

**: પ્રકાશક :**

શ્રી નીતિનભાઈ આઈ. પારેખ (પ્રમુખ)
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર,**
(શ્રી સત્શ્રુત સેવા સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| ચતુર્થ | ઈ.સ. ૨૦૧૦ | ૨૦૦૦ |
| પાંચમી | પર્યુષણ પર્વ, ઈ.સ. ૨૦૧૫ | ૨૦૦૦ |

કિંમત : રૂ. ૪૦

: પ્રાપ્તિ સ્થાન :

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન નં. (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯/૪૮૩/૪૮૪
e-mail : mail@shrimadkoba.org
website : www.shrimadkoba.org

## પ્રસ્તાવના

ભક્તિમાર્ગ એ દરેક કક્ષાના મુમુક્ષુની તેમજ જ્ઞાનીઓની સાધનાનું એક મહત્ત્વનું અંગ છે. આપણા જીવનના પ્રત્યેક દિવસનાં પ્રારંભમાં અને અંતમાં પ્રભુ સાથેનું અનુસંધાન થાય તો આખા દિવસ દરમિયાન તેમજ જીવનપર્યંત સાધનાનું સાતત્ય જળવાઈ રહે અને પ્રભુ-ગુરુનું અનુસંધાન કરતાં કરતાં આત્માનુસંધાન તરફ જઈ શકાય. આ જ હેતુથી આપણા સાધના કેન્દ્રમાં પૂજ્યશ્રી આત્માનંદજીના માર્ગદર્શન હેઠળ પ્રાતઃકાળ અને સાયંકાળમાં કરવા યોગ્ય દૈનિક નિત્યક્રમ અને પ્રભુભક્તિનો એક સુંદર ક્રમ ગોઠવાયો છે, જે આ પુસ્તિકામાં પ્રસ્તુત છે.

આ દૈનિક ભક્તિક્રમમાં મંગળાચરણ, પ્રાતઃકાળ તથા સાયંકાળનું દેવવંદન, પ્રભુભક્તિ, ગુરુભક્તિ, વૈરાગ્યપદ, આત્મકીર્તન, ધૂન, મંત્ર-જાપ, વંદના, પ્રણિપાત સ્તુતિ અને વિશ્વમંગલની ભાવના એવો ક્રમ સામાન્યપણે ગોઠવેલ છે, જેમાં અનેક આચાર્યો અને સત્પુરુષોની ઉત્તમ રચનાઓને સંકલિત કરી છે. આ સમસ્ત સંકલનનો પ્રારંભ ઈ.સ. ૧૯૮૮માં પૂજ્યશ્રી આત્માનંદજીએ સ્વયં પોતાની સાધનામાં બીજા અનેક તજજ્ઞોની વિચારદૃષ્ટિને સમાવિષ્ટ કરીને કરેલ. તેથી તેની પારમાર્થિક ઉપયોગિતા સાધકોને માટે અધિકૃત અને પ્રેરણાદાયી બની રહેશે.

અઠવાડિયાના દરેક દિવસ પ્રમાણે ગોઠવાયેલ આ વૈવિધ્યપૂર્ણ અને સુવ્યવસ્થિત ક્રમ સામૂહિક ભક્તિમાં, તેમજ ચિત્તની નિર્મળતા અને એકાગ્રતા સાધવામાં સાધકને અત્યંત ઉપયોગી થશે.

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબામાં આ પુસ્તિકામાં નિર્દિષ્ટ કરેલ ભક્તિ-ભાવના-પારાયણ-ધૂનનો કાર્યક્રમ સવાર-સાંજ નિયમિતપણે અને ઉલ્લાસભાવથી આરાધવામાં આવે છે. આ ઉપરાંત ભારત અને વિદેશના અનેક મુમુક્ષુઓએ પણ આ દૈનિક ભક્તિક્રમને પોતાની આરાધનાનો એક નિયમિત ભાગ બનાવી દીધો છે.



**'દૈનિક ભક્તિક્રમ'**ની આ પાંચમી આવૃત્તિ મુમુક્ષુ સમાજના કરકમળમાં મૂકતાં અમે સાત્ત્વિક આનંદનો અનુભવ કરીએ છીએ.

આ પુસ્તિકાની ચોથી આવૃતિને એક નવીન, આકર્ષક સ્વરૂપ આપવામાં આવ્યું હતું, જે મુમુક્ષુ સમાજમાં બહુ આવકાર્ય બન્યું છે. આ સાથે **'ભક્તિ પરાગ'** પુસ્તકની પણ બીજી આવૃત્તિ પ્રકાશિત થઈ છે, જેમાં અનેક મહાપુરુષોના પ્રચલિત જીવનોપયોગી ભક્તિપદો અને પ્રકીર્ણ પદોને આવરી લીધા છે. આ બન્ને પ્રકાશનો એકબીજાના પૂરક હોવાથી ભક્તિમાર્ગની સાધનામાં અત્યંત ઉપયોગી થશે એવી અમને શ્રદ્ધા છે.

મુમુક્ષુઓની સુવિધા માટે અનુક્રમણિકા બે રીતે આપેલ છે - શરૂઆતમાં પૃષ્ઠ સંખ્યા પ્રમાણે અને અંતમાં વર્ણમાળા પ્રમાણે. આ પુસ્તકના પ્રકાશનમાં આર્થિક યોગદાન આપનાર સૌ મુમુક્ષુઓનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

શક્ય તેટલી તમામ કાળજી લેવા છતાં આ પ્રકાશનમાં કોઈપણ પ્રકારની ક્ષતિઓ રહી ગઈ હોય તો પાઠકગણ તેને ક્ષમ્ય ગણે અને તે ક્ષતિઓ પ્રકાશન સમિતિને લખી મોકલાવે તેવી નમ્ર વિનંતી.

સૌ જિજ્ઞાસુ-મુમુક્ષુઓને આ 'દૈનિક ભક્તિક્રમ' તેમની સાધનાને અત્યંત પુષ્ટ બનાવે અને ભાવવિશુદ્ધિ કરાવી સૌને આત્મકલ્યાણના માર્ગે આગળ ધપાવે તેવી સદ્ભાવના સહિત,

વિનીત,
સાહિત્ય પ્રકાશન સમિતિ,
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર,
કોબા

પર્યુષણ પર્વ
સપ્ટેમ્બર ૨૦૧૫

E

# અનુક્રમણિકા


ક્રમાંક પૃષ્ઠ

૧) શ્રી નવકાર મંત્ર .................................... ૧
૨) અહો શ્રી સત્પુરુષકે વચનામૃતમ્ (મંગળાચરણ) ........... ૧
૩) અનંત અનંત ભાવ ભેદથી (જિનેશ્વરની વાણી) ........... ૨
૪) હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું (વીશ દોહરા) ................ ૨
૫) યમનિયમ સંજમ આપ કીયો ......................... ૪
૬) પ્રાતઃકાળની સ્તુતિ (દેવ વંદન)....................... ૬
૭) ત્રણ મંત્રની માળા .................................. ૮
૮) ક્ષમાપના ........................................ ૯
૯) વીતરાગનો કહેલો ધર્મ ............................. ૧૦
૧૦) દુર્લભ એવો મનુષ્યદેહ ............................. ૧૧
૧૧) અહો ! અહો ! શ્રી સદ્ગુરુ .......................... ૧૨
૧૨) પ્રણિપાત સ્તુતિ (હે પરમકૃપાળુ દેવ) ................... ૧૨
૧૩) અંત મંગલ ...................................... ૧૩
૧૪) સાયંકાળની સ્તુતિ (દેવ વંદન) ....................... ૧૪

**રવિવાર - પ્રાતઃકાળ**

૧૫) જડ ને ચૈતન્ય બન્ને (જડ-ચેતન વિવેક) ................ ૧૮
૧૬) જય જગતત્રાતા .................................. ૧૮
૧૭) હે નાથ ગ્રહી અમ હાથ ............................. ૧૯
૧૮) અરિહંત નમો ભગવંત નમો ......................... ૨૦
૧૯) દશલક્ષણ ધર્મસ્વરૂપ (ભવિજન ભાવ ધરીને) ........... ૨૧
૨૦) આત્મરમણ ધૂન (દર્શન જ્ઞાન રમણ એકતાન)............. ૨૩

**રવિવાર - સાયંકાળ**

૨૧) વૈરાગ્ય પારાયણ (અ) ............................... ૨૪
૨૨) વૈરાગ્ય પારાયણ (બ) ............................... ૩૨
૨૩) ભક્તિ પારાયણ .................................. ૪૦
૨૪) અધ્યાત્મ પારાયણ ................................ ૫૨


F




**સોમવાર - પ્રાતઃકાળ**

૨૫) પ્રથમ નમું ગુરુરાજને (શ્રી સદ્ગુરુ ઉપકાર-મહિમા) ....... ૬૩
૨૬) શુભ શીતળતામય છાંય રહી (ભક્તિનો ઉપદેશ)........... ૬૪
૨૭) બહુ પુણ્યકેરા પુંજથી (અમૂલ્ય તત્ત્વવિચાર)............... ૬૪
૨૮) વીરજીને ચરણે લાગું (શ્રી મહાવીર સ્વામી સ્તવન) ........ ૬૫
૨૯) મેરી ભાવના(જિસને રાગદ્વેષકામાદિક જીતે)............. ૬૬
૩૦) અશુદ્ધાત્મા શુદ્ધાત્માને અરજ કરે છે .................. ૬૮
૩૧) જાપ દ્વારા મનોનિગ્રહ .............................. ૭૦

**સોમવાર - સાયંકાળ**

૩૨) શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની સ્તુતિ ....................... ૭૧
૩૩) શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર ............................... ૭૧
૩૪) ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ ......................... ૮૫

**મંગળવાર - પ્રાતઃકાળ**

૩૫) દર્શન સ્તુતિ (શ્રી દૌલતરામજી કૃત)..................... ૮૭
૩૬) તુમ તરણ તારણ (સ્તુતિ) .......................... ૮૯
૩૭) શ્રી શીતલજિન ભેટિયે (શ્રી શીતલજિન સ્તવન) .......... ૯૧
૩૮) જ્ઞાની એનું નામ .................................. ૯૧
૩૯) આપ સ્વભાવમેં રે અવધૂ ........................... ૯૨
૪૦) આત્મરમણ ધૂન (મૈં દર્શનજ્ઞાનસ્વરૂપી હૂં)............... ૯૩

**મંગળવાર - સાયંકાળ**

૪૧) અપૂર્વ અવસર (પરમપદપ્રાપ્તિની ભાવના) .............. ૯૪
૪૨) મૂળ મારગ સાંભળો જિનનો રે ....................... ૯૭
૪૩) રાત્રે રોજ વિચારો ................................. ૯૯
૪૪) સહજાત્મસ્વરૂપ ટાળો ભવકૂપ (ભક્તિનાં છંદો) .......... ૯૯

**બુધવાર - પ્રાતઃકાળ**

૪૫) જળહળ જ્યોતિ સ્વરૂપ તું (પ્રભુ પ્રાર્થના)................ ૧૦૧
૪૬) શાંતિ કે સાગર અરુ (મુનિને પ્રણામ) .................. ૧૦૨
૪૭) વિદ્યુત લક્ષ્મી (અનિત્યાદિ ભાવના) ................... ૧૦૩
૪૮) જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય (દોહરા) .................... ૧૦૫
૪૯) છ પદનો પત્ર .................................... ૧૦૬

૫૦) હું સ્વતંત્ર નિશ્ચલ નિષ્કામ (આત્મકીર્તન) ................ ૧૧૦

**બુધવાર - સાયંકાળ**

૫૧) શ્રી અમિતગતિ સામાયિક.......................... ૧૧૧
૫૨) સુણો શાંતિ જિણંદ સોભાગી (શ્રી શાંતિજિન સ્તવન)........ ૧૧૬
૫૩) પ્રભુનું નામ રસાયણ સેવે ......................... ૧૧૭
૫૪) આટલું તો આપજે ભગવન્ ......................... ૧૧૮
૫૫) ખલક સબ રૈનકા સપના ......................... ૧૧૯
૫૬) હે પ્રભો આનંદદાતા ............................. ૧૨૦

**ગુરુવાર - પ્રાતઃકાળ**

૫૭) શ્રી ભક્તામર સ્તોત્રનો આજ્ઞાપાઠ - વિનય પાઠ .......... ૧૨૧
૫૮) શ્રી ભક્તામર સ્તોત્ર (ગુજરાતી અનુવાદ) ............... ૧૨૨
૫૯) શાંતિદાયક ધૂન (સહજાનંદી શુદ્ધ સ્વરૂપી)................ ૧૩૦

**ગુરુવાર - સાયંકાળ**

૬૦) શ્રી ગુરુમાહાત્મ્ય ................................. ૧૩૧
૬૧) તે ગુરુ મેરે મન બસો ............................. ૧૩૬
૬૨) ક્રોધની સજ્ઝાય ................................. ૧૩૭
૬૩) માનની સજ્ઝાય ................................. ૧૩૮
૬૪) માયાની સજ્ઝાય ................................. ૧૩૮
૬૫) લોભની સજ્ઝાય ................................. ૧૩૯

**શુક્રવાર - પ્રાતઃકાળ**

૬૬) બિના નયન પાવે નહીં .............................. ૧૪૧
૬૭) ધર્મ જિનેસર ગાઉં રંગશું (શ્રી ધર્મનાથ સ્વામી સ્તવન)...... ૧૪૧
૬૮) તારાં દર્શન માત્રથી દેવ ............................ ૧૪૨
૬૯) અલખ નિરંજન આતમજ્યોતિ ......................... ૧૪૩
૭૦) અધ્યાત્મ ગાથાઓ ................................ ૧૪૩
૭૧) શાંતિદાયક ધૂન (હું છું આતમા)....................... ૧૪૬

**શુક્રવાર - સાયંકાળ**

૭૨) શ્રી સમાધિશતક ................................. ૧૪૭
૭૩) ધર્મતત્ત્વ જો પૂછ્યું મને (સર્વમાન્ય ધર્મ).................. ૧૫૬
૭૪) ઈચ્છે છે જે જોગી જન (અંતિમ સંદેશ)................... ૧૫૭



**શનિવાર - પ્રાતઃકાળ**

૭૫) આલોચના પાઠ ................................ ૧૫૯
૭૬) સામાયિક પાઠ (છ આવશ્યક કર્મ) ..................... ૧૬૨
૭૭) સદ્‌ગુરુ મુક્ત થવાનો (ગુરુ મહારાજને વિનંતી) ........... ૧૬૭
૭૮) શાંતિદાયક ધૂન (અજર અમર અવિનાશી આનંદઘન)......... ૧૬૮

**શનિવાર - સાયંકાળ**

૭૯) આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય.......................... ૧૬૯
૮૦) છહ ઢાળા ..................................... ૧૭૭

❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊

૮૧) ક્ષમાપના પાઠનું પદ્ય.............................. ૧૯૨
૮૨) શ્રી બૃહદ્ આલોચના.............................. ૧૯૪

❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊

**પ્રકીર્ણ વિભાગ**

૮૩) અરિહા શરણં સિદ્ધા શરણં (મંગલ ભાવના)............... ૨૧૩
૮૪) પરમાત્મા આરતી (ૐ જય જય અવિકારી)............... ૨૧૩
૮૫) મંગલ દીવો .................................... ૨૧૪
૮૬) શ્રી રત્નાકર પચ્ચીસી(મંદિર છો મુક્તિતણા) .............. ૨૧૫

❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊

વર્ણમાળા પ્રમાણે અનુક્રમણિકા .................... ૨૧૯

## ૧. શ્રી નવકાર મંત્ર

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો;
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં.

## ૨. મંગળાચરણ

અહો શ્રી સત્પુરુષકે વચનામૃતમ્ જગહિતકરમ્,
મુદ્રા અરુ સત્સમાગમ સુતિ ચેતના જાગૃતકરમ્;
ગિરતી વૃત્તિ સ્થિર રખે દર્શન માત્રસેં નિર્દોષ હૈ,
અપૂર્વ સ્વભાવકે પ્રેરક, સકલ સદ્ગુણ કોષ હૈ. ૧

સ્વસ્વરૂપકી પ્રતીતિ અપ્રમત્ત સંયમ ધારણમ્,
પૂરણપણે વીતરાગ નિર્વિકલ્પતાકે કારણમ્;
અંતે અયોગી સ્વભાવ જો તાકે પ્રગટ કરતાર હૈ,
અનંત અવ્યાબાધ સ્વરૂપમેં સ્થિતિ કરાવનહાર હૈ. ૨

સહજાત્મ સહજાનંદ આનંદઘન નામ અપાર હૈ,
સત્ દેવ ધર્મ સ્વરૂપ દર્શક સુગુરુ પારાવાર હૈ;
ગુરુભક્તિસેં લહો તીર્થપતિપદ શાસ્ત્રમેં વિસ્તાર હૈ,
ત્રિકાળ જયવંત વર્તો શ્રી ગુરુરાજને નમસ્કાર હૈ. ૩

એમ પ્રણમી શ્રી ગુરુરાજકે પદ આપ-પરહિતકારણમ્,
જયવંત શ્રી જિનરાજ-વાણી કરું તાસ ઉચ્ચારણમ્;
ભવભીત ભવિક જે ભણે ભાવે સુણે સમજે સદ્હે,
શ્રી રત્નત્રયની ઐક્યતા લહી સહી સો નિજ પદ લહે. ૪



## ૩. જિનેશ્વરની વાણી

(મનહર છંદ)

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;

સકલ જગત હિતકારિણી હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે;

ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;

અહો ! રાજચંદ્ર, બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.
(ગુરુરાજ તણી વાણી જાણી તેણે જાણી છે.)

(શ્રીમદ્ રાજચંદ્ર, મોક્ષમાળા-શિક્ષાપાઠ-૧૦૭)

## ૪. શ્રી સદ્ગુરુભક્તિ રહસ્ય

**(ભક્તિના વીશ દોહરા)**

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ ? ૨

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩

જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪

'હું પામર શું કરી શકું ?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬

અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮

કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;
તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯

સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહીં. ૧૧

અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્ગુણ પણ, મુખ બતાવું શુંય? ૧૩

કેવળ કરુણા-મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન. ૧૫



સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ? ૧૭

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય? ૧૮

અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ? ૧૯

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ. ૨૦

(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૨૬૪)

## ૫. કૈવલ્યબીજ શું ?

**ૐ સત્**

**(તોટક છંદ)**

યમનિયમ સંજમ આપ કિયો,
પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો. ૧

મન પૌન નિરોધ સ્વબોધ કિયો,
હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે,
ઉરસેંહિ ઉદાસી લહી સબપેં. ૨

સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે,
મત મંડન ખંડન ભેદ લિયે;

વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો. ૩

અબ ક્યौं ન બિચારત હૈ મનસેં,
કછુ ઔર રહા ઉન સાધનસેં ?
બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે,
મુખ આગલ હૈં કહ બાત કહે ? ૪

કરુના હમ પાવત હે તુમકી,
વહ બાત રહી સુગુરુ ગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસેં,
જબ સદ્ગુરુચર્ન સુપ્રેમ બસેં. ૫

તનસેં, મનસેં, ધનસેં, સબસેં,
ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો,
રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો. ૬

વહ સત્ય સુધા દરશાવહિંગે,
ચતુરાંગુલ હે દૃગસે મિલહે;
રસ દેવ નિરંજન કો પિવહી,
ગહિ જોગ જુગોજુગ સો જીવહી. ૭

પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં,
સબ આગમભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે,
નિજકો અનુભૌ બતલાઈ દિયે. ૮

(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૨૬૫)



# ૬. પ્રાતઃકાળની સ્તુતિ

## (દેવ વંદન)

મહાદેવ્યાઃ કુક્ષિરત્નં, *શબ્દજીતરવાત્મજમ્,
રાજચંદ્રમહં વંદે, તત્ત્વલોચનદાયકમ્. ૧

જય ગુરુદેવ ! સહજાત્મસ્વરૂપ પરમગુરુ શુદ્ધ ચૈતન્ય સ્વામી.

ૐકારં બિંદુસંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમોનમઃ ૨

મંગલમય મંગલકરણ, વીતરાગ વિજ્ઞાન;
નમો તાહિ જાતે ભયે, અરિહંતાદિ મહાન. ૩

વિશ્વભાવ વ્યાપિ તદપિ, એક વિમલ ચિદ્રૂપ;
જ્ઞાનાનંદ મહેશ્વરા, જયવંતા જિનભૂપ. ૪

મહત્તત્ત્વ મહનીય મહઃ મહાધામ ગુણધામ;
ચિદાનંદ પરમાતમા, વંદો રમતા રામ. ૫

તીનભુવન ચૂડારતન, - સમ શ્રી જિનકે પાય;
નમત પાઈએ આપ પદ, સબ વિધિ બંધ નશાય. ૬

નમું ભક્તિભાવે, ઋષભ જિન શાંતિ અઘ હરો,
તથા નેમિ પાર્શ્વ, પ્રભુ મમ સદા મંગલ કરો;
મહાવીરસ્વામી, ભુવનપતિ કાપો કુમતિને,
જિના શેષા જે તે, સકલ મુજ આપો સુમતિને. ૭

અર્હંતો ભગવંત ઈન્દ્રમહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતાઃ
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ

* પાઠાંતર : શબ્દજીતવરાત્મજમ્

શ્રીસિદ્ધાન્તસુપાઠકા મુનિવરા રત્નત્રયારાધકાઃ
પંચૈ તે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વંતુ વો મંગલમ્. ૮

ભક્તામરપ્રણતમૌલિમણિપ્રભાણા
મુદ્યોતકં દલિતપાપતમોવિતાનમ્
સમ્યક્પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા-
વાલંબનં ભવજલે પતતાં જનાનામ્. ૯

યઃ સંસ્તુતઃ સકલવાઙ્મયતત્ત્વબોધા-
દુદ્ભૂતબુદ્ધિપટુભિઃ સુરલોકનાથૈઃ
સ્તોત્રૈર્જગત્ત્રિતયચિત્તહરૈરુદારૈઃ
સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્. ૧૦

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્;
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્. ૧૧

દર્શનાદ્ દુરિતધ્વંસી વંદનાદ્ વાંચ્છિતપ્રદઃ
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ ૧૨

પ્રભુદર્શન સુખસંપદા, પ્રભુદર્શન નવનિધિ;
પ્રભુદર્શનસેં પામીએ, સકલ મનોરથ-સિદ્ધિ. ૧૩

જીવડા જિનવર પૂજીએ, પૂજાનાં ફળ હોય;
રાજ નમે પ્રજા નમે, આણ ન લોપે કોય. ૧૪

કુંભે બાંધ્યું જળ રહે, જળ વિણ કુંભ ન હોય;
(ત્યમ)જ્ઞાને બાંધ્યું મન રહે, (સદ્)ગુરુ વિણ જ્ઞાન ન હોય. ૧૫

ગુરુ દીવો, ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર;
જે ગુરુ વાણી વેગળા, રડવડીઆ સંસાર. ૧૬
તનકર મનકર વચનકર, દેત ન કાહુ દુઃખ;
કર્મ રોગ પાતિક ઝરે, નિરખત સદ્ગુરુ મુખ. ૧૭



દરખતસેં ફલ ગિર પડ્યા, બૂઝી ન મનકી પ્યાસ;
ગુરુ મેલી ગોવિંદ ભજે, મિટે ન ગર્ભાવાસ. ૧૮

ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવિયે, ભાવે કેવળજ્ઞાન. ૧૯

ત્વં માતા ત્વં પિતા ચૈવ, ત્વં ગુરુસ્ત્વં બાંધવઃ
ત્વમેકઃ શરણં સ્વામિન્, જીવિતં જીવિતેશ્વરઃ ૨૦

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ ભ્રાતા ચ સખા ત્વમેવ;
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવદેવ. ૨૧

યત્સ્વર્ગાવતરોત્સવે યદભવજ્જન્માભિષેકોત્સવે,
યદ્દીક્ષાગ્રહણોત્સવે યદખિલજ્ઞાનપ્રકાશોત્સવે;
યન્નિર્વાણગમોત્સવે જિનપતેઃ પૂજાદ્ભુતં તદ્ભવૈઃ
સંગીતસ્તુતિમંગલૈઃ પ્રસરતાં મે સુપ્રભાતોત્સવઃ ૨૨

**શ્રી નવકારમંત્રનું સમૂહ ઉચ્ચારણ**

**ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ**
**નિસીહિઆએ મત્થએણ વંદામિ.**
(ત્રણવાર ખમાસણા સહિત)

## ૭. ત્રણ મંત્રની માળા

૧. સહજાત્મસ્વરૂપ પરમગુરુ.
૨. આતમભાવના ભાવતાં, જીવ લહે કેવળજ્ઞાન રે.
૩. પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ.

## ૮. ક્ષમાપના

હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવન્ ! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા ! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હુ નિરંતર પ્રપંચમાં પડ્યો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું. નીરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નીરાગી, નિર્વિકારી, સત્‌ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ ! હે સર્વજ્ઞ ભગવાન ! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(શ્રીમદ્ રાજચંદ્ર, મોક્ષમાળા-શિક્ષાપાઠ-૫૬)



## ૯. વીતરાગનો કહેલો ધર્મ

ૐ

વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી; તો પણ તેના જેવું જીવને સંસાર રોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું.

આ પરમ તત્ત્વ છે, તેનો મને સદાય નિશ્ચય રહો; એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મમરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ ! નિવૃત્તિ થાઓ !!

હે જીવ ! આ કલેશરૂપ સંસાર થકી, વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા ! જાગૃત થા !! નહીં તો રત્ન ચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.

હે જીવ ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૫૦૫)

હે કામ ! હે માન ! હે સંગઉદય !
હે વચનવર્ગણા ! હે મોહ ! હે મોહદયા !
હે શિથિલતા ! તમે શા માટે અંતરાય કરો છો ?
પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાઓ ! અનુકૂળ થાઓ.

(શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ-૨/૧૯)

## ૧૦. દુર્લભ એવો મનુષ્યદેહ

દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંત વાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં; પણ આ મનુષ્યદેહને કૃતાર્થતા છે, કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાનીપુરુષને ઓળખ્યા, તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો, જે પુરુષના આશ્રયે અનેક પ્રકારના મિથ્યા આગ્રહાદિની મંદતા થઈ, તે પુરુષને આશ્રયે આ દેહ છૂટે એ જ સાર્થક છે. જન્મજરામરણાદિને નાશ કરવાવાળું આત્મજ્ઞાન જેમને વિષે વર્તે છે, તે પુરુષનો આશ્રય જ જીવને જન્મજરામરણાદિનો નાશ કરી શકે, કેમકે તે યથાસંભવ ઉપાય છે. સંયોગ સંબંધે આ દેહ પ્રત્યે આ જીવને જે પ્રારબ્ધ હશે તે વ્યતીત થયે તે દેહનો પ્રસંગ નિવૃત્ત થશે. તેનો ગમે ત્યારે વિયોગ નિશ્ચયે છે, પણ આશ્રયપૂર્વક દેહ છૂટે એ જ જન્મ સાર્થક છે, કે જે આશ્રયને પામીને જીવ તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે.

શ્રી સદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો.

હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.

(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૬૯૨)



## ૧૧. અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.

શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન.

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ.

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.

પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમજ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.

## ૧૨. પ્રણિપાત સ્તુતિ

હે પરમકૃપાળુ દેવ ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ આપ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપનાં ચરણારવિન્દમાં નમસ્કાર કરું છું. આપની પરમભક્તિ અને વીતરાગપુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગ્રત રહો એટલું માગું છું તે સફળ થાઓ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## ૧૩. પ્રકીર્ણ અંત મંગલ

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ. ૧

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો. ૨

અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી પ્રભુ ! પરમ તેજે તું લઈ જા;
મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ ! લઈ જા,
તું હીણો હું છું તો, તુજ દરશનાં દાન દઈ જા. ૩

સુખ ધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર રહે તદ્ધ્યાનમહીં;
પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે. ૪

ચત્તારિ શરણં પવજ્જામિ - અરિહંતે શરણં પવજ્જામિ,
સિદ્ધે શરણં પવજ્જામિ, સાહૂ શરણં પવજ્જામિ,
કેવલિપણ્ણતં ધમ્મં શરણં પવજ્જામિ. ૫

શિવમસ્તુ સર્વજગતઃ પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ
દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખી ભવંતુ લોકાઃ ૬



## ૧૪. સાયંકાળની સ્તુતિ

### (દેવ વંદન)

મહાદેવ્યાઃ કુક્ષિરત્નં, *શબ્દજીતરવાત્મજમ્,
રાજચંદ્રમહં વંદે, તત્ત્વલોચનદાયકમ્. ૧
જય ગુરુદેવ ! સહજાત્મસ્વરૂપ પરમગુરુ શુદ્ધ ચૈતન્ય સ્વામી.

ૐકારં બિંદુસંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમોનમઃ ૨

મંગલમય મંગલકરણ, વીતરાગ વિજ્ઞાન;
નમો તાહિ જાતે ભયે, અરિહંતાદિ મહાન. ૩

વિશ્વભાવ વ્યાપિ તદપિ, એક વિમલ ચિદ્રૂપ;
જ્ઞાનાનંદ મહેશ્વરા, જયવંતા જિનભૂપ. ૪

મહત્તત્ત્વ મહનીય મહઃ મહાધામ ગુણધામ;
ચિદાનંદ પરમાતમા, વંદો રમતા રામ. ૫

તીનભુવન ચૂડારતન, સમ શ્રી જિનકે પાય;
નમત પાઈએ આપ પદ, સબ વિધિ બંધ નશાય. ૬

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્;
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્. ૭

દર્શનાદ્ દુરિતધ્વંસિ, વંદનાદ્ વાંછિતપ્રદઃ
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ ૮

પ્રભુદર્શન સુખસંપદા, પ્રભુદર્શન નવનિધિ;
પ્રભુદર્શનસેં પામીએ, સકલ મનોરથ-સિદ્ધિ. ૯

* પાઠાંતર : શબ્દજીતવરાત્મજમ્

બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિમ્,
દ્વન્દ્વાતીતં ગગનસદૃશં તત્ત્વમસ્યાદિ લક્ષ્યમ્;
એકં નિત્યં વિમલમચલં સર્વદા સાક્ષીભૂતમ્,
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્‌ગુરું તં નમામિ. ૧૦

આનન્દમાનન્દકરં પ્રસન્નં જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્;
યોગીન્દ્રમીડ્યં ભવરોગવૈદ્યં શ્રીમદ્ ગુરું નિત્યમહં નમામિ. ૧૧

શ્રીમદ્ પરબ્રહ્મગુરું વદામિ શ્રીમદ્ પરબ્રહ્મગુરું નમામિ,
શ્રીમદ્ પરબ્રહ્મગુરું ભજામિ શ્રીમદ્ પરબ્રહ્મગુરું સ્મરામિ. ૧૨

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુર્ગુરુર્દેવો મહેશ્વરઃ,
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ૧૩

ધ્યાનમૂલં ગુરુમૂર્તિઃ પૂજામૂલં ગુરુપદમ્;
મંત્રમૂલં ગુરુવાક્યં મોક્ષમૂલં ગુરુકૃપા. ૧૪

અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્;
તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ૧૫

અજ્ઞાનતિમિરાન્ધાનાં જ્ઞાનાંજનશલાક્યા;
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ ૧૬

ધ્યાનધૂપં મનઃપુષ્પં પંચેન્દ્રિય હુતાશનમ્,
ક્ષમાજાપ સંતોષપૂજા પૂજ્યો દેવો નિરંજનઃ ૧૭

દેવેષુ દેવોઽસ્તુ નિરંજનો મે, ગુરુર્ગુરુષ્વસ્તુ દમી શમી મે;
ધર્મેષુ ધર્મોઽસ્તુ દયા પરો મે, ત્રીણ્યેવ તત્ત્વાનિ ભવે ભવે મે. ૧૮

પરાત્પરગુરવે નમઃ પરંપરાચાર્ય ગુરવે નમઃ
પરમગુરવે નમઃ સાક્ષાત્ પ્રત્યક્ષ સદ્‌ગુરવે નમો નમઃ ૧૯

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરૂણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર. ૨૦



શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૨૧

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન. ૨૨

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૨૩

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત. ૨૪

**નમસ્કાર**

જય જય ગુરુદેવ ! સહજાત્મસ્વરૂપ પરમગુરુ શુદ્ધ ચૈતન્ય સ્વામી અંતરજામી ભગવાન, ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ.

પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમજ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૨૫

**નમસ્કાર**

જય જય ગુરુદેવ !................મત્થએણ વંદામિ.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. ૨૬

**નમસ્કાર**

જય જય ગુરુદેવ !................મત્થએણ વંદામિ.

નમોઽસ્તુ નમોઽસ્તુ નમોઽસ્તુ, શરણં, શરણં શરણં, ત્રિકાલશરણં, ભવોભવ શરણં, સદ્‌ગુરુ શરણં, સદા સર્વદા, ત્રિવિધ ત્રિવિધ ભાવવંદન હો, વિનયવંદન હો, સમયાત્મક વંદન હો;

ॐ નમોઽસ્તુ જય ગુરુદેવ શાંતિ; પરમ તારુ, પરમ સજ્જન, પરમ હેતુ, પરમ દયાળ, પરમ મયાળ, પરમ કૃપાળ, વાણી સુરસાળ, અતિ સુકુમાળ, જીવદયા પ્રતિપાળ, કર્મશત્રુના કાળ, 'મા હણો મા હણો' શબ્દના કરનાર, આપકે ચરણકમલમેં મેરા મસ્તક, આપકે ચરણકમલ મેરે હૃદયકમલમેં અખંડપણે સંસ્થાપિત રહેં, સંસ્થાપિત રહેં; સત્પુરુષોંકા સત્સ્વરૂપ, મેરે ચિત્તસ્મૃતિકે પટ પર ટંકોત્કીર્ણવત્ સદોદિત જયવંત રહેં, જયવંત રહેં.

આનન્દમાનન્દકરં પ્રસન્નં જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્;
યોગીન્દ્રમીડ્યં ભવરોગવૈદ્યં શ્રીમદ્ ગુરું નિત્યમહં નમામિ.



# રવિવાર : પ્રાતઃકાળ

## ૧૫. જડ-ચેતન વિવેક

જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે;
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે;
કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે. ૧

દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે,
ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે;
જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુખ, મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે;
એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે;
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે. ૨

(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૯૦૨)

## ૧૬. જય જગતત્રાતા

જય જગતત્રાતા, જગતભ્રાતા, જન્મ હર જગદીશ્વરા,
સુખ સર્વ કારણ, ધર્મધારણ, ધીર વીર મહેશ્વરા;
અતિ કર્મ કંદન, ચિત્ત ચંદન, ચરણકમળે ચિત્ત ધરું;
સહજાત્મરૂપી સેવ્ય ગુરુને વંદના વિધિએ કરું. સ૦ ૧

આનંદસાગર-ચંદ્ર નાગર-વૃંદ શ્રી સુખકંદ છો;
ભવફંદહારક, છંદધારક, સર્વ સદ્‌ગુણ ચંદ્ર છો;
સુખકાર છો, ભવપાર નહિ કંઈ સાર ચિત્તમાં હું ધરું. સ૦ ૨

વિકરાળ આ કળિકાળ કેરી, ફાળથી ભય પામતો;
ગુરુ ચરણ કેરા શરણ આવ્યો, ચિત્તમાં વિશ્રામતો;
ગુરુ પૂરણપ્રેમી કર ધરે શિર, એમ આશા આચરું. સ૦ ૩

કરી કોપ ચાર કષાય બાંધે, બંધ આશા પાશનો;
અતિ માર મારે માર તેમાં, કામની અભિલાષનો;
છો નિર્વિકારી પાસ રાખો, ભક્તિ હું દિલમાં ધરું. સ૦ ૪

નિજ ધામ ચંચળ, વિત્ત ચંચળ, ચિત્ત ચંચળ સર્વથી;
હિત મિત્ર ને સુકલત્ર ચંચળ, જાય શું મુખથી કથી;
સ્થિર એક સદ્‌ગુરુ દેવ છો, એ ટેક અંતર આદરું. સ૦ ૫

ભવ મંડપે કરી પ્રીત, માયાસેજ સુંદર પાથરી;
ત્યાં નિત્ય સૂતો ગાઢ નિદ્રા, મોહની અતિ આચરી;
જાગ્રત કરી ગુરુ રાજચંદ્રે, બોધદાન કર્યું શરૂ. સ૦ ૬

જયકાર શ્રી ગુરુદેવનો, જન જગતમાંહી ગજાવજો;
શુભ ભક્તના જે ધર્મ, તે અતિ પ્રેમ સાથ બજાવજો;
ગુરુ ધર્મધારક, કર્મવારક, ધ્યાનમાં નિત્યે ધરું. સ૦ ૭

## ૧૭. હે નાથ ગ્રહી અમ હાથ

(હરિગીત)

હે નાથ! ગ્રહી અમ હાથ, રહીને સાથ માર્ગ બતાવજો,
નવ ભૂલીએ કદી કષ્ટમાં, પણ પાઠ એહ પઢાવજો;
પ્રભુ અસત્ આચરતાં ગણી, નિજબાળ સત્ય સુણાવજો,
અન્યાય પાપ અધર્મ ન ગમે, સ્વરૂપ એહ સમજાવજો. ૧



બગડે ન બુદ્ધિ કુટિલ કાર્યે, બોધ એહ બતાવજો,
વિભુ! જાણવાનું અજબ રીતે, જરૂર જરૂર જણાવજો;
સહુ દૂષિત વ્યવહારો થકી, દીનબંધુ દૂર રખાવજો,
છે યાચના અમ કર થકી, સત્કાર્ય નિત્ય કરાવજો. ૨

પ્રભુ! સત્ય-ન્યાય-દયા-વિનય-જળ, હૃદયમાં વરસાવજો,
બદનામ કામ હરામ થાય ન, એહ ટેક રખાવજો;
હે દેવના પણ દેવ! અમ ઉર પ્રેમ-પૂર વહાવજો,
પાપાચરણની પાપવૃત્તિ, હે દયાળ! હઠાવજો. ૩

સુખ-સંપ-સજ્જનતા-વિનય-યશ, રસ અધિક વિસ્તારજો,
સેવા-ધરમના શોખ અમ, અણુ અણુ વિષે ઉભરાવજો;
શુભ 'સંતશિષ્ય' સધાય શ્રેયો, એ વિવેક વધારજો,
આનંદ-મંગળ અર્પવાની, અરજને અવધારજો. ૪

## ૧૮. અરિહંત નમો

અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર શ્રી જિનરાજ નમો;
પ્રથમ જિનેશ્વર પ્રેમે પેખત, સીધ્યાં સઘળાં કાજ નમો. અ૦ ૧

પ્રભુ પારંગત પરમ મહોદય, અવિનાશી અકલંક નમો;
અજરઅમર અદ્‌ભુત અતિશયનિધિ, પ્રવચનજલધિમયંક નમો. અ૦ ૨

તિહુયણ ભવિયણ જન મન વંછિય, પૂરણ દેવરસાલ નમો;
લળી લળી પાય નમું હું ભાવે, કર જોડીને ત્રિકાળ નમો. અ૦ ૩

સિદ્ધ બુદ્ધ તું જગજન સજ્જન, નયનાનંદન દેવ નમો;
સકલ સુરાસુર નરવર નાયક, સારે અહોનિશ સેવ નમો. અ૦ ૪

તું તીર્થંકર સુખકર સાહિબ, તું નિષ્કારણ બંધુ નમો;
શરણાગત ભવિને હિતવત્સલ, તુંહી કૃપારસ સિંધુ નમો. અ૦ ૫

કેવળજ્ઞાનાદર્શે દર્શિત, લોકાલોક સ્વભાવ નમો;
નાશિત સકલ કલંક કલુષગણ, દુરિત ઉપદ્રવ ભાવ નમો. અ૦ ૬

જગચિંતામણિ જગગુરુ, જગહિતકારક જગજનનાથ નમો;
ઘોર અપાર મહોદધિ તારણ, તું શિવપુરનો સાથ નમો. અ૦ ૭

અશરણ શરણ નીરાગ નિરંજન, નિરુપાધિક જગદીશ નમો;
બોધિ દિયો અનુપમ દાનેશ્વર, 'જ્ઞાનવિમળ સૂરીશ' નમો. અ૦ ૮

## ૧૯. દશલક્ષણ ધર્મસ્વરૂપ

ભવિજન ભાવ ધરીને જિનદશા આરાધીએ રે,
ધર્મના અંગ વિચારી તે સમભાવે સાધીએ રે. ભ૦ ૧

પ્રથમ અંગ **ક્ષમા** કહ્યું, ધર્મતણું મહામૂલ,
શાંત સુધારસ સેવીએ, ક્રોધ કરી નિર્મૂળ;
ભલે કોઈ ક્રોધ કરી મરણાંત ઉપસર્ગ કરે રે,
છતાં સમભાવે રહી સાધક તે પર કરુણા ધરે રે. ભ૦ ૨

બીજું અંગ **માર્દવ** કહ્યું, ધર્મતણો આધાર,
નમ્રપણાને સાધીએ, ત્યાગી માન વિકાર;
ભલે કોઈ ઇન્દ્ર ચન્દ્ર નાગેન્દ્ર આવી નમે રે,
છતાં થઈ સ્થિર સ્વભાવે સાધક સ્વાતમમાં શમે રે. ભ૦ ૩

ત્રીજું અંગ **આર્જવ** કહ્યું, ધરીએ તે નિજભાવ,
ત્યાગી માયાશલ્યને, કરીએ શુદ્ધ સ્વભાવ;
કિંચિત દોષ થતાં સ્વાતમ નિંદી તે શોચીએ રે,
ગુર્વાદિક કને વળી સ્પષ્ટ કરી આલોચીએ રે. ભ૦ ૪

ચોથું અંગ **નિર્લોભતા**, શુદ્ધ હૃદયથી ધાર,
તૃષ્ણા પુદ્‌ગલ ભાવની, ત્યાગી સર્વ પ્રકાર;
ભલે મહાચક્રવર્તીની રિદ્ધિ કે હોય દીનતા રે,
છતાં ત્યાં ભાવ વિષે સાધકને હોય સમાનતા રે. ભ૦ ૫



પંચમ તે **સત્ય**ને કહ્યું, ધર્મતણું મૂળ અંગ,
તજીએ નહીં તે ટેકને, દુઃખનો હોય પ્રસંગ;
ભલે મહાસાગર કે કદી જાય ડગી મેરુગિરિ રે,
તથાપિ સત્ય ન ચૂકે સાધક દેહ જતાં જરી રે. ભ૦ ૬

**શૌચ** અંગ છઠ્ઠું કહ્યું, ચિત્ત વિષે તે ધાર,
શુદ્ધિ મનની સાધવા, કરીએ તત્ત્વ વિચાર;
દર્શન મોહ જતાં ત્યાં મિથ્યાભાવ ટળી જશે રે,
ક્ષય થઈ ભાવ શુભાશુભ ત્યાં મનની શુદ્ધિ થશે રે. ભ૦ ૭

સપ્તમ તે **સંયમ**ને કહ્યું, ધર્મ અંગ સુખરૂપ,
તે સત્તર ભેદે સેવીએ, લક્ષી જિન સ્વરૂપ;
અંતર્મુખ ઉપયોગે રહી તે પદ આરાધીએ રે,
અપ્રતિબદ્ધ વિહારી થઈ સ્વરૂપને સાધીએ રે. ભ૦ ૮

અષ્ટમ તે **તપ**ને કહ્યું, ધર્મઅંગ સુખ સાજ,
તે દ્વાદશ ભેદે સેવીએ, ચેતન શુદ્ધિ કાજ;
કરી જ્ઞેય ભાવ પ્રત્યેના, ભોગતણી નિર્લોભતા રે,
આવે ઘોર પરિષહ પણ નહિ મનને ક્ષોભતા રે. ભ૦ ૯

નવમું **બ્રહ્મચર્ય**ને કહ્યું, ધર્મ અંગ બળવાન,
ત્રિયોગે તે સેવીએ, રાખી નિજ પદ ભાન;
ભલે કોઈ દેવસુંદરી મોહવશ થઈ આવી છળે રે,
છતાં ત્યાં દેહ જતાં પણ સાધક મનથી નહીં ચળે રે. ભ૦૧૦

દસમું **આકિંચન** કહ્યું, ધર્મ અંગ નિજભાવ,
તત્ત્વમય દૃષ્ટિ કરી, કરીએ શુદ્ધ સ્વભાવ;
છું હું સહજસ્વરૂપી દેહથકી ભિન્ન આતમા રે,
રહી તે લક્ષે સેવે સાધક પદ પરમાત્મા રે. ભ૦૧૧

અંગ કહ્યાં દસ ધર્મનાં, જિન વચન પરમાણ,
તે સમભાવે સેવતાં, પામે પદ નિર્વાણ;
સ્વાતમ કરુણા લાવી તે સૌ જન વિચારીએ રે,
નિજપદ અર્થે તે કહે 'ધ્યાનવિજય' સ્વીકારીએ રે. ભ૦ ૧૨

## ૨૦. આત્મરમણ ધૂન

દર્શન જ્ઞાન રમણ એકતાન, કરતાં પ્રગટે અનુભવજ્ઞાન;
દેહ આત્મ જેમ ખડગને મ્યાન, ટળે ભ્રાંતિ અવિરતિ અજ્ઞાન. ૧

જ્ઞાતા દ્રષ્ટા શાશ્વત ધામ, સચ્ચિદાનંદ છું આતમરામ;
ધ્યાતા, ધ્યાન, ધ્યેય ગતકામ, હું સેવક ને હું છું સ્વામ. ૨

- ત્રણ મંત્રની માળા ................(જુઓ પૃષ્ઠ સંખ્યા ૮)
- ક્ષમાપના .......................(જુઓ પૃષ્ઠ સંખ્યા ૯)
- વીતરાગનો કહેલો ધર્મ ............(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૦)
- દુર્લભ એવો મનુષ્યદેહ ............(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૧)
- અહો ! અહો ! શ્રી સદ્ગુરુ .......(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)
- પ્રણિપાત સ્તુતિ (હે પરમકૃપાળુ દેવ)....(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)

## અંત મંગલ

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ. ૧

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો. ૨



# રવિવાર : સાયંકાળ

## ૨૧. વૈરાગ્ય પારાયણ (અ)

(क्षणमपि सज्जनसंगतिरेका, भवति भवार्णवतरणे नौका. એ દેશી)

ચિંતવ પદ પરમાતમ પ્યારે, યોગીજનો જે પદ ઉર ધારે;
જહાજ બની ભવજળથી તારે, કેવલ બોધ સુધારસ ધારે. ૧

તજ તૃષ્ણા ધન આદિક કેરી, મૂક મમતા ટળશે ભવ ફેરી;
ધરી ચારિત્ર સદા શીલ પાળે, શિવરમણી સુખ તો તું ભાળે. ૨

વિચાર વિનાશી શરીર સગાઈ, માત, પિતા, સ્ત્રી, ધન, સુત, ભાઈ;
વાંછે છે જીવ અતિશય આને, મૂઢ મરણ દેખે નહિ શાને ? ૩

બાળ વયે ક્રીડામાં રાચે, યૌવનમાં રમણીશું માચે;
ઘડપણમાં પણ ધનની આશા, હે જીવ જો તુજ દુષ્ટ તમાસા. ૪

યૌવનની શી કરવી માયા? જળ પરપોટા જેવી કાયા;
જાવું પડશે નરકે મરીને! આવી ધનની આશા કરીને. ૫

ભવ તરવા ઇચ્છે જો ભાઈ, સંતશિખામણ સુણ સુખદાઈ;
કામ ક્રોધ ને મોહ તજી દે, સમ્યગ્જ્ઞાન સમાધિ સજી લે. ૬

જીવ એકલો નરકે જાશે, શુભ-વિવેકે સુરગતિ થાશે;
રાજા, ધનપતિ થાય એકલો, દાસ એકલો વિનય ભૂલેલો. ૭

રોગી એકલો, શોક ભરેલો, દુઃખરહિત દુઃખમાંહિ વસેલો;
વળી વેપારી, દરિદ્ર એકલો, નીચ એકલો, ભમે ભૂલેલો. ૮

વિષય-ભૂતનો મોહ મૂકી દે, કષાય ચારે નિર્મૂળ કરી લે;
કામ, માનનો કૂચો કરી દે, ઇંદ્રિય ચોરો પાંચ દમી લે. ૯

શરીર ઝૂંપડી કૂડો કૂથો, માંસ-ચામડી મોહે ચૂંથો;
દ્વાર નવે ગંદા મળ ગળતાં, શું સુખ એ કચરામાં કળતાં ? ૧૦

ભવસાગરમાં કાળ અનંતો, વસ્યો વાસના નીચ કરંતો;
આજ સુધી વિષયોમાં રાચ્યો, મૂઢ વિરાગ સજી લે સાચો. ૧૧

મા કર યૌવન-ધન-ગૃહ ગર્વ, કાળ હરી લેશે એ સર્વ;
ઇન્દ્રજાલ સમ નિષ્ફળ સહુ તજ, મોક્ષપદે મન રાખી પ્રભુ ભજ. ૧૨

મૂક પરિગ્રહ-મમતા ભાઈ! પાળ સુચારિત્ર સત્સુખદાઈ;
કામ-ક્રોધને તજવા કાજે, જ્ઞાન, ધ્યાન વિચારે આજે. ૧૩

ત્યાગ તણી મર્યાદા કરી જે, શુદ્ધ મને નિયમ અનુસર તે;
ઉદાસીનતા સમતા ભજજે, આશા-દાસી-સંગત તજજે. ૧૪

સ્મર નિજ દેહ વિષે વસનારો, નહિ તો ભવ ભમવાનો વારો;
મૂર્ખ શિરોમણિ સદા મનાશે, વીર્યવિહિન અજ્ઞાની ગણાશે. ૧૫

ન રમ ન રમ બાહ્યાદિ પદાર્થે, રમ રમ મોક્ષ-પદે જ હિતાર્થે;
આત્મ કાર્ય જો તૂર્ત કરીશ, તો તું કેવલજ્ઞાન વરીશ. ૧૬

મૂક મૂક વિષય-માંસના ભોગ, છોડ છોડ નિજ તૃષ્ણા રોગ;
કર કર વશ મન-ગજ જે ગાંડો, અંતરાત્મ પરમાત્મે જોડો. ૧૭

(હરિગીત)

બહિરાત્મભાવે હે પ્રભુ થયું ભ્રમણ ભ્રાંતિમાં ઘણું,
ઇન્દ્રિય ખાડીમાં ખૂંચ્યો જળ ડહોળું જ્યાં વિષયોતણું;
કાદવ કષાય ગળા સુધી - કંટાળતાં પણ ના ટળે,
સ્વચ્છંદ સાથી મોહનો પુરુષાર્થ-પ્રેરક પણ કળે. ૧

સંસાર દરિયો દુઃખનો પણ મોહ ભૂલવી રીઝવે,
કારણ ઉપાસે દુઃખનાં તો દુઃખ આખર મૂંઝવે;
સંસાર શોભા ઝેર તોયે જીવ અમૃત જો ગણે,
ઇચ્છા કરી ઊપાસતાં પરિણામ પામે વિષપણે. ૨



જે રીત પવને ઉછળતો મોજાં અનિત્ય સમુદ્રમાં,
તે રીત માનું ક્ષણિક આ સર્વે પ્રસંગો વિશ્વના;
તેથી ઉદાસીન થઈ અતિ સંસારવર્ધક કાર્યથી,
શરણ ગ્રહું પ્રભુ! આપનું જે પૂરિત શુદ્ધાનંદથી. ૩

શુચિ રાખજો વ્રત શુદ્ધિથી ધીરજ વિપદમાં ધારજો.
માયા મૂકી નિર્દંભ થઈ વૈરાગ્ય ધરી મન વારજો;
સંસાર દાવાનલ વિષે સૌ દાઝતા જન ધારજો,
તન, ધન, જુવાની, સ્ત્રી, સગાં-સૌ નાશવંત વિચારજો. ૪

સંસાર ભોગ શરીરથી ચિત્તે ઉદાસીનતા ઝરે,
સમ્યક્ ગુરુ જો તત્ત્વજ્ઞાની, માર્ગદર્શક શિર પરે;
અનુભવ નિરંતર પામી હિત, સાધે સુદૃઢ નિશ્ચય બળે,
તેને મળે છે મોક્ષ સિદ્ધિ અન્યને કદી ના મળે. ૫

નિજ આત્મમાં લીનતારૂપી સમતા ધરે જે હૃદયમાં,
તેને જણાયે શબ સમાં શરીર સુરૂપ નરનારીનાં;
ને વિષયભોગ જણાય વિષ-શા ધન અનર્થક ધારતા,
વિષ એક ભવમાં દુઃખ દે પણ વિષયભોગ અનાદિના. ૬

માનવપણું દુર્લભ અતિ છે દીર્ઘકાળે પ્રાણીને,
દૃષ્ટાંત દશના ન્યાયથી બહુ કર્મમાં કચડાઈને;
અતિ ગહન ને સ્થિત ગાઢ છે કર્મો તણા વિપાકની,
પ્રમાદ ના કર સમય પણ વીર ઉચ્ચરે ગૌતમ ભણી. ૭

સ્થિત દર્ભ કેરા અગ્રભાગે બિંદુ જ્યમ ઝાકળ તણું,
ક્ષણમાત્ર રહ્યું કે ના રહ્યું ને અવનિ પર આવી જતું;
ક્ષણ ક્ષણ વહી આયુસ્થિતિ, ત્યમ વિણસે નર દેહની,
પ્રમાદ ના કર સમય પણ વીર ઉચ્ચરે ગૌતમ ભણી. ૮

નર દેહમાં પણ ચોર આદિ મ્લેચ્છ જાતિ જો લહી,
અવિવેક ને અનઆર્યતાથી અફળતા અવતારની;
આર્યત્વ સહ નર દેહની સંપ્રાપ્તિ છે અતિ આકરી,
પ્રમાદ ના કર સમય પણ વીર ઉચ્ચરે ગૌતમ ભણી. ૯

મિત્રો અને પરિવારને સંપતિ સર્વે ત્યાગીને,
મા શોધ તું સંસારના સ્નેહાદિ સંબંધો હવે;
પ્રીતિ તણા પ્રતિબંધ તોડી પ્રવજ્યા પંક્તિ મહી,
પ્રમાદ ના કર સમય પણ વીર ઉચ્ચરે ગૌતમ ભણી. ૧૦

ગંભીર ને અગાધ આ ભવસિંધુ તટને પામીને,
તું કિં પુનઃ અટકી રહે છીછરે તીર આવીને?
શીઘ્રતાથી પાર ઊતરી ધાર ગતિ તું શિવ પ્રતિ,
પ્રમાદ ના કર સમય પણ વીર ઉચ્ચરે ગૌતમ ભણી. ૧૧

વન ગામમાં કે નગરમાં હે! સંયમી ને બુદ્ધ તું,
વિહર પરિનિવૃત્ત થઈ સમ્યક્ ચરિયા ધારી તું;
કર વૃદ્ધિ વર ઉપદેશથી વીતરાગ શાંતિ માર્ગની,
પ્રમાદ ના કર સમય પણ વીર ઉચ્ચરે ગૌતમ ભણી. ૧૨

વિષ-વેદના-હત જીવ એક જ વાર મરી જન્મે ભવે,
પણ વિષય-વિષથી હણાયેલા તો ફરી ફરી ભમતા ભવે. ૧૩

અધ્રુવ ને અશરણ વળી એકત્વ ને અન્યત્વ ને,
સંસાર ને લોકાનુપ્રેક્ષા અશુચિ ને આશ્રવ અને;
સંવર અને નિર્જરા, દુર્લભ ધર્મ બોધિ બાર આ,
વૈરાગ્યની જનની સદા, ભવનાશિની સૌ ભાવના. ૧૪

પ્રિય દેહ ને સ્નેહીજનો, સામ્રાજ્ય મોટાં આદિ ને,
ધન, રૂપ, બળ ને પુણ્ય વિભૂતિ યોગ સૌ અધ્રુવ છે;



વિભિન્ન સૌથી શાશ્વતો નિજ એક આત્મા શ્રેષ્ઠ છે,
ભવભીત ભવિ તો એમ ભાવે : ભાવના અધ્રુવ એ. ૧૫

નિર્જીવ, જીવ કે મિશ્રભૂતિ કે હરિ ચક્રીતણું,
મરણસમ બહુ કષ્ટ કાળે શરણ ના કાંઈ કામનું;
પરમ ગુરુ કે રત્નત્રયરૂપ ધર્મ સાચું શરણ છે,
ભવભીત ભવિ તો એમ ભાવે : ભાવના અશરણ એ. ૧૬

પોતે જ વેદે સ્વર્ગ નરકે એકલો નિજ કર્મને,
ના કોઈ સહચર તુજ સાટે ભોગવે તુજ કૃત જે;
ત્રણ રત્નમય તું એક નિર્મમ શુદ્ધ ઉપાદેય છે,
ભવભીત ભવિ તો એમ ભાવે : ભાવના એકત્વ એ. ૧૭

માતા પિતા સ્નેહીજનો ને કાય પણ તારી નહીં,
નવ કોઈ કોનું કોઈ કાળે સ્વાર્થી છે સૌ જગમહીં;
સૌ સાથથી છે અન્ય આત્મા સુજ્ઞાન દર્શન રૂપ તે,
ભવભીત ભવિ તો એમ ભાવે : ભાવના અન્યત્વ એ. ૧૮

ભમતો સદા આ પંચવિધ ભવ સાગરે કૃત કર્મથી,
કવ મુક્તિને પામીશ હું ? દુઃખમૂળ આ ભવ ચક્રથી;
મુક્તિમયી અતિ શુદ્ધ હું ના મુજ કદી સંસાર તે,
ભવભીત ભવિ તો એમ ભાવે : ભાવના સંસાર એ. ૧૯

ષટ્ દ્રવ્યનો સમવાય ને ત્રણ ભેદથી આ લોક છે,
અશુભે નરક તિર્યંચની ગતિ શુભથી નર દેવ બે;
સિદ્ધિ લહે નિજ શુદ્ધ ભાવે રૂપ ક્રમ એ લોકનાં,
ભવભીત ભવિ તો એમ ભાવે : લોકસ્વરૂપી ભાવના. ૨૦

વ્યાધિ ભર્યો દુઃખવારિધિ મલ મૂત્ર ને કૃમિવાસ છે,
શુચિ વસ્તુ પણ વિણસાડતો નિત વિણસતો આ દેહ છે;

વ્યતિરિક્ત તનથી કર્મ વિણ સુખસદ્મ તે શુચિ આત્મ છે,
ભવભીત ભવિ તો એમ ભાવે : ભાવના અશુચિત્વ એ. ૨૧

અવ્રત, યોગ, કષાય ને પ્રમાદ ને મિથ્યાત્વની,
પરભાવની એ પરિણતિથી કર્મનો આસ્રવ કરી;
ભવમાં ડૂબે પણ ના લહે નિરાસ્રવી નિજ રૂપને,
ભવભીત ભવિ તું હેય જાણી : છાંડ આસ્રવ ભાવને. ૨૨

સુદૃષ્ટિ વિરતી જ્ઞાનથી સૌ પાત રોધી સંવરે,
શુભથી અશુભનો શુદ્ધ ભાવે શુભનો નિરોધ છે;
ના કર્મ ત્યાં સંવર કહાં! પરમાર્થથી એક શુદ્ધ છે,
ભવભીત ભવિ તો એમ ભાવે : ભાવ સંવર વૃત્તિને. ૨૩

કર્મ અણુના સ્ખલન રૂપને હોય સંવર હેતુથી,
ને નિર્જરાના ભેદ બે સ્વકાળ ને તપ વૃત્તથી;
સદ્‌જ્ઞાનક્રિયાથી ફળે જે નિર્જરા તે શ્રેષ્ઠ છે,
ભવભીત ભવિ તો એમ ભાવે : નિર્જરાના ભાવને. ૨૪

અધર્મમય સંસારમાં લવ પુણ્ય છે તે ધર્મથી,
શિવધર્મ દેશક ગુરુ ને સદ્‌ધર્મ તે દુર્લભ અતિ;
અસંગ ને સ્વભાવરામી આત્મ નિશ્ચય ધર્મ તે,
ભવભીત ભવિ તો એમ ભાવે : ધર્મ દુર્લભ ભાવને. ૨૫

મોહાધીને દુષ્પ્રાપ્ય છે સદ્‌જ્ઞાન દૃષ્ટિ બોધિ ને,
સૌ વિરતિરૂપ નિજ ભાવનું અતિ આકરું ચારિત્ર તે;
ત્રણ રત્ન પ્રાપ્તિ બોધિ તે સ્થિરતા સમાધિ ભાવ છે,
ભવભીત ભવિ તો એમ ભાવે : બોધિ દુર્લભ ભાવને. ૨૬

પ્રગટાવ આતમજ્ઞાન સદ્‌ગુરુ શાસ્ત્ર ધર્મી સુસંગથી,
તેનું જ અવલંબન કરી સ્થિર થા છૂટી પરસંગથી;



પરદ્રવ્ય નાશ અવશ્ય પામે, ત્યાં શું સંશય છે ખરો?
તેના વિનાશે શોક તેથી સુજ્ઞ કદીયે ના ધરો. ૨૭

શાસન અનાદિનું પ્રવર્તે કર્મનું જીવ ઉપરે,
તેથી ભવોભવ દુઃખ દરિયે જીવ હા! ડૂબ્યા કરે!
શાસન પ્રવર્તે આત્મનું તો કર્મ મુક્ત થતાં ખરે,
સહજાત્મરૂપી સિદ્ધપદને પામી આત્મા ભવ તરે. ૨૮

જે શરણ માને, શરણ નહિ તે બન્ધુ બન્ધનમૂળ જ્યાં,
ચિરપરિચિત નારી વિપત્તિધામ દ્વાર સમૂળ ત્યાં;
વળી જો વિચારી પુત્ર શત્રુ થાય તે અંતર દહે,
તજી સર્વ એ ભજ ધર્મ નિર્મળ, શાંતિ સુખ જો તું ચહે. ૨૯

જીવ! ધન બને ઈંધન સમું આશાગ્નિને ઉત્તેજવા,
વળી બંધુ સંબંધોથી શું? તે દુર્ગતિપ્રદ જાણવા;
દર મોહ સર્પનું દેહ આ વળી ગેહ તેમજ દુઃખદ એ,
સુખકાજ આશા સૌ શમાવી તજ સમસ્ત પ્રમાદને. ૩૦

દારુણ પાપરૂપી ઘણી મધમાખી ના ડસતી તને?
ચિરકાળથી દુઃખ અગ્નિજ્વાલા બાળતી ના શરીરને?
ભયકારી શબ્દો ગર્જતા યમના શું તું સુણતો નથી?
રે! જેથી તું આ મોહનિદ્રા દુઃખદ હજુ તજતો નથી? ૩૧

નેત્રાદિ સ્વામી મનથી પ્રેરિત ક્લેશયુત વિષયો ચહે,
થઈ દાસ દુષ્કર્મો કરી થઈ ખિન્ન અઘ બહુ સંગ્રહે;
કર દાસ ઇન્દ્રિયગણ હવે તજી ક્લેશ પરિગ્રહ રહિત હો!
હરી કર્મરજ સતસુખી નિજવશ સદાચારે મુક્ત હો! ૩૨

તું બાળકાળે વિકલ અંગે હિતાહિત ન જાણતો,
ત્યમ યૌવને કામાંધ કામિની તરુવનમાં રઝળતો;

વય મધ્યમાં ધનની તૃષાથી ખિન્ન પશુ! કૃષ્યાદિથી,
વૃદ્ધત્વમાં તું અર્ધમૃત! ક્યાં ભવસફળતા ધર્મથી ? ૩૩

જ્યાં દુઃખ ઘણાં તે અશુચિ તનમાં અજ્ઞ વસતાં ત્યાં અરે!
વૈરાગ્ય પામે નહિ જરાપણ પ્રીતિ અધિકી ત્યાં કરે!
આ દેખતાં પણ ત્યાંથી પ્રીતિ દૂર કરવા મુનિ મથે,
ઉત્કૃષ્ટ ઉપદેશે કરી જો અંત પરહિત રતિ કથે. ૩૪

તન આમ કે તન તેમ એવું બહુ કહ્યાથી શું હવે!
તેં સ્વયં તેને ભોગવ્યું ને છોડ્યું છે હા! ભવભવે;
આ સાર અત્ર સમસ્ત સંક્ષેપે કહ્યો સંગ્રહ કરી,
આ દેહ સૌ આપત્તિનું છે ધામ જીવને જો જરી! ૩૫

તું શુદ્ધ સહેજે જાણનારો સર્વ વિષયસમૂહનો,
અરૂપી છતાં આત્મન્ તને અપવિત્ર અતિ દેહે કર્યો;
એ રૂપી પોતે અશુચિ અતિશય ચેતનાગુણ રહિતએ,
એ મલિન કરતો અન્ય સહુને તેથી ધિગ્ ધિગ્ દેહ એ! ૩૬

વિરતિ વિષયમાં ત્યાગ પરિગ્રહ, કષાયો જે જીતતા,
શમ યમ દમન સહ તત્ત્વચિંતન તપ વિષે ઉદ્યત થતા;
નિયમિત મન, જિનભક્તિ, ઉરમાં દયા આદિ ગુણ વસે,
સંસારસાગર તીર પામ્યા ભાગ્યશાળી એ દીસે. ૩૭

જે દાસ ભૂપતિ વિષયના આત્મા પરાધીન જેમનો,
ગુણ દોષનો ન વિચાર જેને હાનિ તેને શી ગણો?
ભય તો તને, તું રત્નત્રય ત્રણભુવન-દ્યોતક સંગ્રહે,
ચોમેર ઈન્દ્રિય ચોર ભમતા સાવધાન સદા રહે. ૩૮

ભવમાં નિબિડ બંધન થયાં રે! બાહ્ય જે જે પામીને,
પૂર્વે અદ્વિતીય પ્રીતિથી, પણ હવે પ્રજ્ઞા જાગી જે;



તે બંધનાશાર્થે બને સાધન વિરાગ-પ્રબુદ્ધને,
ક્યાં અનુપ જ્ઞાનીની કુશળતા? ક્યાં અહા! દુર્બોધ એ? ૩૯

તનથી થયો અતિ નષ્ટ તું આ જ્ઞાન તારું સત્ય છે,
તું ત્યાગ કર તેનો હવે સાહસ ખરું કર્તવ્ય એ;
સંસાર જેના ગ્રહણથી, ને મુક્તિ જે ત્યાગે બને,
તે દેહ એક જ ત્યાજ્ય ત્યાં પર કલ્પનાથી શું તને? ૪૦

યમ પ્રાપ્ત ક્યારે ક્યાંથી ક્યાં કે કઈ રીતે નહિ જ્ઞાત એ,
નિશ્ચિંત તો કાં? સુજ્ઞ, સત્વર શ્રેય સાધો ભ્રાત હે!
ભીષણ નરક તિર્યંચ ને, કુદેવ-માનવ ગતિ મહીં,
જીવ! તીવ્ર દુઃખ પામ્યો, હવે તું ભાવ જિન ભાવન અહીં. ૪૧

(અનુષ્ટુપ)

નથી રોગોથી ઘેરાયો, જરા પીડે ન જ્યાં સુધી;
નથી મૃત્યુ મુખે પેઠો, સાધ કલ્યાણ ત્યાં સુધી. ૪૨

અહિંસા સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અસંગતા;
જાવજ્જીવ વ્રતો પાંચ, યમ આ યોગી ભાષતા. ૪૩

શૌચ, સંતોષ ને તપ, સ્વાધ્યાય દેવની સ્મૃતિ,
નિયમ પંચ જાણો આ, કરણ-આસન સ્થિતિ. ૪૪

## ૨૨. વૈરાગ્ય પારાયણ (બ)

(સદ્ગુરુ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પદ સેવાથી શુદ્ધ જ્ઞાન થશે - એ દેશી)

જલબુદબુદ સમ છે તનુ લક્ષ્મી ઈન્દ્રધનુષ જેવી જાણો,
તીવ્રપવનહત મેઘપટલસમ ધન કાન્તા સુત પરમાણો;
મત્તમાનિની-કટાક્ષ જેવું વિષયસુખ છે ચપળ સદા,
તેથી તેની હાનિ પ્રાપ્તિમાં શોકથી શું કે શું મુદા? ૧

કાયા જનની દુઃખ-મરણની થયો યોગ જો તેનાથી,
તો પછી શોક ન શાણા! કરીએ મૃત્યુ કે દુઃખ આવ્યાથી;
આત્મસ્વરૂપને સ્મરો-વિચારો સદા તજીને આકુળતા,
જેથી કદાપિ થાય નહીં ફરી દેહ-જન્મ કે દુઃખલતા. ૨

ઈષ્ટવિયોગ અનિષ્ટયોગ આ જે જગમાં બનતા દીસે,
પૂર્વ પાપનાં ફળ એ બન્ને ચેતન! માનો ઉર વિષે;
શોક કર્યે શો હેતુ સરશે? ફોગટ રોવું મૂકી દે,
પાપ નાશ કર જેથી તું તે ઈષ્ટ વિયોગાદિ છેદે. ૩

મોહતિમિરે વ્યાપ્ત જગતવન જ્યાં દુઃખ વ્યાલ વિચરે છે,
દુર્ગતિ ધામ સહાય કુપથમાં જ્યાં બહુ પ્રાણી રઝળે છે;
ત્યાં અતિ નિર્મળ જ્ઞાનપ્રકાશક દીપકરૂપી ગુરુવચનો,
જે દીપકથી દેખી સુપથને, સુખપદ પામે બુદ્ધજનો. ૪

સુણી ગત જીવોને યમગોચર જોઈ ઘણાંને પણ જાતાં,
દેહતણી સ્થિરતા માને જે તે જન મોહી કહેવાતા;
વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થયે પણ જે નહિ ધર્મ ઉરે લાવે,
અધિકાધિક તે પુત્રાદિકથી નિજ આત્માને બંધાવે. ૫

શું આવી છે વાઈ તને હા! કે શું ભૂત તને વળગ્યું?
થયો ચિત્તભ્રમ અથવા તુજને કે શું પાગલપણ લાગ્યું?
જેથી જીવનાદિક વિદ્યુત સમ ચપળ સદા દેખે જાણે,
શ્રવણે સુણે ફરી ફરી તોયે ચિત્ત સ્વકાર્યે ના આણે! ૬

નિશદિન મનમાં લોક ચિંતવે સુખ આ કે તે આવી મળે,
ભાવિ પ્રમાણે આવી મળે સૌ ચિંતાથી તો કંઈ ન વળે;
તીવ્ર મોહથી ઊઠતા એવા સર્વ વિકલ્પોને ત્યાગી,
રાગ-દ્વેષ વિષવર્જિત એવા સંતો સાચા સુખભાગી. ૭



ભવિજન! આ ઘર નારી સુત તન જીવન આદિકને જાણો,
પવન પ્રકંપિત ધ્વજાવસ્ત્રસમ અતિ ચંચળ સૌને માનો;
છોડ ધનાદિક મિત્રોમાં આ મોહ મહા જે દુઃખદાયી,
યુગલ ધર્મમાં પ્રીતિ કરો હવે બહુ કહેવાથી શું ભાઈ? ૮

ભમતાં ભૂરિ ભીષણ ભયાનક આ ભવમાં જીવ નિર્ભય હે!
કાયા સંગે તીવ્ર વેદના, કેટલી વેદી તે તું કહે;
વેદનીમૂળ છે સૌ વિષયો એ જાણે છતાં તું મૂઢ મતિ,
શાને પ્રતિદિન વિષયસુખમાં રાખે છે અભિમાન અતિ. ૯

ભવ પરિભ્રમતાં પ્રાણીઓએ લક્ષ્મી લાખો વાર લહી,
સુખ વિષયોનાં સુરસ્ત્રીસંગે અનુભવ્યાં આવેશ સહી;
શાંત થઈ જો ઊંડું વિચારી હતું ન હતું જે થઈ જાયે,
તેને શું સુખ સાચું કહિયે? દુઃખ સમજુને સમજાયે. ૧૦

મોહતિમિરદળ આત્મરાય હા! તુજ મતિ ઉપર પથરાયાં,
ઇન્દ્રિય ધૂર્તો તુજ ઓથે નિત પોષે નિજ હિત મન માન્યાં;
પણ મૂઢ એકાકી જઈને તું સહેશે નિશ્ચે નરક ગતિ,
છેદન ભેદન આદિ અનંતી વાણી અગોચર પીડા અતિ. ૧૧

રવિ શશિ પવન ને પક્ષી આદિ ઊંચે ગગન વિષે વિચરે,
ગાડી ઘોડા આદિ સ્થળચર ભૂમિ માર્ગે ગમન કરે;
મીન મગર જલમાં ચાલે પણ યમ તો ચાલે સર્વ સ્થળે,
તેથી બચવા મુક્તિ વિના નહિ સ્થાન જગતમાં અન્ય મળે. ૧૨

સાગરાંત ભોગવી ભૂમિને વાંછિત લક્ષ્મી આવી મળી,
દેવોને પણ દુર્લભ એવા વિષયો સેવ્યા રમ્ય વળી;
પણ પછી મૃત્યુ આવે નક્કી તેથી દિલમાં વિચારો,
વિષમિશ્રિત ભોજન સમ ધિક્ તે મુક્તિમાર્ગને અવધારો. ૧૩

કાલ-વિપાકથી તેજસ્વી થયો કર્મવ્યાઘ્ર જે બલધારી,
તેણે આવી પકડ્યો અશરણ ભવવનમાં જન અવિચારી;
'મારી ભાર્યા, મારા ધન, ઘર મારા પુત્ર પરિવારો',
અજ-સૂત સમ 'મે મે' કરતો તે, મરી જાય છે બિચારો. ૧૪

ઇંદ્ર ચંદ્ર આદિ પણ નિશ્ચય, પ્રલય કાળથી જો પામે,
નિર્બળ જન અલ્પાયુ કીટ સમનું બળ શું તેની સામે?
આથી સ્વજન મરણ પર ભવિજન! મોહ વૃથા તો મા કરજો,
કાલ ન નિજતન લૂંટે ત્યાં લગ આત્મજ્ઞાન ઝટ મેળવજો. ૧૫

કર્મવશે રાજા પણ જગમાં નિશ્ચય રંક બને ક્ષણમાં,
સર્વ વ્યાધિથી મુક્ત તરુણ પણ વિનાશ પામે પલભરમાં;
સારરૂપ ધન-જીવન બેની જગમાં છે સ્થિતિ આજ જ્યાં,
ત્યાં પછી બીજાનું શું કહેવું? મદ કરવાનું સ્થાન જ ક્યાં? ૧૬

જાણે નહિ તું કે સુણે નહિ કે શું પ્રત્યક્ષ નહિ દેખે,
ઈન્દ્રજાલ કે કદલીવત્ આ જગત નિઃસાર નિઃશેષે?
શોક કરે શું મનુષપશુ રે! સ્મરી પરભવગત નિજ જનને,
જેથી નિત્ય પરમ સુખ પામે એવું કંઈ તું ઝટ કરને. ૧૭

માનવભવ ઉત્તમ કુળ લક્ષ્મી બુદ્ધિ કૃતજ્ઞપણુંય લહ્યું,
તોપણ જો વિવેક ન લહ્યો તો સર્વ મળ્યું તે વ્યર્થ કહ્યું;
મૂર્ખજનોને આ સંસારે કંઈક સુખ કંઈ દુઃખ દીસે,
સુવિવેકીને સર્વ જણાયે દુઃખ સદા સંસાર વિષે. ૧૮

(શું કહું નાથ? તમે જાણો સઘળું, ગર્વ કરીને ગોથાં ખાધાં-એ દેશી)

સંગ તજી, રાગ તજી, સમતા સજી, પ્રભુ કર્મોનો નાશ કરીને,
જ્ઞાતા, દૃષ્ટા થયા વિશ્વ સકળના, સુખ વીર્ય અનંત વરીને;
સંસાર ત્યાગ કર્યો આવા ક્રમે તમે, શુદ્ધ સ્વભાવી બનીને,
તેથી તવ ચરણકમળની સેવા, સંતોએ પ્રિય ગણી છે. ૧૯



ત્રિલોકનાથ! તુમ સેવાથી નિશ્ચે, નિશ્ચળ સ્થિતિ અમારી,
બળવાન સંસારશત્રુ હવે કેમ, જીતે? - અમે બ્રહ્મચારી;
શીતળ જળ-અમી વરસે ફુવારા-ગ્રીષ્મગૃહે રહે કોઈ,
તો તહીં તાપ મધ્યાહ્ન તણો શો, ખરા ઉનાળાની માંહી? ૨૦

સંસાર તો બહુ દુઃખદાયી નક્કી, સુખદાયી શિવપદ સાચું,
મોક્ષ માટે ઘરબાર તજી સૌ, વને વસું, નહીં યાચું;
દુષ્કર વ્રતો પણ વિધિથી પાળું, સંશય સર્વે ટાળું,
તોય પીંપળ-પાન સમ મન ચંચળ, તેથી ન સિદ્ધિ ભાળું. ૨૧

વાયુથી જલધિના જલમાં ઊછળતાં, ક્ષણભંગુર મોજાં પ્રમાણે,
ક્ષણભંગુર આ વિશ્વ સદાયે, સર્વત્ર મુજ મન માને;
સંસાર-વર્ધક સર્વ પ્રવૃત્તિથી, ઉદાસ થઈ મન ઇચ્છે,
વિકારવિણ પરમાનંદ બ્રહ્મમાં, રહેવા આપ સમીપે. ૨૨

હે, શુદ્ધ આત્મા, શું કામ તારે, લોક કે દ્રવ્ય આશ્રયનું,
ઇન્દ્રિય, પ્રાણ કે વાણી કાયાનું, વિકલ્પ પુદ્ગલમયનું?
અરે! એ પુદ્ગલ ભિન્ન તારાથી, ભૂલીને મારાં માને,
આશ્રય અતિશય કરી પરનો દૃઢ, વ્યર્થ બંધાય તું શાને? ૨૩

(દોહા)

જીવ કરમ ભિન્ન ભિન્ન કરો, મનુષ્ય જનમકું પાય;
આત્મજ્ઞાન વૈરાગ્યસેં, ધીરજ ધ્યાન જગાય. ૧

રાગ-દ્વેષ દો બીજસેં, કર્મબંધકી વ્યાધ;
આત્મજ્ઞાન વૈરાગ્યસેં, પાવે મુક્તિ સમાધ. ૨

માયાકા સુખ ચાર દિન, ચાહે કહા ગમાર?
સુપને પાયા રાજધન, જાત ન લાગે બાર. ૩

ઊંચ-નીચ અવતારમેં, વિષય કોટિ વિધિ કીન્હ;
કહે પ્રીતમ વૈરાગ્ય વિણ, રહ્યા દીનકા દીન. ૪

જૈન ધર્મ શુદ્ધ પાયકે, વરતું વિષય-કષાય;
એહ અચંબા હો રહ્યા, જલમેં લાગી લાય. ૫

એક કનક અરુ કામિની, દો મોટી તરવાર;
ઊઠ્યો થો જિન ભજનકું, બિચમેં લિયો માર. ૬

દામ બિના નિર્ધન દુઃખી, તૃષ્ણાવશ ધનવાન;
કહું ન સુખ સંસારમેં, સબ જગ દેખ્યો છાન. ૭

નિર્મલ અપની આતમા, દેહ અપાવન ગેહ;
જાનિ ભવ્ય નિજ ભાવકો, યાસોં તજો સનેહ. ૮

જહાં દેહ અપની નહીં, તહાં ન અપના કોય;
ઘર સંપત્તિ પર પ્રગટ યે, પર હૈં પરિજન લોય. ૯

ધન-કન-કંચન-રાજસુખ, સબહિ સુલભકર જાન;
દુર્લભ હૈ સંસારમેં, એક યથારથ જ્ઞાન. ૧૦

જપ-તપ-સંયમ દોહિલો, ઔષધ કડવી જાન;
સુખકારણ પીછે ઘનો, નિશ્ચય પદ નિરવાન. ૧૧

મિથ્યા મોહ અજ્ઞાનકો, ભરિયો રોગ અથાગ;
વૈદ્યરાજ ગુરુ શરણથી, ઔષધ-જ્ઞાન-વિરાગ. ૧૨

કર્મ સંગ જીવ મૂઢ હૈ, પાવે નાના રૂપ;
કર્મ રૂપ મલકે ટલે, ચેતન સિદ્ધ સરૂપ. ૧૩

કામ ભોગ પ્યારા લગે, ફલ કિંપાક સમાન;
મીઠી ખાજ ખુજાવતાં, પીછે દુઃખકી ખાન. ૧૪



ડાભ અણી જલબિંદુઓ, સુખ વિષયનકો ચાવ;
ભવસાગર દુઃખજલ ભર્યો, યહ સંસાર સ્વભાવ. ૧૫

ચઢ ઉત્તંગ જહાંસે પતન, શિખર નહીં વો કૂપ;
જિસ સુખ અંદર દુઃખ વસે, સો સુખ ભી દુઃખરૂપ. ૧૬

પોષત હૈ જો દેહકો, જોગ ત્રિવિધિ કે લાય;
સો તોકોં છિન એકમેં, દગા દેય ખિર જાય. ૧૭

લચ્છી સાથ ન અનુસરૈ, દેહ ચલૈ નહિ સંગ;
કાઢ કાઢ સુજનહિ કરૈ, દેખ જગતકે રંગ. ૧૮

જા લચ્છીકે કાજ તૂ, ખોવત હૈ નિજધર્મ;
સો લચ્છી સંગ ના ચલૈ, કાહૈ ભૂલત ભર્મ. ૧૯

ચેતન કર્મ ઉપાધિ તજ, રાગ દ્વેષકો સંગ;
જ્યોં પ્રગટે પરમાત્મા, શિવ સુખ હોય અભંગ. ૨૦

જો દેખે ઇહિ નૈનસોં, સો સબ વિનસ્યો જાય;
તાસો જો અપનો કહૈ, સો મૂરખ શિરરાય. ૨૧

ફિર નરભવ મિલિબો નહીં, કિયે હું કોટિ ઉપાય;
તાતૈ બેગહિ ચૈત હુ, અહો જગત કે રાય. ૨૨

સુખ નહીં સંસારમાં, રાજા-પ્રજા ને રંક;
કહે પ્રીતમ વૈરાગ્ય વિણ, નર નહીં હોય નિઃશંક. ૨૩

રક્ત-માંસનું પૂતળું, શરીર સળગે દેખ;
પતંગ સમ ના ભૂલ તું, હે! મન તજ અવિવેક. ૨૪

મોહ-મદ્ય પી મત્ત જન, કરે અરે! વિશ્વાસ;
જગત-દેહનો તેમને, હો ધિક્કાર જ ખાસ. ૨૫

શરીર-વિશ્વાસે વસે, તેને પડતો માર;
માન, અપમાન, લાભના, નીચ વિચાર અપાર. ૨૬

વિનયયુક્ત, સત્સંગ સહ, દયાદિ ગુણની ખાણ;
યૌવન દુર્લભ આ જગે, નંદનવન ઉદ્યાન. ૨૭

અજ્ઞાને અભિમાનવશ, યૌવન સમજે સાર;
અલ્પકાળમાં તે કરે, પસ્તાવો નિર્ધાર. ૨૮

પૃથક્કરણ કરતાં મળે, વાળ, રુધિર ને ચર્મ;
ઘૃણાયોગ્ય સૌ સ્ત્રી-તને, હે! મન, ભૂલ ન ધર્મ. ૨૯

સ્ત્રીવાળાને ભોગની, ઇચ્છા રહે સદાય;
તેથી તેના ત્યાગથી, ભવત્યાગ, સુખ થાય. ૩૦

વિષય-જાળ પિંજર સમો, બંધનકારક દેહ;
તેમાં વિશ્વાસે વસે, કેમ વિવેકી જેહ ? ૩૧

સ્ત્રી-લાલચથી ના ચળે, ગર્વે નહિ છલકાય;
આપદમાં નિઃખેદ તે, દુર્લભ સંત સદાય. ૩૨

શરીર-સુખ ધન-લાલચે, ધર્મ ધકેલે જાય;
પ્રવૃત્તિમાં ભવ ગાળતાં, કેમ શાંત મન થાય ? ૩૩

વિવેકથી ભવદુઃખનો, કરી વિચાર, વૈરાગ્ય;
પામે તેને માનવો, ઉત્તમ ને સદ્ભાગ્ય. ૩૪

ભવે સુખ તૃણ માત્ર નહીં, સહો દુઃખો અનંત;
દુઃખદ સુખમાં દૃષ્ટિ ના, દ્યો કદીય મતિમંત. ૩૫

મનોવાસના બંધ છે, નિર્મોહી મન મોક્ષ;
વિવેક ને વૈરાગ્યથી, ટાળ વાસના-દોષ. ૩૬



અભાગિયો જીવ અજ્ઞ જે, વિષયોમાં હરખાય;
વિષ-મિશ્રિત ખોરાક સમ, અંતે દુઃખી થાય. ૩૭

શાસ્ત્ર-બોધથી સુનિર્મળ કરી બુદ્ધિ હે! ભવ્ય;
જ્ઞાની ગુરુ સાથે સતત, નિજ વિચાર કર્તવ્ય. ૩૮

તીક્ષ્ણ બને પ્રજ્ઞા મહા, સદ્-વિચારને યોગ;
તૂર્ત પરમપદ તે ગ્રહે, ટળે દીર્ઘ ભવરોગ. ૩૯

(શાર્દૂલવિક્રીડિત)

જાગી જો જીવ તું વિચાર કરી જો, શું સાર સંસારમાં ?
જીવો સર્વ દુઃખી દુઃખી, બળી રહ્યા, રાગાદિ અંગારમાં;
આધિ વ્યાધિ ઉપાધિ આદિ, દુઃખનો સંતાપ જ્યાં સર્વદા,
મૃત્યુ જન્મ જરાદિ દુઃખ દરિયો, ત્યાં સૌખ્ય શું જો કદા? ૪૦

છોડીને ભવજાલ, અંતર-રિપુ, મોહાદિને જે કસે,
દીક્ષા મોક્ષ પમાડનારી લઈને, જ્ઞાની સમીપે વસે;
આત્મજ્ઞાન વિષે થઈ સ્થિર પછી, કૈવલ્ય પામી મહા,
પામે મુક્તિ તણું અનંત સુખ તે, બાળી ક્રમે કર્મ હા! ૪૧

## ૨૩. ભક્તિ પારાયણ

(હરિગીત)

સૌ કર્મબંધન ક્ષય કરીને સર્વદર્શી જે થતા,
સર્વત્ર વસ્તુ સમસ્ત જ્ઞાયક બોધતેજે દીપતા;
સર્વત્ર પ્રગટિત ઉત્તરોત્તર સદાનંદે સુખી પૂરા,
નિશ્ચય નિરાકુળ સિદ્ધ તે શિવ-સૌખ્ય દ્યો અમને જરા. ૧

છે તે જ સુગતિ તે જ સુખ તે જ્ઞાન દર્શન સિદ્ધનાં,
જે સ્વરૂપ સિદ્ધનું તે વિના નહિ પ્રિય મુજને અન્યનાં;
તે સિદ્ધ મેં ચિત્તે ધર્યા નિત્યે સુદૃઢ શ્રદ્ધા કરી,
દેજો પરમ પદ પ્રાપ્તિ મુજને ભીષણ ભવ મનથી હરી. ૨

ઘનઘાતિકર્મ વિહીન ને ચોત્રીસ અતિશય યુક્ત છે;
કૈવલ્યજ્ઞાનાદિક પરમગુણ યુક્ત શ્રી અરિહંત છે. ૩

છે અષ્ટ કર્મ વિનષ્ટ અષ્ટ મહાગુણે સંયુક્ત છે;
શાશ્વત, પરમ ને લોક-અગ્ર, વિરાજમાન શ્રી સિદ્ધ છે. ૪

પરિપૂર્ણ પંચાચારમાં વળી ધીર ગુણગંભીર છે;
પંચેન્દ્રિગજના દર્પદલને દક્ષ શ્રી આચાર્ય છે. ૫

રત્નત્રયે સંયુક્ત ને નિઃકાંક્ષભાવથી યુક્ત છે;
જિનવરકથિત અર્થોપદેશે શૂર શ્રી ઉવઝાય છે. ૬

નિર્ગ્રંથ છે, નિર્મોહ છે, વ્યાપારથી પ્રવિમુક્ત છે;
ચઉવિધ આરાધન વિષે નિત્યાનુરક્ત શ્રી સાધુ છે. ૭

કદી સાંભળ્યા, પૂજ્યા ખરેખર, આપને નિરખ્યા હશે,
પણ પ્રીતિથી ભક્તિ વડે નહિ હૃદયમાં ધાર્યા હશે;
જનબંધુ! તેથી દુઃખપાત્ર થયેલ છું ભવને વિષે,
કારણ ક્રિયા ભાવરહિત નહિ આપતી ફળ કાંઈએ. ૮

સુખકારી શરણાગત-પ્રભુ હિતકારી જન દુખિયા તણા,
હે યોગીઓમાં શ્રેષ્ઠ! નિધિ કરુણા અને પુણ્યો તણા;
ભક્તિ થકી નમતા મને મહા ઈશ! મારા ઉપરે,
તત્પર થશો દુઃખ અંકુરોને ટાળવા કરુણા વડે. ૯

મૈં હાથ જોડ નમાય મસ્તક વીનઉં તુવ ચરનજી,
સર્વોત્કૃષ્ટ ત્રિલોકપતિ જિન સુનહુ તારન તરન જી. ૧૦



જાચૂં નહીં સુરવાસ પુનિ નરરાજ પરિજન સાથજી,
બુધ જાચહૂં તુવ ભક્તિ ભવ ભવ દીજિયે શિવનાથજી. ૧૧

અબ હોહુ ભવ ભવ સ્વામી મેરે મૈં સદા સેવક રહોં,
કર જોડી યો વરદાન માંગૂ મોક્ષફલ જાવત લહોં. ૧૨

જિનવર ચરણ કમળે નમે જે પરમ ભક્તિ રાગથી,
તે જન્મવેલી મૂળ છેદે ભાવ ઉત્તમ શસ્ત્રથી. ૧૩

ભવભીતિ ભંજન, દુઃખ નિકંદન, પાપમંજન શુચિકરં,
સહજાત્મમગ્નં, કર્મભગ્નં, મુક્તિલગ્નં, શિવકરં;
અમૃતવચનં, શાંતચિક્તં, ધ્યાનરત્તં, શમધરં,
ચૈતન્યવ્યક્તં, મોહત્યક્તં, સિદ્ધિસક્તં, સુખકરં. ૧૪

બોધિ સમાધિ નિધાન અદ્‌ભુત વિશ્વશાંતિ સુખકરં,
તુજ ચરણ શરણે રમણ વારણ મરણ વ્યાધિ ભયહરં;
તન મન વચન આત્મા સમર્પણ ચરણકજ હો ભવહરં,
સહજાત્મરામી, દુઃખવિરામી, શાંતિધામી શિવકરં. ૧૫

આ મોહ ને અજ્ઞાનથી, મુકાવનારા આપ છો,
કરુણા કરી સદ્‌બોધ ખડગે, શત્રુ-શિરો કાપજો;
અમૃતવાણી આપની પીધા કરું એ યાચના,
વળી આપના ચરણે વસીને ઉચ્ચરું આલોચના. ૧૬

(શું કહ્યું નાથ ? તમે જાણો છો સઘળું, ગર્વ કરીને ગોથાં ખાધાં-એ દેશી)

કેવલજ્ઞાનીએ કહ્યું ચારિત્ર, મુક્તિ પમાડે જ તેવું,
આ કળિકાળે મારા જેવાથી, દુષ્કર પળવું એવું;
પૂર્વ પુણ્યના પુંજથી પામ્યો, ભક્તિ આ ભવમાં તારી,
સંસાર-સાગર-તારક બનશે, નાવ એ શ્રદ્ધા અમારી.
હે ! ગુરુરાજ (૨). ૧

આનંદસાગર પ્રભુ, આપ અનુપમ, તત્ત્વસ્વરૂપ તમારું,
સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રે, ચિત્ત વહે જો અમારું;
આપના નામની સ્મૃતિરૂપી જે, મંત્ર અનંત પ્રભાવી,
હોયે સજ્જનના વિમલ હૈયે તો વિઘ્ન શકે કેમ આવી ?
હે ! ગુરુરાજ (૨). ૨

નિર્મળ બુદ્ધિથી ઊંડુ વિચારે, સાર અસાર જો કોય,
તો ત્રણ જગના સર્વ પદાર્થમાં, સારરૂપે પ્રભુ હોય;
તેમ તમારા આશ્રયે અમને, લાગ્યો સંસાર અકારો,
શાંતિ મહા મળી આપના શરણે, અમને નાથ ઉદ્ધારો !
હે ! ગુરુરાજ (૨). ૩

માનું તને એક જગનાથ સ્વામી, સૌ કર્મ-અરિ હણનારો,
માત્ર તને નમું, હૃદયે ધરું નિત્ય, તુજ સેવા સ્તુતિ કરનારો;
તારું એક જ શરણું ગ્રહી રહું છું, હવે કહું શું બહુ હું ?
તુજ વિણ કોઈની સાથે પ્રયોજન, ભવનાં ન હોશો એ યાચું.
હે ! ગુરુરાજ (૨). ૪

પાપ કરાવ્યું, કર્યું, ભલું માન્યું, મન-વચને વળી કાયે,
વર્તમાન, ભૂત, ભાવી કાળે મેં, એવા ભેદો નવ થાયે;
હે જિનરાજ ! હું પામર, પાપી, આત્મનિંદા કરું આજે,
આપ સમક્ષ ઊભો ઊભો યાચું સૌ, પાપ અફળ થવા કાજે.
હે ! ગુરુરાજ (૨). ૫

હે જિનરાજ ! તું જાણે છે સઘળું, ત્રિકાળનું એક કાળે,
અનંત ભેદે લોક અલોકના, પર્યાય સર્વ નિહાળે;
તો તમે નાથ, શું જાણો નહિ કંઈ, આ ભવના મુજ પાપો;
તો પણ કહું તુમ આગળ તે શુદ્ધ, થવા સપશ્ચાત્તાપો.
હે ! ગુરુરાજ (૨). ૬



સંગ તજી, સત્શ્રુત-સાર ગ્રહીને, શાંત બનીને એકાંતે,
બાહ્ય પદાર્થથી મુક્ત કરી મન, ઇંદ્રિય ને ઇચ્છાને;
વિધિથી સમ્યક્ જ્ઞાનમૂર્તિ નિત્ય, આપની ઉરે ધરે જે,
તે ભવ્ય તુજ સહવાસ લહે છે, ધન્ય ધન્ય તે નિશ્ચે છે.
હે ! ગુરુરાજ (૨). ૭

ચૈતન્યની ઉન્નતિ-ક્ષય કરતો, શાશ્વત શત્રુ તો કર્મ,
નિષ્કર્મ નાથ, અવસ્થા આપની, એક જ જે શુદ્ધ ધર્મ;
કર્મ દુષ્ટ બિનકારણ વૈરી, ભેદી કરો દૂર છેદી,
સંતની રક્ષા ને દુષ્ટ-શિક્ષા-ધર્મ, ન્યાયી પ્રભુનો અનાદિ.
હે ! ગુરુરાજ (૨). ૮

સ્થળ પર તરફડે માછલી તેમ જ, ભવ-દાવાનળ બાળે,
ત્રિવિધ તાપનો દાહ સહુ હું, નાથ સદા સંસારે;
સુખી પરમ રહું જ્યાં લગી લીન છે, હૃદય સમર્પિત મારું,
કરુણા-જલના સંગે શીતળ, પદપંકજ જ્યાં તમારું.
હે ! ગુરુરાજ (૨). ૯

(દોહરા)

જળહળ જ્યોતિ સ્વરૂપ તું, કેવળ કૃપાનિધાન;
પ્રેમ પુનિત તુજ પ્રેરજે, ભયભંજન ભગવાન. ૧

નિત્ય નિરંજન નિત્ય છો, ગંજન ગંજ ગુમાન;
અભિવંદન, અભિવંદના, ભયભંજન ભગવાન. ૨

ધર્મધરણ તારણતરણ, શરણ ચરણ સન્માન;
વિઘ્નહરણ, પાવનકરણ, ભયભંજન ભગવાન. ૩

ભદ્રભરણ ભીતિહરણ, સુધાઝરણ શુભવાન;
ક્લેશહરણ ચિંતાચૂરણ ભયભંજન ભગવાન. ૪

અવિનાશી અરિહંત તું, એક અખંડ અમાન;
અજર, અમર અણજન્મ તું, ભયભંજન ભગવાન. ૫

આનંદી અપવર્ગી તું, અકળ ગતિ અનુમાન;
આશિષ અનુકૂળ આપજે, ભયભંજન ભગવાન. ૬

નિરાકાર નિર્લેપ છો, નિર્મળ નીતિનિધાન;
નિર્મોહક નારાયણા, ભયભંજન ભગવાન. ૭

શક્તિ શિશુને આપશો, ભક્તિ મુક્તિનું દાન;
તુજ જુક્તિ જાહેર છે, ભયભંજન ભગવાન. ૮

નીતિ પ્રીતિ નમ્રતા, ભલી ભક્તિનું ભાન;
આર્ય પ્રજાને આપશો, ભયભંજન ભગવાન. ૯

દયા, શાંતિ, ઔદાર્યતા, ધર્મ મર્મ મનધ્યાન;
સંપ જંપ વણ કંપ દે, ભયભંજન ભગવાન. ૧૦

નમો દેવ સર્વજ્ઞકો, વીતરાગ જસ નામ;
મન-વચ-શીશ નવાઈકેં, કરું ત્રિવિધ પરણામ. ૧૧

મંગલમય પરમાતમા, શુદ્ધભાવ અવિકાર;
નમું પાય પાઉં સ્વપદ, જાચૂં યહૈ કરાર. ૧૨

અરિહા સિદ્ધ સમરું સદા, આચારજ ઉવઝાય;
સાધુ સકળકે ચરનકું, વંદુ શીશ નમાય. ૧૩

શ્રી જિનયુગ પદકમળમેં, મુજ મન ભ્રમર વસાય;
કબ ઉગે વો દિનકરુ, શ્રીમુખ દરિશન પાય. ૧૪

કરુણાનિધિ કૃપા કરી, કર્મ કઠિન મુઝ છેદ;
મિથ્યા મોહ અજ્ઞાનકો, કરજો ગ્રંથિ ભેદ. ૧૫



છૂટું પિછલાં પાપસેં, નવાં ન બાંધું કોઈ;
શ્રી ગુરુદેવપ્રસાદસેં, સફલ મનોરથ હોઈ. ૧૬

કબીર યહ તન જાત હૈ, સકૈ તો ઠૌર લગાય;
કૈ સેવા કર સંતકી, કૈ પ્રભુકે ગુણ ગાય. ૧૭

જબ જાગે તબ રામ જપ, સોવત રામ સંભાર;
ઊઠત-બૈઠત આતમા, ચાલત રામ ચિતાર. ૧૮

સુમરન સિદ્ધિ યોં કરો, જૈસે દામ કંગાલ;
કહે કબીર બિસરે નહીં, પલ પલ લેત સંભાલ. ૧૯

ઘડી ઘડી પલ પલ સદા, પ્રભુ સ્મરણકો ચાવ;
નરભવ સફલો જો કરે, દાન શીલ તપ ભાવ. ૨૦

સંતનકી સેવા કિયાં, પ્રભુ રીઝત હૈ આપ;
જાકા બાલ ખિલાઈએ, તાકા રીઝત બાપ. ૨૧

ભવસાગર સંસારમેં, દીપા શ્રી જિનરાજ;
ઉદ્યમ કરી પ્હોંચે તીરે, બેઠી ધર્મ-જહાજ. ૨૨

એહિ દિશાકી મૂઢતા, હૈ નહિ જિનપે ભાવ;
જિનસેં ભાવ બિનુ કબૂ, નહિ છૂટત દુઃખદાવ. ૨૩

સુખ દેના દુઃખ મેટના, યહી તુમ્હારી વાન;
મો ગરીબકી વિનતી, સુન લીજ્યો ભગવાન. ૨૪

નાથ તિહારેં નામતૈં, અઘ છિન માંહિ પલાય;
જ્યોં દિનકર પરકાશતૈં, અંધકાર વિનશાય. ૨૫

તુમ બિન મૈં વ્યાકુલ ભયો, જૈસે જલ બિન મીન;
જન્મ જરા મેરી હરો, કરો મોહિ સ્વાધીન. ૨૬

અશરણકે તુમ શરણ હો, નિરાધાર આધાર;
મૈં ડૂબત ભવસિંધુમેં, ખેઓ લગાઓ પાર. ૨૭

તુમરી નેક સુદૃષ્ટિતૈં, જગ ઉતરત હૈ પાર;
હા હા ડૂબ્યો જાત હોં, નેક નિહાર નિકાર. ૨૮

જબ લગ નાતા જગતકા, તબ લગ ભગત ન હોય;
નાતા તોડૈ હરિ ભજૈ, ભગત કહાવૈ સોય. ૨૯

ભક્તિ બિગાડી કામિયા, ઇન્દ્રિય કેરે સ્વાદ;
જન્મ ગંવાયા ખાદમેં, હીરા ખોયા હાથ. ૩૦

સકામી સુમિરન કરૈ, પાવૈ ઉત્તમ ધામ;
નિષ્કામી સુમિરન કરૈ, પાવૈ અવિચલ ધામ. ૩૧

શ્રવણ કીર્તન ચિંતવન, વંદન સેવન ધ્યાન;
લઘુતા સમતા એકતા, નવધા ભક્તિ પ્રમાણ. ૩૨

(ચોપાઈ)

પ્રથમહિ પકરે દૃઢ વૈરાગા, ગ્રહ વિશ્વાસ કરૈ સબ ત્યાગા;
જિતેન્દ્રિય અરુ હૃદૈ ઉદાસી, અથવા ગૃહ અથવા વનવાસી. ૧

માયા મોહ કરે નહિ કાહૂ, રહૈ સબનસોં બેપરવાહૂ;
કનક કામિની છાંડૈ સંગા, આશાતૃષ્ણા ધરૈ ન અંગા. ૨

શીલ, સંતોષ, ક્ષમા ઉર ધારૈ, ધીરજ સહન દયા પ્રતિપારૈ;
દીન ગરીબી રાખૈ પાસા, દેખૈ નિર્પખ ભયા તમાસા. ૩

માન મહાતમ કછુ ન ચાહૈ, એકૈ દશા સદા નિરવાહૈ;
રાવ રંકકી શંક ન આનૈ, કીરી કુંજર સમ કરિ જાનૈ. ૪

આતમદૃષ્ટિ સકલ સંસારા, સંતનકો રાખૈ અધિકારા;
વૈરભાવ કાહુ નહિ કરઈ, સદ્ગુરુ શબ્દ હૃદયમેં ધરઈ. ૫



જ્ઞાનદીપ આરતી ઉતારે, ઘંટા અનહદ શબ્દ વિચારૈ;
તનમન સકલ સમર્પણ કરઈ, દીન હોઈ પુનિ પાયન પરઈ. ૬

મગન હોઈ નાચૈ અરુ ગાવૈ, ગદ્ગદ રોમાંચિત હોઈ આવૈ;
સેવકભાવ કદી નહિ છોરે, દિનદિન પ્રીતિ અધિકી જોરૈ. ૭

મમ ગુન ગાવત પુલક શરીરા, ગદ્ગદ ગિરા નયન બહૂ નીરા;
કામ આદિ મદ દંભ ન જાકે, તાત નિરંતર બસમૈં તાકે. ૮

જો તુમ ચરણકમલ તિહુંકાલ, સેવહિં તજ માયા જંજાલ;
ભાવ-ભક્તિ મન હરષ અપાર, ધન્ય ધન્ય જગ તિન અવતાર. ૯

કર્મનિકંદન, મહિમાસાર, અશરણશરણ સુજસ-વિસતાર;
નહિ સેય પ્રભુ તુમરે પાય, તો મુજ જન્મ અકારથ જાય. ૧૦

મૈં તુમ ચરણકમલ ગુણ ગાય, બહુવિધિ ભક્તિ કરી મન લાય;
જનમ જનમ પ્રભુ પાઉં તોહિ, યહ સેવાફલ દીજે મોહિ. ૧૧

કૃપા તિહારી ઐસી હોય, જામન મરન મિટાવો મોય;
બાર બાર મૈં વિનતી કરું, તુમ સેયે ભવસાગર તરું. ૧૨

નામ લેત સબ દુઃખ મિટ જાય, તુમ દર્શન દેખ્યા પ્રભુ આય;
તુમ હો પ્રભુ દેવનકે દેવ, મૈં તો કરું ચરણ તવ સેવ. ૧૩

(પદ્ધરિ)

જય વીતરાગ વિજ્ઞાનપૂર, જય મોહતિમિરકો હરન સૂર;
જય જ્ઞાન અનંતાનંત ધાર, દૃગસુખ વીરજમંડિત અપાર. ૧

જય પરમશાંત મુદ્રા સમેત, ભવિજનકો નિજ અનુભૂતિ હેત;
ભવિ ભાગન વચ જોગેવશાય, તુમ ધુનિ હ્વૈ સુનિ વિભ્રમ નશાય. ૨

તુમ ગુણ ચિંતત નિજ-પર વિવેક, પ્રગટૈ વિઘટૈ આપદ અનેક;
તુમ જગભૂષણ દૂષણવિયુક્ત, સબ મહિમાયુક્ત વિકલ્પમુક્ત. ૩

અવિરુદ્ધ શુદ્ધ ચેતનસ્વરૂપ, પરમાત્મ પરમ પાવન અનૂપ;
શુભઅશુભ વિભાવ અભાવ કીન, સ્વાભાવિક પરિણતિમય અછીન. ૪

અષ્ટાદશ દોષ વિમુક્ત ધીર, સુચતુષ્ટયમય રાજત ગંભીર;
મુનિ ગણધરાદિ સેવત મહંત, નવ કેવલલબ્ધિરમા ધરંત. ૫

તુમ શાસન સેય અમેય જીવ, શિવ ગયે, જાહિં, જૈહૈં સદીવ;
ભવસાગરમેં દુઃખ છાર વારિ, તારનકો ઔર ન આપ ટારિ. ૬

તુમકો બિન જાને જો કલેશ, પાયે સો તુમ જાનત જિનેશ;
પશુ નારક નર સુરગતિ મંઝાર, ભવ ધર ધર મર્યો અનંત બાર. ૭

અબ કાલલબ્ધિબલતૈં દયાલ, તુમ દર્શન પાય ભયો ખુશાલ;
મન શાંત ભયો મિટિ સકલ દ્વંદ્વ, ચાખ્યો સ્વાતમરસ દુઃખનિકંદ. ૮

તાતૈં અબ ઐસી કરહુ નાથ, બિછુરૈ ન કભી તુવ ચરણ સાથ;
તુમ ગુણગણકો નહિં છેવ દેવ, જગ તારનકો તુવ વિરદ એવ. ૯

આતમકે અહિત વિષય કષાય; ઇનમેં મેરી પરિણતિ ન જાય;
મૈં રહૂં આપમૈં આપ લીન, સો કરો હોઉં જ્યોં નિજાધીન. ૧૦

મેરે ન ચાહ કછુ ઔર ઈશ, રત્નત્રયનિધિ દીજે મુનીશ;
મુઝ કારજકે કારન સુ આપ, શિવ કરહુ હરહુ મમ મોહતાપ. ૧૧

શશિ શાંતિકરન તપહરન હેતુ, સ્વયમેવ તથા તુમ કુશલ દેતુ;
પીવત પીયૂષ જ્યોં રોગ જાય, ત્યોં તુમ અનુભવતૈં ભવ નસાય. ૧૨

ત્રિભુવન તિહુંકાલ મંઝાર કોય, નહિં તુમ બિન નિજ સુખદાય હોય;
મો ઉર યહ નિશ્ચય ભયો આજ, દુઃખજલધિ ઉતારન તુમ જિહાજ. ૧૩

(એનું સ્વપ્ને જો દર્શન પામે રે, તેનું મન ના ચઢે બીજે ભામે રે - એ રાગ)

તારાં દર્શનથી જિનરાજ રે, સર્યાં સર્યાં મારાં સહુ કાજ રે;
ભમ્યો અંધ બની ભવ માંહી રે, કાળ અનંત પામ્યો ન કાંઈ રે. ૧



તારાં દર્શનથી જિનરાજ રે, મારાં નયન સફળ થયાં આજ રે;
શીઘ્ર શીતળ તન મન થાય રે, જાણે આજ અમૃત વરસાય રે. ૨

તારાં દર્શનથી જિનરાજ રે, ટળ્યાં મોહ-પડળ મુજ આજ રે;
વાસ્તવિક વસ્તુનું સ્વરૂપ રે, હતું તેવું દીઠું મેં અનૂપ રે. ૩

તારાં દર્શનથી જિનરાજ રે, ઉર આનંદ આજ ન માય રે;
હવે આત્મા ન ઇચ્છે કાંઈ રે, જાણે મુક્ત થયો તે આંહી રે. ૪

તારાં દર્શનથી જિનરાજ રે, મારાં મહા પાપોય પળાય રે;
રવિ ઊગ્યે ન લાગે વાર રે, જાય રાત્રિ તણો અંધકાર રે. ૫

તારાં દર્શનથી જિનરાજ રે, એવો પુણ્ય ઉદય મને થાય રે;
જેથી આ ભવમાં રિદ્ધિ પામી રે, થાય પરભવમાં સિદ્ધિ સ્વામી રે. ૬

તારાં દર્શનથી જિનરાજ રે, એવો પુણ્યલાભ મને થાય રે;
જેથી થશે અનુપમ સુખ રે, અક્ષય મોક્ષથી ટળશે દુઃખ રે. ૭

તારાં દર્શનથી જિનરાજ રે, સંતોષ પરમ મને થાય રે;
ઇન્દ્રવૈભવ પણ તૃણ લાગે રે, લેશ તૃષ્ણા નહિ ઊરે જાગે રે. ૮

તારાં દર્શન તો ભગવંત રે, નિર્વિકાર ને ઉપશમવંત રે;
તેથી ઉલ્લાસ જેને ન થાય રે, તેનાં જન્મમરણ નહિ જાય રે. ૯

તારાં દર્શન કરી જિનરાજ રે, બીજાં કામે મારું મન જાય રે;
તે તો પૂર્વકર્મોનો દોષ રે, રહે ઉર અતિશય રોષ રે. ૧૦

તારાં દર્શનથી જિનરાજ રે, મોક્ષ દુર્લભ તોયે થાય રે;
મનનો મિથ્યાત્વમળ જો જાય રે, તો તો મોક્ષ સમીપ ભળાય રે. ૧૧

તારા દર્શનથી જિનભૂપ રે, અહો ! કેવળજ્ઞાન સ્વરૂપ રે;
હવે દર્શન-શુદ્ધિ પામી રે, માનું પરનો નહિ હું સ્વામી રે. ૧૨

(મંદાક્રાંતા)

થાઓ મારાં નમન તમને દુઃખને કાપનારા,
થાઓ મારાં નમન તમને ભૂમિ શોભાવનારા;
થાઓ મારાં નમન તમને આપ દેવાધિદેવા,
થાઓ મારાં નમન તમને સંસૃતિ કાળ જેવા. ૧

એમાં કાંઇ નથી નવીનતા, નાથ ! દેવાધિદેવ !
ભક્તો સર્વે પદ પ્રભુતણું પામતા નિત્યમેવ;
લોકો સેવે કદી ધનીકને તો ધની જેમ થાય,
સેવા થાતાં પ્રભુપદ તણી આપ જેવા જ થાય. ૨

મોટા મોટા મુનિજન તને માનતા નાથ તો તે,
તેજસ્વી છો રવિસમ અને દૂર અજ્ઞાનથીયે;
સારી રીતે અમર બનતા આપને પામવાથી,
મુક્તિ માટે નવ કદી બીજો માનજો માર્ગ આથી. ૩

દેવે પૂજ્યા વિમળ મતિથી છો ખરા બુદ્ધ આપ,
ત્રિલોકીને સુખ દીધું તમે તો મહાદેવ આપ;
મુક્તિ કેરી વિધિ કરી તમે છો વિધાતા જ આપ,
ખુલ્લું છે એ પ્રભુજી ! સઘળા ગુણથી કૃષ્ણ આપ. ૪

શાસ્ત્રોંકા હો પઠન સુખદા લાભ સત્સંગતિકા,
સદ્‌વૃત્તોંકા સુજસ કહકે દોષ ઢાંકૂં સભીકા;
બોલૂં પ્યારે વચન હિતકે આપકા રૂપ ધ્યાઉં,
તૌલોં સેઊં ચરણ જિનકે મોક્ષ જૌંલોં ન પાઊં. ૫



## ૨૪. અધ્યાત્મ પારાયણ

(દોહરા)

નિર્મળ ધ્યાનારૂઢ થઈ, કર્મકલંક ખપાય;
થયા સિદ્ધ પરમાત્મા, વંદું તે ભગવાન. ૧

નમું સિદ્ધ પરમાત્મા, અક્ષય બોધસ્વરૂપ;
જેણે આત્મા આત્મરૂપ, પર જાણ્યું પરરૂપ. ૨

સિદ્ધ શ્રી પરમાત્મા, અરિગંજન અરિહંત;
ઇષ્ટ દેવ વંદું સદા, ભય ભંજન ભગવંત. ૩

જે દૃષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ. ૪

અસ્થિર અણૂનો વ્યૂહ છે, સમ-આકાર શરીર;
સ્થિતિભ્રમથી મૂરખજનો, તે જ ગણે છે જીવ. ૫

હું ગોરો, કૃશ સ્થૂળ ના, એ સૌ દેહસ્વભાવ;
એમ ગણો ધારો સદા, આત્મા જ્ઞાનસ્વભાવ. ૬

સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૭

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું ? કર વિચાર તો પામ. ૮

પર તો પર છે દુઃખરૂપ, આત્માથી સુખ થાય;
મહાપુરુષો ઉદ્યમ કરે, આત્માર્થે મન લાય. ૯

વિરમી પરવ્યવહારથી, જે આતમરસ લીન;
પામે યોગીશ્રી અહો ! પરમાનંદ નવીન. ૧૦

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ. ૧૧

તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુ બોધ;
તો પામે સમકિતને, વર્તે અંતર શોધ. ૧૨

સ્વચ્છંદ, મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૩

રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. ૧૪

જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત. ૧૫

જે સિદ્ધયા ને સિદ્ધશે, સિદ્ધ થતાં ભગવાન;
તે આત્મદર્શન થકી, એમ જાણ નિર્ભ્રાંત. ૧૬

અવ્રતિ-જન વ્રતને ગ્રહે, વ્રતી જ્ઞાનરત થાય;
પરમ-જ્ઞાનને પામીને, સ્વયં ‘પરમ’ થઈ જાય. ૧૭

દેહે આતમભાવના, દેહાન્તરગતિ-બીજ;
આત્મામાં નિજ-ભાવના, દેહમુક્તિનું બીજ. ૧૮

ઇન્દ્રિય સર્વ નિરોધીને, મન કરીને સ્થિરરૂપ;
ક્ષણભર જોતાં જે દીસે, તે પરમાત્મસ્વરૂપ. ૧૯

જો જીવ તું છે એકલો, તો તજ સૌ પરભાવ;
આત્મા ધ્યાવો જ્ઞાનમય, શીઘ્ર મોક્ષસુખ થાય. ૨૦

પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૨૧



કરી અભાવ ભવભાવ સબ, સહજભાવ નિજ પાય;
જય અપુનર્ભવ ભાવમય, ભયે પરમ શિવરાય. ૨૨

આસ્રવ ભાવ અભાવતેં, ભયે સ્વભાવ સ્વરૂપ;
નમો સહજ આનંદમય, અચલિત અમલ અનૂપ. ૨૩

(અનુષ્ટુપ છંદ)

સાતે ધાતુ વિનાનો છે, જ્ઞાન રૂપે નિરંજનો;
આત્માને કર્મથી ભિન્ન, મુમુક્ષુ જન ચિંતતો. ૨૪

સંતોષામૃતથી પૂર્ણ, શત્રુ-મિત્ર ન માનતો;
સુખો-દુઃખો નહીં કલ્પે, રાગ દ્વેષ ન ધારતો. ૨૫

આત્મજ્ઞાન ખરો ધર્મ, સર્વ ધર્માધિકારીનો;
સર્વ વિદ્યા વિષે શ્રેષ્ઠ, મોક્ષદાયક તે ગણો. ૨૬

તપો ઘોર તપો તોયે, આકરાં વ્રત આદરો;
આત્મજ્ઞાન વિના મોક્ષ, પામે કોઈ ન પાધરો. ૨૭

એમ જાણી વિવેકી હો, અવિદ્યા દૂરથી તજો;
આત્મકલ્યાણ ઇચ્છો તો, અવિદ્યા નહિ સુણજો. ૨૮

(હરિગીત છંદ)

છે જીવ ચેતયિતા પ્રભુ ઉપયોગચિહ્ન અમૂર્ત છે;
કર્તા અને ભોક્તા, શરીર-પ્રમાણ કર્મે યુક્ત છે. ૧

જે ચાર પ્રાણે જીવતો, પૂર્વે જીવે છે જીવશે;
તે જીવ છે ને પ્રાણ, ઇન્દ્રિય-આયુ-બળ-ઉચ્છ્‌વાસ છે. ૨

જે શરીરમાત્ર નિજાનુભવથી વ્યક્ત ને અવિનાશી છે;
જીવ પૂર્ણ-સુખ-ભરપૂર, જાણે લોક તેમ અલોકને. ૩

ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપને;
આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૪

રે ! આપ્ત-આગમ તત્ત્વની શ્રદ્ધાથી સમકિત હોય છે;
નિઃશેષ દોષવિહીન જે, ગુણસકળમય તે આપ્ત છે. ૫

જે ન્યૂન તેમ અધિક છે નહીં, સંશયોથી રહિત છે;
વિપરીત વિણ, યથાર્થ જે, તે જ્ઞાન સમ્યગ્ જિન કહે. ૬

છે આત્મા ઉપયોગરૂપ ઉપયોગ દર્શન-જ્ઞાન છે;
ઉપયોગ તે આત્મા તણો શુભ વા અશુભરૂપ હોય છે. ૭

ઉપયોગ જો શુભ હોય સંચય થાય પુણ્યતણો તહીં;
ને પાપસંચય અશુભથી જ્યાં ઉભય નહીં, સંચય નહીં. ૮

છે રાગભાવ પ્રશસ્ત, અનુકંપા સહિત પરિણામ છે;
મનમાં નહીં કાલુષ્ય છે ત્યાં પુણ્ય આસ્રવ હોય છે. ૯

અર્હંત-સાધુ-સિદ્ધ પ્રત્યે ભક્તિ, ચેષ્ટા ધર્મમાં;
ગુરુઓ તણું અનુગમન એ પરિણામ રાગ પ્રશસ્તના. ૧૦

દુઃખિત, તૃષિત વા ક્ષુધિત દેખી, દુઃખ પામી મન વિષે;
કરુણાથી વર્તે જેહ અનુકંપા સહિત તે જીવ છે. ૧૧

મદ-ક્રોધ અથવા લોભ-માયા ચિત્ત આશ્રય પામીને;
જીવને કરે જે ક્ષોભ તેને કલુષતા જ્ઞાની કહે. ૧૨

ચર્યા પ્રમાદભરી, કલુષતા, લુબ્ધતા વિષયો વિષે;
પરિતાપ ને અપવાદ પરના પાપ આસ્રવને કરે. ૧૩

સંજ્ઞા, ત્રિલેશ્યા, ઇન્દ્રિવશતા, આર્ત-રૌદ્ર ધ્યાન બે;
વળી મોહ ને દુર્યુક્ત જ્ઞાન પ્રદાન પાપતણું કરે. ૧૪

મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;
બાકી બધા સંયોગ લક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૫



મુજ જ્ઞાનમાં આત્મા ખરે દર્શન ચરિતમાં આતમા;
પચખાણમાં આત્મા જ સંવર-યોગમાં પણ આતમા. ૧૬

હું દેહ નહીં, વાણી ન, મન નહીં, તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૧૭

લક્ષ્મી શરીર સુખ દુઃખ અથવા શત્રુ-મિત્ર જનો અરે !
જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ-આત્મક જીવ છે. ૧૮

એ રીત દર્શન જ્ઞાન છે, ઇન્દ્રિય અતીત મહાર્થ છે;
માનું હું આલંબન રહિત જીવ શુદ્ધ, નિશ્ચળ, ધ્રુવ છે. ૧૯

નારક નહીં, તિર્યંચ-માનવ-દેવ-પર્યય હું નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૨૦

હું માર્ગણાસ્થાનો નહીં, ગુણસ્થાન જીવસ્થાનો નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૨૧

હું બાળ-વૃદ્ધ-યુવાન નહીં, હું તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૨૨

હું ક્રોધ નહીં, નહીં માન, તેમ જ લોભ-માયા છું નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૨૩

આત્માતણું જે જ્ઞાન તે દાતાર છે શિવધ્યાનનું;
કર્તવ્ય છે મહાયત્ન તે અર્થે સદાય મુમુક્ષુનું. ૨૪

સૌ કર્મમળથી મુક્ત આત્મા, પામીને લોકાગ્રને;
સર્વજ્ઞદર્શી તે અનંત અતિન્દ્રિ, સુખને અનુભવે. ૨૫

એ આત્મજ્યોતિ અચિંત્ય મનથી વચનથી ગતિ ત્યાં નહીં;
વળી શરીરથી છે ભિન્ન કેવળ રૂપ પણ એનું નહીં. ૨૬

ચિદ્રૂપ અનુભવગમ્ય કેવલ કોઈ વિરલા વિજ્ઞને;
સહજાત્મરૂપી સેવ્ય પદ એ રક્ષજો અમ અજ્ઞને. ૨૭

અગ્નિ તણો ગુણ ઉષ્ણતા ત્યમ જ્ઞાન ગુણ આત્માતણો;
તેથી પ્રકાશે જ્ઞાન નિજનું જ્ઞાન સમ્યક્ તે ગણો. ૨૮

તેની પ્રતીતિ અચળ વર્તે શુદ્ધ દર્શન તે લહો;
સદ્જ્ઞાન-દર્શન-સહ સ્વરૂપે-સ્થિરતા ચારિત્ર હો. ૨૯

સૌ પ્રાણી આ સંસારના સન્મિત્ર મુજ વ્હાલાં થજો;
સદ્ગુણમાં આનંદ માનું મિત્ર કે વેરી હજો. ૩૦

દુઃખિયા પ્રતિ કરુણા અને દુશ્મન પ્રતિ મધ્યસ્થતા;
શુભ ભાવના પ્રભુ ચાર આ પામો હૃદયમાં સ્થિરતા. ૩૧

હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી પરમાણુ માત્ર નથી અરે ! ૩૨

આ ભવાવર્તે પૂર્વમાં જે ભાવના ભાવી નહીં;
ભવનાશ અર્થે ભાવું એ, જે ભાવી તે ભાવું નહીં. ૩૩

સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વેર મને નહીં;
આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની. ૩૪

મધ્યસ્થ પર દ્રવ્યે થતો અશુભોપયોગે રહિત જો;
શુભમાં અયુક્ત, હું ધ્યાઉં છું નિજઆત્મને જ્ઞાનાત્મને. ૩૫

હું પરતણો નહીં, પર ન મારાં, જ્ઞાન કેવળ એક હું;
જે એમ ધ્યાવે ધ્યાન કાળે જીવ તે ધ્યાતા બને. ૩૬

જે મોહમળ કરી નષ્ટ વિષયવિરક્ત થઈ, મન રોકીને;
આત્મસ્વભાવે સ્થિત છે, તે આત્મને ધ્યાનાર છે. ૩૭

છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ નષ્ટ બનો ભલે;
વા અન્ય કો રીત જાવ પણ પરિગ્રહ નથી મારો ખરે. ૩૮

એ રીત તેથી આત્મને જ્ઞાયક સ્વભાવી જાણીને;
પરિવર્જું છું હું મમત્વ નિર્મમ ભાવમાં હું સ્થિર રહું. ૩૯



નિજ ભાવને છોડે નહીં, પરભાવ કંઈપણ નવ ગ્રહે;
જાણે જુએ જે તે જ હું છું, એમ જ્ઞાની ચિંતવે. ૪૦

આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં;
ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૪૧

જીવ વર્તતા ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે;
સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૪૨

જીવ બંધ બન્ને નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે;
પ્રજ્ઞાછીણી થકી છેદતાં બન્ને જુદા પડી જાય છે. ૪૩

જીવ બંધ જ્યાં છેદાય એ રીત નિયત નિજ નિજ લક્ષણે;
ત્યાં છોડવો એ બંધને, જીવ ગ્રહણ કરવો શુદ્ધને. ૪૪

જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે;
એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૪૫

ચિદ્રૂપ આત્મા, જડ શરીર એ, બેય ભિન્ન પિછાણતાં,
જ્ઞાનાદિ નિજ, રાગાદિ પરરૂપ, ભેદ અંતર જાગતાં;
શુચિ ભેદજ્ઞાન પ્રકાશ થાયે, સંત પરથી છૂટતા,
લહી શુદ્ધ જ્ઞાન નિધાન નિજ, આનંદ આસ્વાદો સદા. ૪૬

ભ્રાંતિ તજી જે ભેદજ્ઞાની ભિન્ન એ આત્મા જુવે,
તે પુરુષ નિશ્ચે શુદ્ધનય સ્થિત, કર્મમલ સંચય ધુવે;
જે કોઈ ભવમુક્તિ વર્યાં તે ભેદજ્ઞાન બળે ખરે,
ભવબંધને જે જે ફસ્યા, તે ભેદજ્ઞાન વિના અરે ! ૪૭

જન કનકમાંથી કંકણાદિ કનકમય સૌ પામતા,
ને લોહમાંથી સર્વ પાત્રો લોહમય ઉપજાવતાં;
ત્યમ શુદ્ધ નિજપદ ધ્યાન કરતા સ્વરૂપ શુદ્ધિ પામતા,
ધ્યાતા અશુદ્ધ સ્વરૂપ નિશ્ચે અશુદ્ધિ જ વધારતા. ૪૮

આત્મારૂપી ભૂમિ વિષે જ્યાં કર્મ બીજ ઊગે અહો,
મનરૂપ વૃક્ષ વિશાળ ત્યાં ભવદુઃખ ફળ તેનાં ગ્રહો;
જન્માદિ દુઃખફળો થકી, મુક્તિ મુમુક્ષુ જો ચહો,
મનવૃક્ષને તો ભેદ-જ્ઞાનાગ્નિ વડે સત્વર દહો. ૪૯

અર્હંત સૌ કર્મો તણો કરી નાશ એ જ વિધિ વડે;
ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત્ત થયા નમું તેમને. ૫૦

શ્રમણો, જિનો, તીર્થંકરો આ રીત સેવી માર્ગને;
સિદ્ધિ વર્યા, નમું તેમને, નિર્વાણના તે માર્ગને. ૫૧

તું સ્થાપ નિજને મોક્ષપંથે ધ્યા અનુભવ તેહને;
તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૫૨

આમાં સદા પ્રીતિવંત બન આમાં સદા સંતુષ્ટ ને;
આનાથી બન તું તૃપ્ત તુજને સુખ અહો ! ઉત્તમ થશે. ૫૩

બહુ લોક જ્ઞાન-ગુણે રહિત આ પદ નહીં પામી શકે;
રે ! ગ્રહણ કર તું નિયત આ જો કર્મમોક્ષેચ્છા તને. ૫૪

જીતે ક્ષમાથી ક્રોધને, નિજ માર્દવેથી માનને;
આર્જવ થકી માયા ખરે, સંતોષ દ્વારા લોભને. ૫૫

વિસ્તારી જ્ઞાન ફરી ફરી ભાવો યથાર્થ નિહાળતા;
તજી રાગદ્વેષ સ્વરૂપજ્ઞાની ધ્યાન ઉત્તમ ધ્યાવતા. ૫૬

રે જ્ઞાન આત્મસ્વભાવ છે તે પ્રાપ્તિને મુક્તિ કહો,
તો ભાવના નિજજ્ઞાનની ભાવો યદિ મુક્તિ ચહો;
ચૈતન્યજ્યોતિ તે સમે, ભાસે અનુપમ ત્યાં અહો,
તે એક, સર્વોત્કૃષ્ટ, જગમાં સર્વદા જયવંત હો. ૫૭

સંપૂર્ણ આતમ જ્ઞાનનું ચિંતન અને સ્થિરતા કરો,
સર્વત્ર આગળ રાખી આગમ આત્મપંથ અનુસરો;



સર્વથા કુવિકલ્પ તજજો, સ્વચ્છંદને ઉચ્છેદજો,
વૃદ્ધ પુરુષ પરંપરાને, અનુસરીને વર્તજો. ૫૮

સાક્ષાત્કાર સ્વરૂપનો કરવો ગુરુગમ સાધવી,
આત્માતણા આનંદની પુષ્ટિ પુરી આરાધવી;
જ્ઞાનશાળીને અનુભવથી, જણાવા યોગ્ય જે,
સંક્ષેપથી કહી વાત તે હિતકારી મંગળ માર્ગ છે. ૫૯

સર્વ સ્થળે જન સર્વ મથતા નિત્ય દુઃખો ટાળવા,
વળી જંપતા નથી દિન ભરમાં શ્રમ કરે સુખ ભાળવા;
તોયે દુઃખો ના દૂર થાયે સુખ ના સ્થિર કોઈનાં,
દુઃખનાશ ને સુખપ્રાપ્તિ ફળ તો પૂર્વનાં સુકૃતનાં. ૬૦

સંસારમાં સૌ જન્મમરણાદિ દુઃખોને દુઃખ કહે,
પણ સુજ્ઞ જન તો વિષયસુખ પણ દુઃખ જાણી દૂર રહે;
મુક્તિ વિષે છે સૌખ્ય સાચું યત્ન તે માટે કરે,
દુઃસાધ્ય છે એ મુક્તિ નિશ્ચે વિરલા મોક્ષાર્થી વરે. ૬૧

પરયુક્ત બાધાસહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે;
જે ઇન્દ્રિયોથી લબ્ધ તે સુખ, એ રીતે દુઃખ જ ખરે. ૬૨

વિષયો વિષે રતિ જેમને દુઃખ છે સ્વભાવિક તેમને;
જો તે ન હોય સ્વભાવ તો વ્યાપાર નહિ વિષયો વિષે. ૬૩

ઇન્દ્રિયસમાશ્રિત ઇષ્ટ વિષયો પામીને, નિજ ભાવથી;
જીવ પ્રણમતો સ્વયમેવ સુખરૂપ થાય, દેહ થતો નથી. ૬૪

એકાંતથી સ્વર્ગેય દેહ કરે નહિ સુખ દેહીને;
પણ વિષયવશ સ્વયમેવ આત્મા સુખ વા દુઃખ થાય છે. ૬૫

જો દૃષ્ટિ પ્રાણીની તિમિરહર, તો કાર્ય છે નહિ દીપથી;
જ્યાં જીવ સ્વયં સુખ પરિણમે વિષયો કરે છે શું તહીં ? ૬૬

સુર-અસુર-નરપતિ પીડિત વર્તે સહજ ઇંદ્રિયો વડે;
નવ સહી શકે તે દુઃખ તેથી રમ્ય વિષયોમાં રમે. ૬૭

અત્યંત, આત્મોત્પન્ન, વિષયાતીત, અનુપ, અનંત ને;
વિચ્છેદહીન છે સુખ અહો ! શુદ્ધોપયોગ પ્રસિદ્ધને. ૬૮

આત્મસુખની સ્વસ્થતાનો સ્વાદ હજી નથી ચાખીઓ,
ત્યાં સુધી ઇચ્છા ભોગની વિષયાદિ સુખે સુખીઓ;
જો સ્વસ્થતાના સુખનો લવ એક મનમાં વાસીઓ,
તો રાજ્ય પણ ત્રણ લોકનું ઇચ્છે નહિ જો ઋષિઓ. ૬૯

(કવિત)

સાહ્યબી સુખદ હોય, માનતણો મદ હોય;
ખમા ખમા ખુદ હોય, તે તે કશા કામનું ?

જુવાનીનું જોર હોય, એશનો અંકોર હોય;
દોલતનો દોર હોય, એ તે સુખ નામનું.

વનિતા વિલાસ હોય, પ્રૌઢતા પ્રકાશ હોય,
દક્ષ જેવા દાસ હોય, હોય સુખ ધામનું;

વદે રાયચંદ એમ, સદ્ધર્મને ધાર્યા વિના,
જાણી લેજે સુખ એ તો, બેએ જ બદામનું !

(સદ્‌ગુરુ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠા. - એ દેશી)

અતિ મતિમાન સુર-ગુરુ સરખા જાણે પણ નહિ કહી શકે,
કહ્યું કદાપિ વિશાળ ગગનથી જનમનમાં ન સમાઈ શકે;
સ્વાનુભવી પણ વિરલા પામે ચિરકાળે જે પૂર્ણ કદા,
આત્મતત્ત્વ આશ્ચર્યકારી તે મોક્ષમૂલ જયવંત સદા. ૧

આત્મા હું છું ભિન્ન અને એ મુજ અનુયાયી કર્મ જુદાં,
જીવ કર્મ સંબંધે થાતાં સૌ વિકાર પણ ભિન્ન સદા;



કાલ ક્ષેત્ર ઇત્યાદિ જે જે તે મુજથી વિભિન્ન બધાં,
નિજ નિજ ગુણ પર્યાયે શોભિત ભિન્ન ભિન્ન હું તેથી સદા. ૨

આત્મતત્ત્વ અભ્યાસ કરે જે ફરિ ફરિ ચિત્તે એ જ ચહે,
એ જ કથન સુવિચાર, ભાવના, અનુભવ તત્પર નિત્ય રહે;
અનંત દર્શન જ્ઞાનપ્રમુખ નવ કેવલલબ્ધિથી તે માતા,
અક્ષય, અખૂટ, અનંત, સુખમય, સિદ્ધિ પ્રતિ સત્વર જાતા. ૩

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ


- ક્ષમાપના ........................ (જુઓ પૃષ્ઠ સંખ્યા ૯)
- વીતરાગનો કહેલો ધર્મ ............ (જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૦)
- દુર્લભ એવો મનુષ્યદેહ ............ (જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૧)
- પ્રણિપાત સ્તુતિ (હે પરમકૃપાળુ દેવ) .... (જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)


## અંત મંગલ

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ. ૧

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો. ૨

# સોમવાર : પ્રાતઃકાળ

## ૨૫. શ્રી સદ્‌ગુરુ ઉપકાર-મહિમા

પ્રથમ નમું ગુરુરાજને, જેણે આપ્યું જ્ઞાન;
જ્ઞાને વીરને ઓળખ્યા, ટળ્યું દેહ-અભિમાન. ૧

તે કારણ ગુરુરાજને, પ્રણમું વારંવાર;
કૃપા કરી મુજ ઉપરે, રાખો ચરણ મોઝાર. ૨

પંચમ કાળે તું મળ્યો, આત્મરત્ન-દાતાર;
કારજ સાર્યાં માહરાં, ભવ્ય જીવ હિતકાર. ૩

અહો ! ઉપકાર તુમારડો, સંભારું દિનરાત;
આવે નયણે નીર બહુ, સાંભળતાં અવદાત. ૪

અનંત કાળ હું આથડ્યો, ન મળ્યા ગુરુ શુદ્ધ સંત;
દુષમ કાળે તું મળ્યો, રાજ નામ ભગવંત. ૫

રાજ રાજ સૌ કો કહે, વિરલા જાણે ભેદ;
જે જન જાણે ભેદ તે, તે કરશે ભવ છેદ. ૬

અપૂર્વ વાણી તાહરી, અમૃત સરખી સાર;
વળી તુજ મુદ્રા અપૂર્વ છે, ગુણગણ રત્નભંડાર. ૭

તુજ મુદ્રા તુજ વાણીને, આદરે સમ્યક્‌વંત;
નહીં બીજાનો આશરો, એ ગુહ્ય જાણે સંત. ૮

બાહ્ય ચરણ સુસંતનાં, ટાળે જનનાં પાપ;
અંતરચારિત્ર ગુરુરાજનું, ભાંગે ભવ સંતાપ. ૯



## ૨૬. ભક્તિનો ઉપદેશ

(તોટક છંદ)

શુભ શીતળતામય છાંય રહી, મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી;
જિનભક્તિ ગ્રહો તરુ કલ્પ અહો, ભજીને ભગવંત ભવંત લહો. ૧

નિજ આત્મસ્વરૂપ મુદા પ્રગટે, મનતાપ ઉતાપ તમામ મટે;
અતિ નિર્જરતા વણદામ ગ્રહો, ભજીને ભગવંત ભવંત લહો. ૨

સમભાવી સદા પરિણામ થશે, જડ મંદ અધોગતિ જન્મ જશે;
શુભ મંગળ આ પરિપૂર્ણ ચહો, ભજીને ભગવંત ભવંત લહો. ૩

શુભ ભાવ વડે મન શુદ્ધ કરો, નવકાર મહાપદને સમરો;
નહિ એહ સમાન સુમંત્ર કહો, ભજીને ભગવંત ભવંત લહો. ૪

કરશો ક્ષય કેવળ રાગ કથા, ધરશો શુભ તત્ત્વસ્વરૂપ યથા;
નૃપચંદ્ર પ્રપંચ અનંત દહો, ભજીને ભગવંત ભવંત લહો. ૫

(શ્રીમદ્‌ રાજચંદ્ર, મોક્ષમાળા-શિક્ષાપાઠ-૧૫)

## ૨૭. અમૂલ્ય તત્ત્વવિચાર

(હરિગીત છંદ)

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ? ૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નર દેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !!! ૨

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્દુઃખ તે સુખ નહીં. ૩

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો. ૫

(શ્રીમદ્ રાજચંદ્ર, મોક્ષમાળા-શિક્ષાપાઠ-૬૭)

## ૨૮. શ્રી મહાવીર સ્વામી સ્તવન

(શ્રી આનંદઘનજી કૃત)

વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે;
મિથ્યા મોહતિમિર ભય ભાગ્યું, જીત નગારું વાગ્યું રે. વી૦ ૧

છઉમત્થ વીર્ય લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગે રે;
સૂક્ષ્મ સ્થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે. વી૦ ૨

અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખે, યોગ અસંખિત કંખે રે;
પુદ્ગલ ગણ તેણે લે સુવિશેષે, યથાશક્તિ મતિ લેખે રે. વી૦ ૩

ઉત્કૃષ્ટે વીર્યનિવેસે, યોગ ક્રિયા નવિ પેસે રે;
યોગ તણી ધ્રુવતાને લેશે, આતમશક્તિ ન ખેસે રે. વી૦ ૪



કામ વીર્ય વશે જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે;
શૂરપણે આતમ ઉપયોગી, થાય તેહણે અયોગી રે. વી૦ ૫

વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે;
ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે. વી૦ ૬

આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગે રે;
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે. વી૦ ૭

## ૨૯. મેરી ભાવના

જિસને રાગદ્વેષકામાદિક જીતે, સબ જગ જાન લિયા,
સબ જીવોંકો મોક્ષમાર્ગકા નિસ્પૃહ હો, ઉપદેશ દિયા;
બુદ્ધ વીર જિન હરિ હર બ્રહ્મા, યા ઉસકો સ્વાધીન કહો,
ભક્તિભાવસે પ્રેરિત હો યહ, ચિત્ત ઉસીમેં લીન રહો. ૧

વિષયોંકી આશા નહિં જિનકે, સામ્યભાવ ધન રખતે હૈં,
નિજ પરકે હિત સાધનમેં જો, નિશદિન તત્પર રહતે હૈં;
સ્વાર્થત્યાગકી કઠિન તપસ્યા, બિના ખેદ જો કરતે હૈં,
ઐસે જ્ઞાની સાધુ જગતકે, દુઃખસમૂહકો હરતે હૈં. ૨

રહે સદા સત્સંગ ઉન્હીંકા, ધ્યાન ઉન્હીંકા નિત્ય રહે,
ઉનહી જૈસી ચર્યામેં યહ, ચિત્ત સદા અનુરક્ત રહે;
નહીં સતાઊં કિસી જીવકો, જૂઠ કભી નહિ કહા કરું,
પરધન વનિતા પર ન લુભાઊં, સંતોષામૃત પિયા કરું. ૩

અહંકારકા ભાવ ન રક્ખૂં, નહીં કિસી પર ક્રોધ કરું,
દેખ દૂસરોંકી બઢતીકો, કભી ન ઈર્ષા-ભાવ ધરું;
રહે ભાવના ઐસી મેરી, સરલ સત્ય વ્યવહાર કરું,
બને જહાઁ તક ઇસ જીવનમેં, ઔરોંકા ઉપકાર કરું. ૪

મૈત્રીભાવ જગતમેં મેરા, સબ જીવોંસે નિત્ય રહે,
દીન દુઃખી જીવોં પર મેરે, ઉરસે કરુણાસ્રોત બહે;
દુર્જન-ક્રૂર-કુમાર્ગરતોં પર, ક્ષોભ નહીં મુઝકો આવે,
સામ્યભાવ રક્ખૂં મૈં ઉન પર, ઐસી પરિણતિ હો જાવે. ૫

ગુણીજનોંકો દેખ હૃદયમેં, મેરે પ્રેમ ઉમડ આવે,
બને જહાં તક ઉનકી સેવા, કરકે યહ મન સુખ પાવે;
હોઊં નહીં કૃતઘ્ન કભી મૈં, દ્રોહ ન મેરે ઉર આવે,
ગુણ-ગ્રહણકા ભાવ રહે નિત, દૃષ્ટિ ન દોષોં પર જાવે. ૬

કોઈ બુરા કહો યા અચ્છા, લક્ષ્મી આવે યા જાવે,
લાખોં વર્ષોં તક જીઊં યા, મૃત્યુ આજ હી આ જાવે;
અથવા કોઈ કૈસા હી ભય, યા લાલચ દેને આવે,
તો ભી ન્યાયમાર્ગસે મેરા, કભી ન પદ ડિગને પાવે. ૭

હોકર સુખમેં મગ્ન ન ફૂલે, દુઃખમેં કભી ન ઘબરાવે,
પર્વત નદી સ્મશાન ભયાનક, અટવીસે નહિ ભય ખાવે;
રહે અડોલ અકંપ નિરંતર, યહ મન દૃઢતર બન જાવે,
ઈષ્ટવિયોગ-અનિષ્ટયોગમેં, સહનશીલતા દિખલાવે. ૮

સુખી રહે સબ જીવ જગતકે, કોઈ કભી ન ઘબરાવે,
વૈર પાપ-અભિમાન છોડ જગ, નિત્ય નયે મંગલ ગાવે;
ઘર ઘર ચર્ચા રહે ધર્મકી, દુષ્કૃત દુષ્કર હો જાવે,
જ્ઞાનચરિત ઉન્નત કર અપના, મનુજ જન્મફલ સબ પાવે. ૯

ઈતિ-ભીતિ વ્યાપે નહિ જગમેં, વૃષ્ટિ સમયપર હુઆ કરે,
ધર્મનિષ્ઠ હોકર રાજા ભી, ન્યાય પ્રજાકા કિયા કરે;
રોગ-મરી-દુર્ભિક્ષ ન ફૈલે, પ્રજા શાંતિસે જિયા કરે,
પરમ અહિંસા-ધર્મ જગતમેં, ફૈલ સર્વ હિત કિયા કરે. ૧૦



ફૈલે પ્રેમ પરસ્પર જગમેં, મોહ દૂર પર રહા કરે,
અપ્રિય કટુક કઠોર શબ્દ નહિ, કોઈ મુખસે કહા કરે;
બનકર સબ 'યુગ-વીર' હૃદયસે, દેશોન્નતિરત રહા કરે,
વસ્તુસ્વરૂપ વિચાર ખુશીસે, સબ દુઃખ-સંકટ સહા કરે. ૧૧

(શ્રી જુગલકિશોર મુખ્તાર)

## ૩૦. અશુદ્ધાત્મા શુદ્ધાત્માને અરજ કરે છે

અશુદ્ધાત્મા શુદ્ધાત્માને અરજ કરે છે :

હે પરમેશ્વર ! શુદ્ધાત્મા ! મારા હૃદયને દયાથી ભરપૂર કર. હે સત્ય ! મારા હૃદયમાં આવ.

હે શીલના સ્વામી ! મને કુશીલથી બચાવ, મને સંતોષથી ભરપૂર કર કે જેથી હું પરવસ્તુ પર નજર ન કરું. જે જેને ભોગવવાને તેં આપ્યું તે હું ના ચાહું.

તું નિષ્પાપ, પૂર્ણપવિત્ર છે. તારી પવિત્રતા મારામાં ભર. મને પાપરહિત કર. જ્ઞાન, ધૈર્ય, શાંતિ અને નિર્ભયતા મને આપ. તારા પવિત્ર વચનથી મારાં પાપ ધો.

હે આનંદ ! મને આનંદથી ભરપૂર કર. મને તારી તરફ ખેંચ.

હે દેવ ! મેં તારી આજ્ઞા તોડી છે, તો મારો હવે શું હવાલ થશે ?

હું પાપમાં બૂડી રહ્યો છું, હરઘડી પાપના કામમાં જ હર્ષ માની રહ્યો છું. તારું કૃપાદાનનું તેડું મારી તરફ આવ્યું કે તું મને પોતા તરફ બોલાવે છે. તારી પવિત્રતા મને દર વખતે ચેતવે છે કે આ પાપમાં તું ના પેસ. માટે હવે હું તારી પવિત્રતાનું સન્માન

કરું, મને પવિત્ર આત્માથી ભરપૂર કર.

તારી સર્વે આજ્ઞા પાળવાની બુદ્ધિ તથા શક્તિ મને આપ. મોહશત્રુના કબજામાંથી મને છોડાવ. હું બાળક છું, માટે દર સમય મને બચાવ, પડવા ન દે, મને તારામાં રાખ, તું મારામાં રહે. જે તારી કૃપાનજર થઈ તે પૂરી કર.

તારા સિવાય કોઈ દાતા નથી. તારી આજ્ઞાના બગીચામાંથી મને બહાર ના મૂક. તારી શાંતિના સમુદ્રમાં મને ઝિલાવ. તારો સર્વે મહિમા મને દેખાડ.

તું આનંદ છે, તું પ્રેમ છે, તું દયા છે, તું સત્ય છે, તું સ્થિર છે, તું અચળ છે, તું નિર્ભય છે, તું એક શુદ્ધ અને નિત્ય છે, તું અબાધિત છે; તારા અનંત અક્ષય ગુણથી મને ભરપૂર કર.

દૈહિક કામનાથી અને વિષયની ભીખથી મારા દિલને વાર, કષાયની તપ્તિથી બચાવ, મારા સર્વે વિઘ્નો દૂર કર, જેથી સ્થિરતા અને આનંદથી હું તારી સિદ્ધિને અનુભવું.

મારી સર્વે શુભેચ્છા તારા વચનપસાયથી પૂર. સાચા માર્ગ બતાવનાર ગુરુના પસાયથી પૂર. મને જૂઠા હઠવાદથી અને જૂઠા ધર્મથી છોડાવ. કુગુરુના ફંદથી બચાવ.

તારા પસાયથી મન, વચન ને શરીર આદિ જે શક્તિ હું પામ્યો છું, તે સર્વ શક્તિ હું ખોટા વા પાપના કામમાં ન વાપરું અને ફોગટ વખત ન ગુમાવું તે બુદ્ધિ આપ.

તારા પસાયથી હું સર્વેને સુખનું કારણ થાઉં, કોઈને દુઃખનું કારણ ન થાઉં, માટે મને સત્ય અને દયાથી ભરપૂર કર, અને જે મને યોગ્ય હોય તે આપ. ખોટા મનોરથ અને વ્યર્થ વિચારથી હંમેશાં બચાવ.



## ૩૧. જાપ દ્વારા મનોનિગ્રહ

મન વાળ્યું વળે સદ્‌ગુરુવરથી;
સદ્‌ગુરુવરથી, નિજ અનુભવથી. મન૦

અભ્યાસ અને વૈરાગ્ય થકી;
વૈરાગ્ય અને અભ્યાસ થકી. મન૦

---

દેવ અમારા શ્રી અરિહંત,
ગુરુ અમારા ગુણિયલ સંત.


- ત્રણ મંત્રની માળા ............... (જુઓ પૃષ્ઠ સંખ્યા ૮)
- ક્ષમાપના ...................... (જુઓ પૃષ્ઠ સંખ્યા ૯)
- વીતરાગનો કહેલો ધર્મ ........... (જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૦)
- દુર્લભ એવો મનુષ્યદેહ ........... (જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૧)
- અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ ....... (જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)
- પ્રણિપાત સ્તુતિ (હે પરમકૃપાળુ દેવ) .... (જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)


## અંત મંગલ

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ. ૧

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો. ૨

# સોમવાર : સાયંકાળ

## ૩૨. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની સ્તુતિ

(ઝૂલણા છંદ)

પતિત જન પાવની, સુર સરિતા સમી,
અધમ ઉદ્ધારિણી આત્મસિદ્ધિ;
જન્મ જન્માંતરો, જાણતાં જોગીએ,
આત્મ અનુભવ વડે આજ દીધી.

ભક્ત ભગીરથ સમા, ભાગ્યશાળી મહા,
ભવ્ય સૌભાગ્યની વિનતિથી;
ચારુતર ભૂમિના, નગર નડિયાદમાં,
પૂર્ણ કૃપા પ્રભુએ કરી'તી.

## ૩૩. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત. ૧

વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ. ૩

બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર્ભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંઈ. ૪

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહી;
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહી. ૫



વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમ જ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન. ૬

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન. ૭

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮

સેવે સદ્‌ગુરુચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય. ૧૦

પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર. ૧૧

સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ. ૧૨

આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર. ૧૩

અથવા સદ્‌ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪

રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬

સ્વચ્છંદ, મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭

માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮

જે સદ્‌ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯

એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય. ૨૦

અસદ્‌ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ;
મહામોહનીય કર્મથી, બૂડે ભવજળ માંહી. ૨૧

હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર;
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર. ૨૨

હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ;
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ. ૨૩

**મતાર્થી-લક્ષણ**

બાહ્યત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરુ સત્ય;
અથવા નિજકુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ. ૨૪

જે જિનદેહ પ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;
વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ. ૨૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ;
અસદ્‌ગુરુને દૃઢ કરે, નિજ માનાર્થે મુખ્ય. ૨૬

દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;
માને નિજ મત વેષનો, આગ્રહ મુક્તિનિદાન. ૨૭

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન. ૨૮



અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્‌વ્યવહારને, સાધન રહિત થાય. ૨૯

જ્ઞાનદશા પામે નહીં, સાધનદશા ન કાંઈ;
પામે તેનો સંગ જે, તે બૂડે ભવ માંહી. ૩૦

એ પણ જીવ મતાર્થમાં, નિજમાનાદિ કાજ;
પામે નહિ પરમાર્થને, અન્-અધિકારીમાં જ. ૩૧

નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય. ૩૨

લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ;
હવે કહું આત્માર્થીનાં, આત્મ-અર્થ સુખસાજ. ૩૩

**આત્માર્થી-લક્ષણ**

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય. ૩૪

પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર. ૩૫

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬

એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરુ યોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ. ૩૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮

દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ. ૩૯

આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૧

ઊપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;
ગુરુશિષ્યસંવાદથી, ભાખું ષટ્‌પદ આંહી. ૪૨

### ષટ્‌પદનામકથન

'આત્મા છે', 'તે નિત્ય છે', 'છે કર્તા નિજકર્મ';
'છે ભોક્તા', વળી 'મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ'. ૪૩

ષટ્‌સ્થાનક સંક્ષેપમાં, ષટ્‌દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ. ૪૪

### શંકા - શિષ્ય ઉવાચ

(આત્માના હોવાપણારૂપ પ્રથમ સ્થાનકની શિષ્ય શંકા કહે છે :-)

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ. ૪૫

અથવા દેહ જ આત્મા, અથવા ઇન્દ્રિય પ્રાણ;
મિથ્યા જુદો માનવો, નહીં જુદું એંધાણ. ૪૬

વળી જો આત્મા હોય તો, જણાય તે નહિ કેમ ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ. ૪૭

માટે છે નહિ આતમા, મિથ્યા મોક્ષ ઉપાય;
એ અંતર શંકા તણો, સમજાવો સદુપાય. ૪૮



### સમાધાન - સદ્‌ગુરુ ઉવાચ

(આત્મા છે, એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે :-)

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯

ભાસ્યો દેહાધ્યાસથી આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન. ૫૦

જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ. ૫૧

છે ઇન્દ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇન્દ્રિના વિષયનું, પણ આત્માને ભાન. ૫૨

દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રી પ્રાણ;
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ. ૫૩

સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪

ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન ? ૫૫

પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬

જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વયભાવ. ૫૭

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮

### શંકા - શિષ્ય ઉવાચ

(આત્મા નિત્ય નથી, એમ શિષ્ય કહે છે :-)

આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર. ૫૯

બીજી શંકા થાય ત્યાં, આત્મા નહિ અવિનાશ;
દેહયોગથી ઊપજે, દેહવિયોગે નાશ. ૬૦

અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય. ૬૧

### સમાધાન - સદ્‌ગુરુ ઉવાચ

(આત્મા નિત્ય છે, એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે :-)

દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય ? ૬૨

જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન;
તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન. ૬૩

જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દશ્ય;
ઊપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪

જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય. ૬૫

કોઈ સંયોગોથી નહિ, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય. ૬૬

ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;
પૂર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય. ૬૭



આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. ૬૯

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦

### શંકા - શિષ્ય ઉવાચ

(આત્મા કર્મનો કર્તા નથી, એમ શિષ્ય કહે છે :-)

કર્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્તા કર્મ;
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨

માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;
કર્મતણું કર્તાપણું કાં નહિ, કાં નહિ જાય. ૭૩

### સમાધાન - સદ્‌ગુરુ ઉવાચ

(કર્મનું કર્તાપણું આત્માને જે પ્રકારે છે તે પ્રકારે સદ્‌ગુરુ સમાધાન કરે છે :-)

હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ ?
જડસ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી ધર્મ. ૭૪

જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહિ, તેમજ નહિ જીવધર્મ. ૭૫

કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજભાને તેમ. ૭૬

કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષપ્રભાવ. ૭૭

ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ-પ્રભાવ. ૭૮

### શંકા - શિષ્ય ઉવાચ

(તે કર્મનું ભોક્તાપણું જીવને નહીં હોય ? એમ શિષ્ય કહે છે :-)

જીવ કર્મ કર્તા કહો, પણ ભોક્તા નહિ સોય;
શું સમજે જડ કર્મ કે, ફળ પરિણામી હોય ? ૭૯

ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય;
એમ કહ્યે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય. ૮૦

ઈશ્વર સિદ્ધ થયા વિના, જગત નિયમ નહિ હોય;
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહિ કોય. ૮૧

### સમાધાન - સદ્ગુરુ ઉવાચ

(જીવને પોતાનાં કરેલાં કર્મનું ભોક્તાપણું છે, એમ સદ્ગુરુ સમાધાન કરે છે :-)

ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ. ૮૨

ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય. ૮૩

એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;
કારણ વિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ્ય. ૮૪

ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર. ૮૫



તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ. ૮૬

### શંકા - શિષ્ય ઉવાચ

(જીવનો તે કર્મથી મોક્ષ નથી, એમ શિષ્ય કહે છે :-)

કર્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહિ મોક્ષ;
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ. ૮૭

શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિ માંય;
અશુભ કરે નરકાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય. ૮૮

### સમાધાન - સદ્ગુરુ ઉવાચ

(તે કર્મથી જીવનો મોક્ષ થઈ શકે છે, એમ સદ્ગુરુ સમાધાન કરે છે :-)

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ. ૮૯

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ. ૯૦

દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખભોગ. ૯૧

### શંકા - શિષ્ય ઉવાચ

(મોક્ષનો ઉપાય નથી, એમ શિષ્ય કહે છે :-)

હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય ? ૯૨

અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક. ૯૩

કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪

તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ ઉપાય;
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય ? ૯૫

પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય. ૯૬

**સમાધાન - સદ્ગુરુ ઉવાચ**

(મોક્ષનો ઉપાય છે, એમ સદ્ગુરુ સમાધાન કરે છે :-)

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત. ૯૭

કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ. ૯૮

જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત. ૯૯

રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. ૧૦૦

આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત. ૧૦૧

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ. ૧૦૨

કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩



કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ ? ૧૦૪

છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. ૧૦૫

ષટ્પદનાં ષટ્પ્રશ્ન તેં, પૂછ્યાં કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર. ૧૦૬

જાતિ, વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ. ૧૦૮

તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુ બોધ;
તો પામે સમકિતને, વર્તે અંતરશોધ. ૧૦૯

મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરુ લક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦

વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત. ૧૧૧

વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ. ૧૧૨

કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. ૧૧૪

છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫

એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ. ૧૧૭

નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહી, સહજસમાધિ માંય. ૧૧૮

## શિષ્યબોધબીજપ્રાપ્તિકથન

સદ્ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯

ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર, અમર, અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦

કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય. ૧૨૧

અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨

મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩

અહો ! અહો ! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. ૧૨૪

શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૧૨૫

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬



ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭

## ઉપસંહાર

દર્શન ષટે સમાય છે, આ ષટ્ સ્થાનક માંહી;
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮

આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૯

જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ. ૧૩૦

નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય. ૧૩૧

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ. ૧૩૨

ગચ્છમતની જે કલ્પના, તે નહિ સદ્વ્યવહાર;
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહિ સાર. ૧૩૩

આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોય. ૧૩૪

સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય. ૧૩૫

ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬

મુખથી જ્ઞાન કથે અને, અંતર્ છૂટ્યો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ. ૧૩૭

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮

મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી કહીએ ભ્રાંત. ૧૩૯

સકળ જગત તે એંઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન. ૧૪૦

સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ. ૧૪૧

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. ૧૪૨

(નડિયાદ, આસો વદ ૧, ગુરુ, વિ.સં.૧૯૫૨, શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૭૧૮)

## ૩૪. ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ

ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ, પ્રભુ એવું માગું છું;
રહે ચરણકમળમાં ધ્યાન, પ્રભુ એવું માગું છું. ૧

તારું મુખડું પ્રભુજી હું જોયા કરું,
રાતદહાડો ભજન તારાં બોલ્યા કરું;
રહે અંતસમય તારું ધ્યાન, પ્રભુ એવું માગું છું. ૨

મારી આશા નિરાશા કરજે નહિ,
મારા અવગુણ હૈયામાં ધરજે નહિ;
શ્વાસે શ્વાસે રહે તારું નામ, પ્રભુ એવું માગું છું. ૩

મારાં પાપ ને તાપ શમાવી દેજે,
તારા ભક્તોને શરણમાં રાખી લેજે;
આવી દેજે દરશન દાન, પ્રભુ એવું માગું છું. ૪



- ક્ષમાપના .......................(જુઓ પૃષ્ઠ સંખ્યા ૯)
- વીતરાગનો કહેલો ધર્મ ...........(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૦)
- દુર્લભ એવો મનુષ્યદેહ ...........(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૧)
- પ્રણિપાત સ્તુતિ (હે પરમકૃપાળુ દેવ)....(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)

## અંત મંગલ

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ. ૧

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો. ૨

# મંગળવાર : પ્રાતઃકાળ

## ૩૫. દર્શન સ્તુતિ

(શ્રી દૌલતરામજી કૃત)

સકલ જ્ઞેયજ્ઞાયક તદપિ, નિજાનંદ રસલીન;
સો જિનેન્દ્ર જયવંત નિત, અરિરજરહસ વિહીન. ૧

જય વીતરાગ વિજ્ઞાનપૂર, જય મોહતિમિરકો હરન સૂર;
જય જ્ઞાન અનંતાનંત ધાર, દગસુખ વીરજમંડિત અપાર. ૨

જય પરમશાંત મુદ્રા સમેત, ભવિજનકો નિજ અનુભૂતિ હેત;
ભવિ ભાગન વચ જોગેવશાય, તુમ ધુનિ હ્વૈ સુનિ વિભ્રમ નશાય. ૩

તુમ ગુણ ચિંતત નિજ-પર વિવેક, પ્રગટૈ વિઘટૈ આપદ અનેક;
તુમ જગભૂષણ દૂષણવિયુક્ત, સબ મહિમાયુક્ત વિકલ્પમુક્ત. ૪

અવિરુદ્ધ શુદ્ધ ચેતનસ્વરૂપ, પરમાત્મ પરમ પાવન અનૂપ;
શુભ અશુભ વિભાવ અભાવ કીન, સ્વાભાવિક પરિણતિમય અછીન. ૫

અષ્ટાદશ દોષ વિમુક્ત ધીર, સુચતુષ્ટયમય રાજત ગંભીર;
મુનિ ગણધરાદિ સેવત મહંત, નવ કેવલલબ્ધિરમા ધરંત. ૬

તુમ શાસન સેય અમેય જીવ, શિવ ગયે, જાહિં, જૈહૈં સદીવ;
ભવસાગરમેં દુઃખ છાર વારિ, તારનકો ઔર ન આપ ટારિ. ૭

યહ લખિ નિજ દુઃખગદહરણ કાજ, તુમહી નિમિત્તકારણ ઇલાજ;
જાને તાતૈં મૈં શરણ આય, ઉચરોં નિજ દુઃખ જો ચિર લહાય. ૮

મૈં ભ્રમ્યો અપનપો વિસરિ આપ, અપનાયે વિધિફલ પુણ્ય પાપ,
નિજકો પરકો કરતા પિછાન, પરમૈં અનિષ્ટતા ઇષ્ટ ઠાન. ૯

આકુલિત ભયો અજ્ઞાન ધારિ, જ્યોં મૃગ મૃગતૃષ્ણા જાનિ વારિ;
તન પરણતિમેં આપો ચિતાર, કબહુ ન અનુભયો સ્વપદ સાર. ૧૦



તુમકો બિન જાને જો કલેશ, પાયે સો તુમ જાનત જિનેશ;
પશુ નારક નર સુરગતિ મંઝાર, ભવ ધર ધર મર્યો અનંતબાર. ૧૧

અબ કાલલબ્ધિબલતૈં દયાલ, તુમ દર્શન પાય ભયો ખુશાલ;
મન શાંત ભયો મિટિ સકલ દ્વંદ્વ, ચાખ્યો સ્વાતમરસ દુઃખનિકંદ. ૧૨

તાતૈં અબ ઐસી કરહુ નાથ, બિછુરૈ ન કભી તુવ ચરણ સાથ;
તુમ ગુણગણકો નહિ છેવ દેવ, જગ તારનકો તુવ વિરદ એવ. ૧૩

આતમકે અહિત વિષય કષાય, ઇનમેં મેરી પરિણતિ ન જાય;
મૈં રહૂં આપમૈં આપ લીન, સો કરો હોઉં જ્યોં નિજાધીન. ૧૪

મેરે ન ચાહ કછુ ઔર ઈશ, રત્નત્રયનિધિ દીજે મુનીશ;
મુઝ કારજકે કારણ સુ આપ, શિવ કરહુ હરહુ મમ મોહતાપ. ૧૫

શશિ શાંતિકરન તપહરન હેતુ, સ્વયમેવ તથા તુમ કુશલ દેતુ;
પીવત પીયૂષ જ્યોં રોગ જાય, ત્યોં તુમ અનુભવતૈં ભવ નસાય. ૧૬

ત્રિભુવન તિહુંકાલ મંઝાર કોય; નહિં તુમ બિન નિજ સુખદાય હોય;
મો ઉર યહ નિશ્ચય ભયો આજ, દુઃખજલધિ ઉતારન તુમ જિહાજ. ૧૭

(દોહા)

તુમ ગુણગણમણિ ગણપતિ, ગણત ન પાવહિ પાર;
'દૌલ' સ્વલ્પમતિ કિમ કહૈ, નમૂં ત્રિયોગ સંભાર. ૧૮

## ૩૬. તુમ તરણ તારણ (સ્તુતિ)

(હરિગીત)

તુમ તરણ તારણ ભવનિવારણ ભવિકમન આનંદનો,
શ્રી નાભિનંદન જગતવંદન, આદિનાથ નિરંજનો.
હો પ્રભુ આદિનાથ. ૧

તુમ આદિનાથ અનાદિ સેવું સેય પદ પૂજા કરું;
કૈલાસગિરિ પર ઋષભ જિનવર, પદકમલ હિરદૈ ધરું.
હો પ્રભુ પદકમલ. ૨

તુમ અજિતનાથ અજિત જીતે, અષ્ટકર્મ મહાબલી,
ઇહ વિરદ સુનકર સરન આયો, કૃપા કીજ્યો નાથજી.
હો પ્રભુ કૃપા. ૩

તુમ ચંદ્રવદન સુચંદ લંછન ચંદ્રપુરી પરમેશ્વરો,
મહાસેન નંદન જગતવંદન, ચંદ્રનાથ જિનેશ્વરો.
હો પ્રભુ ચંદ્રનાથ. ૪

તુમ શાંતિ પાંચ કલ્યાણ પૂજો શુદ્ધ મન, વચ, કાય જૂ,
દુર્ભિક્ષ ચોરી પાપનાશન, વિઘન જાય પલાય જૂ.
હો પ્રભુ વિઘન. ૫

તુમ બાલબ્રહ્મ વિવેકસાગર ભવ્યકમલ વિકાસનો.
શ્રીનેમિનાથ પવિત્રદિનકર, પાપતિમિર વિનાશનો.
હો પ્રભુ પાપ તિમિર. ૬

જિન તજી રાજુલ રાજકન્યા કામસેના વશ કરી,
ચારિત્રરથ ચઢી હોય દૂલહા, જાય શિવરમણી વરી.
હો પ્રભુ જાય. ૭



કંદર્પ દર્પ સુસર્પ લંછન કમઠ સઠ નિર્મદ કિયો,
અશ્વસેનનંદન જગતવંદન, સકલસંઘ મંગલ કિયો.
હો પ્રભુ સકલ. ૮

જિન ધરી બાલકપણે દીક્ષા કમઠમાન વિદાર કૈ,
શ્રીપાર્શ્વનાથ જિનેન્દ્ર કે પદ, મૈં નમો શિરધાર કૈ.
હો પ્રભુ મૈં નમો. ૯

તુમ કર્મઘાતા મોક્ષદાતા દીન જાનિ દયા કરો,
સિદ્ધાર્થનંદન જગતવંદન, મહાવીર જિનેશ્વરો.
હો પ્રભુ મહાવીર. ૧૦

છત્ર તીન સોહૈં સુરનર મોહૈં, વિનતી અવધારિયે,
કર જોડી સેવક વીનવૈ પ્રભુ, આવાગમન નિવારિયે.
હો પ્રભુ આવાગમન. ૧૧

અબ હોઉં ભવભવ સ્વામી મેરે મૈં સદા સેવક રહૌં,
કર જોડી યો વરદાન માંગૂં, મોક્ષફલ જાવત લહૌં.
હો પ્રભુ મોક્ષફલ. ૧૨

જો એકમાંહી એક રાજત એકમાંહિ અનેકનો,
ઈક અનેકકી નહીં સંખ્યા, નમૂં સિદ્ધ નિરંજનો.
હો પ્રભુ નમૂં. ૧૩

## ૩૭. શ્રી શીતલજિન સ્તવન

(શ્રી યશોવિજયજી કૃત)

શ્રી શીતલજિન ભેટિયે, કરી ભક્તે ચોખું ચિત્ત હો;
તેહથી છાનું કહો કિશ્યું, જેહને સોંપ્યાં તન મન વિત્ત હો. શ્રી૦ ૧

દાયક નામે છે ઘણા, પણ તું સાયર તે કૂપ હો;
તે બહુ ખજવા તગતગે, તું દિનકર તેજસ્વરૂપ હો. શ્રી૦ ૨

મોટો જાણી આદર્યો, દારિદ્ર ભાંજો જગતાત હો;
તું કરુણાવંત શિરોમણિ, હું કરુણાપાત્ર વિખ્યાત હો. શ્રી૦ ૩

અંતરજામી સવિ લહો, અમ મનની જે છે વાત હો;
મા આગળ મોસાળના, શા વરણવવા અવદાત હો. શ્રી૦ ૪

જાણો તો તાણો કિશ્યું ? સેવા ફલ દીજે દેવ હો;
વાચક યશ કહે ઢીલની, એ ન ગમે મુજ મન ટેવ હો. શ્રી૦ ૫

## ૩૮. જ્ઞાની એનું નામ

જ્ઞાની એનું નામ, જેનો મોહ ગયો છે તમામ;
ભાઈ જ્ઞાની એનું નામ. (ટેક)

કંચનને તો કાદવ જાણે, રાજવૈભવ અસાર;
સ્નેહ મરણ સમાન છે જેને, મોટાઈ લીંપણગાર. ભાઈ૦ ૧

ચમત્કાર છે ઝેર સરીખા, રિદ્ધિ અશાતા સમાન;
જગમાંહી પૂજ્યતા પામવી, જાણે અનર્થની ખાણ. ભાઈ૦ ૨

ભોગવિલાસ છે જાળ સમાન, અરુ કાયાને જાણે રાખ;
ઘરવાસ જેને ભાલા જેવો, કુટુંબ-કાર્ય છે જાળ. ભાઈ૦ ૩



લોકો માંહી લાજ વધારવી, જેને મુખની લાળ;
કીર્તિ ઈચ્છા મેલ જેવી, પુણ્ય છે વિષ્ટા સમાન. ભાઈ૦ ૪

દેહ છતાં જેની દશા છે, વર્તે દેહાતીત;
બનારસી એવા જ્ઞાની ચરણે, કરે વંદન અગણિત. ભાઈ૦ ૫

## ૩૯. આપ સ્વભાવમેં રે અવધૂ

(યોગીરાજ શ્રી ચિદાનંદજી મહારાજ કૃત)

આપ સ્વભાવમેં રે, અવધૂ સદા મગન મેં રહના;
જગત જીવ હૈ કર્માધીના, અચરિજ કછુઅ ન લીના. આપ૦ ૧

તુમ નહીં કેરા, કોઈ નહીં તેરા, ક્યા કરે મેરા મેરા?
તેરા હૈ સો તેરી પાસે, અવર સબે અનેરા. આપ૦ ૨

વપુ વિનાશી તું અવિનાશી, અબ હૈ ઈનકો વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી. આપ૦ ૩

રાગને રીસા દોય ખવીસા, યે તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઈસા. આપ૦ ૪

પરકી આશા સદા નિરાશા, યે હૈ જગ જન ફાસા;
તે કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખ વાસા. આપ૦ ૫

કબહીક કાજી, કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્‌ગલકી બાજી. આપ૦ ૬

શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવનારી. આપ૦ ૭

## ૪૦. આત્મરમણ ધૂન

મૈં દર્શનજ્ઞાનસ્વરૂપી હૂં, મૈં સહજાનન્દસ્વરૂપી હૂં. (ટેક)

હું જ્ઞાનમાત્ર પરભાવશૂન્ય, હું સહજ જ્ઞાનઘન સ્વયં પૂર્ણ;
હૂં સત્ય સહજ આનંદધામ, મૈં સહજાનંદસ્વરૂપી હૂં. મૈં દર્શન૦ ૧

હું ખુદકા હી કર્તા ભોક્તા, પરમેં મેરા કુછ કામ નહીં;
પરકા ન પ્રવેશ ન કાર્ય યહાં, મૈં સહજાનંદસ્વરૂપી હૂં. મૈં દર્શન૦ ૨

આઊં ઊતરું રમ લૂં નિજમેં, નિજકી નિજમેં દુવિધા હી ક્યા;
નિજ અનુભવ રસસે સહજ તૃપ્ત, મૈં સહજાનન્દસ્વરૂપી હૂં. મૈં દર્શન૦ ૩

- ત્રણ મંત્રની માળા ................(જુઓ પૃષ્ઠ સંખ્યા ૮)
- ક્ષમાપના .......................(જુઓ પૃષ્ઠ સંખ્યા ૯)
- વીતરાગનો કહેલો ધર્મ ............(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૦)
- દુર્લભ એવો મનુષ્યદેહ ............(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૧)
- અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ .......(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)
- પ્રણિપાત સ્તુતિ (હે પરમકૃપાળુ દેવ)....(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)

## અંત મંગલ

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ. ૧

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો. ૨



# મંગળવાર : સાયંકાળ

## ૪૧. પરમપદપ્રાપ્તિની ભાવના

ૐ

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો ? અપૂર્વ૦ ૧

સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ૦ ૨

દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ૦ ૩

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરીષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ૦ ૪

સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ૦ ૫

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ પ્રતિબંધ વણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અપૂર્વ૦ ૬

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ૦ ૭

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ૦ ૮

નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ૦ ૯

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ૦ ૧૦

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતાં,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ૦ ૧૧



ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યાં પુદ્‍ગલ એક સ્વભાવ જો. અપૂર્વ૦ ૧૨

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો. અપૂર્વ૦ ૧૩

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ૦ ૧૪

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ૦ ૧૫

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે, મટિયે દૈહિક પાત્ર જો. અપૂર્વ૦ ૧૬

મન, વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્‍ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ૦ ૧૭

એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ, અમૂર્ત સહજપદરૂપ જો. અપૂર્વ૦ ૧૮

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ૦ ૧૯

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦ ૨૦

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ૦ ૨૧

(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૭૩૮)

## ૪૨. મૂળમાર્ગ રહસ્ય

મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ, મૂળ૦
નો'ય પૂજાદિની જો કામના રે, નો'ય વ્હાલું અંતર ભવદુઃખ. મૂળ૦ ૧

કરી જોજો વચનની તુલના રે, જોજો શોધીને જિનસિદ્ધાંત, મૂળ૦
માત્ર કહેવું પરમારથહેતુથી રે, કોઈ પામે મુમુક્ષુ વાત. મૂળ૦ ૨

જ્ઞાન,દર્શન, ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ, મૂળ૦
જિન મારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુધ. મૂળ૦ ૩



લિંગ અને ભેદો જે વ્રતના રે, દ્રવ્ય દેશ કાળાદિ ભેદ, મૂળ૦
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે, તે તો ત્રણે કાળે અભેદ. મૂળ૦ ૪

હવે જ્ઞાન દર્શનાદિ શબ્દનો રે, સંક્ષેપે સુણો પરમાર્થ, મૂળ૦
તેને જોતાં વિચારી વિશેષથી રે, સમજાશે ઉત્તમ આત્માર્થ. મૂળ૦ ૫

છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ, મૂળ૦
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦ ૬

જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત, મૂળ૦
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત. મૂળ૦ ૭

જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ, મૂળ૦
તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ. મૂળ૦ ૮

તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ, મૂળ૦
તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ. મૂળ૦ ૯

એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે, અને જવા અનાદિ બંધ, મૂળ૦
ઉપદેશ સદ્ગુરુનો પામવો રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ. મૂળ૦ ૧૦

એમ દેવ જિનંદે ભાખિયું રે, મોક્ષમારગનું શુદ્ધ સ્વરૂપ, મૂળ૦
ભવ્ય જનોના હિતને કારણે રે, સંક્ષેપે કહ્યું સ્વરૂપ. મૂળ૦ ૧૧

(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૭૧૫)

## ૪૩. રાત્રે રોજ વિચારો

રાત્રે રોજ વિચારો, આજ કમાયા શું અહીં રે;
શાંત પળે અવલોકો નિજ ઘરમાં ઊંડે જઈ રે. રાત્રે૦ ૧

કરવાનાં શાં કાર્યો કીધાં ? નહિ કરવાનાં કયા તજી દીધાં ?
લાભ ખોટમાં વધેલ બાજી છે કઈ રે ? રાત્રે૦ ૨

જે જે આજે નિશ્ચય કરિયા, અમલ વિષે કેવા તે ધરિયા ?
સુધરવાનું વિશેષ મારે ક્યાં જઈ રે ? રાત્રે૦ ૩

લેવાનું શું શું મેં લીધું ? ત્યજવાનું શું શું તજી દીધું ?
કઈ બાજુથી મારી ભૂલ હજી રહી રે ? રાત્રે૦ ૪

કરું કરું કરતાં નથી કંઈ કરતો, ધ્યાન પ્રભુનું હજી નથી ધરતો;
વાતો કરતાં શુભ વેળા જાયે વહી રે. રાત્રે૦ ૫

જન્મ ધર્યો છે જેને માટે, મન હજુ કર્યું ન તેને માટે;
'સંતશિષ્ય' શો જવાબ આપીશ ત્યાં જઈ રે. રાત્રે૦ ૬

## ૪૪. ભક્તિનાં છંદો

સહજાત્મસ્વરૂપ, ટાળો ભવકૂપ, અખિલ અનુપમ બહુનામી;
પ્રભુ નિષ્કામી, અંતરજામી, અવિચળધામી હે સ્વામી !

જય જય જિનેન્દ્ર, અખિલ અજેન્દ્ર, જય જિનચન્દ્ર હે દેવા;
હું શરણ તમારે, આવ્યો દ્વારે, ચઢજો વ્હારે કરું સેવા;
સુખશાંતિદાતા, પ્રભુ પ્રખ્યાતા, દિલના દાતા હે સ્વામી. સ૦ ૧

જય મંગલકારી, બહુ ઉપકારી, આશ તમારી દિલ ધરીએ;
અભય પદ ચહું છું, કરગરી કહું છું, શરણે રહું છું સ્તુતિ કરીએ;
આ લક્ષ ચોરાસી, ખાણજ ખાસી, જઉં છું ત્રાસી હે સ્વામી. સ૦ ૨



નવ જોશો કદાપિ, દોષો તથાપિ, કુમતિ કાપી હે ભ્રાતા;
મુક્તિપદ દાતા, પ્રમુખ મનાતા, સન્મતિ દાતા હે ત્રાતા;
કૃતિઓ નવ જોશો, અતિશય દોષો, સઘળા ખોશો હે સ્વામી. સ૦ ૩

હું પામર પ્રાણીનું દુઃખ જાણી, અંતર આણીને તારો;
ઘર ધંધા ઘાણી શિર લઈ તાણી, ભટક્યો ખાણી ભવ ખારો;
મને રસ્તે ચડાવો, કદી ન ડગાવો, ચિત્ત રખાવો દુઃખવામી. સ૦ ૪

ઉત્તમ ગતિ આપો, સદ્ધર્મ સ્થાપો, કિલ્વિષ કાપો હાથ ગ્રહી;
પ્રકાશે પ્રતાપો, અખિલ અમાપો, ભવદુઃખ કાપો નાથ સહી;
અવનીમાં તમારો સૌથી સારો જે શુભ ધારો સુખધામી. સ૦ ૫


- ક્ષમાપના ......................(જુઓ પૃષ્ઠ સંખ્યા ૯)
- વીતરાગનો કહેલો ધર્મ ...........(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૦)
- દુર્લભ એવો મનુષ્યદેહ ...........(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૧)
- પ્રણિપાત સ્તુતિ (હે પરમકૃપાળુ દેવ)....(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)


## અંત મંગલ

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજઝં ન કેણઈ. ૧

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો. ૨

# બુધવાર : પ્રાતઃકાળ

## ૪૫. પ્રભુ પ્રાર્થના

(દોહરા)

જળહળ જ્યોતિ સ્વરૂપ તું, કેવળ કૃપાનિધાન;
પ્રેમ પુનિત તુજ પ્રેરજે, ભયભંજન ભગવાન. ૧

નિત્ય નિરંજન નિત્ય છો, ગંજન ગંજ ગુમાન;
અભિવંદન અભિવંદના, ભયભંજન ભગવાન. ૨

ધર્મધરણ તારણતરણ, શરણ ચરણ સન્માન;
વિઘ્નહરણ પાવનકરણ, ભયભંજન ભગવાન. ૩

ભદ્રભરણ ભીતિહરણ, સુધાઝરણ શુભવાન;
ક્લેશહરણ ચિંતાચૂરણ, ભયભંજન ભગવાન. ૪

અવિનાશી અરિહંત તું, એક અખંડ અમાન;
અજર અમર અણજન્મ તું, ભયભંજન ભગવાન. ૫

આનંદી અપવર્ગી તું, અકળ ગતિ અનુમાન;
આશિષ અનુકૂળ આપજે, ભયભંજન ભગવાન. ૬

નિરાકાર નિર્લેપ છો, નિર્મળ નીતિનિધાન;
નિર્મોહક નારાયણા, ભયભંજન ભગવાન. ૭

સચરાચર સ્વયંભૂ પ્રભુ, સુખદ સોંપજે સાન;
સૃષ્ટિનાથ સર્વેશ્વરા, ભયભંજન ભગવાન. ૮

સંકટ શોક સકળ હરણ, નૌતમ જ્ઞાન નિદાન;
ઈચ્છા વિકળ અચળ કરો, ભયભંજન ભગવાન. ૯

આધિ, વ્યાધિ, ઉપાધિને, હરો તંત તોફાન;
કરુણાળુ કરુણા કરો, ભયભંજન ભગવાન. ૧૦



કિંકરની કંકર મતિ, ભૂલ ભયંકર ભાન;
શંકર તે સ્નેહે હરો, ભયભંજન ભગવાન. ૧૧

શક્તિ શિશુને આપશો, ભક્તિ મુક્તિનું દાન;
તુજ જુક્તિ જાહેર છે, ભયભંજન ભગવાન. ૧૨

નીતિ પ્રીતિ નમ્રતા, ભલી ભક્તિનું ભાન;
આર્ય પ્રજાને આપશો, ભયભંજન ભગવાન. ૧૩

દયા શાંતિ ઔદાર્યતા, ધર્મ મર્મ મનધ્યાન;
સંપ જંપ વણ કંપ દે, ભયભંજન ભગવાન. ૧૪

હર આળસ એદીપણું, હર અઘ ને અજ્ઞાન;
હર ભ્રમણા ભારત તણી, ભયભંજન ભગવાન. ૧૫

તન મન ધન ને અન્નનું, દે સુખ સુધાસમાન;
આ અવનીનું કર ભલું, ભયભંજન ભગવાન. ૧૬

વિનય વિનંતી રાયની, ધરો કૃપાથી ધ્યાન;
માન્ય કરો મહારાજ તે, ભયભંજન ભગવાન. ૧૭

(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૧)

## ૪૬. મુનિને પ્રણામ

(મનહર છંદ)

શાંતિકે સાગર અરુ, નીતિકે નાગર નેક,
દયાકે આગર જ્ઞાન, ધ્યાનકે નિધાન હો;
શુદ્ધ બુદ્ધિ બ્રહ્મચારી મુખબાની પૂર્ણ પ્યારી,
સબનકે હિતકારી ધર્મ કે ઉદ્યાન હો;

રાગ દ્વેષસે રહિત, પરમ પુનિત નિત્ય,
ગુનસે ખચિત ચિત્ત, સજ્જન સમાન હો;

રાયચંદ્ર ધૈર્યપાલ, ધર્મઢાલ ક્રોધકાલ,
મુનિ તુમ આગે મેરે, પ્રનામ અમાન હો.

(શાર્દૂલવિક્રીડિત)

માયા માન મનોજ મોહ મમતા, મિથ્યાત મોડી મુનિ,
ધોરી ધર્મ ધરેલ ધ્યાન ધરથી, ધારેલ ધૈર્યે ધૂની;
છે સંતોષ સુશીલ સૌમ્ય સમતા, ને શીયળે ચંડના,
નીતિ રાય દયા-ક્ષમાધર મુનિ, કોટિ કરું વંદના.
(શ્રીમદ્ રાજચંદ્ર)

## ૪૭. અનિત્યાદિ ભાવના

### અનિત્યભાવના

(ઉપજાતિ)

વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ !

### અશરણભાવના

(ઉપજાતિ)

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

### એકત્વભાવના

(ઉપજાતિ)

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય, તે કોઈ અન્યે લઈ ના શકાય;
એ ભોગવે એક સ્વ આત્મ પોતે, એકત્વ એથી નયસુજ્ઞ ગોતે.

(શાર્દૂલવિક્રીડિત)

રાણી સર્વ મળી સુચંદન ઘસી, ને ચર્ચવામાં હતી
બૂઝયો ત્યાં કકળાટ કંકણતણો, શ્રોતી નમિ ભૂપતિ;



સંવાદે પણ ઈન્દ્રથી દૃઢ રહ્યો, એકત્વ સાચું કર્યું,
એવા એ મિથિલેશનું ચરિત આ, સંપૂર્ણ અત્રે થયું.

### અન્યત્વભાવના

(શાર્દૂલવિક્રીડિત)

ના મારાં તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભૃત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના;
ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના,
રે ! રે ! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના.

દેખી આંગળી આપ એક અડવી, વૈરાગ્ય વેગે ગયા,
છાંડી રાજસમાજને ભરતજી, કૈવલ્યજ્ઞાની થયા;
ચોથું ચિત્ર પવિત્ર એ જ ચરિતે, પામ્યું અહીં પૂર્ણતા,
જ્ઞાનીનાં મન તેહ રંજન કરો, વૈરાગ્ય ભાવે યથા.

### અશુચિભાવના

(ગીતિવૃત્ત)

ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.

### નિવૃત્તિબોધ

(નારાચ છંદ)

અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા !
અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં, વિચિત્રતા !!
ઉઘાડ ન્યાય-નેત્ર ને નિહાળ રે ! નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.
(શ્રીમદ્ રાજચંદ્ર, ભાવનાબોધ)

## ૪૮. દોહરા

જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર. ૧

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય. ૨

મંત્ર તંત્ર ઔષધ નહીં, જેથી પાપ પલાય;
વીતરાગ વાણી વિના, અવર ન કોઈ ઉપાય. ૩

વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ. ૪

જન્મ, જરા ને મૃત્યુ, મુખ્ય દુઃખના હેતુ;
કારણ તેનાં બે કહ્યાં, રાગ દ્વેષ અણહેતુ. ૫

નથી ધર્યો દેહ વિષય વધારવા;
નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા. ૬

સુખકી સહેલી હૈ, અકેલી ઉદાસીનતા;
અધ્યાત્મની જનની, તે ઉદાસીનતા. ૭

શુદ્ધતા વિચારે ધ્યાવૈ, શુદ્ધતામેં કેલિ કરૈ;
શુદ્ધતામેં થિર વ્હૈ, અમૃતધારા બરસૈં. ૮

એનું સ્વપ્ને જો દર્શન પામે રે, તેનું મન ન ચઢે બીજે ભામે રે,
થાય સદ્‌ગુરુનો લેશ પ્રસંગ રે, તેને ન ગમે સંસારીનો સંગ રે;
હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે, મારું જીવ્યું સફળ તવ લેખું રે,
મુક્તાનંદનો નાથ વિહારી રે, સંતો જીવનદોરી અમારી રે. ૯

અનંત ચોવીશી જિન નમું, સિદ્ધ અનંતા ક્રોડ;
જે મુનિવર મુક્તે ગયા, વંદુ બે કર જોડ. ૧૦



## ૪૯. છ પદનો પત્ર

### અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યગ્‌દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

પ્રથમ પદ :- 'આત્મા છે.' જેમ ઘટપટઆદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટઆદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

બીજું પદ :- 'આત્મા નિત્ય છે.' ઘટપટઆદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે; કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમકે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિષે લય પણ હોય નહીં.

ત્રીજું પદ :- 'આત્મા કર્ત્તા છે.' સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે, માટે કર્ત્તા છે. તે કર્ત્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્ત્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્ત્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્ત્તા છે.

ચોથું પદ :- 'આત્મા ભોક્તા છે.' જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ; સાકર ખાવાથી સાકરનું ફળ; અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ; હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્ત્તા હોવાથી ભોક્તા છે.

પાંચમું પદ :- 'મોક્ષપદ છે.' જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્ત્તાપણું નિરૂપણ કર્યું, કર્ત્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણું પણ છે; કેમ કે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

છઠ્ઠું પદ :- તે 'મોક્ષનો ઉપાય છે.' જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય, તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે; જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે. માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે, પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે, તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના



આત્મામાં વિવેક થવા યોગ્ય છે. આ છ પદ અત્યંત સંદેહરહિત છે, એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે. અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યક્દર્શનને પ્રાપ્ત થાય; સમ્યક્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે, એમ સ્પષ્ટ-પ્રત્યક્ષ-અત્યંત પ્રત્યક્ષ-અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઈષ્ટ-અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે. જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે; આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વ સંગથી રહિત થયા છે, થાય છે; અને ભાવિકાળમાં પણ તેમ જ થશે.

જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો, તેનાં ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વકાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ, નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે; કેમ કે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છ્યા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્તા છે, માટે મારો છે, એમ કદી જોયું નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો !

જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો !

જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજ માત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો ! નમસ્કાર હો !!

(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૪૯૩)



## ૫૦. આત્મકીર્તન

હૂં સ્વતંત્ર નિશ્ચલ નિષ્કામ, જ્ઞાતા દ્રષ્ટા આતમરામ. (ટેક)

મૈં વહ હૂં જો હૈ ભગવાન, જો મૈં હૂં વહ હૈ ભગવાન;
અંતર યહી ઊપરી જાન, વે વિરાગ યહ રાગ વિતાન. ૧
મમ સ્વરૂપ હૈ સિદ્ધસમાન, અમિત-શક્તિ સુખ-જ્ઞાન નિધાન;
કિંતુ આશવશ ખોયા જ્ઞાન, બના ભિખારી નિપટ અજાન. ૨
સુખ દુઃખ દાતા કોઈ ન આન, મોહ રાગ રુષ દુઃખકી ખાન;
નિજકો નિજ પરકો પર જાન, ફિર દુઃખકા નહિ લેશ નિદાન. ૩
જિન શિવ ઈશ્વર બ્રહ્મા રામ, વિષ્ણુ બુદ્ધ હરિ જિસકે નામ;
રાગ ત્યાગી પહુંચૂં નિજધામ, આકુલતાકા ફિર ક્યા કામ. ૪
હોતા સ્વયં જગત પરિણામ, મૈં જગકા કરતા ક્યા કામ;
દૂર હટો પરકૃત પરિણામ, સહજાનંદ રહૂં અભિરામ. ૫


- ત્રણ મંત્રની માળા ................(જુઓ પૃષ્ઠ સંખ્યા ૮)
- ક્ષમાપના ........................(જુઓ પૃષ્ઠ સંખ્યા ૯)
- વીતરાગનો કહેલો ધર્મ ............(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૦)
- દુર્લભ એવો મનુષ્યદેહ ............(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૧)
- અહો ! અહો ! શ્રી સદ્ગુરુ .......(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)
- પ્રણિપાત સ્તુતિ (હે પરમકૃપાળુ દેવ)....(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)


## અંત મંગલ

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ. ૧

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો. ૨

# બુધવાર : સાયંકાળ

## ૫૧. શ્રી અમિતગતિ સામાયિક

(હરિગીત છંદ)

સૌ પ્રાણી આ સંસારનાં, સન્મિત્ર મુજ વ્હાલાં થજો,
સદ્‌ગુણમાં આનંદ માનું, મિત્ર કે વેરી હજો;
દુઃખીયા પ્રતિ કરુણા અને, દુશ્મન પ્રતિ મધ્યસ્થતા,
શુભ ભાવના પ્રભુ ચાર આ, પામો હૃદયમાં સ્થિરતા. ૧

અતિ જ્ઞાનવંત અનંત શક્તિ, દોષહીન આ આત્મ છે,
એ મ્યાનથી તરવાર પેઠે, શરીરથી વિભિન્ન છે;
હું શરીરથી જુદો ગણું, એ જ્ઞાનબળ મુજને મળો,
ને ભીષણ જે અજ્ઞાન મારું, નાથ! તે સત્વર ટળો. ૨

સુખદુઃખમાં અરિમિત્રમાં, સંયોગ કે વિયોગમાં,
રખડું વને વા રાજભુવને, રાચતો સુખભોગમાં;
મમ સર્વકાળે સર્વ જીવમાં, આત્મવત્ બુદ્ધિ બધી,
તું આપજે મુજ મોહ કાપી, આ દશા કરુણાનિધિ ! ૩

તુજ ચરણ કમળનો દીવડો, રૂડો હૃદયમાં રાખજો,
અજ્ઞાનમય અંધકારનો, આવાસ તુરત બાળજો;
તદ્‌રૂપ થઈ તે દીવડે, હું સ્થિર થઈ ચિત્ત બાંધતો,
તુજ ચરણયુગ્મની રજમહીં, હું પ્રેમથી નિત્ય ડૂબતો. ૪

પ્રમાદથી પ્રયાણ કરીને, વિચરતાં પ્રભુ ! અહીં તહીં,
એકેન્દ્રિયાદિ જીવને, હણતાં કદી ડરતો નહીં;
છેદી વિભેદી દુઃખ દઈ, મેં ત્રાસ આપ્યો તેમને,
કરજો ક્ષમા મુજ કર્મ હિંસક, નાથ ! વીનવું આપને. ૫



કષાયને પરવશ થઈ બહુ, વિષયસુખ મેં ભોગવ્યાં,
ચારિત્રનાં જે ભંગ વિભુ, મુક્તિ પ્રતિકૂળ થઈ ગયા;
કુબુદ્ધિથી અનિષ્ટ કિંચિત્, આચરણ મેં આદર્યું,
કરજો ક્ષમા સૌ પાપ તે, મુજ રંકનું જે જે થયું. ૬

મન વચન કાય કષાયથી, કીધાં પ્રભુ મેં પાપ બહુ,
સંસારનાં દુઃખબીજ સૌ, વાવ્યાં અરે હું શું કહું ?
તે પાપને આલોચના, નિંદા અને ધિક્કારથી,
હું ભસ્મ કરતો મંત્રથી, જેમ વિષ જાતું વાદીથી. ૭

મુજ બુદ્ધિના વિકારથી, કે સંયમના અભાવથી,
બહુ દુષ્ટ દુરાચાર મેં, સેવ્યા પ્રભુ કુબુદ્ધિથી;
કરવું હતું તે ના કર્યું, પ્રમાદ કેરા જોરથી,
સૌ દોષ મુક્તિ પામવા, માગું ક્ષમા હું હૃદયથી. ૮

મુજ મલિન મન જો થાય તો, તે દોષ અતિક્રમ જાણતો,
વળી સદાચારે ભંગ બનતાં, દોષ વ્યતિક્રમ માનતો;
તે અતિચારી સમજવો, જે વિષયસુખમાં મ્હાલતો,
અતિ વિષયસુખ આસક્તને, હું અનાચારી ધારતો. ૯

મુજ વચન વાણી ઉચ્ચારમાં, તલભાર વિનિમય થાય તો,
જો અર્થ માત્રા પદ મહીં, લવલેશ વધઘટ હોય તો;
યથાર્થ વાણી ભંગનો, દોષિત પ્રભુ હું આપનો,
આપી ક્ષમા મુજને બનાવો, પાત્ર કેવળ બોધનો. ૧૦

પ્રભુવાણી ! તું મંગલમયી, મુજ શારદા હું સમજતો,
વળી ઈષ્ટ વસ્તુ દાનમાં, ચિંતામણિ હું ધારતો;
સુબોધ ને પરિણામશુદ્ધિ, સંયમને વરસાવતી,
તું સ્વર્ગનાં દિવ્ય ગીત સુણાવી, મોક્ષલક્ષ્મી અર્પતી. ૧૧

સ્મરણ કરે યોગીજનો, જેનું ઘણા સન્માનથી,
વળી ઈન્દ્ર નર ને દેવ પણ, સ્તુતિ કરે જેની અતિ;
એ વેદ ને પુરાણ જેનાં, ગાય ગીતો હર્ષમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૨

જેનું સ્વરૂપ સમજાય છે, સદ્જ્ઞાન દર્શન યોગથી,
ભંડાર છે આનંદના જે, અચળ છે વિકારથી;
પરમાત્મની સંજ્ઞા થકી, ઓળખાય જે શુભ ધ્યાનમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૩

જે કઠિન કષ્ટો કાપતાં, ક્ષણવારમાં સંસારનાં,
નિહાળતા જે સૃષ્ટિને જેમ, બોરને નિજ હસ્તમાં;
યોગીજનોને ભાસતા, જે સમજતા સૌ વાતમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૪

જન્મ મરણનાં દુઃખને, નહિ જાણતા કદી જે પ્રભુ,
જે મોક્ષપથ દાતાર છે, ત્રિલોકને જોતા વિભુ;
કલંકહીન દિવ્યરૂપ જે, રહેતું નહિ પણ ચંદ્રમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૫

આ વિશ્વનાં સૌ પ્રાણી પર, શુદ્ધ પ્રેમ નિસ્પૃહ રાખતા,
નહિ રાગ કે નહિ દ્વેષ જેને, અસંગ ભાવે વર્તતા;
વિશુદ્ધ ઈન્દ્રિય શૂન્ય જેવા, જ્ઞાનમય છે રૂપમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૬

ત્રિલોકમાં વ્યાપી રહ્યા છે, સિદ્ધ ને વિબુદ્ધ જે,
નહિ કર્મ કેરા બંધ જેને, ધૂર્ત સમ ધૂતી શકે;
વિકાર સૌ સળગી જતા, મન મસ્ત થાતાં ધ્યાનમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૭



સ્પર્શ તલભાર તિમિર કેરો, થાય નહિ જયમ સૂર્યને,
ત્યમ દુષ્કલંકો કર્મનાં, અડકી શકે નહિ આપને;
જે એક ને બહુરૂપ થઈ, વ્યાપી બધે વિરાજતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૧૮

રવિ તેજ વિણ પ્રકાશ જે, ત્રણ ભુવનને અજવાળતો,
તે જ્ઞાનદીપ પ્રકાશ તારા, આત્મમાં શું દીપતો;
જે દેવ મંગળ બોધ મીઠા, મનુજને નિત્ય આપતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૧૯

જો થાય દર્શન સિદ્ધનાં, તો વિશ્વદર્શન થાય છે,
જયમ સૂર્યના દીવા થકી, સુસ્પષ્ટ સૌ દેખાય છે;
અનંત અનાદિ દેવ જે, અજ્ઞાન તિમિર ટાળતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૨૦

જેણે હણ્યા નિજ બળવડે, મન્મથ અને વળી માનને,
જેણે હણ્યા આ લોકના, ભય શોક ચિંતા મોહને;
વિષાદ ને નિદ્રા હણ્યાં, જયમ અગ્નિ વૃક્ષો બાળતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૨૧

હું માગતો નહિ કોઈ આસન, દર્ભ પથ્થર કાષ્ઠનું,
મુજ આત્મના નિર્વાણ કાજે, યોગ્ય આસન આત્મનું;
આ આત્મ જો વિશુદ્ધ ને, કષાય દુશ્મન વિણ જો,
અણમૂલ આસન થાય છે, ઝટ સાધવા સુસમાધિ તો. ૨૨

મેળા બધા મુજ સંઘના, નહિ લોકપૂજા કામની,
જગબાહ્યની નહિ એક વસ્તુ, કામની મુજ ધ્યાનની;
સંસારની સૌ વાસનાને, છોડ વ્હાલા વેગથી,
અધ્યાત્મમાં આનંદ લેવા, યોગબળ લે હોંશથી. ૨૩

આ જગતની કો વસ્તુમાં તો, સ્વાર્થ છે નહિ મુજ જરી,
વળી જગતની પણ વસ્તુઓનો, સ્વાર્થ મુજમાં છે નહીં;
આ તત્ત્વને સમજી ભલા, તું મોહ પરનો છોડજે,
શુભ મોક્ષનાં ફળ ચાખવા, નિજ આત્મમાં સ્થિર તું થજે. ૨૪

જે જ્ઞાનમય સહજ આત્મ, તે સ્વાત્મા થકી જોવાય છે,
શુભ યોગમાં સાધુ સકળને, આમ અનુભવ થાય છે;
નિજ આત્મમાં એકાગ્રતા, સ્થિરતા વળી નિજ આત્મમાં,
સંપૂર્ણ સુખને સાધવા તું, આત્મથી જો આત્મમાં. ૨૫

આ આત્મ મારો એક ને, શાશ્વત નિરંતર રૂપ છે,
વિશુદ્ધ નિજ સ્વભાવમાં, રમી રહ્યો છે નિત્ય તે;
વિશ્વની સહુ વસ્તુનો, નિજ કર્મ ઉદ્‌ભવ થાય છે,
નિજકર્મથી વળી વસ્તુનો, વિનાશ વિનિમય થાય છે. ૨૬

જો આત્મ જોડે એકતા, આવી નહીં આ દેહની,
તો એકતા શું આવશે, સ્ત્રી પુત્ર મિત્રો સાથની ?
જો થાય જુદી ચામડી, આ શરીરથી ઉતારતાં,
તો રોમ સુંદર દેહ પર, પામે પછી શું સ્થિરતા ? ૨૭

આ વિશ્વની કો વસ્તુમાં, જો સ્નેહબંધન થાય છે,
તો જન્મ મૃત્યુ ચક્રમાં, ચેતન વધુ ભટકાય છે;
મુજ મન, વચન ને કાયનો, સંયોગ પરનો છોડવો,
શુભ મોક્ષની અભિલાષનો, આ માર્ગ સાચો જાણવો. ૨૮

સંસારરૂપી સાગરે જે, અવનતિમાં લઈ જતી,
તે વાસનાની જાળ પ્યારા, તોડ સંયમ જોરથી;
વળી બાહ્યથી છે આત્મ જુદો, ભેદ મોટો જાણવો,
તલ્લીન થઈ ભગવાનમાં, ભવપંથ વિકટ કાપવો. ૨૯



કર્મો કર્યાં જે આપણે, ભૂતકાળમાં જન્મો લઈ,
તે કર્મનું ફળ ભોગવ્યા વિણ, માર્ગ એકે છે નહિ;
પરનું કરેલું કર્મ જો, પરિણામ આપે મુજને,
તો મુજ કરેલાં કર્મનો, સમજાય નહિ કંઈ અર્થને. ૩૦

સંસારના સૌ પ્રાણીઓ, ફળ ભોગવે નિજ કર્મનું,
નિજ કર્મના પરિપાકનો, ભોક્તા નહિ કો આપણું;
લઈ શકે છે અન્ય તેને, છોડ એ ભ્રમણા બૂરી,
પ્રભુ ધ્યાનમાં નિમગ્ન થા, તુજ આત્મનો આશ્રય કરી. ૩૧

શ્રી અમિતગતિ અગમ્ય પ્રભુજી, ગુણ અસીમ છે આપના,
આ દાસ તારો હૃદયથી, ગુણ ગાય તુજ સામર્થ્યનાં;
પ્રગટતા જો ગુણ બધા, મુજ આત્મમાં સદ્‌ભાવથી,
શુભ મોક્ષને વરવા પછી, પ્રભુ વાર ક્યાંથી લાગતી ? ૩૨

(દોહરા)

બત્રીસ ચરણનું આ બન્યું, મંગળ સુંદર કાવ્ય;
અનુભવતાં એક ધ્યાનથી, મોક્ષગતિ જીવ જાય.

## ૫૨. શાંતિજિન સ્તવન

(શ્રી ઉદયરત્નકૃત)

સુણો શાંતિ જિણંદ સોભાગી, હું તો થયો છું તુજ ગુણરાગી;
તુમે નીરાગી ભગવંત, જોતાં કેમ મલશે તંત. સુણો. ૧

હું તો ક્રોધ કષાયનો ભરિયો, તું તો ઉપશમ રસનો દરિયો;
હું તો અજ્ઞાને આવરિયો, તું તો કેવલ કમલા વરિયો. સુણો. ૨

હું તો વિષયારસનો આશી, તેં તો વિષયા કીધી નિરાશી;
હું તો કર્મને ભારે ભાર્યો, તેં તો પ્રભુ ભાર ઊતાર્યો. સુણો. ૩

હું તો મોહ તણે વશ પડિયો, તું તો સઘળા મોહને નડિયો;
હું તો ભવસમુદ્રમાં ખુંતો, તું તો શિવમંદિર પહોતો. સુણો. ૪

મારે જન્મ મરણનો જોરો, તેં તો તોડ્યો તેહનો દોરો;
મારો પાસો ન મેલે રાગ, તુમે પ્રભુજી થયા વીતરાગ. સુણો. ૫

મુને માયાએ મૂક્યો પાશી, તું તો નિરબંધન અવિનાશી;
હું તો સમકિતથી અધૂરો, તું તો સકલ પદારથે પૂરો. સુણો. ૬

મારે છો તું હી પ્રભુ એક, ત્હારે મુજ સરીખા અનેક;
હું તો મનથી ન મૂકું માન, તું તો માનરહિત ભગવાન. સુણો. ૭

મારું કીધું તે શું થાય, તું તો રંકને કરે રાય;
એક કરો મુજ મહેરબાની, મ્હારો મુજરો લેજો માની. સુણો. ૮

એકવાર જો નજરે નીરખો, તો કરો મુજને તુમ સરીખો;
જો સેવક તુમ સરીખો થાશે, તો ગુણ તમારા ગાશે. સુણો. ૯

ભવોભવ તુજ ચરણની સેવા, હું તો માંગું છું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી, એવી ઉદયરત્નની વાણી. સુણો.૧૦
(સામું જુઓને સેવક જાણી, એવી ભક્તજનોની વાણી.)

## ૫૩. પ્રભુનું નામ રસાયણ

પ્રભુનું નામ રસાયણ સેવે, પણ જો પથ્ય પળાય નહિ;
તો તેનું ફળ લેશ ન પામે, ભવ રોગો કદી જાય નહિ. ૧

પહેલું પથ્ય અસત્ય ન વદવું, નિંદા કોઈની થાય નહિ;
નિજ વખાણ કરવાં નહિ સુણવાં, વ્યસન કશુંય કરાય નહિ. ૨

જીવ સકલ આતમ સમ જાણી, દિલ કોઈનું દૂભવાય નહિ;
પરધન પથ્થર સમાન ગણીને, મન અભિલાષ ધરાય નહિ. ૩



દંભ દર્પ કે દુર્જનતાથી, અંતર અભડાવાય નહિ;
પરનારી માતા સમ લેખી, કદી કુદૃષ્ટિ કરાય નહિ. ૪

હું પ્રભુનો પ્રભુ છે મમ રક્ષક, એહ ભરોસો જાય નહિ;
જે પ્રભુ કરશે તે મમ હિતનું, એ નિશ્ચય બદલાય નહિ. ૫

શક્તિ છતાં પરમારથ સ્થળથી, પાછાં પગલાં ભરાય નહિ;
સ્વાર્થતણા પણ કામ વિષે, કદી અધર્મને અચરાય નહિ. ૬

કર્યું કરું છું ભજન આટલું, જ્યાં ત્યાં વાત કરાય નહિ;
હું મોટો મુજને સહુ પૂજે, એ અભિમાન ધરાય નહિ. ૭

નામતણા અતુલિત મહિમાને, વ્યર્થ વખાણ મનાય નહિ;
કપટ દગા છળ પ્રપંચ માયા, અંત સુધી અદરાય નહિ. ૮

જનસેવા તે પ્રભુની સેવા, એહ સમજ વીસરાય નહિ;
ઉંચ-નીચનો ભેદ પ્રભુના મારગડામાં થાય નહિ. ૯

નામ રસાયણ સેવે સમજી, કષ્ટ થકી કદી કા'ય નહિ;
એ પથ્યોનું પાલન કરતાં, મરતાં સુધી ડગાય નહિ. ૧૦

પથ્ય રસાયણ બન્ને સેવે, માયામાં લલચાય નહિ;
તો 'હરિદાસ' તણા સ્વામીને, મળતાં વાર જરાય નહિ. ૧૧

## ૫૪. આટલું તો આપજે ભગવન્

આટલું તો આપજે ભગવન્ ! મને છેલ્લી ઘડી;
ના રહે માયા તણાં બંધન મને છેલ્લી ઘડી. ૧

આ જિંદગી મોંઘી મળી, પણ જીવનમાં જાગ્યો નહીં;
અંત સમય મને રહે, સાચી સમજ છેલ્લી ઘડી. ૨

જ્યારે મરણશય્યા પરે, મીંચાય છેલ્લી આંખડી;
શુદ્ધ ભાવના પરિણામ હો, ત્યારે મને છેલ્લી ઘડી. ૩

હાથપગ નિર્બળ બને ને, શ્વાસ છેલ્લો સંચરે;
ઓ દયાળુ ! આપજે, દર્શન મને છેલ્લી ઘડી. ૪

હું જીવનભર સળગી રહ્યો, સંસારના સંતાપમાં;
તું આપજે શાંતિભરી, નિદ્રા મને છેલ્લી ઘડી. ૫

અગણિત અધર્મો મેં કર્યાં, તન-મન-વચન યોગે કરી;
હે ક્ષમાસાગર ! ક્ષમા, મને આપજે છેલ્લી ઘડી. ૬

અંત સમયે આવી મુજને, ના દમે ષટ્ દુશ્મનો;
જાગ્રતપણે મનમાં રહે, તારું સ્મરણ છેલ્લી ઘડી. ૭

## ૫૫. ખલક સબ રૈનકા સપના

(ગઝલ)

ખલક સબ રૈન કા સપના, સમઝ મન કોઈ નહીં અપના;
કઠણ હૈ લોભ કી ધારા, બહત સબ જાત સંસારા. ૧

ઘડા જો નીર કા ફૂટા, પત્તા જો ડારસે ટૂટા;
ઐસી નર જાન જિંદગાની, સમજ મન ચેત અભિમાની. ૨

ભૂલો મત દેખ તન ગોરા, જગતમેં જીવના થોરા;
તજો મદ લોભ ચતુરાઈ, રહો નિઃશંક જગમાંહી. ૩

કુટુંબ પરિવાર સુત દારા, ઉસી દિન હો ગયા ન્યારા;
નિકલ જબ પ્રાન જાવેગા, કોઈ નહીં કામ આવેગા. ૪

સદા મત જાનો યહ દેહા, લગાવો રામસે નેહા;
કટેગી જમકી તબ ફાંસી, કહે કબીર અવિનાશી. ૫



## ૫૬. હે પ્રભો આનંદદાતા

હે પ્રભો આનંદદાતા, જ્ઞાન હમકો દીજિયે;
શીઘ્ર સારે દુર્ગુણોંકો, દૂર હમસે કિજિયે;
લીજિયે હમકો શરણમેં, હમ સદાચારી બને;
બ્રહ્મચારી, ધર્મરક્ષક, વીર વ્રતધારી બને. હે પ્રભો૦

પ્રેમસે હમ ગુરુજનોંકી, નિત્ય હી સેવા કરેં;
સત્ય બોલેં, જૂઠ ત્યાગેં, મેલ આપસમેં કરેં;
નિંદા કિસીકી હમ કિસીસે, ભૂલ કર ભી ના કરેં;
દિવ્ય જીવન હો હમારા, તેરે યશ ગાયા કરેં. હે પ્રભો૦


- ક્ષમાપના ....................... (જુઓ પૃષ્ઠ સંખ્યા ૯)
- વીતરાગનો કહેલો ધર્મ ........... (જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૦)
- દુર્લભ એવો મનુષ્યદેહ ........... (જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૧)
- પ્રણિપાત સ્તુતિ (હે પરમકૃપાળુ દેવ) .... (જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)


## અંત મંગલ

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ. ૧

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો. ૨

# ગુરુવાર : પ્રાતઃકાળ

## ૫૭. શ્રી ભક્તામર સ્તોત્રનો આજ્ઞાપાઠ - વિનય પાઠ

આ અવસર્પિણી કાળમાં સ્થાયી, નિત્ય, શાશ્વત એવા પૂર્ણ સુખની સૌ પ્રથમ ખોજ કરનાર અને એ અક્ષય અને અવ્યાબાધ સુખની પ્રાપ્તિ હેતુ મોક્ષમાર્ગનો ઉદ્યોત કરનાર વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ એવા શ્રી ઋષભદેવ પ્રભુને અમો અત્યંત ભક્તિથી નમસ્કાર કરીએ છીએ.

હે નાથ ! આપના ગુણગ્રામ કરતાં અનંત કર્મોની ક્રોડો ખપે છે અને મુક્તિનો માર્ગ ખુલ્લો થાય છે. અનાદિના પરિભ્રમણમાં જન્મોજન્મના ઉપાર્જિત કરેલ પાપકર્મો આપની સ્તુતિ કરવાથી તત્કાળ નાશ પામે છે.

હે દેવાધિદેવ ! દ્વાદશાંગીના અદ્ભૂત રહસ્યોને જાણવાથી જેઓની બુદ્ધિ વિબુધ અર્થાત્ અતિશયવાળી બનેલ છે એવા સો સો ઈન્દ્રોની વાણી પણ આપના ગુણોનું વર્ણન કરવા સમર્થ નથી. એ અપેક્ષાએ હે નાથ ! સાવ મતિહીન, શક્તિહીન અને વાણીથી અધૂરાં એવા અમો આજે આપની સ્તુતિ કરવા પ્રવૃત્ત થયેલ છીએ, તેમાં હે જિનેશ્વર, આપના પ્રત્યેની અવિચળ શ્રદ્ધા, અતિશય ભક્તિ અને અનન્ય પ્રેમ જ એક માત્ર બળવાન કારણ છે.

આપની મંગળ સ્તુતિના સ્તોત્ર પાઠ (શ્રી ભક્તામર સ્તોત્ર) માટે અમો આપની આજ્ઞા તેમજ આદેશ માંગીએ છીએ, અને મન, વચન, કાયા આત્મભાવે અર્પણ કરીએ છીએ.

હે નાથ ! યથાયોગ્યતા વિનાની અમારી આ બાળચેષ્ટાને આપની અનુગ્રહપૂર્વકની અનુપમ કૃપાદૃષ્ટિથી નિભાવી લેશો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ



**૫૮.** (શ્રી માનતુંગ આચાર્ય વિરચીત)

## શ્રી ભક્તામર સ્તોત્ર

(ભાવાનુવાદ)

(મંદાક્રાંતા)

દીપાવે જે મુગટમણિના તેજને દેવતાના,
સંહારે જે અઘતિમિરને માનવોના સદાના;
જે છે ટેકારૂપ ભવમહીં ડૂબતા પ્રાણીઓને,
એવા આદિ જિનચરણને વંદીને રૂડી રીતે. ૧

જેની બુદ્ધિ અતિશય બની શાસ્ત્રનું તત્ત્વ જાણી,
તે ઈંદ્રોએ સ્તુતિ પ્રભુતણી રે કરી ભાવ આણી;
ત્રિલોકીના જનમન હરે સ્તોત્ર માંહે અધીશ,
તે શ્રી આદિ જિનવરતણી હું સ્તુતિને કરીશ. ૨

દેવો સર્વે મળી કરે, પૂજના આપ કેરી,
મૂકી લજ્જા મતિહીન છતાં, ભક્તિ મારી અનેરી;
જોઈ ઇચ્છે ગ્રહણ કરવા પાણીમાં ચંદ્રને જે,
નિશ્ચે એવી હઠ નહિ કરે બાળ વિના સહેજે. ૩

સદ્ગુણોથી ભરપૂર તમે, ચંદ્રવત્ શોભનારા,
દેવોના યે ગુરુ નવ શકે, ગુણ ગાઈ તમારા;
જે સિંધુમાં પ્રલય સમયે ઊછળે પ્રાણીઓ રે,
તેને ક્યારે પણ તરી શકે કોણ રે બાહુ જોરે ? ૪

એવો હું છું ગરીબજન તો યે પ્રભુભક્તિ કાજે,
શક્તિ જોકે મુજમહીં નથી ગુણ ગાઈશ આજે;
શક્તિ જોકે નિજમહીં નથી, તોય શું મૃગલીયે,
રક્ષા માટે શિશુ તણી નથી, સિંહ સામે જતી એ ? ૫

જો કે હું છું મતિહીન ખરે, લાગું છું પંડિતોને,
તોયે ભક્તિવશ થકી પ્રભુ ! હું સ્તવું છું તમોને;
કોકિલાઓ ટુહુટુહુ કરે ચૈત્રમાંહી જ કેમ ?
માનું આવે પ્રતિદિન અહા ! આમ્રનો મોર જેમ. ૬

જન્મોનાં જે બહુ બહુ કર્યાં પાપ તે દૂર થાય,
ભક્તો કેરી પ્રભુગુણમહીં ચિત્તવૃત્તિ ગૂંથાય;
વીંટાયું જે તિમિર સઘળું રાત્રિએ વિશ્વમાંય,
નાસે છે રે ! સૂરજ ઊગતાં સત્વરે તે સદાય. ૭

એવું માની સ્તવન કરવાનો થયો આજ ભાવ,
તેમાં માનું મનમહીં ખરે આપનો છે પ્રભાવ;
મોતી જેવું કમળ પરનું વારિબિંદુ જ જે છે,
એવી સ્તુતિ મનહર અહા ! સજ્જનોને ગમે છે. ૮

દૂરે રાખો સ્તવન કરવાં આપનાં એકધારાં,
પાપો નાસે જગજનતણાં નામ માત્રે તમારાં;
જો કે દૂરે રવિ રહી અને કિરણોને પ્રસારે,
તોયે ખીલે કમળદળ તે કિરણોથી વધારે. ૯

એમાં કાંઈ નથી નવીનતા નાથ ! દેવાધિદેવ !
ભક્તો સર્વે પદ પ્રભુતણું પામતા નિત્યમેવ;
લોકો સેવે કદી ધનિકને તો ધની જેમ થાય,
સેવા થાતાં પ્રભુપદ તણી આપ જેવા જ થાય. ૧૦

જોવા જેવા જગમહીં કદી હોય તો આપ એક,
બીજા સર્વે સકળ પ્રભુથી ઊતરે છે જ છેક;
પીધું હોયે ઊજળું દૂધ જો ચંદ્ર જેવું મજાનું,
ખારાં ખારાં ઉદધિજળને કો પીએ કેમ માનું ? ૧૧



જે જે ઊંચા અણુ જગતમાં ઠામ ઠામે પડ્યા છે,
તે તે સર્વે ગ્રહી ગ્રહી અહા ! આપમાંહી જડ્યા છે;
આ પૃથ્વીમાં પરમ અણુઓ તેટલા માત્ર દીસે,
તે હેતુથી પ્રભુ તુજ સમું રૂપ ના અન્ય કો છે. ૧૨

જેણે જીતી ત્રિભુવનતણી ઉપમા સર્વ રીતે,
દેવોના ને જગગણતણા ચિત્તને ખેંચતી તે;
થાતો ઝાંખો શશિ પણ પ્રભુ ! આપના મુખ પાસે,
મેલા જેવો દિનમહીં અને છેક પીળો જ દીસે. ૧૩

વ્યાપ્યા ગુણો ત્રિભુવનમહીં હે પ્રભુ ! શુભ્ર એવા,
શોભે સર્વે સકળ કળના પૂર્ણિમા ચંદ્ર જેવા;
તારા જેવા જિનવરતણા આશરે તે રહે છે,
સ્વેચ્છાથી તો અહીં-તહીં જતાં કોણ રોકી શકે છે ? ૧૪

ઈંદ્રાણીઓ ચલિત કરવા આદરે જે પ્રકારો,
તોયે થાતા કદી નહિ અહા ! આપને રે વિકારો;
ડોલે જો કે સકળ મહીધરો કલ્પના વાયરાથી,
ડોલે તોયે કદી નવ અહા ! મેરુ એ વાયરાથી. ૧૫

ક્યારે હોતાં કદી નથી અહા ! ધૂમ્ર કે વાટ જેમાં,
એકી સાથે ત્રિભુવન દીપે એ ખૂબી છે જ તેમાં;
ના ઓલાયે કદી પવનથી હો કદીયે નમેરો,
એવો કોઈ અજબ પ્રભુજી, દીવડો આપ કેરો. ૧૬

જેને રાહુ કદી નવ ગ્રસે અસ્ત થાતો નથી જે,
આપે સૌને પ્રભુરૂપ રવિ તેજ લોકો મહીં જે;
જેની કાંતિ કદી નવ હણે વાદળાંઓ સમીપે,
એવો કોઈ અભિનવ રવિ આપનો નાથ દીપે. ૧૭

શોભે રૂડું મુખ પ્રભુતણું મોહ જેનાથી થાકે,
જેને રાહુ પણ નવ ગ્રસે વાદળાંઓ ન ઢાંકે;
શોભે એવો મુખશશિ અહા ! હે પ્રભુ ! આપ કેરો,
જે દીપાવે જગત સઘળું, ચંદ્ર જાણે અનેરો. ૧૮

અંધારાને પ્રભુમુખરૂપી ચંદ્રમા જો નસાડે,
રાત્રે ચાંદો દિનમહીં રવિ માનવા તો જ આડે;
જે ક્યારામાં શુભ રીત વડે શાલિ પાકી અતિશે,
તેમાં ક્યારે પણ નવ અહા ! મેઘનું કામ દીસે. ૧૯

જેવું ઊંચું પ્રભુમહીં રહ્યું જ્ઞાન ગાંભીર્યવાળું,
બીજા દેવો મહીં નવ દીસે જ્ઞાન એવું રૂપાળું;
જેવી કાંતિ મણિમહીં અહા ! તેજના પુંજ માપી,
તેવી કાંતિ કદી નવ દીસે કાચની રે ! કદાપિ. ૨૦

જોયા દેવો પ્રભુજી સઘળા તે થયું ઠીક માનું,
જોયા તેથી તુજમહીં અહા ! ચિત્ત તો સ્થિર થાતું;
જોયા તેથી મુજ મનમહીં ભાવના એ ઠરે છે,
બીજો કોઈ તુજ વિણ નહીં ચિત્ત મારું હરે છે. ૨૧

સ્ત્રીઓ આજે જગતભરમાં સેંકડો જન્મ આપે,
તારા જેવા અનુપમ નહીં પુત્રને જન્મ આપે;
નક્ષત્રોને વિધવિધ દિશા ધારતી રે અનેક,
કિંતુ ધારે રવિ-કિરણને પૂર્વ દિશા જ એક. ૨૨

મોટા મોટા મુનિજન તને માનતા નાથ તો તે,
તેજસ્વી છો રવિસમ અને દૂર અજ્ઞાનથીયે;
સારી રીતે અમર બનતા આપને પામવાથી,
મુક્તિ માટે નવ કદી બીજો માનજો માર્ગ આથી. ૨૩



સંતો માને પ્રભુજી તમને આદિ ને અવ્યયી તો,
બ્રહ્મા જેવા અનવધિ પ્રભુ ! કામકેતુ સમા છો;
યોગીઓના પણ પ્રભુ ! બહુ એકરૂપે રહ્યા છો,
જ્ઞાનીરૂપે વળી વિમળતા પૂર્ણ તત્ત્વે ભર્યા છો. ૨૪

દેવે પૂજ્યા વિમળ મતિથી, છો ખરા બુદ્ધ આપ,
ત્રિલોકીને સુખ દીધું તમે, તો મહાદેવ આપ;
મુક્તિ કેરી વિધિ કરી તમે, છો વિધાતા જ આપ,
ખુલ્લું છે એ પ્રભુજી ! સઘળા ગુણથી કૃષ્ણ આપ. ૨૫

થાઓ મારાં નમન તમને દુઃખને કાપનારા,
થાઓ મારાં નમન તમને ભૂમિ શોભાવનારા;
થાઓ મારાં નમન તમને આપ દેવાધિદેવા,
થાઓ મારાં નમન તમને સંસૃતિ કાળ જેવા. ૨૬

સર્વે ઊંચા ગુણ પ્રભુ અહો ! આપમાંહી સમાયા,
તેમાં કાંઈ નથી નવીનતા ધારીને છત્રછાયા;
દોષો સર્વે અહીં-તહીં ફરે, દૂર ને દૂર જાય,
જોયા દોષો કદી નવ પ્રભુ ! આપને સ્વપ્નમાંય. ૨૭

ઊંચા એવા તરુવર અશોકે પ્રભુ અંગ શોભે,
જાણે આજે રવિરૂપ ખરું દીપતું છેક મોભે;
અંધારાને દૂર કરી રહ્યું સૂર્યનું બિંબ હોય,
નિશ્ચે પાસે ફરી ફરી વળ્યાં વાદળાં રૂપ તોય. ૨૮

રત્નો કેરાં કિરણ સમૂહે ચિત્ર-વિચિત્ર છાજે,
એવા સિંહાસન પર પ્રભુ ! આપનો દેહ રાજે;
વિસ્તારે છે રૂપ ગગનની મધ્યમાં જેમ ભાનુ,
ઊંચા ઊંચા ઉદયગિરિના શિખરે તેમ માનું. ૨૯

શોભે રૂડું શરીર પ્રભુજી, સ્વર્ણ જેવું મજાનું,
વીંઝે જેને વિબુધ જનતા, ચામરો એમ માનું;
દીસે છે જે વિમળ ઝરણું, ચંદ્ર જેવું જ હોય,
મેરુ કેરા શિખર સરખું, સ્વર્ણરૂપે ન હોય ? ૩૦

શોભે છત્રો પ્રભુ ઉપર તો ઊજળા ચંદ્ર જેવા,
થંભાવે તે રવિ-કિરણનાં તેજને દેવદેવા;
મોતીઓથી મનહર દીસે છત્રશોભા અનેરી,
દેખાડે છે ત્રણ ભુવનની સ્વામિતા આપ કેરી. ૩૧

પૂર્યા ભાગો સકળ દિશના ઉચ્ચ ગંભીર શબ્દે,
આ આદર્શો ત્રિજગ જનને સૌખ્યસંપત્તિ આપે;
કીધા જેણે બહુ જ વિજયો રાજ સદ્ધર્મના ત્યાં,
એ દુંદુભિ યશનભમહીં ઘોષણાથી જ ગાજે. ૩૨

મંદારાદિ સુરતરુતણા પુષ્પ સુપારિજાત,
વૃષ્ટિ તેની પ્રભુ પર થતાં, દિવ્ય ધારા થતી જે;
એ ધારામાં શીતળ જળનો વાયુ સુગંધી આપે,
જાણે લાગે જિનવચનની રમ્ય માળા પડે છે. ૩૩

કાંતિ તારી અતિ સુખ ભરી, તેજવાળી વિશેષે,
ઝાંખા પાડે ત્રણ જગતના દ્રવ્યનાં તેજને યે;
જો કે ભાસે રવિસમૂહની ઉગ્રતાથી ય ઉગ્ર,
તોયે લાગે શીતળ બહુ એ, ચંદ્રની ઠંડીથી ય. ૩૪

પદ્વીદાતા કુશળ અતિશે, મોક્ષ ને સ્વર્ગ બંને,
સાચો ધર્મી ત્રિજગભરમાં, શુદ્ધ તત્ત્વે પ્રવીણ;
એવો તારો વિશદ ધ્વનિ ભાવાર્થ ગૂઢે ભરેલો,
ભાષા ગુણે સકળ પરિણામે સ્વભાવે રહેલો. ૩૫



સોના જેવાં નવીન કમળો રૂપ શોભા ધરી છે,
એવી જેના નખસમૂહની કાંતિ શોભી રહી છે;
જ્યાં જ્યાં વિશ્વે પ્રભુજી ! પગલાં આપ કેરાં ઠરે છે,
ત્યાં ત્યાં દેવો કમળદળની સ્થાપનાને કરે છે. ૩૬

દીસે એવી પ્રભુજી વિભૂતિ આપ કેરા ખજાને,
દેતાં જ્યારે જગતભરમાં ધર્મની દેશનાને;
જેવી કાંતિ તિમિર હરતી સૂર્ય કેરી દીસે છે,
તેવી ક્યાંથી ગ્રહગણતણી કાંતિ વાસો વસે છે ? ૩૭

જે કોપ્યો છે ભ્રમરગણના ગુંજવાથી અતિશે,
જેનું માથું મદઝરણથી છેક ભીનું જ દીસે;
એવો ગાંડો ગજપતિ કદી આવતો હોય સામે,
તોયે કાંઈ ભય નવ રહે, હે પ્રભુ ! આપ નામે. ૩૮

જે હાથીનાં શિરમહીં રહ્યાં રક્તથી યુક્ત છે ને,
મોતીઓથી વિભૂષિત કર્યા ભૂમિના ભાગ જેણે;
એવો સામે મૃગપતિ કદી આવતો જો રહે છે,
નાવે પાસે શરણ પ્રભુજી ! આપનું જે ગ્રહે છે. ૩૯

કલ્પો કેરા સમય પરના વાયરાથી અતિશે,
ઉડે જેમાં વિવિધ તણખા અગ્નિકેરા ય મિષે;
એવો અગ્નિ સમીપ કદીએ આવતો હોય પોતે,
તારા નામ-સ્મરણ-જળથી, થાય છે શાંત તો તે. ૪૦

કાળો કાળો અતિશય બની, લાલ આંખો કરેલી,
ક્રોધે પૂરો બહુવિધ વળી, ઊછળે ફેણ જેની;
એવો મોટો મણિધર કદી આવતો હોય સામે,
નિશ્ચે થંભે તુરત અહિ તે, હે પ્રભુ ! આપ નામે. ૪૧

અશ્વો કૂદે ગજગણ કરે ભીમનાદો અતિશે,
એવી સેના સમરભૂમિમાં રાજતી જીતમિષે;
ભેદાયે તે તુરત પ્રભુજી ! આપના કીર્તનોથી,
જાણે નાસે તિમિર સઘળાં, સૂર્યનાં કિરણોથી. ૪૨

ભોંકાતા જ્યાં કરિ શરીરમાં લોહીધારા વહે છે,
તેમાં મ્હાલી અહીં-તહીં અહા ! સૈનિકો તો રહે છે;
એ સંગ્રામે નવ રહી કદી જીત કેરી નિશાની,
લીધું જેણે શરણ તુજ તો હાર હોયે જ શાની ? ૪૩

જ્યાં-ત્યાં કૂદાકૂદ કરી રહ્યા નક્રચક્રો ફરે છે,
જેમાં મોજાં અહીં-તહીં બહુ જોરથી ઊછળે છે;
એવા અબ્ધિમહીં કદી અહા ! યાત્રિકો જો ફસાય,
સંભારે જો પ્રભુજી ! તમને, ભીતિ તો દૂર થાય. ૪૪

અંગો જેનાં અતિશય વળ્યાં, પેટના વ્યાધિઓથી,
જેણે છોડી જીવન જીવવા, સર્વથા આશ તેથી;
એવા પ્રાણી શરણ પ્રભુજી ! આપનું જો ધરે છે,
તેઓ નિશ્ચે જગતભરમાં, દેવરૂપે ફરે છે. ૪૫

જે કેદીના પગમહીં અરે ! બેડીઓ તો પડી છે,
માથાથી તે જકડી લઈને જાંઘ સુધી જડી છે;
એવા કેદી મનુજ પ્રભુજી ! આપને જો સ્મરે છે,
સર્વે બંધો ઝટપટ છૂટી, છૂટથી તે ફરે છે. ૪૬

ગાંડા હાથી, સિંહ, દવ અને સર્પ યુદ્ધે થયેલી,
અબ્ધિ કેરી ઉદર-દરદે બંધને કે બનેલી;
એવી ભીતિ ઝટપટ બહુ તેમની તો હરે છે,
જેઓ તારું સ્તવન પ્રભુજી પ્રેમથી રે કરે છે. ૪૭



જેણે ગૂંથી ગુણગણરૂપે વર્ણફૂલે રમૂજી,
એવી માળા વિવિધ વિધિએ આપની હે પ્રભુજી !
તેને જેઓ નિશદિન અહા ! કંઠમાંહે ધરે છે,
તેઓ લક્ષ્મી સુખથી જગમાં માનતુંગી વરે છે. ૪૮

## ૫૯. શાંતિદાયક ધૂન

સહજાનંદી, શુદ્ધ સ્વરૂપી, અવિનાશી હું આત્મસ્વરૂપ.
દેહ વિનાશી, હું અવિનાશી, આનંદઘન હું આતમા.
દેહ મરે છે, હું નથી મરતો, અજર અમર પદ માહરું.


- ત્રણ મંત્રની માળા ............... (જુઓ પૃષ્ઠ સંખ્યા ૮)
- ક્ષમાપના ..................... (જુઓ પૃષ્ઠ સંખ્યા ૯)
- વીતરાગનો કહેલો ધર્મ ........... (જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૦)
- દુર્લભ એવો મનુષ્યદેહ ........... (જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૧)
- અહો ! અહો ! શ્રી સદ્ગુરુ ....... (જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)
- પ્રણિપાત સ્તુતિ (હે પરમકૃપાળુ દેવ) .... (જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)


## અંત મંગલ

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ. ૧

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો. ૨

# ગુરુવાર : સાયંકાળ

## ૬૦. શ્રી ગુરુમાહાત્મ્ય

શ્રી પરમાત્મને નમઃ
શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

ભારતીય સંસ્કૃતિમાં સદ્‌ગુરુનું માહાત્મ્ય કેટલું છે તે ભારતની ધર્મપ્રિય જનતાને જણાવવાની જરૂર નથી. બધા જ ધર્મના મહાપુરુષોએ સદ્‌ગુરુની આવશ્યકતા એક અવાજે સ્વીકારી છે. પોતે પણ તે ગુરુપદને સેવીને પોતાનું કલ્યાણ કર્યું છે અને તેવા આત્મનિષ્ઠ ગુરુની આજ્ઞાને સમજવાનો, શ્રદ્ધવાનો અને જીવનમાં ઉતારવાનો પુરુષાર્થ કરી તેવો જ બોધ આપ્યો છે.

જેવી રીતે બગીચાને માળીની જરૂર છે, જેવી રીતે ખેતરને રખેવાળની જરૂર છે, જેવી રીતે બાળકને મા-બાપની જરૂર છે, તેવી જ બલ્કે, તેથી અનેકગણી જરૂરત મુમુક્ષુને સદ્‌ગુરુની છે. ખરેખર વિચારીએ તો મુમુક્ષુતા ઉત્પન્ન થવામાં અર્થાત્ પરમાર્થ માર્ગ પ્રત્યે પ્રેમ પ્રગટ થવામાં પણ મનુષ્યને ઘણુંખરું કોઈ સત્પુરુષનો સમાગમ જ નિમિત્તભૂત બને છે. આમ મુમુક્ષુતા ઉત્પન્ન થવામાં, તેનું સંરક્ષણ થવામાં અને તે વર્ધમાન થવામાં શ્રીગુરુનો સમાગમ પરમ ઉપકારી છે.

મોક્ષમાર્ગમાં આ પ્રકારે જેમનો અપરંપાર ઉપકાર છે તેવા શ્રીગુરુનું માહાત્મ્ય દર્શાવનારાં અનેક સુંદર શ્લોકો, ગાથાઓ, પદો વગેરે સમસ્ત ભારતીય વાઙ્‌મયમાં દૃષ્ટિગોચર થાય છે. આવા સમુદ્ર સમાન વિશાળ અને વિશદ પદ્યમય સત્સાહિત્યમાંથી પારાયણને યોગ્ય માત્ર થોડા જ સુંદર ભાવવાહી અને ઉપયોગી છતાં સરળ અને અસરકારક પદોનું સંકલન કરીને તેને 'શ્રીગુરુ માહાત્મ્ય' એ નામથી અત્રે પ્રગટ કરીએ છીએ.



જે મહાન આચાર્યો, યોગીશ્વરો, સંતો અને મહાત્માઓએ ગુરુભક્તિનાં આ પદોની રચના કરી છે અને જેમની કૃતિઓનું અહીં સંકલન કર્યું છે તે સૌને પરોક્ષ પ્રણામ કરી તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

ૐ શાંતિઃ

### સર્વમાન્ય ગુરુભક્તિ

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ૧

અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્,
તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ ૨

અજ્ઞાનતિમિરાન્ધાનાં જ્ઞાનાંજનશલાક્યા,
ચક્ષુઃ ઉન્મીલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ ૩

ધ્યાનમૂલં ગુરુમૂર્તિઃ પૂજામૂલં ગુરુપદમ્,
મંત્રમૂલં ગુરુવાક્યં મોક્ષમૂલં ગુરુકૃપા. ૪

પમાડવા અવિનાશી પદ સદ્‌ગુરુ વિણ કોઈ સમર્થ નથી,
ભવનો લવ જો અંત ચહો તો સેવો સદ્‌ગુરુ તનમનથી. ૫

### શ્રી ગુરુમાહાત્મ્ય

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય. ૧

શુદ્ધાચરણ સહિત જે, પાત્રસ્નેહી ઉપકારી;
ધર્મકર્મમાં દૃઢ ગુરુ, ભવછેદકે નિર્માની. ૨

પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમજ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૩

ક્ષણ ક્ષણ જે અસ્થિરતા, અને વિભાવિક મોહ;
તે જેનામાંથી ગયા, તે અનુભવી ગુરુ જોય. ૪

તનકર, મનકર, વચનકર, દેત ન કાહુ દુઃખ;
કર્મરોગ પાતિક ઝરે, નિરખત સદ્ગુરુ મુખ. ૫

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય. ૬

યહ તન વિષકી વેલડી, ગુરુ અમૃતકી ખાન;
શીશ દિયે જો ગુરુ મિલે, તો ભી સસ્તા જાન. ૭

ગુરુ ગોવિંદ દોનોં ખડે, કિસકો લાગું પાય;
બલિહારી ગુરુદેવકી, જિન ગોવિંદ દિયો બતાય. ૮

પ્રથમ આત્મસિદ્ધિ થવા, કરીએ જ્ઞાન વિચાર;
અનુભવી ગુરુને સેવીએ, બુધજનનો નિર્ધાર. ૯

સેવે સદ્ગુરુચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૧૦

બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;
સેવે સદ્ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્. ૧૧

જપ, તપ ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનૂપ. ૧૨

પાયાકી એ બાત હૈ, નિજ છંદન કો છોડ;
પિછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ. ૧૩

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત. ૧૪

માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૫



આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. ૧૬

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરિએ કોણ ઉપાય ? ૧૭

ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર;
જે ગુરુવાણી વેગળા, રડવડિયા સંસાર. ૧૮

ભુવન જન-હિતકર સદા, કૃપાળુ કૃપાનિધાન,
પાવન કરતા પતિતને, સ્થિર ગુણનું દઈ દાન. ૧૯

સદ્ગુરુ પદમેં સમાત હૈ, અર્હંતાદિ પદ સર્વ;
તાતૈં સદ્ગુરુ ચરણકૂં, ઉપાસો તજી ગર્વ. ૨૦

ગુરુકો ધ્યાન જે કો ધરે, બોલે ગુરુમુખ વાણ;
પ્રીતમ સંત સમાજમેં, સકલ શિરોમણિ જાણ. ૨૧

ગુરુ બિન જ્ઞાન ન ઉપજે, ગુરુ બિન મિટે ન ભેદ;
ગુરુ બિન સંશય ના મિટે, જય જય જય ગુરુદેવ. ૨૨

આત્મા ઔર પરમાત્મા, અલગ રહે બહુકાલ;
સુંદર મેલા કર દિયા, સદ્ગુરુ મિલા દલાલ. ૨૩

તીરથ નાહે એક ફલ, સંત મિલે ફલ ચાર;
સદ્ગુરુ મિલે અનેક ફલ, કહત કબીર વિચાર. ૨૪

સંતનકી સેવા કિયા, પ્રભુ રીઝત હૈ આપ;
જાકા બાલ ખિલાઈયે, તાકા રીઝત બાપ. ૨૫

ભવભ્રમણ સંસાર દુઃખ, તાકા વાર ન પાર;
નિર્લોભી સદ્ગુરુ બિના, કવણ ઉતારે પાર. ૨૬

જ્ઞાન ગરીબી, ગુરુવચન, નરમ વચન નિર્દોષ;
ઈનકું કભી ન છાંડિયે, શ્રદ્ધા, શીલ, સંતોષ. ૨૭

પુરા સદ્‌ગુરુ સેવતાં, અંતર પ્રગટે આપ;
મનસા-વાચા-કર્મણા, મિટે જનમકે તાપ. ૨૮

બલિહારી ગુરુ આપકી, પલપલમેં કઈ બાર;
પશુ મેટ હરિજન કિયે, કછૂ ન લાગી બાર. ૨૯

સમદૃષ્ટિ સદ્‌ગુરુ કિયા, મેટા ભરમ વિકાર;
જહં દેખો તહં એક હી, સાહિબકા દીદાર. ૩૦

વિષયોંકી આશા નહીં જિનકે, સામ્યભાવ ધન રખતે હૈં;
નિજપરકે હિત સાધનમેં જો, નિશદિન તત્પર રહતે હૈં. ૩૧

સ્વાર્થત્યાગકી કઠિન તપસ્યા, બિના ખેદ જો કરતે હૈં;
ઐસે જ્ઞાની સાધુ જગતકે, દુઃખસમૂહકો હરતે હૈં. ૩૨

આગમ વિષે કૌશલ્ય છે ને મોહદૃષ્ટિ વિનષ્ટ છે;
વીતરાગ ચરિતારૂઢ છે તે મુનિ મહાત્મા ધર્મ છે. ૩૩

દયાળુતા દાક્ષિણ્ય વિનય ને પરોપકારીપણું જ્યાં છે;
હિત-મિત પ્રિય ભાષણ આ સર્વે લક્ષણ શ્રી સદ્‌ગુરુનાં છે. ૩૪

જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહીં સ્થાપ;
પ્રભુ ભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન. ૩૫

તનસેં, મનસેં, ધનસેં, સબસેં, ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો. ૩૬

ઈશ સમ જાન ગુરુદેવા, લગા તનમન કરો સેવા;
બ્રહ્માનંદ મોક્ષપદ મેવા, મિલે ભવ બંધ કટ જાઈ;
અગર હૈ જ્ઞાનકો પાના, તો ગુરુકી જા શરણ ભાઈ (૨). ૩૭

## નિશ્ચય ગુરુનું સ્વરૂપ

અંતરજામી ગુરુ આતમા, સબ ઘટ કરે પ્રકાશ;
કહે પ્રીતમ ચર-અચરમાં, ગુરુ નિરંતર વાસ. ૩૮



જીવ જ પોતાને કરે, જન્મ તથા નિર્વાણ;
તેથી નિજગુરુ નિશ્ચયે, જીવ જ અન્ય ન જાણ. ૩૯

કબીર હદકા ગુરુ મિલે, બેહદકા ગુરુ નાહિ;
બેહદ આપે ઊપજે, અનુભવકે ઘર માંહિ. ૪૦

## અંતમંગળ

આનન્દમાનન્દકરં પ્રસન્નં જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્;
યોગીન્દ્રમીડ્યં ભવરોગવૈદ્યં શ્રીમદ્ ગુરું નિત્યમહં નમામિ. ૪૧

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. ૪૨

## ૬૧. તે ગુરુ મેરે મન બસો

તે ગુરુ મેરે મન બસો, જે ભવજલધિ જિહાજ;
આપ તિરહિ પર તારહીં, ઐસે શ્રી ઋષિરાજ. તે ગુરુ૦ ૧

મોહ મહારિપુ જાનકૈં, છાંડ્યો સબ ઘરબાર;
હોય દિગમ્બર વન બસે, આતમ શુદ્ધ વિચાર. તે ગુરુ૦ ૨

રોગ-ઉરગ-વિલ વપુ ગિણ્યો, ભોગ ભુજંગ સમાન;
કદલીતરુ સંસાર હૈ, ત્યાગ્યો સબ યહ જાન. તે ગુરુ૦ ૩

રત્નત્રયનિધિ ઉર ધરૈં, અરુ નિર્ગ્રંથ ત્રિકાલ;
માર્યો કામ ખવીસકો, સ્વામી પરમ દયાલ. તે ગુરુ૦ ૪

પંચમહાવ્રત આદરૈં, પાંચોં સમિતિ સમેત;
તીન ગુપતિ પાલૈં સદા, અજર અમર પદ હેત. તે ગુરુ૦ ૫

ધર્મ ધરૈં દશલક્ષની, ભાવૈં ભાવન બાર;
સહૈં પરીષહ બીસદ્વૈ, ચારિત-રતનભંડાર. તે ગુરુ૦ ૬

જેઠ તપૈ રવિ આકરો, સૂખૈ સરવર નીર;
શૈલ-શિખર મુનિ તપ તપૈં, દાઝૈં નગન શરીર. તે ગુરુ૦ ૭

પાવસ રૈન ડરાવની, વરસૈ જલધર ધાર;
તરુતલ નિવસૈં તબ યતી, બાજૈ ઝંઝા વ્યાર. તે ગુરુ૦ ૮

શીત પડૈ કપિ મદ ગલૈ, દાહૈ સબ વનરાય;
તાલ તરંગનિકે તટૈં, ઠાડે ધ્યાન લગાય. તે ગુરુ૦ ૯

ઇહિ વિધિ દૂર્દ્ધરતપ તપૈં, તીનોં કાલ મંઝાર;
લાગે સહજ સ્વરૂપમૈં, તનસોં મમત નિવાર. તે ગુરુ૦ ૧૦

પૂરવ ભોગ ન ચિંતવૈં, આગમ બાંછૈં નાહિ;
ચહુંગતિકે દુખસોં ડરૈં, સુરતિ લગી શિવમાંહિ. તે ગુરુ૦ ૧૧

રંગમહલમેં પૌઢતે, કોમલ સેજ બિછાય;
તે પચ્છિમ નિશિ ભૂમિમૈં, સોવેં સંવરિ કાય. તે ગુરુ૦ ૧૨

ગજ ચઢિ ચલતે ગરવસોં, સેના સજિ ચતુરંગ;
નિરખિ નિરખિ પગ વે ધરૈં, પાલૈં કરુણા અંગ. તે ગુરુ૦ ૧૩

વે ગુરુ ચરણ જહાં ધરૈં, જગમૈં તીરથ તેહ;
સો રજ મમ મસ્તક ચઢો, 'ભૂધર' માંગે એહ. તે ગુરુ૦ ૧૪

## ૬૨. ક્રોધની સજ્ઝાય

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસ તણો રસ જાણીએ, હલાહલ તોલે. કડવાં૦ ૧

ક્રોધે ક્રોડ પૂરવતણું, સંજમ ફલ જાય;
ક્રોધ સહિત જે તપ કરે, તે તો લેખે ન થાય. કડવાં૦ ૨

સાધુ ઘણો તપિયો હતો, ધરતો મન વૈરાગ;
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશિયો નાગ. કડવાં૦ ૩



આગ ઊઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે;
જલનો જોગ જો નવિ મળે, તો પાસેનું પરજાળે. કડવાં૦ ૪

ક્રોધ તણી ગતિ એહવી, કહે કેવળનાણી;
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી. કડવાં૦ ૫

ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગલે સાહી;
કાયા કરજો નિર્મલી, ઉપશમ રસ નાહી. કડવાં૦ ૬

## ૬૩. માનની સજ્ઝાય

રે જીવ માન ન કીજિયે, માને વિનય ન આવે રે;
વિનય વિના વિદ્યા નહીં, તો કિમ સમકિત પાવે રે. રે જીવ૦ ૧

સમકિત વિણ ચારિત્ર નહીં, ચારિત્ર વિણ નહીં મુક્તિ રે;
મુક્તિનાં સુખ છે શાશ્વતાં, તે કેમ લહિયે જુક્તિ રે. રે જીવ૦ ૨

વિનય વડો સંસારમાં, ગુણમાં અધિકારી રે;
માને ગુણ જાયે ગળી, પ્રાણી જો જો વિચારી રે. રે જીવ૦ ૩

માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યો રે;
દુર્યોધન ગર્વે કરી, અંતે સવિ હાર્યો રે. રે જીવ૦ ૪

સૂકાં લાકડાં સારીખો, દુઃખદાયી એ ખોટો રે;
ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો રે. રે જીવ૦ ૫

## ૬૪. માયાની સજ્ઝાય

સમકિતનું મૂલ જાણિએજી, સત્ય વચન સાક્ષાત્;
સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત રે,
પ્રાણી, મ કરીશ માયા લગાર. ૧

મુખ મીઠો જૂઠો મનેજી, કૂડકપટનો રે કોટ;
જીભે તો જીજી કરેજી, ચિત્તમાંહે તાકે ચોટ રે. પ્રાણી૦ ૨

આપ ગરજે આઘો પડેજી, પણ ન ધરે વિશ્વાસ;
મનશું રાખે આંતરોજી, એ માયાનો પાસ રે. પ્રાણી૦ ૩

જેહશું બાંધે પ્રીતડીજી, તેહશું રહે પ્રતિકૂલ;
મેલ ન છંડે મન તણોજી, એ માયાનું મૂલ રે. પ્રાણી૦ ૪

તપ કીધું માયા કરીજી, મિત્રશું રાખ્યો ભેદ;
મલ્લિ જિનેશ્વર જાણજોજી, તો પામ્યા સ્ત્રી વેદ રે. પ્રાણી૦ ૫

ઉદયરત્ન કહે સાંભળોજી, મેલો માયાની બુદ્ધ;
મુક્તિપુરી જાવા તણોજી, એ મારગ છે શુદ્ધ રે. પ્રાણી૦ ૬

## ૬૫. લોભની સજ્ઝાય

તુમે લક્ષણ જોજો લોભનાં રે,
લોભે મુનિજન પામે ક્ષોભના રે;
લોભે ડાહ્યા મન ડોલ્યા કરે રે,
લોભે દુર્ઘટ પંથે સંચરે રે. તુમે૦ ૧

તજે લોભ તેનાં લેઉં ભામણાં રે,
વળી પાયે નમીને કરું ખામણાં રે;
લોભે મર્યાદા ન રહે કેહની રે,
તુમે સંગત મેલો તેહની રે. તુમે૦ ૨

લોભે ઘર મેલી રણમાં મરે રે.
લોભે ઊંચ તે નીચું આચરે રે;
લોભે પાપ ભણી પગલાં ભરે રે,
લોભે અકાર્ય કરતાં ન ઓસરે રે. તુમે૦ ૩

લોભે મનડું ન રહે નિર્મળું રે,
લોભે સગપણ નાસે વેગળું રે;



લોભે ન રહે પ્રીતિ ને પાવહું રે,
લોભે ધન મેલે બહુ એકઠું રે. તુમે૦ ૪

લોભે પુત્ર પ્રત્યે પિતા હણે રે,
લોભે હત્યા પાતક નવિ ગણે રે;
તે તો દામતણે લોભ કરી રે,
ઉપર મણિધર થાયે તે મરી રે. તુમે૦ ૫

જોતાં લોભનો થોભ દીસે નહિ રે,
એવું સૂત્ર સિદ્ધાંતે કહ્યું સહી રે;
લોભે ચક્રી સુભૂમ નામે જુઓ રે,
તે તો સમુદ્ર માંહે ડૂબી મૂઓ રે. તુમે૦ ૬

એમ જાણીને લોભને છંડજો રે,
એક ધર્મશું મમતા મંડજો રે;
કવિ ઉદયરત્ન ભાખે મુદા રે,
વંદું લોભ તજે તેહને સદા રે. તુમે૦ ૭


- ક્ષમાપના ........................(જુઓ પૃષ્ઠ સંખ્યા ૯)
- વીતરાગનો કહેલો ધર્મ ............(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૦)
- દુર્લભ એવો મનુષ્યદેહ ............(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૧)
- પ્રણિપાત સ્તુતિ (હે પરમકૃપાળુ દેવ)....(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)


## અંત મંગલ

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ. ૧

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો. ૨

# શુક્રવાર : પ્રાતઃકાળ

## ૬૬. બિના નયન પાવે નહીં

બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;
સેવે સદ્‌ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્. ૧

બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝનકી રીત;
પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત. ૨

એહી નહિ હૈ કલ્પના, એહી નહીં વિભંગ;
કઈ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ. ૩

નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;
સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ. ૪

જપ, તપ ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનૂપ. ૫

પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પિછે લાગ સત્પુરુષ કે, તો સબ બંધન તોડ. ૬

(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૨૫૮)

## ૬૭. શ્રી ધર્મનાથ સ્વામી સ્તવન

(શ્રી આનંદઘનજી કૃત)

ધર્મ જિનેસર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત જિનેસર;
બીજો મનમંદિર આણું નહીં, એ અમ કુલવટ રીત. જિ૦ ધર્મ૦ ૧

ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ; જિ૦
ધરમ જિનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ. જિ૦ ધર્મ૦ ૨

પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન; જિ૦
હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન. જિ૦ ધર્મ૦ ૩



દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ; જિ૦
પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી, ગુરુગમ લેજો રે જોડ. જિ૦ ધર્મ૦ ૪

એક પખી કેમ પ્રીતિ [1]વરે પડે, ઉભય મિલ્યા હુએ સંધિ; જિ૦
હું રાગી હું મોહે ફંદિયો, તું નીરાગી નિરબંધ. જિ૦ ધર્મ૦ ૫

પરમનિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય ; જિ૦
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો અંધ પલાય. જિ૦ ધર્મ૦ ૬

નિર્મલ ગુણમણિ રોહણ ભૂધરા, મુનિજન માનસ હંસ; જિ૦
ધન્ય તે નગરી ધન્ય વેલા ઘડી, માતપિતા કુળ વંશ. જિ૦ ધર્મ૦ ૭

મન મધુકર વર કર જોડી કહે, પદકજ નિકટ નિવાસ; જિ૦
ઘનનામી આનંદઘન સાંભળો, એ સેવક અરદાસ. જિ૦ ધર્મ૦ ૮

## ૬૮. તારાં દર્શન માત્રથી દેવ

તારાં દર્શન માત્રથી દેવ, ભ્રમણા ભાગી રે;
મેં તો લોક લાજની કુટેવ, સરવે ત્યાગી રે. ૧

સહજાત્મનું નીરખી સ્વરૂપ, ઠરે છે નેણાં રે;
રૂડાં લાગે છે રસકૂપ, વહાલા તારાં વેણાં રે. ૨

મેં તો પ્રીતિ કરી પ્રભુ સાથ, બીજેથી તોડી રે;
હવે શ્રી સદ્‌ગુરુ સંગાથ, બની છે જોડી રે. ૩

મેં તો પરિહર્યા પટ આઠ, નથી કાંઈ છાનો રે;
મેં તો મેલ્યો સર્વ ઉચાટ, માનો કે ન માનો રે. ૪

મેં તો હૃદય રડાવી લોક, રાખ્યાં હતાં રાજી રે;
હવે એમ ન બનશે ફોક, બદલી ગઈ બાજી રે. ૫

---
૧. નભે

તોડો દાસની આશનો પાશ, પૂરો આશા રે;
મને તો તમારા સુખરાશ, છે દૃઢ વિશ્વાસા રે. ૬

જોઈ હૃદયનેત્ર વનક્ષેત્ર, પધારો પ્રીતે રે;
તારા રત્નત્રયની સાથ, રહો રસ રીતે રે. ૭

## ૬૯. અલખ નિરંજન આતમજ્યોતિ

અલખ નિરંજન આતમજ્યોતિ, સંતો તેનું ધ્યાન ધરો;
આ રે કાયા ઘર આતમ હીરો, ભૂલી ગયા ભવમાંહી ફરો. અલખ૰ ૧

ધ્યાન ધારણા આતમ પદની, કરતાં ભ્રમણા મિટ જાવે;
આત્મતત્ત્વની શ્રદ્ધા હોવે તો, અનહદ આનંદ ઉર આવે. અલખ૰ ૨

વિષયારસ વિષ સરખો લાગે, ચેન પડે નહીં સંસારે;
જીવન મરણ પણ સરખું લાગે, આતમ પદ ચિન્હે ત્યારે. અલખ૰ ૩

હલકો નહીં ભારે એ આતમ, કેવળજ્ઞાન તણો દરિયો;
બુદ્ધિસાગર પામંતા તે, ભવસાગર ક્ષણમાં તરિયો. અલખ૰ ૪

## ૭૦. અધ્યાત્મ ગાથાઓ

સૌ પ્રાણી આ સંસારનાં સન્મિત્ર મુજ વ્હાલાં થજો,
સદ્‌ગુણમાં આનંદ માનું મિત્ર કે વેરી હજો;
દુઃખિયા પ્રતિ કરુણા અને દુશ્મન પ્રતિ મધ્યસ્થતા,
શુભ ભાવના પ્રભુ ચાર આ પામો હૃદયમાં સ્થિરતા. ૧

ઘનઘાતિ કર્મ વિહીન ને ચોત્રીસ અતિશય યુક્ત છે;
કૈવલ્યજ્ઞાનાદિક પરમગુણ યુક્ત શ્રી અર્હંત છે. ૨

છે અષ્ટ કર્મ વિનષ્ટ અષ્ટ મહાગુણે સંયુક્ત છે;
શાશ્વત, પરમ ને લોકઅગ્ર-વિરાજમાન શ્રી સિદ્ધ છે. ૩



પરિપૂર્ણ પંચાચારમાં વળી ધીર ગુણ ગંભીર છે;
પંચેન્દ્રિ ગજના દર્પદલને દક્ષ શ્રી આચાર્ય છે. ૪

રત્નત્રયે સંયુક્ત ને નિઃકાંક્ષ ભાવથી યુક્ત છે;
જિનવર કથિત અર્થોપદેશે શૂર શ્રી ઉવઝાય છે. ૫

નિર્ગ્રંથ છે નિર્મોહ છે વ્યાપારથી પ્રવિમુક્ત છે;
ચઉવિધ આરાધન વિષે નિત્યાનુરક્ત શ્રી સાધુ છે. ૬

આત્મા અને આસ્રવતણો જ્યાં ભેદ જીવ જાણે નહિ;
ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૭

જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે;
સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૮

જીવ બંધ બન્ને નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે;
પ્રજ્ઞા છીણી થકી છેદતાં બન્ને જુદા પડી જાય છે. ૯

જીવ બંધ જ્યાં છેદાય એ રીત નિયત નિજ નિજ લક્ષણે;
ત્યાં છોડવો એ બંધને જીવ ગ્રહણ કરવો શુદ્ધને. ૧૦

એ જીવ કેમ ગ્રહાય ? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે;
પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. ૧૧

પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે દેખનારો તે જ હું;
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર જાણવું. ૧૨

જે જાણતો અર્હંતને ગુણ દ્રવ્ય ને પર્યયપણે;
તે જીવ જાણે આત્મને તસુ મોહ પામે લય ખરે. ૧૩

હું દેહ નહીં, વાણી ન, મન નહીં, તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૧૪

હું બાળ-વૃદ્ધ-યુવાન નહીં હું તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૧૫

હું ક્રોધ નહીં, નહીં માન તેમજ લોભ-માયા છું નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૧૬

હું પર તણો નહીં, પર ન મારા જ્ઞાન કેવળ એક હું;
જે એમ ધ્યાવે ધ્યાનકાળે, જીવ તે ધ્યાતા બને. ૧૭

સૌ ભૂતમાં સમતા મને કો' સાથ વેર મને નહીં;
આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની. ૧૮

મારો સુશાશ્વત એક દર્શન જ્ઞાન લક્ષણ જીવ છે;
બાકી બધાં સંયોગ લક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૯

હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે ! ૨૦

છું એક, શુદ્ધ, મમત્ત્વહીન હું જ્ઞાન દર્શન પૂર્ણ છું;
એમાં રહી સ્થિત, લીન એમાં શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૨૧

અર્હંત સૌ કર્મો તણો કરી નાશ એ જ વિધિ વડે;
ઉપદેશ પણ એમ જ કરી નિર્વૃત્ત થયા નમું તેમને. ૨૨

ચૈતન્ય જ્યોતિ તે સમે ભાસે અનુપમ ત્યાં અહો;
તે એક સર્વોત્કૃષ્ટ જગમાં સર્વદા જયવંત હો. ૨૩

શ્રમણો, જિનો, તીર્થંકરો, આ રીત સેવી માર્ગને;
સિદ્ધિ વર્યા નમું તેમને નિર્વાણના તે માર્ગને. ૨૪

તું સ્થાપ નિજને મોક્ષપંથે ધ્યા અનુભવ તેહને;
તેમાં જ નિત્ય વિહાર કર નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૨૫

સુખધામ અનંત સુસંત ચહિ, દિન રાત્ર રહે તદ્દ્ધ્યાન મહીં;
પર શાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે. ૨૬



## ૭૧. શાંતિદાયક ધૂન

હું છું આતમા, (સમ) પરમાતમા,
હું તો આનંદનું આનંદનું આનંદનું ધામ... હું છું. ૧

દેહ મારો નહિ, હું પણ દેહનો નહિ,
અશરીરી આનંદઘન આતમા... હું છું. ૨

મારો જન્મ નહિ, મારું મૃત્યુ નહિ;
અજન્મી શાશ્વત સુખી આતમા... હું છું. ૩

કોણ કહે હું શરીરવર્તી, ના...ના...ના,
અવિનાશી, શિવસુખવાસી, શુદ્ધ આતમા... હું છું. ૪


- ત્રણ મંત્રની માળા ................(જુઓ પૃષ્ઠ સંખ્યા ૮)
- ક્ષમાપના ........................(જુઓ પૃષ્ઠ સંખ્યા ૯)
- વીતરાગનો કહેલો ધર્મ ............(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૦)
- દુર્લભ એવો મનુષ્યદેહ ............(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૧)
- અહો ! અહો ! શ્રી સદ્દ્ગુરુ .......(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)
- પ્રણિપાત સ્તુતિ (હે પરમકૃપાળુ દેવ)....(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)


## અંત મંગલ

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ. ૧

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો. ૨

# શુક્રવાર : સાયંકાળ

(શ્રી પૂજ્યપાદસ્વામી વિરચિત)

## ૭૨. શ્રી સમાધિશતક (સમાધિતંત્ર) (ભાવાનુવાદ)

**શ્રી પૂજ્યપાદ આચાર્યની સ્તુતિ**

પૂજ્યપાદના પાદપદ્મમાં, પૂજ્યભાવથી પુનિત વંદના.

પંચમકાળની પાંચમી સદી, દેવનંદી નામ વિભૂતિ અવતરી,
અધ્યાત્મબોધની ભક્તિયોગની, સિદ્ધાંતતત્ત્વની સુરસરી વહી.

દેવપૂજ્ય આ પાદપદ્મમાં, ત્રિયોગ શુદ્ધિથી ત્રિકાળ વંદના.
આપની દશા સામ્યભાવના, હું જાણતો નથી સ્વરૂપ સાધના,

ભક્તિવશ થઈ કરી ગુણાર્ચના, બાળબુદ્ધિની સ્વીકારો પ્રાર્થના;
સમાધિતંત્ર આ ગ્રંથને નમી, નિજાત્મશુદ્ધિ હિત કરું આરાધના.

નમું સિદ્ધ પરમાત્મને, અક્ષય બોધસ્વરૂપ;
જેણે આત્મા આત્મરૂપ, પર જાણ્યું પરરૂપ. ૧

બોલ્યા વિણ પણ ભારતી, ઋદ્ધિ જ્યાં જયવંત,
ઇચ્છા વિણ પણ જેહ છે, તીર્થંકર ભગવંત;
વંદું તે સકલાત્મને, શ્રી તીર્થેશ જિનેશ,
સુગત તથા જે વિષ્ણુ છે, બ્રહ્મા તેમ મહેશ. ૨

આગમથી ને લિંગથી, આત્મશક્તિ અનુરૂપ,
હૃદયતણા ઐકાગ્રથી, સમ્યક્ વેદી સ્વરૂપ;
મુક્તિસુખ-અભિલાષીને, કહીશ આતમરૂપ,
પરથી, કર્મકલંકથી, જેહ વિવિક્ત સ્વરૂપ. ૩

આત્મ ત્રિધા સૌ દેહીમાં, બાહ્યાંતર-પરમાત્મ;
મધ્યોપાયે પરમને, ગ્રહો, તજો બહિરાત્મ. ૪

આત્મભ્રાન્તિ દેહાદિમાં, કરે તેહ 'બહિરાત્મ';
'આન્તર' વિભ્રમરહિત છે, અતિનિર્મળ 'પરમાત્મ'. ૫



નિર્મળ, કેવળ, શુદ્ધ, જિન, પ્રભુ, વિવિક્ત, પરાત્મ;
ઈશ્વર, પરમેષ્ઠી અને, અવ્યય તે પરમાત્મ. ૬

ઇન્દ્રિય દ્વારા વિષયમાં, બહાર ભમે બહિરાત્મ;
આતમજ્ઞાનવિમુખ તે, માને દેહ નિજાત્મ. ૭

નરદેહે સ્થિત આત્મને, નર માને છે મૂઢ;
પશુદેહે સ્થિતને પશુ, સુરદેહે સ્થિત સુર. ૮

નરક-તને નારક ગણે, પરમાર્થે નથી એમ;
અનંત ધી-શક્તિમયી, અચળરૂપ, નિજવેદ્ય. ૯

નિજ શરીર સમ દેખીને, પરજીવયુક્ત શરીર;
માને તેને આતમા, બહિરાતમ મૂઢ જીવ. ૧૦

વિભ્રમ પુત્ર-રમાદિગત, આત્મ-અજ્ઞાને થાય;
દેહોમાં છે જેહને, આતમ-અધ્યવસાય. ૧૧

આ ભ્રમથી અજ્ઞાનમય, દૃઢ જામે સંસ્કાર;
અન્ય ભવે પણ દેહને, આત્મા ગણે ગમાર. ૧૨

દેહબુદ્ધિ જન આત્મને, કરે દેહસંયુક્ત;
આત્મબુદ્ધિ જન આત્મને, તનથી કરે વિમુક્ત. ૧૩

દેહે આતમબુદ્ધિથી, સુત-દારા કલ્પાય;
તે સૌ નિજ સંપત ગણી, હા ! આ જગત હણાય. ૧૪

ભવદુઃખોનું મૂળ છે, દેહાતમધી જેહ;
છોડી, રુદ્ધેન્દ્રિય બની, અંતરમાંહી પ્રવેશ. ૧૫

અનાદિચ્યુત નિજરૂપથી, રહ્યો હું વિષયાસક્ત;
ઇન્દ્રિયવિષયો અનુસરી, જાણ્યું નહિ 'હું' તત્ત્વ. ૧૬

બહિર્વચનને છોડીને, અંતર્વચ સૌ છોડ;
સંક્ષેપે પરમાત્મનો, દ્યોતક છે આ યોગ. ૧૭

રૂપ મને દેખાય જે, સમજે નહિ કંઈ વાત;
સમજે તે દેખાય નહિ, બોલું કોની સાથ ? ૧૮

બીજા ઉપદેશે મને, હું ઉપદેશું અન્ય;
એ સૌ મુજ ઉન્મત્તતા, હું તો છું અવિકલ્પ. ૧૯

ગ્રહે નહીં અગ્રાહ્યને, છોડે નહીં ગ્રહેલ;
જાણે સૌને સર્વથા, તે હું છું નિજવેદ્ય. ૨૦

સ્થાણુ વિષે નર ભ્રાંતિથી, થાય વિચેષ્ટા જેમ;
આત્મભ્રમે દેહાદિમાં, વર્તન હતું મુજ તેમ. ૨૧

સ્થાણુ વિષે વિભ્રમ જતાં, થાય સુચેષ્ટા જેમ;
ભ્રાન્તિ જતાં દેહાદિમાં, થયું પ્રવર્તન તેમ. ૨૨

જે રૂપે હું અનુભવું, નિજ નિજથી નિજમાંહી;
તે હું, નર-સ્ત્રી-ઈતર નહિ, એક-બહુ-દ્વિક નાહિ. ૨૩

નહિ પામ્યે નિદ્રિત હતો, પામ્યે નિદ્રામુક્ત;
તે નિજવેદ્ય, અતીન્દ્રિ ને અવાચ્ય છે મુજ રૂપ. ૨૪

જ્ઞાનાત્મક મુજ આત્મ જ્યાં, પરમાર્થે વેદાય;
ત્યાં રાગાદિ વિનાશથી, નહિ અરિ-મિત્ર જણાય. ૨૫

દેખે નહિ મુજને જનો, તો નહિ મુજ અરિ-મિત્ર;
દેખે જો મુજને જનો, તો નહિ મુજ અરિ-મિત્ર. ૨૬

એમ તજી બહિરાત્મને, થઈ મધ્યાત્મસ્વરૂપ;
સૌ સંકલ્પવિમુક્ત થઈ, ભાવો પરમસ્વરૂપ. ૨૭

તે ભાવ્યે 'સોહમ્' તણા, જામે છે સંસ્કાર;
તદ્ગત દૃઢ સંસ્કારથી, આત્મનિમગ્ન થવાય. ૨૮

મૂઢ જહીં વિશ્વસ્ત છે, તત્સમ નહિ ભયસ્થાન;
જેથી ડરે તેના સમું, કોઈ ન નિર્ભય ધામ. ૨૯

ઈન્દ્રિય સર્વ નિરોધીને, મન કરીને સ્થિરરૂપ;
ક્ષણભર જોતાં જે દીસે, તે પરમાત્મસ્વરૂપ. ૩૦



જે પરમાત્મા તે જ હું, જે હું તે પરમાત્મ;
હું જ સેવ્ય મારા વડે, અન્ય સેવ્ય નહિ જાણ. ૩૧

વિષયમુક્ત થઈ મુજ થકી, જ્ઞાનાત્મક મુજસ્થિત;
મુજને હું અવલંબુ છું, પરમાનંદરચિત. ૩૨

એમ ન જાણે દેહથી, ભિન્ન જીવ અવિનાશ;
તે તપતાં તપ ઘોર પણ, પામે નહિ શિવવાસ. ૩૩

આતમ-દેહવિભાગથી, ઊપજ્યો જ્યાં આહ્લાદ;
તપથી દુષ્કૃત ઘોરને, વેદે પણ નહિ તાપ. ૩૪

રાગાદિક-કલ્લોલથી, મન-જળ લોલ ન થાય;
તે દેખે ચિદ્તત્વને, અન્ય જને ન જણાય. ૩૫

અવિક્ષિપ્ત મન તત્ત્વ નિજ, ભ્રમ છે મન વિક્ષિપ્ત;
અવિક્ષિપ્ત મનને ધરો, ધરો ન મન વિક્ષિપ્ત. ૩૬

અજ્ઞાનજ સંસ્કારથી, મન વિક્ષેપિત થાય;
જ્ઞાનજ સંસ્કારે સ્વતઃ તત્ત્વ વિષે સ્થિર થાય. ૩૭

અપમાનાદિક તેહને, જસ મનને વિક્ષેપ;
અપમાનાદિ ન તેહને, જસ મન નહિ વિક્ષેપ. ૩૮

યોગીજનને મોહથી, રાગદ્વેષ જો થાય;
સ્વસ્થ નિજાત્મા ભાવવો, ક્ષણભરમાં શમી જાય. ૩૯

તનમાં મુનિને પ્રેમ જો, ત્યાંથી કરી વિયુક્ત;
શ્રેષ્ઠ તને જીવ જોડવો, થશે પ્રેમથી મુક્ત. ૪૦

આત્મભ્રમોદ્ભવ દુઃખ તો, આત્મજ્ઞાનથી જાય;
તત્ર યત્ન વિણ ઘોર તપ, તપતાં પણ ન મુકાય. ૪૧

દેહાતમધી અભિલષે, દિવ્ય વિષય, શુભ કાય;
તત્ત્વજ્ઞાની તે સર્વથી, ઈચ્છે મુક્તિ સદાય. ૪૨

પરમાં નિજમતિ નિયમથી, સ્વચ્યુત થઈ બંધાય;
નિજમાં નિજમતિ જ્ઞાનીજન, પરચ્યુત થઈ મુકાય. ૪૩

નિજ આત્મા ત્રણ લિંગમય, માને જીવ વિમૂઢ;
સ્વાત્મા વચનાતીત ને, સ્વસિદ્ધ માને બુધ. ૪૪

યદ્યપિ આત્મ જણાય ને, ભિન્નપણે વેદાય;
પૂર્વભ્રાન્તિ-સંસ્કારથી, પુનરપિ વિભ્રમ થાય. ૪૫

દૃશ્યમાન આ જડ બધાં, ચેતન છે નહિ દૃષ્ટ;
રોષ કરું ક્યાં ? તોષ ક્યાં ? ધરું ભાવ મધ્યસ્થ. ૪૬

મૂઢ બહિર્ ત્યાગે-ગ્રહે, જ્ઞાની અંતરમાંય;
નિષ્ઠિતાત્મને ગ્રહણ કે, ત્યાગ ન અંતર્બાહ્ય. ૪૭

જોડે મન સહ આત્મને, વચ-તનથી કરી મુક્ત;
વચ-તનકૃત વ્યવહારને, છોડે મનથી સુજ્ઞ. ૪૮

દેહાતમધી જગતમાં, કરે રતિ વિશ્વાસ;
નિજમાં આતમદૃષ્ટિને, ક્યમ રતિ ? ક્યમ વિશ્વાસ ? ૪૯

આત્મજ્ઞાન વણ કાર્ય કંઈ, મનમાં ચિર નહિ હોય;
કારણવશ કંઈ પણ કરે, ત્યાં બુધ તત્પર નો'ય. ૫૦

ઈન્દ્રિદૃશ્ય તે મુજ નહીં, ઈન્દ્રિય કરી નિરુદ્ધ;
અંતર્ જોતાં સૌખ્યમય, શ્રેષ્ઠ જ્યોતિ મુજ રૂપ. ૫૧

પ્રારંભે સુખ બાહ્યમાં, દુઃખ ભાસે નિજમાંય;
ભાવિતાત્મને દુઃખ બહિર્, સુખ નિજઆતમમાંય. ૫૨

તત્પર થઈ તે ઈચ્છવું, કથન-પૃચ્છના એ જ;
જેથી અવિદ્યા નષ્ટ થઈ, પ્રગટે વિદ્યાતેજ. ૫૩

વચ-કાયે જીવ માનતો, વચ-તનમાં જે ભ્રાન્ત;
તત્ત્વ પૃથક્ છે તેમનું, જાણે જીવ નિર્ભ્રાન્ત. ૫૪



ઈન્દ્રિયવિષયે જીવને, કાંઈ ન ક્ષેમસ્વરૂપ;
છતાં અવિદ્યાભાવથી, રમણ કરે ત્યાં મૂઢ. ૫૫

મૂઢ કુયોનિમહીં સૂતાં, તમોગ્રસ્ત ચિરકાળ;
જાગી તન-ભાર્યાદિમાં, કરે 'હું-મુજ' અધ્યાસ. ૫૬

આત્મતત્ત્વમાં સ્થિત થઈ, નિત્ય દેખવું એમ;
મુજ તન તે મુજ આત્મ નહિ, પર તનનું પણ તેમ. ૫૭

મૂઢાત્મા જાણે નહીં, વણબોધ્યે જયમ તત્ત્વ;
બોધ્યે પણ જાણે નહીં, ફોગટ બોધન-કષ્ટ. ૫૮

જે ઈચ્છું છું બોધવા, તે તો નહિ 'હું' તત્ત્વ;
'હું' છે ગ્રાહ્ય ન અન્યને, શું બોધું હું વ્યર્થ ? ૫૯

અંતર્જ્ઞાન ન જેહને, મૂઢ બાહ્યમાં તુષ્ટ;
કૌતુક જસ નહિ બાહ્યમાં, બુધ અંતઃસંતુષ્ટ. ૬૦

તન સુખ-દુખ જાણે નહીં, તથાપિ એ તનમાંય;
નિગ્રહ ને અનુગ્રહ તણી, બુદ્ધિ અબુધને થાય. ૬૧

જ્યાં લગી મન-વચ-કાયને, આતમરૂપ મનાય;
ત્યાં લગી છે સંસાર ને, ભેદથકી શિવ થાય. ૬૨

સ્થૂલ વસ્ત્રથી જે રીતે, સ્થૂલ ગણે ન શરીર;
પુષ્ટ દેહથી જ્ઞાનીજન, પુષ્ટ ન માને જીવ. ૬૩

જીર્ણ વસ્ત્રથી જે રીતે, જીર્ણ ગણે ન શરીર;
જીર્ણ દેહથી જ્ઞાનીજન, જીર્ણ ન માને જીવ. ૬૪

વસ્ત્રનાશથી જે રીતે, નષ્ટ ન ગણે શરીર;
દેહનાશથી જ્ઞાનીજન, નષ્ટ ન માને જીવ. ૬૫

રક્ત વસ્ત્રથી જે રીતે, રક્ત ગણે ન શરીર;
રક્ત દેહથી જ્ઞાનીજન, રક્ત ન માને જીવ. ૬૬

સક્રિય જગ જેને દીસે, જડ અક્રિય અણભોગ;
તે જ લહે છે પ્રશમને, અન્યે નહિ તદ્યોગ. ૬૭

તનકંચુકથી જેહનું, સંવૃત જ્ઞાનશરીર;
તે જાણે નહિ આત્મને, ભવમાં ભમે સુચિર. ૬૮

અસ્થિર અણુનો વ્યૂહ છે, સમ-આકાર શરીર;
સ્થિતિભ્રમથી મૂરખ જનો, તે જ ગણે છે જીવ. ૬૯

હું ગોરો કૃશ સ્થૂલ ના, એ સૌ છે તનભાવ;
એમ ગણો, ધારો સદા, આત્મા જ્ઞાનસ્વભાવ. ૭૦

જો નિશ્ચળ ધૃતિ ચિત્તમાં, મુક્તિ નિયમથી હોય;
ચિત્તે નહિ નિશ્ચળ ધૃતિ, મુક્તિ નિયમથી નો'ય. ૭૧

જનસંગે વચસંગ ને, તેથી મનનો સ્પંદ;
તેથી મન બહુવિધ ભમે, યોગી તજો જનસંગ. ૭૨

અનાત્મદર્શી ગામ વા, વનમાં કરે નિવાસ;
નિશ્ચળ શુદ્ધાત્મામહીં આત્મદર્શીનો વાસ. ૭૩

દેહે આતમ-ભાવના, દેહાન્તરગતિ-બીજ;
આત્મામાં નિજ-ભાવના, દેહમુક્તિનું બીજ. ૭૪

જીવ જ પોતાને કરે, જન્મ તથા નિર્વાણ;
તેથી નિજ ગુરુ નિશ્ચયે, જીવ જ અન્ય ન જાણ. ૭૫

દેખી લય પોતાતણો, વળી મિત્રાદિવિયોગ;
દૃઢ દેહાતમબુદ્ધિને, મરણભીતિ બહુ હોય. ૭૬

નિજમાં નિજધી આત્મથી, માને તન-ગતિ ભિન્ન;
અભય રહે, જયમ વસ્ત્રને, છોડી ગ્રહે નવીન. ૭૭

સૂતો જે વ્યવહારમાં, તે જાગે નિજમાંય;
જાગ્રત જે વ્યવહારમાં, સુષુપ્ત આત્મામાંય. ૭૮



અંદર દેખી આત્મને, દેહાદિકને બાહ્ય;
ભેદજ્ઞાન-અભ્યાસથી, શિવપદ-પ્રાપ્તિ થાય. ૭૯

સ્વાત્મદર્શીને પ્રથમ તો, જગ ઉન્મત્ત જણાય;
દૃઢ અભ્યાસ પછી જગત્, કાષ્ટ-દષદવત્ થાય. ૮૦

બહુ સુણે ભાખે ભલે, દેહભિન્નની વાત;
પણ તેને નહિ અનુભવે, ત્યાં લગી નહિ શિવલાભ. ૮૧

નિજને તનથી વાળીને, અનુભવવો નિજમાંય;
જેથી તે સ્વપ્નેય પણ, તનમાં નહિ જોડાય. ૮૨

પુણ્ય વ્રતે, અઘ અવ્રતે, મોક્ષ ઉભયનો નાશ;
અવ્રત જેમ વ્રતો તણો, કરે શિવાર્થી ત્યાગ. ૮૩

અવ્રતને પરિત્યાગીને, વ્રતમાં રહે સુનિષ્ઠ;
વ્રતને પણ પછી પરિહરે, લહી પરમ પદ નિજ. ૮૪

અંતર્જલ્પે યુક્ત જે, વિકલ્પ કેરી જાળ;
તે દુઃખમૂળ તસ નાશથી, ઈષ્ટ-પરમ-પદ લાભ. ૮૫

અવ્રતિ-જન વ્રતને ગ્રહે, વ્રતી જ્ઞાનરત થાય;
પરમ-જ્ઞાનને પામીને, સ્વયં 'પરમ' થઈ જાય. ૮૬

તનને આશ્રિત લિંગ છે, તન જીવનો સંસાર;
તેથી લિંગાગ્રહી તણો, છૂટે નહિ સંસાર. ૮૭

તનને આશ્રિત જાતિ છે, તન જીવનો સંસાર;
તેથી જાત્યાગ્રહી તણો, છૂટે નહિ સંસાર. ૮૮

જાતિ-લિંગ-વિકલ્પથી, આગમ-આગ્રહ હોય;
તેને પણ પદ પરમની, સંપ્રાપ્તિ નહિ હોય. ૮૯

જે તજવા, જે પામવા, હઠે ભોગથી જીવ;
ત્યાં પ્રીતિ, ત્યાં દ્વેષને, મોહી ધરે ફરીય. ૯૦

અજ્ઞ પંગુની દૃષ્ટિને, માને અંધામાંય;
અભેદજ્ઞ જીવદૃષ્ટિને, માને છે તનમાંય. ૯૧

વિજ્ઞ ન માને પંગુની, દૃષ્ટિ અંધામાંય;
નિજજ્ઞ ત્યમ માને નહીં જીવદૃષ્ટિ તનમાંય. ૯૨

માત્ર મત્ત નિદ્રિત દશા, વિભ્રમ જાણે અજ્ઞ;
દોષિતની સર્વે દશા, વિભ્રમ ગણે નિજજ્ઞ. ૯૩

તનદૃષ્ટિ સર્વાગમી, જાગૃત પણ ન મુકાય;
આત્મદૃષ્ટિ ઉન્મત્ત કે, નિદ્રિત પણ મુકાય. ૯૪

જેમાં મતિની મગ્નતા, તેની જ થાય પ્રતીત;
થાય પ્રતીતિ જેહની, ત્યાં જ થાય મન લીન. ૯૫

જ્યાં નહિ મતિની મગ્નતા, તેની ન હોય પ્રતીત;
જેની ન હોય પ્રતીત ત્યાં, કેમ થાય મન લીન ? ૯૬

ભિન્ન પરાત્મા સેવીને, તત્સમ પરમ થવાય;
ભિન્ન દીપને સેવીને, બત્તી દીપક થાય. ૯૭

અથવા નિજને સેવીને, જીવ પરમ થઈ જાય;
જેમ વૃક્ષ નિજને મથી, પોતે પાવક થાય. ૯૮

એમ નિરંતર ભાવવું, પદ આ વચનાતીત;
પમાય જે નિજથી જ ને, પુનરાગમન રહિત. ૯૯

ચેતન ભૂતજ હોય તો, મુક્તિ અયત્ન જ હોય,
નહિ તો મુક્તિ યોગથી, યોગીને દુઃખ નો'ય. ૧૦૦

સ્વપ્ને દૃષ્ટ વિનષ્ટ હો, પણ જીવનો નહિ નાશ;
જાગૃતિમાં પણ તેમ છે, ભ્રમ ઉભયત્ર સમાન. ૧૦૧

અદુઃખભાવિત જ્ઞાન તો, દુઃખ આવ્યે ક્ષય થાય;
દુઃખ સહિત ભાવે સ્વને, યથાશક્તિ મુનિરાય. ૧૦૨



ઇચ્છાદિજ નિજ યત્નથી, વાયુનો સંચાર;
તેનાથી તનયંત્ર સૌ, વર્તે નિજ વ્યાપાર. ૧૦૩

જડ નિજમાં તનયંત્રને, આરોપી દુઃખી થાય;
સુજ્ઞ તજી આરોપને, લહે પરમપદ-લાભ. ૧૦૪

જાણી સમાધિતંત્ર આ, જ્ઞાનાનંદ-ઉપાય,
જીવ તજે 'હું' બુદ્ધિને, દેહાદિક પરમાંય;
છોડી એ ભવજનનીને, થઈ પરમાતમલીન,
જ્યોતિર્મય સુખને લહે, ધરે ન જન્મ નવીન. ૧૦૫

## ૭૩. સર્વમાન્ય ધર્મ (ચોપાઈ)

ધર્મતત્ત્વ જો પૂછ્યું મને, તો સંભળાવું સ્નેહે તને;
જે સિદ્ધાંત સકળનો સાર, સર્વમાન્ય સહુને હિતકાર.

ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન;
અભયદાન સાથે સંતોષ, દ્યો પ્રાણીને, દળવા દોષ.

સત્ય શીળ ને સઘળાં દાન, દયા હોઈને રહ્યાં પ્રમાણ;
દયા નહીં તો એ નહિ એક, વિના સૂર્ય કિરણ નહિ દેખ.

પુષ્પપાંખડી જ્યાં દુભાય, જિનવરની ત્યાં નહિ આજ્ઞાય;
સર્વ જીવનું ઇચ્છો સુખ, મહાવીરની શિક્ષા મુખ્ય.

સર્વ દર્શને એ ઉપદેશ, એ એકાંતે, નહીં વિશેષ;
સર્વ પ્રકારે જિનનો બોધ, દયા દયા નિર્મળ અવિરોધ !

એ ભવતારક સુંદર રાહ, ધરિયે તરિયે કરી ઉત્સાહ;
ધર્મ સકળનું એ શુભ મૂળ, એ વણ ધર્મ સદા પ્રતિકૂળ.

તત્ત્વરૂપથી એ ઓળખે, તે જન પહોંચે શાશ્વત સુખે;
શાંતિનાથ ભગવાન પ્રસિદ્ધ, રાજચંદ્ર કરુણાએ સિદ્ધ.

(શ્રીમદ્ રાજચંદ્ર, મોક્ષમાળા-શિક્ષાપાઠ-૨)

## ૭૪. અંતિમ સંદેશ

ૐ

**શ્રી જિન પરમાત્મને નમઃ**

(૧) ઈચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ. ૧

આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. ૨

જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ૩

જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્ગુરુ, સુગમ અને સુખખાણ. ૪

ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિસહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત. ૫

ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્ગુરુ વડે, જિન દર્શન અનુયોગ. ૬

પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઊલટી[1] આવે એમ;
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ. ૭

વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ. ૮

મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર. ૯

૧. પાઠાન્તર - ઉલ્લસી



રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઈષ્ટ નહિ આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય. ૧૦

નહિ તૃષ્ણા જીવ્યાતણી, મરણ યોગ નહિ ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ. ૧૧

(૨) આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઈ;
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ. ૧

ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર. ૨

(૩) સુખ ધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર રહે તદ્ધ્યાનમહીં;
પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે. ૧

(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૯૫૪)


- ક્ષમાપના ......................(જુઓ પૃષ્ઠ સંખ્યા ૯)
- વીતરાગનો કહેલો ધર્મ ...........(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૦)
- દુર્લભ એવો મનુષ્યદેહ ...........(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૧)
- પ્રણિપાત સ્તુતિ (હે પરમકૃપાળુ દેવ)....(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)


## અંત મંગલ

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ. ૧

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો. ૨

# શનિવાર : પ્રાતઃકાળ

## ૭૫. આલોચના પાઠ

(દોહા)

વંદો પાંચોં પરમગુરુ, ચૌવીસૌં જિનરાજ;
કહૂં શુદ્ધ આલોચના, શુદ્ધિ કરનકે કાજ. ૧

(સખી છંદ - ૧૪ માત્રા)

સુનિયે જિન અરજ હમારી, હમ દોષ કિયે અતિ ભારી;
તિનકી અબ નિવૃત્તિ કાજા, તુમ શરન લહી જિનરાજા. ૨

ઇક બે તે ચઉ ઇન્દ્રી વા, મન-રહિત-સહિત જે જીવા;
તિનકી નહિ કરુના ધારી, નિરદઈ વ્હૈ ઘાત વિચારી. ૩

સમરંભ સમારંભ આરંભ, મન વચ તન કીને પ્રારંભ;
કૃત કારિત મોદન કરિકૈં, ક્રોધાદિ ચતુષ્ટય ધરિકૈં. ૪

શત આઠ જુ ઇમ ભેદનતૈં, અઘ કીને પર છેદનતૈં;
તિનકી કહૂં કોલૌં કહાની, તુમ જાનત કેવલજ્ઞાની. ૫

વિપરીત એકાંત વિનયકે, સંશય અજ્ઞાન કુનયકે;
વશ હોય ઘોર અઘ કીને, વચતૈં નહિ જાત કહીને. ૬

કુગુરુનકી સેવ જુ કીની, કેવલ અદયાકર ભીની;
યા વિધિ મિથ્યાત ભ્રમાયો, ચહુંગતિમધિ દોષ ઉપાયો. ૭

હિંસા પુનિ જૂઠ જુ ચોરી, પરવનિતાસોં દગ જોરી;
આરંભ પરિગ્રહ ભીનો, પનપાપ જુ યા વિધિ કીનો. ૮

સપરસ રસના ઘ્રાનનકો,ચખ કાન વિષય સેવનકો;
બહુ કરમ કિયે મનમાને, કછુ ન્યાય અન્યાય ન જાને. ૯



ફલ પંચ ઉદંબર ખાયે, મધુ માંસ મદ્ય ચિત્ત ચાહે;
નહિ અષ્ટ મૂલગુણધારી, વિસન જુ સેયે દુઃખકારી. ૧૦

દુઈબીસ અભખ જિન ગાયે, સો ભી નિશદિન ભુંજાયે;
કછુ ભેદાભેદ ન પાયો, જ્યોં ત્યોં કર ઉદર ભરાયો. ૧૧

અનંતાન જુ બંધી જાનો, પ્રત્યાખ્યાન અપ્રત્યાખ્યાનો;
સંજ્વલન ચૌકરી ગુનિયે, સબ ભેદ જુ ષોડશ મુનિયે. ૧૨

પરિહાસ અરતિ રતિ શોગ, ભય ગ્લાનિ તિવેદ સંજોગ;
પનવીસ જુ ભેદ ભયે ઇમ, ઇનકે વશ પાપ કિયે હમ. ૧૩

નિદ્રાવશ શયન કરાઈ, સુપનેમધિ દોષ લગાઈ;
ફિર જાગી વિષય-વન ધાયો, નાનાવિધ વિષફલ ખાયો. ૧૪

કિયે આહાર નિહાર વિહારા, ઇનમેં નહિ જતન વિચારા;
બિન દેખી ધરી ઉઠાઈ, બિન શોધી ભોજન ખાઈ. ૧૫

તબ હી પરમાદ સતાયો, બહુવિધ વિકલપ ઉપજાયો;
કછુ સુધિ બુધિ નાહિ રહી હૈ, મિથ્યામતિ છાય ગઈ હૈ. ૧૬

મરજાદા તુમ ઢિંગ લીની, તાહૂમેં દોષ જુ કીની;
ભિન ભિન અબ કૈસે કહિયે, તુમ જ્ઞાનવિષૈં સબ પઇયે. ૧૭

હા ! હા ! મૈં દુઠ અપરાધી, ત્રસજીવનરાશિ વિરાધી;
થાવરકી જતન ન કીની, ઉરમેં કરુણા નહિ લીની. ૧૮

પૃથિવી બહુ ખોદ કરાઈ, મહલાદિક જાગાં ચિનાઈ;
બિનગાલ્યો પુનિ જલ ઢોલ્યો, પંખાતૈં પવન વિલોલ્યો. ૧૯

હા ! હા ! મૈં અદયાચારી, બહુ હરિત જુ કાય વિદારી;
યા મધિ જીવનકે ખંદા, હમ ખાયે ધરી આનંદા. ૨૦

હા ! મૈં પરમાદ બસાઈ, બિન દેખે અગનિ જલાઈ;
તા મધ્ય જીવ જે આયે, તે હૂ પરલોક સિધાયે. ૨૧

વિંધો અન્ન રાતિ પિસાયો, ઈંધન બિનસોધિ જલાયો;
ઝાડૂ લે જાગાં બુહારી, ચિંટિ આદિક જીવ વિદારી. ૨૨

જલ છાનિ જીવાની કીની, સોહૂ પુનિ ડારી જુ દીની;
નહિ જલથાનક પહુંચાઈ, કિરિયા બિન પાપ ઉપાઈ. ૨૩

જલ મલ મોરિનમેં ગિરાયો, કૃમિકુલ બહુ ઘાત કરાયો;
નદિયનિ બિચ ચીર ધુવાયે, કોસનકે જીવ મરાયે. ૨૪

અન્નાદિક શોધ કરાઈ, તામૈં જુ જીવ નિસરાઈ;
તિનકા નહિ જતન કરાયા, ગરિયારે ધૂપ ડરાયા. ૨૫

પુનિ દ્રવ્ય કમાવન કાજે, બહુ આરંભ હિંસા સાજે;
કીયે તિસનાવશ ભારી, કરુના નહિ રંચ વિચારી. ૨૬

ઈત્યાદિક પાપ અનંતા, હમ કીને શ્રી ભગવંતા;
સંતતિ ચિરકાલ ઉપાઈ, વાનીતૈં કહિય ન જાઈ. ૨૭

તાકો જુ ઉદય અબ આયો, નાનાવિધ મોહિ સતાયો;
ફલ ભુંજત જિય દુઃખ પાવે, વચતૈં કૈસે કરિ ગાવે. ૨૮

તુમ જાનત કેવલજ્ઞાની, દુઃખ દૂર કરો શિવથાની;
હમ તૌ તુમ શરન લહી હૈ, જિન તારન બિરુદ સહી હૈ. ૨૯

જો ગાંવપતિ ઈક હોવૈ, સો ભી દુખિયા દુઃખ ખોવૈ;
તુમ તીન ભુવનકે સ્વામી, દુઃખ મેટો અંતરજામી. ૩૦

દ્રૌપદીકો ચીર બઢાયો, સીતા પ્રતિ કમલ રચાયો;
અંજનસે કિયે અકામી, દુઃખ મેટો અંતરજામી. ૩૧

મેરે અવગુણ ન ચિતારો, પ્રભુ અપનો બિરુદ નિહારો;
સબ દોષરહિત કરી સ્વામી, દુઃખ મેટહુ અંતરજામી. ૩૨

ઈન્દ્રાદિક પદવી ન ચાહૂં, વિષયનિમેં નાહિ લુભાઊં;
રાગાદિક દોષ હરીજે, પરમાતમ નિજપદ દીજે. ૩૩



(દોહા)

દોષરહિત જિનદેવજી, નિજપદ દીજ્યો મોય;
સબ જીવનકૈં સુખ બઢૈ, આનંદ મંગલ હોય. ૩૪

અનુભવ માણિક પારખી, જૌહરિ આપ જિનંદ;
યેહી વર મોહી દીજિયે, ચરન શરન આનંદ. ૩૫

## ૭૬. સામાયિક પાઠ (છ આવશ્યક કર્મ)

### ૧. પ્રતિક્રમણ કર્મ

કાલ અનંત ભ્રમ્યો જગમેં સહિયે દુઃખ ભારી,
જન્મ મરણ નિત કિયે પાપકો વ્હૈ અધિકારી;
કોડિ ભવાંતર માંહિ મિલન દુર્લભ સામાયિક,
ધન્ય આજ મૈં ભયો જોગ મિલિયો સુખદાયક. ૧

હે સર્વજ્ઞ જિનેશ ! કિયે જે પાપ જુ મૈં અબ,
તે સબ મન વચ કાય યોગકી ગુપ્તિ બિના લભ;
આપ સમીપ હજૂરમાંહિ મૈં ખડો ખડો સબ,
દોષ કહૂં સો સુનો કરો નઠ દુઃખ દેહિ જબ. ૨

ક્રોધ માન મદ લોભ મોહ માયાવશ પ્રાની,
દુઃખસહિત જે કિયે દયા તિનકી નહિ આની;
બિના પ્રયોજન એક ઈન્દ્રિ બિ તિ ચઉ પંચેન્દ્રિય,
આપ પ્રસાદહિ મિટે દોષ જો લગ્યો મોહિ જિય. ૩

આપસમેં ઈક ઠૌર થાપિ કરિ જે દુઃખ દિને,
પેલિ દિયે પગતલેં દાબિ કરિ પ્રાણ હરીને;
આપ જગતકે જીવ જિતે તિન સબકે નાયક,
અરજ કરું મૈં સુનો, દોષ મેટો દુઃખદાયક. ૪

અંજન આદિક ચોર મહા ઘનઘોર પાપમય,
તિનકે જે અપરાધ ભયે તે ક્ષમા ક્ષમા કિય;
મેરે જે અબ દોષ ભયે તે ક્ષમહુ દયાનિધિ,
યહ પડિકોણોં કિયો આદિ ષટ્કર્મમાંહિ વિધિ. ૫

## ૨. પ્રત્યાખાન કર્મ

જો પ્રમાદ વશ હોય વિરાધે જીવ ઘનેરે,
તિનકો જો અપરાધ ભયો મેરે અઘ ઢેરે;
સો સબ જૂઠો હોહુ જગતપતિકે પરસાદૈ,
જા પ્રસાદતૈં મિલે સર્વ સુખ, દુઃખ ન લાધૈં. ૬

મૈં પાપી નિર્લજ્જ દયાકરિ હીન મહાશઠ,
કિયે પાપ અતિ ઘોર પાપમતિ હોય ચિત્ત દુઠ;
નિંદૂ હૂં મૈં બારબાર નિજ જિયકો ગરહું,
સબ વિધિ ધર્મ ઉપાય પાય ફિરિ પાપહિ કરહૂં. ૭

દુર્લભ હૈ નરજન્મ તથા શ્રાવકકુલ ભારી,
સત્સંગતિ-સંયોગ ધર્મ જિન શ્રદ્ધા ધારી;
જિન વચનામૃત ધાર સમાવર્તૈ જિનવાની,
તોહૂ જીવ સંહારે ધિક્ ધિક્ ધિક્ હમ જાની. ૮

ઈન્દ્રિયલંપટ હોય ખોય નિજ જ્ઞાનજમા સબ,
અજ્ઞાની જિમ કરૈ તિસી વિધિ હિંસક વ્હૈ અબ;
ગમનાગમન કરંતો જીવ વિરાધે ભોલે,
તે સબ દોષ કિયે નિંદૂં અબ મનવચતોલે. ૯

આલોચનવિધિ થકી દોષ લાગે જુ ઘનેરે,
તે સબ દોષ વિનાશ હોઉ તુમતૈં જિન મેરે;
બારબાર ઈસ ભાંતિ મોહ મદ દોષ કુટિલતા,
ઈર્ષાદિકતૈં ભયે નિંદિયે જે ભયભીતા. ૧૦



## ૩. સામાયિક કર્મ

સબ જીવનમેં મેરે સમતાભાવ જગ્યો હૈ,
સબ જિય મો સમ સમતા રાખો ભાવ લગ્યો હૈ;
આર્ત્ત રૌદ્ર દ્વય ધ્યાન છાંડિ કરિહૂં સામાયિક,
સંયમ મો કબ શુદ્ધ હોય યહ ભાવ બધાયિક. ૧૧

પૃથિવી જલ અરુ અગ્નિ વાયુ ચઉ કાય વનસ્પતિ,
પંચહિ થાવરમાંહિ તથા ત્રસજીવ બસૈં જિત;
બે ઈન્દ્રિય તિય ચઉ પંચેન્દ્રિયમાંહિ જીવ સબ,
તિનસૈં ક્ષમા કરાઊં મુઝપર ક્ષમા કરો અબ. ૧૨

ઈસ અવસરમેં મેરે સબ સમ કંચન અરુ તૃણ,
મહલ મસાન સમાન શત્રુ અરુ મિત્રહુ સમ ગણ;
જન્મન મરન સમાન જાન હમ સમતા કીની,
સામાયિકકા કાલ જિતૈ યહ ભાવ નવીની. ૧૩

મેરો હૈ ઈક આતમ તામૈં મમત જુ કીનો,
ઔર સબૈ મમ ભિન્ન જાનિ સમતારસ ભીનો;
માત પિતા સુત બંધુ મિત્ર તિય આદિ સબૈ યહ,
મોતૈં ન્યારે જાનિ યથારથ રૂપ કર્યો ગહ. ૧૪

મૈં અનાદિ જગજાલમાંહિ ફંસિ રૂપ ન જાણ્યો,
એકેંદ્રિય દે આદિ જંતુકો પ્રાણ હરાણ્યો;
તે અબ જીવસમૂહ સુનો મેરી યહ અરજી,
ભવભવકો અપરાધ ક્ષમા કીજ્યો કરિ મરજી. ૧૫

## ૪. સ્તવન કર્મ

નમૌં રિષભ જિનદેવ અજિત જિન જીતિ કર્મકો,
સંભવ ભવદુઃખહરન કરન અભિનંદ શર્મકો;

સુમતિ સુમતિદાતાર તાર ભવસિંધુ પાર કર,
પદ્મપ્રભ પદ્માભ ભાનિ ભવભીતિપ્રીતિ ધર. ૧૬

શ્રી સુપાર્શ્વ કૃતપાશ નાશ ભવ જાસ શુદ્ધકર,
શ્રી ચંદ્રપ્રભ ચંદ્રકાન્તિસમ દેહકાન્તિ ધર;
પુષ્પદંત દમિ દોષકોષ ભવિ પોષ રોષ હર,
શીતલ શીતલ-કરન હરન ભવતાપ દોષ હર. ૧૭

શ્રેયરૂપ જિનશ્રેય ધેય નિત સેય ભવ્યજન,
વાસુપૂજ્ય શત પૂજ્ય વાસવાદિક ભવભય હન;
વિમલ વિમલમતિ દેન અંતગત હૈ અનંત જિન,
ધર્મ શર્મ શિવકરન શાંતિ જિન શાંતિ વિધાયિન. ૧૮

કુંથુ કુંથુમુખ જીવપાલ અરનાથ જાલહર,
મલ્લિ મલ્લસમ મોહમલ્લ મારન પ્રચારધર;
મુનિસુવ્રત વ્રતકરન નમત સુરસંઘહિ નમિ જિન,
નેમિનાથ જિન નેમિ ધર્મરથમાંહિ જ્ઞાનધન. ૧૯

પાર્શ્વનાથ જિન પાર્શ્વઉપલ સમ મોક્ષરમાપતિ,
વર્ધમાન જિન નમૌં વમૌં ભવદુઃખ કર્મકૃત;
યા વિધિ મૈં જિનસંઘરૂપ ચઉવીસ સંખ્ય ધર,
સ્તઊં નમૂં હૂં બારબાર વંદૂં શિવસુખકર. ૨૦

### ૫. વંદના કર્મ

વંદૂં મૈં જિનવીર ધીર મહાવીર સુસન્મતિ,
વર્ધમાન અતિવીર વંદિહૌં મનવચતનકૃત;
ત્રિશલાતનુજ મહેશ ધીશ વિદ્યાપતિ વંદૂં,
વંદૂં નિત પ્રતિ કનકરૂપતનુ પાપ નિકંદૂ. ૨૧

સિદ્ધારથ નૃપનંદ દ્વંદ દુઃખ દોષ મિટાવન,
દુરિત દવાનલ જ્વલિત જ્વાલ જગજીવ ઉદ્ધારન;



કુંડલપુર કરિ જન્મ જગત જિય આનંદકારન,
વર્ષ બહત્તરિ આયુ પાય સબહી દુઃખ-ટારન. ૨૨

સપ્ત હસ્ત તનુ તુંગ ભંગ કૃત જન્મમરનભય,
બાલ બ્રહ્મમય જ્ઞેય હેય આદેય જ્ઞાનમય;
દે ઉપદેશ ઉદ્ધારિ તારિ ભવસિંધુ જીવઘન,
આપ બસે શિવમાંહિ તાહિ બંદૌં મનવચતન. ૨૩

જાકે વંદન થકી દોષ દુઃખ દૂરહિ જાવે,
જાકે વંદન થકી મુક્તિતિય સન્મુખ આવે;
જાકે વંદન થકી વંદ્ય હોવૈં સુરગનકે,
ઐસે વીર જિનેશ વંદિહૌં ક્રમયુગ તિનકે. ૨૪

સામાયિક ષટ્કર્મમાંહિ વંદન યહ પંચમ,
વંદે વીર જિનેન્દ્ર ઈન્દ્રશતવંદ્ય વંદ્ય મમ;
જન્મમરણ ભય હરો કરો અઘશાંતિ શાંતિમય,
મૈં અઘકોશ સુપોષ દોષકો દોષ વિનાશય. ૨૫

### ૬. કાયોત્સર્ગ કર્મ

કાયોત્સર્ગ વિધાન કરું અંતિમ સુખદાઈ,
કાય ત્યજનમય હોય કાય સબકો દુઃખદાયી;
પૂરવ દક્ષિણ નમૂં દિશા પશ્ચિમ ઉત્તર મૈં,
જિનગૃહ વંદન કરું હરું ભવ પાપતિમિર મૈં. ૨૬

શિરોનતી મૈં કરું નમૂં મસ્તક કર ધરિકૈં,
આવર્તાદિક ક્રિયા કરું મનવચ મદ હરિકૈં;
તીનલોક જિનભવનમાંહિ જિન હૈં જુ અકૃત્રિમ,
કૃત્રિમ હૈં દ્વયઅર્દ્ધદ્વીપમાંહિ વંદૌં જિમ. ૨૭

આઠકોડિપરિ છપ્પન લાખ જુ સહસ સત્યાણું,
ચ્યારિ શતક પરિ અસી એક જિનમંદિર જાણું;

વ્યંતર જ્યોતિષિમાંહિ સંખ્યરહિતે જિનમંદિર,
જિનગૃહ વંદન કરું હરહુ મમ પાપ સંઘકર. ૨૮

સામાયિક સમ નાહિ ઔર કોઉ વૈર મિટાયક,
સામાયિક સમ નાહિ ઔર કોઉ મૈત્રીદાયક;
શ્રાવક અણુવ્રત આદિ અંત સપ્તમ ગુણથાનક,
યહ આવશ્યક કિયે હોય નિશ્ચય દુઃખહાનક. ૨૯

જે ભવિ આતમકાજકરન ઉદ્યમકે ધારી,
તે સબ કાજ વિહાય કરો સામાયિક સારી;
રાગ દોષ મદ મોહ ક્રોધ લોભાદિક જે સબ,
બુધ 'મહાચંદ્ર' બિલાય જાય તાતૈં કીજ્યો અબ. ૩૦

## ૭૭. ગુરુ મહારાજને વિનંતી

સદ્ગુરુ મુક્ત થવાનો, અપૂર્વ માર્ગ બતાવજો રે;
બતાવી ગુપ્ત રહસ્યો, નહિ જાણેલ જણાવજો રે. (ટેક)

ગંડુ બની બહુ કાળ ગુમાવ્યો, અથડામણનો પાર ન આવ્યો;
લાયકાત ગુરુ નાલાયકમાં લાવજો રે... સદ્ગુરુ૰ ૧

તિમિર તમામ સ્થળે છવરાયું, હિત-અહિત જરા ન જણાયું;
અંધકારમાં પ્રકાશને પ્રગટાવજો રે... સદ્ગુરુ૰ ૨

દર્દીના છે અનેક દોષો, જડતા સામું કદી નવ જોશો;
વિશાળ દૃષ્ટિ કરીને અમી વરસાવજો રે. સદ્ગુરુ૰ ૩

ઊર્ધ્વ સ્થાન શુભવૃત્તિ ચડે છે, અનેક વિઘ્નો આવી નડે છે;
આ અગવડની સરસ દવા સમજાવજો રે. સદ્ગુરુ૰ ૪

અલગ રહે અકળામણ મારી, નિર્બળતા રહે સદાય ન્યારી;
દયા કરી ગુરુ એવી ચાંપ દબાવજો રે. સદ્ગુરુ૰ ૫



અંજન નેત્રે અજબ લગાવો, સત્ય રહસ્ય મને સમજાવો;
શંકા ફરી ઊપજે નહિ એમ શમાવજો રે. સદ્ગુરુ૰ ૬

જન્મ-મરણ જાયે ગુરુ મારાં, નીકળીને દોષો રહે ન્યારા;
'સંતશિષ્ય'ને એવું સ્વરૂપ સમજાવજો રે. સદ્ગુરુ૰ ૭

## ૭૮. શાંતિદાયક ધૂન

અજર અમર અવિનાશી આનંદઘન, શુદ્ધસ્વરૂપી મૈં આત્મા હૂં... અજર૰

સદ્ગુરુ તેરે ચરણકમલમેં, શાશ્વત સુખકો પાયા હૂં... અજર૰

જો પદ તાકો વો પદ માકો, પદપ્રાપ્તિકો આયા હૂં... અજર૰


- ત્રણ મંત્રની માળા ...............(જુઓ પૃષ્ઠ સંખ્યા ૮)
- ક્ષમાપના .......................(જુઓ પૃષ્ઠ સંખ્યા ૯)
- વીતરાગનો કહેલો ધર્મ ...........(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૦)
- દુર્લભ એવો મનુષ્યદેહ ...........(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૧)
- અહો ! અહો ! શ્રી સદ્ગુરુ .......(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)
- પ્રણિપાત સ્તુતિ (હે પરમકૃપાળુ દેવ)....(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)


## અંત મંગલ

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ. ૧

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો. ૨

# શનિવાર : સાયંકાળ

## ૭૯. આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય

(શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કૃત)

### પ્રથમ મિત્રા દૃષ્ટિ

શિવ સુખ કારણ ઉપદિશી, યોગતણી અડ દિટ્ઠી રે;
તે ગુણ થુણી જિનવીરનો, કરશું ધર્મની પુટ્ઠી રે.
વીર જિનેસર દેશના. ૧

સઘન અઘન દિનરયણીમાં, બાલવિકલ ને અનેરા રે;
અર્થ જુએ જેમ જુજુઆ, તેમ ઓઘ નજરના ફેરા રે. વીર૦ ૨

દર્શન જે થયાં જુજુઆ, તે ઓઘ નજરને ફેરે રે;
ભેદ થિરાદિક દૃષ્ટિમાં, સમકિત દૃષ્ટિને હેરે રે. વીર૦ ૩

દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે;
હિત કરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે. વીર૦ ૪

દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુક્તિ પ્રયાણ ન ભાજે રે;
રયણી શયન જેમ શ્રમ હરે, સુરનર સુખ તેમ છાજે રે. વીર૦ ૫

એહ પ્રસંગથી મેં કહ્યું, પ્રથમ દૃષ્ટિ હવે કહીએ રે;
જિહાં મિત્રા તિહાં બોધ જે, તે તૃણ અગનિસો લહીએ રે. વીર૦ ૬

વ્રત પણ યમ ઈહાં સંપજે, ખેદ નહીં શુભ કાજે રે;
દ્વેષ નહીં વળી અવરશું, એહ ગુણ અંગ વિરાજે રે. વીર૦ ૭

યોગનાં બીજ ઈહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે;
ભાવાચારજ સેવના, ભવ-ઉદ્વેગ સુઠામો રે. વીર૦ ૮

દ્રવ્ય અભિગ્રહ પાળવા, ઔષધ પ્રમુખને દાને રે;
આદર આગમ આસરી, લિખનાદિક બહુમાને રે. વીર૦ ૯



લેખન પૂજન આપવું, શ્રુત વાચના ઉદ્ગ્રાહો રે;
ભાવ વિસ્તાર સજ્ઝાયથી, ચિંતન ભાવન ચાહો રે. વીર૦ ૧૦

બીજ કથા ભલી સાંભળી, રોમાંચિત હુવે દેહ રે;
એહ અવંચક યોગથી, લહીએ ધરમ સનેહ રે. વીર૦ ૧૧

સદ્ગુરુ યોગે વંદન ક્રિયા, તેહથી ફળ હોય જેહો રે;
યોગ ક્રિયા ફળ ભેદથી, ત્રિવિધ અવંચક એહો રે. વીર૦ ૧૨

ચાહે ચકોર તે ચંદ્રને, મધુકર માલતી ભોગી રે;
તેમ ભવિ સહજગુણે હોયે, ઉત્તમ નિમિત્ત સંયોગી રે. વીર૦ ૧૩

એહ અવંચક યોગ તે, પ્રગટે ચરમાવર્તે રે;
સાધુને સિદ્ધદશા સમું, બીજનું ચિત્ત પ્રવર્તે રે. વીર૦ ૧૪

કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે;
મુખ્યપણે તે ઈહાં હોયે, સુયશ વિલાસનું ટાણું રે. વીર૦ ૧૫

### બીજી તારા દૃષ્ટિ

દર્શન તારા દૃષ્ટિમાં, મનમોહન મેરે; ગોમય અગ્નિ સમાન; મ૦
શૌચ સંતોષ ને તપ ભલું, મ૦ સજ્ઝાય ઈશ્વર ધ્યાન. મ૦ ૧

નિયમ પંચ ઈહાં સંપજે, મ૦ નહિ કિરિયા ઉદ્વેગ; મ૦
જિજ્ઞાસા ગુણતત્ત્વની, મ૦ પણ નહિ નિજ હઠ ટેગ. મ૦ ૨

એહ દૃષ્ટિ હોય વરતતાં, મ૦ યોગકથા બહુ પ્રેમ; મ૦
અનુચિત તેહ ન આચરે, મ૦ વાળ્યો વળે જેમ હેમ. મ૦ ૩

વિનય અધિક ગુણીનો કરે, મ૦ દેખે નિજગુણ હાણ; મ૦
ત્રાસ ધરે ભવભય થકી, મ૦ ભવ માને દુઃખખાણ. મ૦ ૪

શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, મ૦ શિષ્ટ કહે તે પ્રમાણ; મ૦
સુયશ લહે એ ભાવથી, મ૦ ન કરે જૂઠ ડફાણ. મ૦ ૫

## ત્રીજી બલા દૃષ્ટિ

ત્રીજી દૃષ્ટિ બલા કહીજી, કાષ્ઠ અગ્નિ સમ બોધ;
ક્ષેપ નહીં આસન સધેજી, શ્રવણ સમીહા શોધ રે.
જિનજી, ધન ધન તુજ ઉપદેશ. ૧

તરુણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જેમ ચાહે સુરગીત;
સાંભળવા તેમ તત્ત્વનેજી, એ દૃષ્ટિ સુવિનીત રે. જિનજી૦ ૨

સરી એ બોધ પ્રવાહનીજી, એ વિણ શ્રુત થલકૂપ;
શ્રવણ સમીહા તે કિસીજી, શયિત સુણે જેમ ભૂપ રે. જિનજી૦ ૩

મન રીઝે તન ઉલ્લસેજી, રીઝે બૂઝે એક તાન;
તે ઇચ્છા વિણ ગુણકથાજી, બહેરા આગળ ગાન રે. જિનજી૦ ૪

વિઘન ઇહાં પ્રાયે નહીંજી, ધર્મ હેતુમાં કોય;
અનાચાર પરિહારથીજી, સુયશ મહોદય હોય રે. જિનજી૦ ૫

## ચોથી દીપ્તા દૃષ્ટિ

યોગ દૃષ્ટિ ચોથી કહીજી, દીપ્તા તિહાં ન ઉત્થાન;
પ્રાણાયામ તે ભાવથીજી, દીપપ્રભા સમ જ્ઞાન.
મનમોહન જિનજી, મીઠી તાહરી વાણ. ૧

બાહ્ય ભાવ રેચક ઇહાંજી, પૂરક અંતર ભાવ;
કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ. મન૦ ૨

ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહીં ધર્મ;
પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ. મન૦ ૩

તત્ત્વશ્રવણ મધુરોદકેજી, ઇહાં હોયે બીજ પ્રરોહ;
ખાર ઉદક સમ ભવ ત્યજેજી, ગુરુભક્તિ અદ્રોહ. મન૦ ૪



સૂક્ષ્મબોધ તો પણ ઇહાંજી, સમકિતવિણ નહિ હોય;
વેદ્ય સંવેદ્ય પદે કહ્યોજી, તે ન અવેદ્યે જોય. મન૦ ૫

વેદ્ય બંધશિવ હેતુ છેજી, સંવેદન તસ નાણ;
નયનિક્ષેપે અતિ ભલુંજી, વેદ્ય સંવેદ્ય પ્રમાણ. મન૦ ૬

તે પદ ગ્રંથિ વિભેદથીજી, છેહલી પાપ પ્રવૃત્તિ;
તપ્તલોહ પદ ધૃતિ સમીજી, તિહાં હોય અંતે નિવૃત્તિ. મન૦ ૭

એહ થકી વિપરીત છેજી, પદ તે અવેદ્ય સંવેદ્ય;
ભવાભિનંદી જીવનેજી, તે હોય વજ્ર અભેદ્ય. મન૦ ૮

લોભી કૃપણ દયામણોજી, માયી મચ્છર ઠાણ;
ભવાભિનંદી ભય ભર્યોજી, અફલ આરંભ અયાણ. મન૦ ૯

એવા અવગુણવંતનુંજી, પદ છે અવેદ્ય કઠોર;
સાધુ સંગ આગમતણોજી, તે જીત્યો ધુરંધોર. મન૦ ૧૦

તે જીતે સહેજે ટળેજી, વિષમ કુતર્ક પ્રકાર;
દૂર નિકટ હાથી હણેજી, જેમ એ બઠર વિચાર. મન૦ ૧૧

હું પામ્યો સંશય નહીંજી, મૂરખ કરે એ વિચાર;
આળસુઆ ગુરુ શિષ્યનોજી, તે તો વચન પ્રકાર. મન૦ ૧૨

ધીજે તે પતિઆવવુંજી, આપ મતે અનુમાન;
આગમ ને અનુમાનથીજી, સાચું લહે સુજ્ઞાન. મન૦ ૧૩

નહીં સર્વજ્ઞ જુજુઆજી, તેહના જે વળી દાસ;
ભક્તિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ. મન૦ ૧૪

દેવ સંસારી અનેક છેજી, તેહની ભક્તિ વિચિત્ર;
એક રાગ પર દ્વેષથીજી, એક મુક્તિની અચિત્ર. મન૦ ૧૫

ઇંદ્રિયાર્થગત બુદ્ધિ છેજી, જ્ઞાન છે આગમ હેત;
અસંમોહ શુભ કૃતિ ગુણેજી, તેણે ફલ ભેદ સંકેત. મન૦ ૧૬

આદર કિરિયા રતિ ઘણીજી, વિઘન ટળે મિલે લચ્છિ;
જિજ્ઞાસા બુદ્ધ સેવનાજી, શુભકૃતિ ચિહ્ન પ્રત્યચ્છિ. મન૰ ૧૭

બુદ્ધિ ક્રિયા ભવફલ દીયેજી, જ્ઞાનક્રિયા શિવઅંગ;
અસંમોહ કિરિયા દિયેજી, શીઘ્ર મુક્તિફલ ચંગ. મન૰ ૧૮

પુદ્‌ગલ રચના કારમીજી, તિહાં જસ ચિત્ત ન લીન;
એક માર્ગ તે શિવ તણોજી, ભેદ લહે જગદીન. મન૰ ૧૯

શિષ્ય ભણી જિન દેશનાજી, કહે જન પરિણતિ ભિન્ન;
કહે મુનિની નય દેશનાજી, પરમાર્થથી અભિન્ન. મન૰ ૨૦

શબ્દ ભેદ ઝઘડો કિસ્યોજી, પરમારથ જો એક;
કહો ગંગા કહો સુરનદીજી, વસ્તુ ફરે નહીં છેક. મન૰ ૨૧

ધર્મ ક્ષમાદિક પણ મટેજી, પ્રગટે ધર્મ સંન્યાસ;
તો ઝઘડા મોટા તણોજી, મુનિને કવણ અભ્યાસ. મન૰ ૨૨

અભિનિવેશ સઘળો ત્યજીજી, ચાર લહી જેણે દૃષ્ટિ;
તે લેશે હવે પંચમીજી, સુયશ અમૃત ઘનવૃષ્ટિ. મન૰ ૨૩

## પાંચમી સ્થિરા દૃષ્ટિ

દૃષ્ટિ થિરામાંહે દર્શન નિત્યે, રત્નપ્રભા સમ જાણો રે;
ભ્રાંતિ નહીં વળી બોધ તે સૂક્ષ્મ, પ્રત્યાહાર વખાણો રે. ૧

એ ગુણ વીર (રાજ) તણો ન વિસારું, સંભારું દિનરાત રે;
પશુ ટાળી સુરરૂપ કરે જે, સમકિતને અવદાત રે. એ૰ ૨

બાલ ધૂલિ ઘર લીલા સરખી, ભવ ચેષ્ટા ઈહાં ભાસે રે;
રિદ્ધિ સિદ્ધિ સવિ ઘટમાં પેસે, અષ્ટ મહા સિદ્ધિ પાસે રે. એ૰ ૩

વિષય વિકારે ન ઈન્દ્રિય જોડે, તે ઈહાં પ્રત્યાહારો રે;
કેવળ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારો રે. એ૰ ૪



શીતળ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે;
ધર્મજનિત પણ ભોગ ઈહાં તેમ, લાગે અનિષ્ટ તે મનને રે. એ૰ ૫

અંશે હોય ઈહાં અવિનાશી, પુદ્‌ગલ જાલ તમાસી રે;
ચિદાનંઘન સુયશ વિલાસી, કેમ હોય જગનો આશી રે? એ૰ ૬

## છઠ્ઠી કાંતા દૃષ્ટિ

અચપલ રોગરહિત નિષ્ઠુર નહિ, અલ્પ હોય દોય નીતિ;
ગંધ તે સારો રે કાન્તિ પ્રસન્નતા, સુસ્વર પ્રથમ પ્રવૃત્તિ.
ધન ધન શાસન શ્રી જિનવરતણું. ૧

ધીર પ્રભાવી રે આગલે યોગથી, મિત્રાદિકયુત ચિત્ત;
લાભ ઈષ્ટનો રે દ્વંદ્વ અધૃષ્યતા, જન પ્રિયતા હોય નિત્ય. ધન૰ ૨

નાશ દોષનો રે તૃપ્તિ પરમ લહે, સમતા ઉચિત સંયોગ;
નાશ વૈરનો રે બુદ્ધિ શતંભરા, એ નિષ્પન્નહ યોગ. ધન૰ ૩

ચિહ્ન યોગનાં રે જે પરગ્રંથમાં, યોગાચારય દિઠ્ઠ;
પંચમ દૃષ્ટિ થકી સવિ જોડીએ, એહવા તેહ ગરિઠ્ઠ. ધન૰ ૪

છઠ્ઠી દિઠ્ઠી રે હવે કાંતા કહું, તિહાં તારાભ્ર પ્રકાશ;
તત્ત્વ મીમાંસા રે દૃઢ હોયે ધારણા, નહિ અન્ય શ્રુતવાસ. ધન૰ ૫

મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત;
તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત. ધન૰ ૬

એહવે જ્ઞાને રે વિઘન નિવારણે, ભોગ નહીં ભવહેત;
નવિ ગુણ દોષ ન વિષયસ્વરૂપથી, મન ગુણ અવગુણ ખેત. ધન૰ ૭

માયા પાણી રે જાણી તેહને, લંઘી જાય અડોલ;
સાચું જાણી રે તે બીતો રહે, ન ચલે ડામાડોલ. ધન૰ ૮

ભોગતત્ત્વને રે એમ ભય નવિ ટળે, જૂઠા જાણે રે ભોગ;
તે એ દૃષ્ટિ રે ભવસાયર તરે, લહે વળી સુયશ સંયોગ. ધન૰ ૯

## સાતમી પ્રભા દૃષ્ટિ

અર્કપ્રભા સમ બોધપ્રભામાં, ધ્યાન પ્રિયા એ દિઠ્ઠી;
તત્ત્વ તણી પ્રતિપત્તિ ઇહાં વળી, રોગ નહીં સુખપુઠ્ઠી રે;
ભવિકા, વીર વચન ચિત્ત ધરીએ. ૧

સઘળું પરવશ તે દુઃખલક્ષણ, નિજવશ તે સુખ લહીએ;
એ દૃષ્ટે આતમ ગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહીએ રે? ભ૦ ૨

નાગરસુખ પામર નવિ જાણે, વલ્લભ સુખ ન કુમારી;
અનુભવવિણ તેમ ધ્યાનતણું સુખ, કોણ જાણે નરનારી રે. ભ૦ ૩

એહ દૃષ્ટિમાં નિર્મળ બોધે, ધ્યાન સદા હોય સાચું;
દૂષણ રહિત નિરંતર જ્યોતિ, રત્ન તે દીપે જાચું રે. ભ૦ ૪

વિષભાગક્ષય, શાંતવાહિતા, શિવ મારગ ધ્રુવનામ;
કહે અસંગ ક્રિયા ઇહાં યોગી, વિમલ સુયશ પરિણામ રે. ભ૦ ૫

## આઠમી પરા દૃષ્ટિ

દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ પરા તસ જાણુંજી,
આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિસમ બોધ વખાણુંજી;
નિરતિચાર પદ એહમાં યોગી, કહિયે નહિ અતિચારીજી,
આરોહે આરૂઢે ગિરિને, તેમ એહની ગતિ ન્યારીજી. ૧

ચંદન ગંધ સમાન ક્ષમા ઇહાં, વાસકને ન ગવેષેજી,
આસંગે વર્જિત વળી એહમાં, કિરિયા નિજગુણ લેખેજી;
શિક્ષાથી જેમ રતન નિયોજન, દૃષ્ટિ ભિન્ન તેમ એહોજી,
તાસ નિયોગે કરણ અપૂરવ, લહે મુનિ કેવલ ગેહોજી. ૨

ક્ષીણ દોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વ લબ્ધિ ફલ ભોગીજી,
પર ઉપગાર કરી શિવસુખ તે, પામે યોગ અયોગીજી;
સર્વ શત્રુક્ષય સર્વ વ્યાધિલય, પૂરણ સર્વ સમીહાજી,
સર્વ અરથ યોગે સુખ તેહથી, અનંત ગુણ નિરીહાજી. ૩



## ઉપસંહાર

એ અડદિઠ્ઠી કહી સંક્ષેપે, યોગ શાસ્ત્ર સંકેતેજી,
કુલયોગી ને પ્રવૃત્તચક્ર જે, તેહ તણે હિત હેતેજી;
યોગી કુલે જાયા તસ ધર્મે, અનુગત તે કુલયોગીજી,
અદ્વેષી ગુરુ-દેવ-દ્વિજ-પ્રિય, દયાવંત ઉપયોગીજી. ૪

શુશ્રૂષાદિક અડગુણ સંપૂરણ, પ્રવૃત્તચક્ર તે કહિયેજી,
યમદ્વય લાભી પરદુગ અર્થી, આદ્ય અવંચક લહિયેજી;
ચાર અહિંસાદિક યમ ઇચ્છા, પ્રવૃત્તિ થિર સિદ્ધિનામેજી,
શુદ્ધ રુચે પાલ્યે અતિચારહ, ટાલે ફળ પરિણામેજી. ૫

કુલયોગી ને પ્રવૃત્તચક્રને, શ્રવણ શુદ્ધિ પક્ષપાતજી,
યોગદૃષ્ટિ ગ્રંથે હિત હોવે, તેણે કહી એ વાતજી;
શુદ્ધ ભાવ ને સૂની કિરિયા, બેહુમાં અંતર કેતોજી,
જલહલતો સૂરજ ને ખજુઓ, તાસ તેજમાં તેતોજી. ૬

ગુહ્ય ભાવ એ તેહને કહીએ, જેહસું અંતર ભાંજેજી,
જેહસું ચિત્ત પટંતર હોવે, તેહસું ગુહ્ય ન છાજેજી;
યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કરશે મોટી વાતોજી,
ખમશે તે પંડિત પરષદમાં, મુષ્ટિપ્રહાર ને લાતોજી. ૭

સભા ત્રણ શ્રોતા ગુણ અવગુણ, નંદીસૂત્રે દીસેજી,
તે જાણી એ ગ્રંથ યોગ્યને, દેજો સુગુણ જગીશેજી;
લોક પૂરજો નિજ નિજ ઇચ્છા, યોગ ભાવ ગુણરયણેજી,
શ્રી નયવિજય વિબુધ પયસેવક, વાચક યશને વયણેજી. ૮

# ૮૦. છહ ઢાળા

(અધ્યાત્મ કવિવર પંડિતશ્રી દૌલતરામજીકૃત)

ॐ

नमः सिद्धेभ्यः

## મંગલાચરણ

(સોરઠા છંદ)

તીન ભુવનમેં સાર, વીતરાગ વિજ્ઞાનતા;
શિવસ્વરૂપ શિવકાર, નમહું ત્રિયોગ સમ્હારિકૈં.

## પહેલી ઢાળ

### સંસારના દુઃખોનું વર્ણન

(ચૌપાઈ છન્દ)

જે ત્રિભુવન મેં જીવ અનન્ત, સુખ ચાહૈં દુખ તૈં ભયવન્ત;
તાતૈં દુઃખહારી સુખકાર, કહૈં સીખ ગુરુ કરુણા ધાર. ૧

તાહિ સુનો ભવિ મન થિર આન, જો ચાહો અપનો કલ્યાણ;
મોહ મહામદ પિયૌ અનાદિ, ભૂલ આપકો ભરમત વાદિ. ૨

તાસ ભ્રમણકી હૈ બહુ કથા, પૈ કછુ કહૂં કહી મુનિ યથા;
કાલ અનન્ત નિગોદ મંઝાર, બીત્યો એકેન્દ્રિય તન ધાર. ૩

એક શ્વાસમેં અઠ-દસ બાર, જન્મ્યો મર્યો, ભર્યો દુખભાર;
નિકસિ ભૂમિ જલ પાવક ભયો, પવન પ્રત્યેક વનસ્પતિ થયો. ૪

દુર્લભ લહિ જ્યોં ચિન્તામણી, ત્યોં પર્યાય લહી ત્રસતણી;
લટ-પિપીલ-અલિ આદિ શરીર, ધર-ધર મર્યૌ સહી બહુ પીર. ૫



કબહું પંચેન્દ્રિય પશુ ભયો, મન બિન નિપટ અજ્ઞાની થયો;
સિંહાદિક સૈની હ્વૈ ક્રૂર, નિબલ પશુ હતિ ખાયે ભૂર. ૬

કબહું આપ ભયો બલહીન, સબલનિ કરિ ખાયો અતિદીન;
છેદન-ભેદન ભૂખ-પિયાસ, ભાર-વહન હિમ-આતપ ત્રાસ. ૭

વધ-બંધન આદિક દુખ ઘને, કોટિ જીભતૈં જાત ન ભને;
અતિ સંક્લેશ ભાવતૈં મર્યો, ઘોર શ્વભ્રસાગરમેં પર્યો. ૮

તહાં ભૂમિ પરસત દુખ ઈસો, બિચ્છૂ સહસ ડસૈં નહિં તિસો;
તહાં રાધ-શ્રોણિત વાહિની, કૃમિ-કુલ કલિત દેહ દાહિની. ૯

સેમર તરુ દલજુત અસિપત્ર, અસિ જ્યોં દેહ વિદારૈં તત્ર;
મેરુ સમાન લોહ ગલિ જાય, ઐસી શીત ઉષ્ણતા થાય. ૧૦

તિલ-તિલ કરૈં દેહકે ખંડ, અસુર ભિડાવૈં દુષ્ટ પ્રચંડ;
સિંધુ-નીર તૈં પ્યાસ ન જાય, તો પણ એક ન બૂંદ લહાય. ૧૧

તીનલોક કો નાજ જુ ખાય, મિટૈ ન ભૂખ કણા ન લહાય;
યે દુખ બહુ સાગર લૌં સહૈ, કરમ-જોગતૈં નરગતિ લહૈ. ૧૨

જનની ઉદર વસ્યો નવ માસ, અંગ સકુચતૈં પાઈ ત્રાસ;
નિકસત જે દુખ પાયે ઘોર, તિનકો કહત ન આવે ઓર. ૧૩

બાલપને મેં જ્ઞાન ન લહ્યો, તરુણ સમય તરુણી-રત રહ્યો;
અર્દ્ધમૃતક સમ બૂઢાપનો, કૈસે રૂપ લખૈ આપનો. ૧૪

કભી અકામ-નિર્જરા કરૈ, ભવનત્રિકમેં સુરતન ધરૈ;
વિષયચાહ-દાવાનલ દહ્યો, મરત વિલાપ કરત દુખ સહ્યો. ૧૫

જો વિમાનવાસી હૂં થાય, સમ્યગ્દર્શન બિન દુખ પાય;
તહંતૈં ચય થાવર-તન ધરૈ, યોં પરિવર્તન પૂરે કરૈ. ૧૬

## બીજી ઢાળ

### સંસારભ્રમણનું કારણ

(પદ્ધરી છંદ)

ઐસે મિથ્યા-દગ-જ્ઞાન-ચર્ણ વશ, ભ્રમત ભરત દુખ જન્મ-મર્ણ;
તાતૈં ઇનકો તજિયે સુજાન, સુન તિન સંક્ષેપ કહૂં બખાન. ૧

જીવાદિ પ્રયોજનભૂત તત્ત્વ, સરધૈં તિનમાહિં વિપર્યયત્વ;
ચેતન કો હૈ ઉપયોગરૂપ, બિનમૂરત ચિન્મૂરત અનૂપ. ૨

પુદ્‌ગલ નભ ધર્મ અધર્મ કાલ, ઇનતૈં ન્યારી હૈ જીવ ચાલ;
તાકો ન જાન વિપરીત માન, કરિ કરૈ દેહ મેં નિજ પિછાન. ૩

મૈં સુખી દુખી મૈં રંક-રાવ, મેરે ધન ગૃહ ગોધન પ્રભાવ;
મેરે સુત તિય મૈં સબલ દીન, બેરુપ-સુભગ-મૂરખ પ્રવીન. ૪

તન ઉપજત અપની ઉપજ જાન, તન નશત આપકો નાશ માન;
રાગાદિ પ્રગટ યે દુઃખ દૈન, તિનહી કો સેવત ગિનત ચૈન. ૫

શુભ-અશુભ બંધકે ફલ મંઝાર, રતિ-અરતિ કરૈ નિજપદ વિસાર;
આતમહિત હેતુ વિરાગ જ્ઞાન, તે લખૈં આપકો કષ્ટદાન. ૬

રોકી ન ચાહ નિજશક્તિ ખોય, શિવરૂપ નિરાકુલતા ન જોય;
યાહી પ્રતીતિજુત કછુક જ્ઞાન, સો દુખદાયક અજ્ઞાન જાન. ૭

ઇન જુત વિષયનિમેં જો પ્રવૃત્ત, તાકો જાનો મિથ્યાચરિત્ત;
યોં મિથ્યાત્વાદિ નિસર્ગ જેહ, અબ જે ગૃહીત સુનિયે સુ તેહ. ૮

જો કુગુરુ કુદેવ કુધર્મ સેવ, પોષૈં ચિર દર્શનમોહ એવ;
અન્તર રાગાદિક ધરૈં જેહ, બાહર ધન અંબર તૈં સનેહ. ૯



ધારૈં કુલિંગ લહિ મહત ભાવ, તે કુગુરુ જન્મ-જલ ઉપલ-નાવ;
જો રાગ-દ્વેષ મલકરિ મલીન, વનિતા ગદાદિજુત ચિન્હ ચીન. ૧૦

તે હૈં કુદેવ તિનકી જુ સેવ, શઠ કરત ન તિન ભવ-ભ્રમણ છેવ;
રાગાદિ ભાવહિંસા સમેત, દર્વિત ત્રસ થાવર મરણ ખેત. ૧૧

જે ક્રિયા તિન્હૈં જાનહુ કુધર્મ, તિન સરધૈં જીવ લહૈ અશર્મ;
યાકૂં ગૃહીત મિથ્યાત્વ જાન, અબ સુન ગૃહીત જો હૈ અજ્ઞાન. ૧૨

એકાન્તવાદ-દૂષિત સમસ્ત, વિષયાદિક પોષક અપ્રશસ્ત;
કપિલાદિ-રચિત શ્રુત કો અભ્યાસ, સો હૈ કુબોધ બહુ દેન ત્રાસ. ૧૩

જો ખ્યાતિ લાભ પૂજાદિ ચાહ, ધરિ કરન વિવિધ-વિધ દેહ-દાહ;
આતમ-અનાત્મ કે જ્ઞાનહીન, જે જે કરની તન કરન છીન. ૧૪

તે સબ મિથ્યાચારિત્ર ત્યાગ, અબ આતમકે હિત પંથ લાગ;
જગજાલ-ભ્રમણકો દેહુ ત્યાગ, અબ 'દૌલત' નિજ આતમ સુપાગ. ૧૫

## ત્રીજી ઢાળ

### સાચું સુખ, મોક્ષમાર્ગ, સાત તત્ત્વ, સમ્યગ્દષ્ટિનો મહિમા

(નરેન્દ્ર છંદ : જોગીરાસા)

આતમકો હિત હૈ સુખ સો સુખ, આકુલતા બિન કહિયે,
આકુલતા શિવમાંહિ ન તાતૈં, શિવમગ લાગ્યો ચહિયે;
સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરણ શિવમગ, સો દુવિધ વિચારો,
જો સત્યારથ-રૂપ સો નિશ્ચય, કારણ સો વ્યવહારો. ૧

પરદ્રવ્યનતૈં ભિન્ન આપમેં, રુચિ સમ્યક્ત્વ ભલા હૈ,
આપરૂપકો જાનપનોં સો, સમ્યક્જ્ઞાન કલા હૈ;

આપરૂપ મેં લીન રહે થિર, સમ્યક્ચારિત સોઈ,
અબ વ્યવહાર મોક્ષમગ સુનિયે, હેતુ નિયત કો હોઈ. ૨

જીવ અજીવ તત્ત્વ અરુ આસ્રવ, બંધ રુ સંવર જાનો,
નિર્જર મોક્ષ કહે જિન તિનકો, જ્યોં કા ત્યોં સરધાનો;
હૈ સોઈ સમકિત વ્યવહારી, અબ ઈન રૂપ બખાનો.
તિનકો સુન સામાન્ય-વિશેષૈં, દઢ પ્રતીતિ ઉર આનો. ૩

બહિરાતમ, અન્તર-આતમ, પરમાતમ જીવ ત્રિધા હૈ,
દેહ-જીવ કો એક ગિનૈ, બહિરાતમ તત્ત્વ મુધા હૈ;
ઉત્તમ મધ્યમ જઘન ત્રિવિધ કે, અન્તર આતમ જ્ઞાની,
દ્વિવિધ સંગ બિન શુધ ઉપયોગી, મુનિ ઉત્તમ નિજધ્યાની. ૪

મધ્યમ અન્તર આતમ હૈં જે, દેશવ્રતી અનગારી,
જઘન કહે અવિરત સમદૃષ્ટિ, તીનોં શિવ-મગચારી;
સકલ નિકલ પરમાતમ દ્વૈવિધ, તિનમેં ઘાતિ નિવારી,
શ્રી અરહંત સકલ પરમાતમ, લોકાલોક નિહારી. ૫

જ્ઞાનશરીરી ત્રિવિધ કર્મમલ-વર્જિત સિદ્ધ મહંતા,
તે હૈં નિકલ અમલ પરમાતમ, ભોગૈં શર્મ અનંતા;
બહિરાતમતા હેય જાનિ તજિ, અન્તર-આતમ હૂજૈ,
પરમાતમ કો ધ્યાન નિરન્તર, જો નિત આનંદ પૂજૈ. ૬

ચેતનતા બિન સો અજીવ હૈ, પંચ ભેદ તાકે હૈં,
પુદ્ગલ પંચ વરન-રસ, ગંધ-દો, ફરસ વસૂ જાકે હૈં;
જિય પુદ્ગલ કો ચલન સહાઈ, ધર્મ દ્રવ્ય અનરૂપી,
તિષ્ઠત હોય અધર્મ સહાઈ, જિન બિન-મૂર્તિ નિરૂપી. ૭



સકલ દ્રવ્ય કો વાસ જાસ મેં, સો આકાશ પિછાનો,
નિયત વર્તના નિશિ-દિન સો, વ્યવહારકાલ પરિમાનો;
યોં અજીવ, અબ આસ્રવ સુનિયે, મન-વચ-કાય ત્રિયોગા,
મિથ્યા અવિરતિ અરુ કષાય, પરમાદ સહિત ઉપયોગા. ૮

યે હી આતમ કો દુખ-કારણ, તાતૈં ઈનકો તજિયે,
જીવ પ્રદેશ બંધૈં વિધિ સૌં સો, બંધન કબહું ન સજિયે;
શમ-દમ તૈં જો કર્મ ન આવૈં, સો સંવર આદરિયે,
તપ-બલ તૈં વિધિ-ઝરન નિર્જરા, તાહિ સદા આચરિયે. ૯

સકલ કર્મતૈં રહિત અવસ્થા, સો શિવ થિર સુખકારી,
ઈહિ વિધિ જો સરધા તત્ત્વન કી, સો સમકિત વ્યવહારી;
દેવ જિનેન્દ્ર, ગુરુ પરિગ્રહ બિન, ધર્મ દયાજુત સારો,
યે હુ માન સમકિત કો કારણ, અષ્ટ-અંગ-જુત ધારો. ૧૦

વસુ મદ ટારિ નિવારિ ત્રિશઠતા, ષટ્ અનાયતન ત્યાગો,
શંકાદિક વસુ દોષ બિના, સંવેગાદિક ચિત પાગો;
અષ્ટ અંગ અરુ દોષ પચીસૌં, તિન સંક્ષેપૈ કહિયે,
બિન જાને તૈં દોષ ગુનન કો, કૈસે તજિયે ગહિયે. ૧૧

જિન-વચમેં શંકા ન ધાર, વૃષ ભવસુખ-વાંછા ભાનૈ,
મુનિ-તન મલિન ન દેખ ઘિનાવૈ, તત્ત્વ-કુતત્ત્વ પિછાનૈ;
નિજ-ગુણ અરુ પર-ઔગુણ ઢાંકૈ, વા નિજધર્મ બઢાવૈ,
કામાદિક કર વૃષતૈં ચિગતે, નિજ-પરકો સુ દિઢાવૈ. ૧૨

ધર્મી સૌં ગૌ-વચ્છપ્રીતિ સમ, કર જિનધર્મ દિપાવૈ,
ઈન ગુણ તૈં વિપરીત દોષ વસુ, તિનકોં સતત ખિપાવૈ;
પિતા ભૂપ વા માતુલ નૃપ જો, હોય ન તૌ મદ ઠાનૈ,
મદ ન રૂપકૌ, મદ ન જ્ઞાનકૌ, ધન-બલકૌ મદ ભાનૈ. ૧૩

તપ કૌ મદ ન, મદ જુ પ્રભુતા કૌ કરૈ ન, સો નિજ જાનૈ,
મદ ધારૈ તો યહી દોષ વસુ, સમકિત કો મલ ઠાનૈ;
કુગુરુ-કુદેવ-કુવૃષ સેવક કી, નહિં પ્રશંસ ઉચરૈ હૈં,
જિનમુનિ જિનશ્રુત બિન કુગુરાદિક, તિન્હૈં ન નમન કરૈ હૈં. ૧૪

દોષરહિત ગુણસહિત સુધી જે, સમ્યગ્દરશ સજૈ હૈં,
ચરિતમોહવશ લેશ ન સંજમ, પૈ સુરનાથ જજૈ હૈં;
ગેહી, પૈ ગૃહમેં ન રચૈં જ્યોં, જલતૈં ભિન્ન કમલ હૈં,
નગરનારિ કો પ્યાર યથા, કાદે મેં હેમ અમલ હૈં. ૧૫

પ્રથમ નરક બિન ષટ્ ભૂ જ્યોતિષ, વાન ભવન ષંઢ નારી,
થાવર વિકલત્રય પશુ મેં નહિં, ઉપજત સમ્યક્ ધારી;
તીનલોક તિહુંકાલ માંહિ નહિં, દર્શન સો સુખકારી,
સકલ ધરમ કો મૂલ યહી, ઈસ બિન કરની દુખકારી. ૧૬

મોક્ષમહલ કી પરથમ સીઢી, યા બિન જ્ઞાન ચરિત્રા,
સમ્યક્તા ન લહૈ, સો દર્શન, ધારો ભવ્ય પવિત્રા;
'દૌલ' સમઝ સુન ચેત સયાને, કાલ વૃથા મત ખોવૈ,
યહ નરભવ ફિર મિલન કઠિન હૈ, જો સમ્યક્ નહિં હોવૈ. ૧૭

## ચોથી ઢાળ

### સમ્યગ્જ્ઞાન-ચારિત્રના ભેદ, શ્રાવકના વ્રત, ધર્મની દુર્લભતા

(દોહા)

સમ્યક્ શ્રદ્ધા ધારિ પુનિ, સેવહુ સમ્યગ્જ્ઞાન;
સ્વ-પર અર્થ બહુ ધર્મજુત, જો પ્રગટાવન ભાન. ૧



(રોલા છંદ)

સમ્યક્ સાથૈ જ્ઞાન હોય, પૈ ભિન્ન અરાધૌ,
લક્ષણ શ્રદ્ધા જાનિ, દુહૂ મેં ભેદ અબાધૌ;
સમ્યક્ કારણ જાન, જ્ઞાન કારજ હૈ સોઈ,
યુગપત્ હોતે હૂ, પ્રકાશ દીપકતૈં હોઈ. ૨

તાસ ભેદ દો હૈં, પરોક્ષ પરતછિ તિન માંહીં,
મતિ શ્રુત દોય પરોક્ષ, અક્ષ મનતૈં ઉપજાહીં;
અવધિજ્ઞાન મનપર્જય દો હૈં દેશ-પ્રતચ્છા,
દ્રવ્ય ક્ષેત્ર પરિમાણ લિયે જાનૈં જિય સ્વચ્છા. ૩

સકલ દ્રવ્ય કે ગુન અનંત, પરજાય અનંતા,
જાનૈ એકૈ કાલ પ્રગટ, કેવલિ ભગવન્તા;
જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકો કારણ,
ઈહ પરમામૃત જન્મ-જરા-મૃતુ રોગ-નિવારણ. ૪

કોટિ જન્મ તપ તપૈં, જ્ઞાન બિન કર્મ ઝરૈં જે,
જ્ઞાની કે છિન માંહિ ત્રિગુપ્તિ તૈં સહજ ટરૈં તે;
મુનિવ્રત ધાર અનંતબાર ગ્રીવક ઉપજાયૌ,
પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયૌ. ૫

તાતૈં જિનવર-કથિત તત્ત્વ અભ્યાસ કરીજૈ,
સંશય વિભ્રમ મોહ ત્યાગ, આપો લખ લીજૈ;
યહ માનુષ પર્યાય, સુકુલ સુનિવૌ જિનવાની,
ઈહ વિધિ ગયે ન મિલૈ, સુમણિ જ્યોં ઉદધિ સમાની. ૬

ધન સમાજ ગજ બાજ, રાજ તો કાજ ન આવૈ,
જ્ઞાન આપકો રૂપ ભયે, ફિર અચલ રહાવૈ;

તાસ જ્ઞાનકો કારન, સ્વ-પર વિવેક બખાનૌ,
કોટિ ઉપાય બનાય ભવ્ય, તાકો ઉર આનૌ. ૭

જે પૂરવ શિવ ગયે, જાહિં, અરુ આગે જૈહૈં,
સો સબ મહિમા જ્ઞાનતની, મુનિનાથ કહૈ હૈં;
વિષય-ચાહ દવ-દાહ, જગત-જન અરનિ દઝાવૈ,
તાસ ઉપાય ન આન, જ્ઞાન-ઘનઘાન બુઝાવૈ. ૮

પુણ્ય-પાપ ફલમાહિં, હરખ વિલખૌ મત ભાઈ,
યહ પુદ્ગલ પરજાય, ઉપજિ વિનસૈ ફિર થાઈ;
લાખ બાત કી બાત, યહૈ નિશ્ચય ઉર લાઓ,
તોરિ સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ. ૯

સમ્યગ્જ્ઞાની હોય બહુરિ, દઢ ચારિત લીજૈ,
એકદેશ અરુ સકલદેશ, તસુ ભેદ કહીજૈ;
ત્રસહિંસા કો ત્યાગ, વૃથા થાવર ન સંહારૈ,
પર-વધકાર કઠોર નિંદ્ય નહિં વયન ઉચારૈ. ૧૦

જલ-મૃતિકા બિન ઔર, નાહિં કછુ ગહૈ અદત્તા,
નિજ વનિતા બિન સકલ, નારિસૌં રહૈ વિરત્તા;
અપની શક્તિ વિચાર, પરિગ્રહ થોરો રાખૈ,
દશ દિશ ગમન પ્રમાણ ઠાન, તસુ સીમ ન નાખૈ. ૧૧

તાહૂ મેં ફિર ગ્રામ, ગલી ગૃહ બાગ બજારા,
ગમનાગમન પ્રમાણ, ઠાન અન સકલ નિવારા;
કાહૂ કી ધનહાનિ, કિસી જય-હાર ન ચિન્તૈં,
દેય ન સો ઉપદેશ, હોય અઘ વનજ કૃષી તૈં. ૧૨

કર પ્રમાદ જલ ભૂમિ, વૃક્ષ પાવક ન વિરાધૈ,
અસિ ધનુ હલ હિંસોપકરણ નહિં દે યશ લાધૈ;



રાગ-દ્વેષ કરતાર કથા, કબહૂં ન સુનીજૈ,
ઔર હુ અનરથ દંડ, હેતુ અઘ તિન્હેં ન કીજૈ. ૧૩

ધર ઉર સમતાભાવ, સદા સામાયિક કરિયે,
પરવ ચતુષ્ટયમાંહિ, પાપ તજ પ્રોષધ ધરિયે;
ભોગ ઔર ઉપભોગ, નિયમ કરિ મમત નિવારૈ,
મુનિ કો ભોજન દેય, ફેર નિજ કરહિં અહારૈ. ૧૪

બારહ વ્રત કે અતિચાર, પન પન ન લગાવૈ,
મરણ-સમય સંન્યાસ ધારિ, તસુ દોષ નશાવૈ;
યોં શ્રાવક વ્રત પાલ, સ્વર્ગ સોલહ ઉપજાવૈ,
તહં તૈં ચય નરજન્મ પાય, મુનિ હ્વૈ શિવ જાવૈ. ૧૫

## પાંચમી ઢાળ

### બાર ભાવના

(ચાલ છન્દ)

મુનિ સકલવ્રતી બડભાગી, ભવ-ભોગનતૈં વૈરાગી;
વૈરાગ્ય ઉપાવન માઈ, ચિંતૈં અનુપ્રેક્ષા ભાઈ. ૧

ઈન ચિન્તત સમસુખ જાગૈ, જિમિ જ્વલન પવન કે લાગૈ;
જબ હી જિય આતમ જાનૈ, તબ હી જિય શિવસુખ ઠાનૈ. ૨

જોબન ગૃહ ગો ધન નારી, હય ગય જન આજ્ઞાકારી;
ઈન્દ્રિય-ભોગ છિન થાઈ, સુરધનુ ચપલા ચપલાઈ. ૩

સુર અસુર ખગાધિપ જેતે, મૃગ જ્યોં હરિ, કાલ દલે તે;
મણિ મંત્ર તંત્ર બહુ હોઈ, મરતે ન બચાવે કોઈ. ૪

ચહુંગતિ દુઃખ જીવ ભરૈ હૈ, પરિવર્તન પંચ કરૈ હૈ;
સબ વિધિ સંસાર અસારા, યામેં સુખ નાહિં લગારા. ૫

શુભ-અશુભ કરમ ફલ જેતે, ભોગૈ જિય એકહિ તે તે;
સુત દારા હોય ન સીરી, સબ સ્વારથ કે હૈં ભીરી. ૬

જલ-પય જ્યોં જિય-તન મેલા, પૈ ભિન્ન ભિન્ન નહિં ભેલા;
તો પ્રગટ જુદે ધન ધામા, ક્યોં હ્વૈં ઇક મિલિ સુત રામા. ૭

પલ રુધિર રાધ મલ થૈલી, કીકસ વસાદિતૈં મૈલી;
નવ દ્વાર બહૈં ઘિનકારી, અસ દેહ કરૈ કિમ યારી. ૮

જો યોગન કી ચપલાઈ, તાતૈં હ્વૈ આસ્રવ ભાઈ;
આસ્રવ દુખકાર ઘનેરે, બુધિવન્ત તિન્હેં નિરવેરે. ૯

જિન પુણ્ય-પાપ નહિં કીના, આતમ અનુભવ ચિત દીના;
તિનહી વિધિ આવત રોકે, સંવર લહિ સુખ અવલોકે. ૧૦

નિજકાલ પાય વિધિ ઝરના, તાસોં નિજ કાજ ન સરના;
તપ કરિ જો કર્મ ખિપાવૈ, સોઈ શિવસુખ દરસાવૈ. ૧૧

કિનહૂ ન કરૌ ન ધરૈ કો, ષટ્દ્રવ્યમયી ન હરૈ કો;
સો લોકમાંહિ બિન સમતા, દુખ સહૈ જીવ નિત ભ્રમતા. ૧૨

અંતિમ ગ્રીવકલૌં કી હદ, પાયો અનંત બિરિયાં પદ;
પર સમ્યગ્જ્ઞાન ન લાધૌ, દુર્લભ નિજમેં મુનિ સાધૌ. ૧૩

જો ભાવ મોહ તૈં ન્યારે, દગ-જ્ઞાન-વ્રતાદિક સારે;
સો ધર્મ જબૈ જિય ધારૈ, તબ હી સુખ અચલ નિહારૈ. ૧૪

સો ધર્મ મુનિન કરિ ધરિયે, તિનકી કરતૂતિ ઉચરિયે;
તાકોં સુનિયે ભવિ પ્રાની, અપની અનુભૂતિ પિછાની. ૧૫



# છઠ્ઠી ઢાળ

## મુનિ અને અરહન્ત-સિદ્ધનું સ્વરૂપ તથા શીઘ્ર આત્મહિત કરવાનો ઉપદેશ

(હરિગીત છંદ)

ષટ્કાય જીવ ન હનનતૈં, સબ વિધ દરવહિંસા ટરી,
રાગાદિ ભાવ નિવારતૈં, હિંસા ન ભાવિત અવતરી;
જિનકે ન લેશ મૃષા ન જલ, મૃણ હૂ વિના દીયો ગહૈં,
અઠદશસહસ વિધિ શીલ ધર, ચિદ્બ્રહ્મ મેં નિત રમિ રહૈં. ૧

અંતર ચતુર્દસ ભેદ બાહિર, સંગ દસધા તૈં ટલૈં,
પરમાદ તજિ ચૌકર મહી લખિ, સમિતિ ઈર્યા તૈં ચલૈં;
જગ-સુહિતકર સબ અહિતહર, શ્રુતિ સુખદ સબ સંશય હરૈં,
ભ્રમરોગ-હર જિનકે વચન, મુખચન્દ્ર તૈં અમૃત ઝરૈં. ૨

છયાલીસ દોષ વિના સુકુલ, શ્રાવકતનૈં ઘર અશન કો,
લૈં તપ બઢાવન હેતુ નહિં તન પોષતે, તજિ રસન કો;
શુચિ જ્ઞાન સંયમ ઉપકરણ, લખિકૈં ગહૈં લખિકૈં ધરૈં,
નિર્જંતુ થાન વિલોકિ તન, મલ-મૂત્ર-શ્લેષ્મ પરિહરૈં. ૩

સમ્યક્ પ્રકાર નિરોધ મન વચ કાય, આતમ ધ્યાવતે,
તિન સુથિર મુદ્રા દેખિ મૃગગણ, ઉપલ ખાજ ખુજાવતે;
રસ રૂપ ગંધ તથા ફરસ અરુ, શબ્દ શુભ અસુહાવને,
તિનમેં ન રાગ વિરોધ, પંચેન્દ્રિય-જયન પદ પાવને. ૪

સમતા સમ્હારૈં, થુતિ ઉચ્ચારૈં, વન્દના જિનદેવ કો,
નિત કરૈં શ્રુતિરતિ કરૈં પ્રતિક્રમ, તજૈં તન અહમેવ કો;

જિનકે ન ન્હૌન, ન દંતધોવન, લેશ અમ્બર આવરન,
ભૂમાંહિ પિછલી રયનિ મેં, કછુ શયન એકાસન કરન. ૫

ઇક બાર દિન મેં લૈં અહાર, ખડે અલપ નિજ-પાન મેં,
કચલોંચ કરત ન ડરત પરિષહ, સોં લગે નિજ ધ્યાન મેં;
અરિ-મિત્ર મહલ-મસાન કંચન, કાંચ નિન્દન-થુતિકરન,
અર્ઘાવતારન અસિ-પ્રહારન મેં સદા સમતા ધરન. ૬

તપ તપૈં દ્વાદશ, ધરૈં વૃષ દશ, રતનત્રય સેવૈં સદા,
મુનિ સાથ મેં વા એક વિચરૈં, ચહૈં નહિં ભવસુખ કદા;
યોં હૈ સકલ સંયમ ચરિત, સુનિયે સ્વરૂપાચરન અબ,
જિસ હોત પ્રગટૈ આપની નિધિ, મિટૈ પરકી પ્રવૃત્તિ સબ. ૭

જિન પરમ પૈની સુબુધિ છૈની, ડારિ અન્તર ભેદિયા,
વરણાદિ અરુ રાગાદિતૈં નિજ ભાવ કો ન્યારા કિયા;
નિજમાંહિ નિજકે હેતુ નિજકર, આપકો આપૈ ગહ્યો,
ગુણ ગુણી જ્ઞાતા જ્ઞાન જ્ઞેય, મંઝાર કછુ ભેદ ન રહ્યો. ૮

જહં ધ્યાન-ધ્યાતા-ધ્યેય કો, ન વિકલ્પ વચ-ભેદ ન જહાં,
ચિદ્ભાવ કર્મ, ચિદેશ કર્તા, ચેતના કિરિયા તહાં;
તીનોં અભિન્ન અખિન્ન શુધ ઉપયોગ કી નિશ્ચલ દશા,
પ્રગટી જહાં દગ-જ્ઞાન-વ્રત યે, તીનધા એકૈ લસા. ૯

પરમાણ નય નિક્ષેપ કો ન, ઉદ્યોત અનુભવ મેં દિખૈ,
દગ-જ્ઞાન-સુખ-બલમય સદા, નહિં આન ભાવ જુ મો વિખૈ;
મૈં સાધ્ય-સાધક, મૈં અબાધક, કર્મ અરુ તસુ ફલનિતૈં,
ચિત્-પિંડ ચંડ અખંડ સુગુણકરંડ ચ્યુત પુનિ કલનિતૈં. ૧૦



યોં ચિંત્ય નિજ મેં થિર ભયે, તિન અકથ જો આનંદ લહ્યો,
સો ઇન્દ્ર નાગ નરેન્દ્ર વા, અહમિન્દ્ર કે નાહીં કહ્યો;
તબ હી શુકલ ધ્યાનાગ્નિ કરિ, ચઉઘાતિ વિધિ કાનન દહ્યો,
સબ લખ્યો કેવલજ્ઞાન કરિ, ભવિલોક કો શિવમગ કહ્યો. ૧૧

પુનિ ઘાતિ શેષ અઘાતિ વિધિ, છિનમાહિં અષ્ટમ ભૂ બસૈં,
વસુ કર્મ વિનસૈ સુગુણ વસુ, સમ્યક્ત્વ આદિક સબ લસૈં;
સંસાર ખાર અપાર પારાવાર તરિ તીરહિં ગયે,
અવિકાર અચલ અરૂપ શુચિ, ચિદ્રૂપ અવિનાશી ભયે. ૧૨

નિજમાહિં લોક-અલોક ગુણ, પરજાય પ્રતિબિમ્બિત થયે,
રહિહૈં અનંતાનંત કાલ, યથા તથા શિવ પરિણયે;
ધનિ ધન્ય હૈં જે જીવ, નરભવ પાય યહ કારજ કિયા,
તિનહી અનાદિ ભ્રમણ પંચ પ્રકાર તજિ, વર સુખ લિયા. ૧૩

મુખ્યોપચાર દુ ભેદ યોં, બડભાગિ રત્નત્રય ધરૈં,
અરુ ધરેંગે તે શિવ લહૈં, તિન સુયશ-જલ જગ-મલ હરૈં;
ઇમિ જાનિ આલસ હાનિ, સાહસ ઠાનિ, યહ સિખ આદરૌ,
જબલૌં ન રોગ જરા ગહૈ, તબલૌં ઝટિતિ નિજ હિત કરૌ. ૧૪

યહ રાગ-આગ દહૈ સદા, તાતૈં સમામૃત સેઇયે,
ચિર ભજે વિષય-કષાય અબ તો, ત્યાગ નિજપદ બેઇયે;
કહા રચ્યો પર પદ મેં, ન તેરો પદ યહૈ, ક્યોં દુઃખ સહૈ,
અબ 'દૌલ' હોઉ સુખી સ્વપદ રચિ, દાવ મત ચૂકો યહૈ. ૧૫

- ક્ષમાપના ......................(જુઓ પૃષ્ઠ સંખ્યા ૯)
- વીતરાગનો કહેલો ધર્મ ............(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૦)
- દુર્લભ એવો મનુષ્યદેહ ............(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૧)
- પ્રણિપાત સ્તુતિ (હે પરમકૃપાળુ દેવ)....(જુઓ પૃષ્ઠ સંખ્યા ૧૨)

## અંત મંગલ

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ. ૧

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો. ૨



## ૮૧. ક્ષમાપના પાઠનું પદ્ય

હે નાથ ! ભૂલી હું ભવસાગરમાં ભટક્યો;
નહિ અધમ કામ કરતાં, હું કદી પણ અટક્યો. ૧

તમ વચન અમૂલખ, લક્ષમાંહી નહિ લીધાં;
નહિ તત્ત્વવિચારથી, કહ્યાં તમારાં કીધાં. ૨

સેવ્યું નહિ ઉત્તમ, શીલ પ્રણીત તમારું;
તજી યાદી આપની, મેં જ બગાડયું મારું. ૩

પ્રભુ ! દયા, શાંતિ ને ક્ષમા આદિ મેં છોડી;
વળી પવિત્રતાની, ઓળખાણ પણ તોડી. ૪

હું ભૂલ્યો, આથડ્યો, અને રખડ્યો ભારી;
આ સંસારે વિભુ, વિટંબના થઈ મારી. ૫

હું પાપી મદોન્મત્ત, મલિન કર્મના રજથી;
વિણ તત્ત્વ મોક્ષ મેળવાય નહીં, પ્રભુ ! મુજથી. ૬

હે પરમાત્મા ! હું પ્રપંચમાંહિ પડ્યો છું;
હું મૂઢ, નિરાશ્રિત, મહા ખુવાર બન્યો છું. ૭

બની અંધ અમિત અજ્ઞાનથી ભૂલ્યો ભક્તિ;
નથી નિશ્ચય મુજમાં, નાથ ! વિવેકની શક્તિ. ૮

ઓ રાગરહિત પ્રભુ ! મુજને જાણી અનાથ;
આ દીન દાસનો ગ્રહો હેતથી હાથ. ૯

હું શરણ હવે તો ગ્રહણ કરું છું તમારું;
તુમ ધર્મ સાથ તુમ મુનિનું શરણ સ્વીકારું. ૧૦

હું માગું છું પ્રભુ ! મુજ અપરાધની માફી;
કરી દીઓ પાપથી મુક્ત, કહું પછી કાંહી. ૧૧

એ અભિલાષા અવિનાશી, પૂરણ કરજો;
મુજ દોષ દયાનિધિ, દેવ દિલે નવિ ધરજો. ૧૨

હું પાપનો પશ્ચાત્તાપ હવે કરું છું;
વળી સૂક્ષ્મ વિચારથી, સદા ઊંડો ઊતરું છું. ૧૩

તુમ તત્ત્વ ચમત્કૃતિ, નજરે તૂર્ત તરે છે;
એ મુજ સ્વરૂપનો, વિકાસ નાથ કરે છે. ૧૪

છો આપ નીરાગી, અનંત ને અવિકારી;
વળી સ્વરૂપ સત્ ચિદાનંદ ગણું સુખકારી. ૧૫

છો સહજાનંદી અનંતદર્શી જ્ઞાની;
ત્રૈલોક્યપ્રકાશક, નાથ ! શું આપું નિશાની ? ૧૬

મુજ હિત અર્થે દઉં, સાક્ષી માત્ર તમારી;
હું ક્ષમા ચાહું, મતિ સદા આપજો સારી. ૧૭

તુમ પ્રણીત તત્ત્વમાં, શંકાશીલ ન થાઉં;
જે આપ બતાવો, માર્ગ ત્યાં જ હું જાઉં. ૧૮

મુજ આકાંક્ષા ને, વૃત્તિ એવી નિત્ય થાજો;
લઈ શકું જેથી હું, મહદ્ મુક્તિનો લ્હાવો. ૧૯

હે સર્વજ્ઞ પ્રભુ ! શું વિશેષ કહું હું તમને;
નથી લેશ અજાણ્યું, આપથી નિશ્ચય મુજને. ૨૦

હું કેવલ પશ્ચાત્તાપથી દિલ દહું છું;
મુજ કર્મજન્ય પાપની ક્ષમા ચાહું છું. ૨૧

ૐ શાંતિ શાંતિ, કરો કૃપાળુ શાંતિ;
ગુરુ રાજચંદ્ર જિન વચન, હરો મમ ભ્રાંતિ. ૨૨



## ૮૨. શ્રી બૃહદ્ આલોચના

(શ્રી લાલાજી રણજિતસિંહજી કૃત)

(દોહા)

સિદ્ધ શ્રી પરમાતમા, અરિગંજન અરિહંત;
ઈષ્ટ દેવ વંદું સદા, ભયભંજન ભગવંત. ૧

અરિહા સિદ્ધ સમરું સદા, આચારજ ઉવજ્ઝાય;
સાધુ સકળકે ચરનકું, વંદું શિષ નમાય. ૨

શાસન નાયક સમરિયે, ભગવંત વીર જિનંદ;
અલિય વિઘન દૂરે હરે, આપે પરમાનંદ. ૩

અંગૂઠે અમૃત વસે, લબ્ધિતણો ભંડાર;
શ્રીગુરુ ગૌતમ સમરિયે, વાંછિત ફલ દાતાર. ૪

શ્રી ગુરુદેવ પ્રસાદસેં, હોત મનોરથ સિદ્ધ;
ઘન વરસત વેલી તરુ, ફૂલ ફલનકી વૃદ્ધ. ૫

પંચ પરમેષ્ઠી દેવકો, ભજનપૂર પહિચાન;
કર્મ અરિ ભાજે સબી, હોવે પરમ કલ્યાન. ૬

શ્રી જિનયુગપદકમલમેં, મુજ મન ભ્રમર વસાય;
કબ ઊગે વો દિનકરુ, શ્રીમુખ દરિસન પાય. ૭

પ્રણમી પદપંકજ ભણી, અરિગંજન અરિહંત;
કથન કરૌં અબ જીવકો, કિંચિત્ મુજ વિરતંત. ૮

આરંભ વિષય કષાય વશ, ભમિયો કાળ અનંત;
લક્ષચોરાશી યોનિસેં, અબ તારો ભગવંત. ૯

દેવ ગુરુ ધર્મ સૂત્રમેં, નવ તત્ત્વાદિક જોય;
અધિકા ઓછા જે કહ્યા, મિથ્યા દુષ્કૃત મોય. ૧૦

મિથ્યા મોહ અજ્ઞાનકો, ભરિયો રોગ અથાગ;
વૈદ્યરાજ ગુરુ શરણથી, ઔષધ જ્ઞાન વિરાગ. ૧૧

જે મેં જીવ વિરાધિયા, સેવ્યાં પાપ અઢાર;
પ્રભુ તુમારી સાખસેં, વારંવાર ધિક્કાર. ૧૨

બુરા બુરા સબકો કહે, બુરા ન દીસે કોઈ;
જો ઘટ શોધે આપનો, મોસું બુરા ન કોઈ. ૧૩

કહેવામાં આવે નહીં, અવગુણ ભર્યા અનંત;
લિખવામાં કયું કર લિખું, જાણો શ્રી ભગવંત. ૧૪

કરુણાનિધિ કૃપા કરી, કર્મ કઠિન મુઝ છેદ;
મિથ્યા મોહ અજ્ઞાનકો, કરજો ગ્રંથિ ભેદ. ૧૫

પતિતઉદ્ધારન નાથજી, અપનો બિરુદ વિચાર;
ભૂલચૂક સબ માહરી, ખમીએ વારંવાર. ૧૬

માફ કરો સબ માહરા, આજ તલકના દોષ;
દીનદયાળુ દો મુઝે, શ્રદ્ધા શીલ સંતોષ. ૧૭

આતમનિંદા શુદ્ધ ભની, ગુનવંત વંદન ભાવ;
રાગદ્વેષ પતલા કરી, સબસેં ખીમત ખીમાવ. ૧૮

છૂટું પિછલાં પાપસેં, નવાં ન બાંધું કોઈ;
શ્રી ગુરુદેવપ્રસાદસેં, સફલ મનોરથ હોઈ. ૧૯

પરિગ્રહ મમતા તજી કરી, પંચ મહાવ્રત ધાર;
અંત સમય આલોચના, કરું સંથારો સાર. ૨૦

તીન મનોરથ એ કહ્યા, જો ધ્યાવે નિત મન્ન;
શક્તિ સાર વર્તે સહી, પાવે શિવસુખ ધન્ન. ૨૧

અરિહા દેવ, નિર્ગ્રંથ ગુરુ, સંવર નિર્જર ધર્મ;
આગમ શ્રી કેવલી કથિત, એહિ જૈન મત મર્મ. ૨૨



આરંભ વિષય કષાય તજ, શુદ્ધ સમકિત વ્રત ધાર;
જિન આજ્ઞા પરમાન કર, નિશ્ચય ખેવો પાર. ૨૩

ક્ષણ નિકમો રહનો નહીં, કરનો આતમ કામ;
ભણનો ગુણનો શીખનો, રમનો જ્ઞાનારામ. ૨૪

અરિહા સિદ્ધ સબ સાધુજી, જિનાજ્ઞા ધર્મસાર;
મંગલિક ઉત્તમ સદા, નિશ્ચય શરણાં ચાર. ૨૫

ઘડી ઘડી પલ પલ સદા, પ્રભુ સ્મરણકો ચાવ;
નરભવ સફલો જો કરે, દાન શીલ તપ ભાવ. ૨૬

(દોહા)

સિદ્ધો જૈસો જીવ હૈ, જીવ સોઈ સિદ્ધ હોય;
કર્મ મેલકા અંતરા, બૂઝે વિરલા કોય. ૧

કર્મ પુદ્‌ગલ રૂપ હૈ, જીવરૂપ હૈ જ્ઞાન;
દો મિલકર બહુ રૂપ હૈ, વિછડ્યાં પદ નિરવાન. ૨

જીવ કરમ ભિન્ન ભિન્ન કરો, મનુષ જનમકું પાય;
આત્મજ્ઞાન વૈરાગ્યસેં, ધીરજ ધ્યાન જગાય. ૩

દ્રવ્ય થકી જીવ એક હૈ, ક્ષેત્ર અસંખ્ય પ્રમાન;
કાળ થકી રહૈ સર્વદા, ભાવે દર્શન જ્ઞાન. ૪

ગર્ભિત પુદ્‌ગલ પિંડમેં, અલખ અમૂરતિ દેવ;
ફિરે સહજ ભવચક્રમેં, યહ અનાદિકી ટેવ. ૫

ફૂલ અત્તર ઘી દૂધમેં, તિલમેં તૈલ છિપાય;
યું ચેતન જડ કરમ સંગ, બંધ્યો મમતા પાય. ૬

જો જો પુદ્‌ગલકી દશા, તે નિજ માને હંસ;
યાહી ભરમ વિભાવતેં, બઢે કરમકો વંશ. ૭

રતન બંધ્યો ગઠડી વિષે, સૂર્ય છિપ્યો ઘનમાંહિ;
સિંહ પિંજરામેં દિયો, જોર ચલે કછુ નાંહિ. ૮

જ્યું બંદર મદિરા પિયા, વિછુ ડંકિત ગાત;
ભૂત લગ્યો કૌતુક કરે, કર્મોંકા ઉત્પાત. ૯

કર્મ સંગ જીવ મૂઢ હૈ, પાવે નાના રૂપ;
કર્મરૂપ મલકે ટલે, ચેતન સિદ્ધ સરૂપ. ૧૦

શુદ્ધ ચેતન ઉજ્જ્વલ દરવ, રહ્યો કર્મ મલ છાય;
તપ સંયમસેં ધોવતાં, જ્ઞાનજ્યોતિ બઢ જાય. ૧૧

જ્ઞાન થકી જાને સકલ, દર્શન શ્રદ્ધા રૂપ;
ચારિત્રથી આવત રુકે, તપસ્યા ક્ષપન સરૂપ. ૧૨

કર્મરૂપ મલકે શુધે, ચેતન ચાંદી રૂપ;
નિર્મળ જ્યોતિ પ્રગટ ભયાં, કેવલજ્ઞાન અનૂપ. ૧૩

મૂસી પાવક સોહગી, ફૂકાંતનો ઉપાય;
રામચરણ ચારુ મિલ્યા, મૈલ કનકકો જાય. ૧૪

કર્મરૂપ બાદલ મિટે, પ્રગટે ચેતન ચંદ;
જ્ઞાનરૂપ ગુન ચાંદની, નિર્મળ જ્યોતિ અમંદ. ૧૫

રાગ દ્વેષ દો બીજસેં, કર્મબંધકી વ્યાધ;
આત્મજ્ઞાન વૈરાગ્યસેં, પાવે મુક્તિ સમાધ. ૧૬

અવસર વીત્યો જાત હૈ, અપને વશ કછુ હોત;
પુણ્ય છતાં પુણ્ય હોત હૈ, દીપક દીપકજ્યોત. ૧૭

કલ્પવૃક્ષ ચિંતામણિ, ઈન ભવમેં સુખકાર;
જ્ઞાનવૃદ્ધિ ઇનસે અધિક, ભવદુઃખ ભંજનહાર. ૧૮

રાઈમાત્ર ઘટવધ નહીં, દેખ્યાં કેવળજ્ઞાન;
યહ નિશ્ચય કર જાનકે, ત્યજીએ પરથમ ધ્યાન. ૧૯



દૂજા કુછ ભી ન ચિંતીએ, કર્મબંધ બહુ દોષ;
ત્રીજા ચોથા ધ્યાયકે, કરીએ મન સંતોષ. ૨૦

ગઈ વસ્તુ સોચે નહીં, આગમ વાંછા નાંહિ;
વર્તમાન વર્તે સદા, સો જ્ઞાની જગ માંહિ. ૨૧

અહો ! સમદૃષ્ટિ આતમા, કરે કુટુંબ પ્રતિપાળ;
અંતર્ગત ન્યારો રહે, (જ્યું) ધાવ ખિલાવે બાળ. ૨૨

સુખ દુઃખ દોનું વસત હૈ, જ્ઞાનીકે ઘટ માંહિ;
ગિરિ સર દીસે મુકરમેં, ભાર ભીંજવો નાંહિ. ૨૩

જો જો પુદ્ગલ ફરસના, નિશ્ચે ફરસે સોય;
મમતા સમતા ભાવસેં, કર્મ બંધ-ક્ષય હોય. ૨૪

બાંધ્યા સોહી ભોગવે, કર્મ શુભાશુભ ભાવ;
ફલ નિરજરા હોત હૈ, યહ સમાધિ ચિત્ત ચાવ. ૨૫

બાંધ્યા બિન ભુગતે નહીં, બિન ભુગત્યાં ન છુટાય;
આપહી કરતા ભોગતા, આપહી દૂર કરાય. ૨૬

પથ કુપથ ઘટવધ કરી, રોગ હાનિ વૃદ્ધિ થાય;
પુણ્ય પાપ કિરિયા કરી, સુખ દુઃખ જગમેં પાય. ૨૭

સુખ દીધે સુખ હોત હૈ, દુઃખ દીધાં દુઃખ હોય;
આપ હણે નહિ અવરકું, (તો) અપને હણે ન કોય. ૨૮

જ્ઞાન ગરીબી ગુરુવચન, નરમ વચન નિર્દોષ;
ઈનકું કભી ન છાંડિયે, શ્રદ્ધા શીલ સંતોષ. ૨૯

સત મત છોડો હો નરા ! લક્ષ્મી ચૌગુની હોય;
સુખ દુઃખ રેખા કર્મકી, ટાલી ટલે ન કોય. ૩૦

ગોધન ગજધન રતનધન, કંચન ખાન સુખાન;
જબ આવે સંતોષધન, સબ ધન ધૂળ સમાન. ૩૧

શીલ રતન મહોટો રતન, સબ રતનાંકી ખાન;
તીન લોકકી સંપદા, રહી શીલમેં આન. ૩૨

શીલે સર્પ ન આભડે, શીલે શીતલ આગ;
શીલે અરિ કરિ કેસરી, ભય જાવે સબ ભાગ. ૩૩

શીલ રતનકે પારખું, મીઠા બોલે બૈન;
સબ જગસે ઊંચા રહે, (જો) નીચાં રાખે નૈન. ૩૪

તનકર મનકર વચનકર, દેત ન કાહુ દુઃખ;
કર્મ રોગ પાતિક ઝરે, દેખત વાકા મુખ. ૩૫

(દોહા)

પાન ખરંતાં ઈમ કહે, સુન તરુવર વનરાય;
અબકે વિછુરે કબ મિલે, દૂર પડેંગે જાય. ૧

તબ તરુવર ઉત્તર દિયો, સુનો પત્ર એક બાત;
ઈસ ઘર એસી રીત હૈ, એક આવત એક જાત. ૨

વરસદિનાકી ગાંઠકો, ઉત્સવ ગાય બજાય;
મૂરખ નર સમજે નહીં, વરસ ગાંઠકો જાય. ૩

(સોરઠો)

પવન તણો વિશ્વાસ, કિણ કારણ તેં દૃઢ કિયો ?
ઈનકી એહી રીત, આવે કે આવે નહીં. ૪

(દોહા)

કરજ બિરાના કાઢકે, ખરચ કિયા બહુ નામ;
જબ મુદત પૂરી હુવે, દેનાં પડશે દામ. ૧

બિનું દિયા છૂટે નહીં, યહ નિશ્ચય કર માન;
હસ હસકે ક્યું ખરચીએ, દામ બિરાના જાન. ૨



જીવ હિંસા કરતાં થકાં, લાગે મિષ્ટ અજ્ઞાન;
જ્ઞાની ઈમ જાને સહી, વિષ મિલિયો પકવાન. ૩

કામ ભોગ પ્યારા લગે, ફલ કિંપાક સમાન;
મીઠી ખાજ ખુજાવતાં, પીછે દુઃખકી ખાન. ૪

જપ તપ સંયમ દોહિલો, ઔષધ કડવી જાન;
સુખકારન પીછે ઘનો, નિશ્ચય પદ નિરવાન. ૫

ડાભ અણી જલબિંદુઓ, સુખ વિષયનકો ચાવ;
ભવસાગર દુઃખજલ ભર્યો, યહ સંસાર સ્વભાવ. ૬

ચઢ ઉત્તંગ જહાંસે પતન, શિખર નહીં વો કૂપ;
જિસ સુખ અંદર દુઃખ વસે, સો સુખ ભી દુઃખરૂપ. ૭

જબ લગ જિનકે પુણ્યકા, પહોંચે નહીં કરાર;
તબ લગ ઉસકો માફ હૈ, અવગુન કરે હજાર. ૮

પુણ્ય ખીન જબ હોત હૈ, ઉદય હોત હૈ પાપ;
દાજે વનકી લાકરી, પ્રજલે આપોઆપ. ૯

પાપ છિપાયાં ના છીપે, છીપે તો મહાભાગ;
દાબી ડૂબી ના રહે, રૂઈ લપેટી આગ. ૧૦

બહુ વીતી થોડી રહી, અબ તો સુરત સંભાર;
પરભવ નિશ્ચય ચાલનો, વૃથા જન્મ મત હાર. ૧૧

ચાર કોશ ગ્રામાંતરે, ખરચી બાંધે લાર;
પરભવ નિશ્ચય જાવણો, કરીએ ધર્મ વિચાર. ૧૨

રજ વિરજ ઊંચી ગઈ, નરમાઈકે પાન;
પત્થર ઠોકર ખાત હૈ, કરડાઈકે તાન. ૧૩

અવગુન ઉર ધરીએ નહીં, જો હુવે વિરખ બબૂલ;
ગુન લીજે કાલુ કહે, નહિ છાયામેં સૂલ. ૧૪

જૈસી જાપે વસ્તુ હૈ, વૈસી દે દિખલાય;
વાકા બુરા ન માનીએ, કહાં લેને વો જાય ? ૧૫

ગુરુ કારીગર સારિખા, ટાંકી વચન વિચાર;
પત્થરસે પ્રતિમા કરે, પૂજા લહે અપાર. ૧૬

સંતનકી સેવા કિયાં, પ્રભુ રીઝત હૈ આપ;
જાકા બાલ ખિલાઈએ, તાકા રીઝત બાપ. ૧૭

ભવસાગર સંસારમેં, દીપા શ્રી જિનરાજ;
ઉદ્યમ કરી પ્હોંચે તીરે, બેઠી ધર્મ જહાજ. ૧૮

નિજ આતમકું દમન કર, પર આતમકું ચીન;
પરમાતમકું ભજન કર, સોઈ મત પરવીન. ૧૯

સમજુ શંકે પાપસે, અણસમજુ હરખંત;
વે લૂખાં વે ચીકણાં, ઈણ વિધ કર્મ બધંત. ૨૦

સમજ સાર સંસારમેં, સમજુ ટાળે દોષ;
સમજ સમજ કરી જીવ હી, ગયા અનંતા મોક્ષ. ૨૧

ઉપશમ વિષય કષાયનો, સંવર તીનું યોગ;
કિરિયા જતન વિવેકસેં, મિટે કર્મ દુઃખરોગ. ૨૨

રોગ મિટે સમતા વધે, સમકિત વ્રત આરાધ;
નિર્વૈરી સબ જીવસે, પાવે મુક્તિ સમાધ. ૨૩

**ઈતિ ભૂલચૂક મિચ્છા મિ દુક્કડં**

•

**શ્રી પંચપરમેષ્ઠિ ભગવદ્ભ્યો નમઃ**

(દોહા)

અનંત ચૌવીશી જિન નમું, સિદ્ધ અનંતા ક્રોડ;
વર્તમાન જિનવર સવે, કેવલી દો નવ ક્રોડ.



ગણધરાદિ સબ સાધુજી, સમકિત વ્રત ગુણધાર;
યથાયોગ્ય વંદન કરું, જિનઆજ્ઞા અનુસાર.

**એક નવકાર ગણવો**

પ્રણમી પદપંકજ ભની, અરિગંજન અરિહંત;
કથન કરું હવે જીવનું, કિંચિત્ મુજ વિરતંત.

(અંજનાની દેશી)

હું અપરાધી અનાદિકો, જનમ જનમ ગુના કિયા ભરપૂર કે;
લૂંટીઆ પ્રાણ છ કાયના, સેવ્યાં પાપ અઢારાં કરૂર કે.

આજ સુધી આ ભવમાં, પહેલાં સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા ભવમાં કુગુરુ, કુદેવ અને કુધર્મની સદ્દહણા, પ્રરૂપણા, ફરસના, સેવનાદિક સંબંધી પાપદોષ લાગ્યા તે સર્વે મિચ્છા મિ દુક્કડં.

અજ્ઞાનપણે, મિથ્યાત્વપણે, અવ્રતપણે, કષાયપણે, અશુભયોગે કરી, પ્રમાદે કરી અપછંદ-અવિનીતપણું મેં કર્યું તે સર્વે મિચ્છા મિ દુક્કડં.

શ્રી અરિહંત ભગવંત વીતરાગ કેવલજ્ઞાની મહારાજની, શ્રી ગણધરદેવની, શ્રી આચાર્યની, શ્રી ધર્માચાર્યની, શ્રી ઉપાધ્યાયની અને શ્રી સાધુ-સાધ્વીની, શ્રાવક-શ્રાવિકાની, સમદૃષ્ટિ સાધર્મી ઉત્તમ પુરુષોની, શાસ્ત્રસૂત્રપાઠની, અર્થ પરમાર્થની, ધર્મ સંબંધી અને સકલ પદાર્થોની અવિનય, અભક્તિ, આશાતનાદિક કરી, કરાવી, અનુમોદી; મન, વચન અને કાયાએ કરી દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી સમ્યક્પ્રકારે વિનય, ભક્તિ, આરાધના, પાલન, સ્પર્શના, સેવનાદિક યથાયોગ્ય અનુક્રમે નહીં કરી, નહીં કરાવી, નહીં અનુમોદી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. મારી ભૂલચૂક, અવગુણ, અપરાધ સર્વે માફ

કરો, ક્ષમા કરો; હું મન, વચન કાયાએ કરી ખમાવું છું.

(દોહા)

અપરાધી ગુરુ દેવકો, તીન ભુવનકો ચોર;
ઠગું વિરાણા માલમેં, હા હા કર્મ કઠોર.

કામી કપટી લાલચી, અપછંદા અવિનીત;
અવિવેકી ક્રોધી કઠિન, મહાપાપી ભયભીત.

જે મેં જીવ વિરાધિયા, સેવ્યાં પાપ અઢાર;
નાથ તુમારી સાખસેં, વારંવાર ધિક્કાર.

**પહેલું પાપ પ્રાણાતિપાત :**

છકાયપણે મેં છકાય જીવની વિરાધના કરી; પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય, પંચેન્દ્રિય,સંજ્ઞી, અસંજ્ઞી, ગર્ભજ ચૌદે પ્રકારે સંમૂર્છિમ આદી ત્રસ સ્થાવર જીવોની વિરાધના કરી, કરાવી, અનુમોદી; મન, વચન અને કાયાએ કરી, ઊઠતાં, બેસતાં, સૂતાં, હાલતાં, ચાલતાં, શસ્ત્ર, વસ્ત્ર, મકાનાદિક ઉપકરણો ઉઠાવતાં, મૂકતાં, લેતાં, દેતાં, વર્તતાં, વર્તાવતાં, અપડિલેહણા, દુપડિલેહણા સંબંધી, અપ્રમાર્જના, દુઃપ્રમાર્જના સંબંધી, અધિકી ઓછી, વિપરીત પૂંજના પડિલેહણા સંબંધી અને આહાર વિહારાદિક નાના પ્રકારનાં ઘણાં ઘણાં કર્તવ્યોમાં સંખ્યાતા, અસંખ્યાતા અને નિગોદ આશ્રયી અનંતા જીવના જેટલા પ્રાણ લૂંટ્યા, તે સર્વ જીવોનો હું પાપી અપરાધી છું, નિશ્ચય કરી બદલાનો દેણદાર છું. સર્વ જીવ મને માફ કરો. મારી ભૂલચૂક, અવગુણ, અપરાધ સર્વે માફ કરો. દેવસીય, રાઈય, પાક્ષિક, ચૌમાસી અને સાંવત્સરિક સંબંધી વારંવાર મિચ્છા મિ દુક્કડં. વારંવાર ક્ષમાવું છું. તમે સર્વે ક્ષમજો.



ખામેમિ સવ્વજીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભુએસુ, વેરં મજ્ઝં ન કેણઈ.

તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું છયે કાયના જીવોના વૈર બદલાથી નિવૃત્તિ પામીશ. સર્વ ચોરાશી લાખ જીવયોનિને અભયદાન દઈશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

**બીજું પાપ મૃષાવાદ :**

ક્રોધવશે, માનવશે, માયાવશે, લોભવશે, હાસ્યે કરી, ભયવશે ઇત્યાદિક કરી મૃષા વચન બોલ્યો, નિંદા-વિકથા કરી, કર્કશ, કઠોર, માર્મિક ભાષા બોલી ઇત્યાદિક અનેક પ્રકારે મૃષા, જૂઠું બોલ્યો, બોલાવ્યું, બોલતા પ્રત્યે અનુમોદ્યું તે સર્વે મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે મૃષાવાદનો ત્યાગ કરીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

**ત્રીજું પાપ અદત્તાદાન :**

અણદીધી વસ્તુ ચોરી કરીને લીધી, વિશ્વાસઘાત કરી થાપણ ઓળવી, પરસ્ત્રી, પરધન હરણ કર્યાં તે મોટી ચોરી લૌકિક વિરુદ્ધની તથા અલ્પ ચોરી તે ઘર સંબંધી નાના પ્રકારનાં કર્તવ્યોમાં ઉપયોગ સહિતે ને ઉપયોગ રહિતે ચોરી કરી, કરાવી, કરતા પ્રત્યે અનુમોદી, મન-વચન-કાયાએ કરી; તથા ધર્મ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ શ્રી ભગવંત ગુરુદેવોની આજ્ઞા વગર કર્યાં, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે અદત્તાદાનનો ત્યાગ કરીશ. તે મારો પરમ કલ્યાણમય દિન થશે.

**ચોથું પાપ અબ્રહ્મ :**

મૈથુન સેવવામાં મન, વચન અને કાયાના યોગ પ્રવર્તાવ્યા;

નવ વાડ સહિત બ્રહ્મચર્ય પાળ્યું નહીં; નવ વાડમાં અશુદ્ધપણે પ્રવૃત્તિ કરી; પોતે સેવ્યું, બીજા પાસે સેવરાવ્યું, સેવનાર પ્રત્યે ભલું જાણ્યું, તે મન-વચન-કાયાએ કરી મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું નવ વાડ સહિત બ્રહ્મચર્ય-શીલરત્ન આરાધીશ, સર્વથા પ્રકારે કામ વિકારોથી નિવર્તીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

**પાંચમુ પરિગ્રહ પાપસ્થાનક :**

સચિત પરિગ્રહ તે દાસ, દાસી, દ્વિપદ, ચૌપદ, આદિ, મણિ, પથ્થર આદિ અનેક પ્રકારે છે અને અચિત પરિગ્રહ સોનું, રૂપું, વસ્ત્ર, આભરણ આદિ અનેક વસ્તુ છે. તેની મમતા, મૂર્છા, પોતાપણું કર્યું; ક્ષેત્ર, ઘર, આદિ નવ પ્રકારના બાહ્ય પરિગ્રહ અને ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહને ધાર્યો, ધરાવ્યો, ધરતા પ્રત્યે અનુમોદ્યો; તથા રાત્રિભોજન, અભક્ષ્ય આહારાદિ સંબંધી પાપદોષ સેવ્યા તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે પરિગ્રહનો ત્યાગ કરી સંસારના પ્રપંચોથી નિવર્તીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

**છઠ્ઠું ક્રોધ પાપસ્થાનક :**

ક્રોધ કરીને પોતાના આત્માને અને પરના આત્માને તપ્તાયમાન કર્યા, દુઃખિત કર્યા, કષાયી કર્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**સાતમું માન પાપસ્થાનક :**

માન એટલે અહંભાવ સહિત ત્રણ ગારવ અને આઠ મદ આદિ કર્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.



**આઠમું માયા પાપસ્થાનક :**

સંસાર સંબંધી તથા ધર્મ સંબંધી અનેક કર્તવ્યોમાં કપટ કર્યું, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**નવમું લોભ પાપસ્થાનક :**

મૂર્છાભાવ કર્યો, આશા, તૃષ્ણા, વાંછાદિક કર્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**દશમું રાગ પાપસ્થાનક :**

મનગમતી વસ્તુઓમાં સ્નેહ કીધો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**અગિયારમું દ્વેષ પાપસ્થાનક :**

અણગમતી વસ્તુ જોઈ દ્વેષ કર્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**બારમું કલહ પાપસ્થાનક :**

અપ્રશસ્ત વચન બોલી ક્લેશ ઉપજાવ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**તેરમું અભ્યાખ્યાન પાપસ્થાનક :**

અછતાં આળ દીધાં, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**ચૌદમું પૈશુન્ય પાપસ્થાનક :**

પરની ચુગલી, ચાડી કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**પંદરમું પરપરિવાદ પાપસ્થાનક :**

બીજાના અવગુણ, અવર્ણવાદ બોલ્યો, બોલાવ્યા,

અનુમોદ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**સોળમું રતિ-અરતિ પાપસ્થાનક :**

પાંચ ઈન્દ્રિયના ૨૩ વિષયો, ૨૪૦ વિકારો છે. તેમાં મનગમતામાં રાગ કર્યો, અણગમતામાં દ્વેષ કર્યો; સંયમ, તપ આદિમાં અરતિ કરી, કરાવી, અનુમોદી તથા આરંભાદિ અસંયમ, પ્રમાદમાં રતિભાવ કર્યો, કરાવ્યો, અનુમોદ્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**સત્તરમું માયામૃષાવાદ પાપસ્થાનક :**

કપટસહિત જૂઠું બોલ્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**અઢારમું મિથ્યાદર્શનશલ્ય પાપસ્થાનક :**

શ્રી જિનેશ્વરદેવના માર્ગમાં શંકા, કાંક્ષાદિક વિપરીત પ્રરૂપણા કરી, કરાવી, અનુમોદી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એવં અઢાર પાપસ્થાનક તે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, જાણતાં, અજાણતાં, મન, વચન, કાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં; અર્થે, અનર્થે, ધર્મ અર્થે, કામવશે, મોહવશે, સ્વવશે, પરવશે કર્યાં; દિવસે, રાત્રે, એકલા કે સમૂહમાં, સૂતાં વા જાગતાં, આ ભવમાં, પહેલાં સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા ભવોમાં પરિભ્રમણ કરતાં આજ દિન અદ્યક્ષણ પર્યંત રાગ-દ્વેષ, વિષય-કષાય, આળસ, પ્રમાદાદિક પૌદ્‌ગલિક પ્રપંચ, પરગુણપર્યાયને પોતાના માનવારૂપ વિકલ્પે કરી ભૂલ કરી; જ્ઞાનની વિરાધના કરી, દર્શનની વિરાધના કરી, ચારિત્રની વિરાધના કરી, દેશચારિત્રની વિરાધના કરી, તપની વિરાધના કરી; શુદ્ધ શ્રદ્ધા, શીલ, સંતોષ, ક્ષમાદિક નિજસ્વરૂપની વિરાધના



કરી; ઉપશમ, વિવેક, સંવર, સામાયિક, પોસહ, પ્રતિક્રમણ, ધ્યાન, મૌનાદિ નિયમ, વ્રત, પચ્ચખાણ, દાન, શીલ, તપાદિની વિરાધના કરી; પરમ કલ્યાણકારી આ બોલોની આરાધના, પાલના આદિક મન, વચન અને કાયાએ કરી નહીં, કરાવી નહીં, અનુમોદી નહીં, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

A Þuy kð~Þf MkÞf T« f khurð rÄ-WÃkÞkøk Mkrn ík y khkÞk Lkn ª, ÃkkéÞk Lkn ª, MÃk~Þko Lkn ª, rð rÄ-WÃkÞkøk hrn ík rLkhkËhÃký uf Þko Ãkhíkwy kËh-Mkíf kh, ¼kð-¼ÂÔík Mkrn ík Lkn ª f Þko ¿kkLkLkk [ kË, Mk{ rf íkLkk Ãkk{ , çkkh ðúkLkk MkkX, f{ kËkLkLkk ÃkËh, Mk÷ ú¼LkkLkk Ãkk{ , y ðt LkÔð ký twy rík[ kh{ kt íkÚkk 124 y rík[ kh { ÞuíkÚkk MkkÄLkk 125 y rík[ kh { ÞuíkÚkk çkkð Lk y Lkk[ hý Lkk ©ØkrËf{ kt rð hkÄLkkrË s uf kE y rík¢{ , ÔÞrík¢{ , y rík[ khkrË MkÔÞk, Mkð hkÔÞk, y Lkw{ kã k, ò ý íkkt y ò ý íkkt { Lk, ð[ Lk, f kÞky uf he, íku{ LkurÄ¬ kh, rÄ¬ kh, ðkhðkh r{ åA k r{ Ëw zt

{ US ð Lkuy S ð MkËTkk, « YÃÞk, y S ð LkuS ð MkËTkk, « YÃÞk, Ä{ bkuy Ä{ oy Lkuy Ä{ bkuÄ{ oMkËTkk, « YÃÞk, MkkÄLku y MkkÄwy Lkuy MkkÄLku MkkÄwMkËTkk, « YÃÞk, íkÚkk W¥k{ Ãkwhwk, MkkÄw { nkLkhks , MkkæðeS Lke Mkðk ¼Âðík ÞÚkkrðÄ { kLkíkkrË Lkn ª f he, Lkn ª f hkðe, Lkn ª y Lkw{ kËe, íkÚkk y MkkÄw kLke Mkðk ¼Âðík y krË { kLkíkk, Ãkûk f Þko, { ÂôíkLkk { køk{ kt MkMkkh Lkku{ køko Þkð íkT Ãk{ eMk r{ ÚÞkð{ kLkk r{ ÚÞkð MkÔÞk, Mkð hkÔÞk, y Lkw{ kã k, { Lku f he, ð[ Lku f he, f kÞky uf he, Ãk{ eMk f »kkÞ Mk¢kÄe, Ãk{ eMk r¢Þk Mk¢kÄe, íkÞkeMk y kþ kíkLkk Mk¢kÄe, ÞkLkLkk y køký eMk Ëkuk, ðËLkkLkk çkº keMk Ëkuk, Mk{ krÞf Lkk çkº keMk Ëkuk y LkuÃkkMkh Lkk y Zkh Ëkuk Mk¢kÄe { Lku ð[ Lku f kÞky uf he s u

કાંઈ પાપ દોષ લાગ્યા, લગાવ્યા, અનુમોદ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

મહામોહનીય કર્મબંધના ત્રીસ સ્થાનકને મન, વચન, કાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં; શીલની નવ વાડ, આઠ પ્રવચન માતાની વિરાધનાદિક તથા શ્રાવકના એકવીસ ગુણ અને બાર વ્રતની વિરાધનાદિ મન, વચન અને કાયાએ કરી, કરાવી, અનુમોદી; તથા ત્રણ અશુભ લેશ્યાનાં લક્ષણોની અને બોલોની સેવના કરી અને ત્રણ શુભ લેશ્યાનાં લક્ષણોની અને બોલોની વિરાધના કરી; ચર્ચા, વાર્તા, વ્યાખ્યાનમાં શ્રી જિનેશ્વર દેવનો માર્ગ લોપ્યો, ગોપવ્યો, નહીં માન્યો, અછતાની સ્થાપના કરી-પ્રવર્તાવ્યો, છતાની સ્થાપના કરી નહીં અને અછતાની નિષેધના કરી નહીં, છતાની સ્થાપના અને અછતાનો નિષેધ કરવાનો નિયમ કર્યો નહીં, કલુષતા કરી તથા છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધના બોલ તેમ જ છ પ્રકારના દર્શનાવરણીય બંધના બોલ યાવત્ આઠ કર્મની અશુભ પ્રકૃતિ બંધના પંચાવન કારણે કરી, બ્યાસી પ્રકૃતિ પાપોની બાંધી, બંધાવી, અનુમોદી; મને કરી, વચને કરી, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એક એક બોલથી માંડી કોડાકોડી યાવત્ સંખ્યાત્, અસંખ્યાત્, અનંતાનંત બોલ પર્યંત મેં જાણવા યોગ્ય બોલને સમ્યક્પ્રકારે જાણ્યા નહીં, સદ્દહ્યા-પ્રરૂપ્યા નહીં તથા વિપરીતપણે શ્રદ્ધાન આદિ કરી, કરાવી, અનુમોદી; મન, વચન, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. એક એક બોલથી માંડી યાવત્ અનંતા બોલમાં છાંડવા યોગ્ય બોલને છાંડ્યા નહીં અને તે મન, વચન, કાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.



એક એક બોલથી માંડી યાવત્ અનંતાનંત બોલમાં આદરવા યોગ્ય બોલ આદર્યા નહીં, આરાધ્યા-પાળ્યા-સ્પર્શ્યા નહીં, વિરાધના ખંડનાદિક કરી, કરાવી, અનુમોદી; મન, વચન, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

હે જિનેશ્વર વીતરાગ ! આપની આજ્ઞા આરાધવામાં જે જે પ્રમાદ કર્યો, સમ્યક્ પ્રકારે ઉદ્યમ નહીં કર્યો, નહીં કરાવ્યો, નહીં અનુમોદ્યો; મન, વચન, કાયાએ કરી અથવા અનાજ્ઞા વિષે ઉદ્યમ કર્યો, કરાવ્યો, અનુમોદ્યો; એક અક્ષરના અનંતમાં ભાગ માત્ર - કોઈ સ્વપ્નમાત્રમાં પણ આપની આજ્ઞાથી ન્યૂન-અધિક, વિપરીતપણે પ્રવર્ત્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

તે મારો દિવસ ધન્ય હશે કે જે દિવસે હું આપની આજ્ઞામાં સર્વથા પ્રકારે સમ્યક્પણે પ્રવર્તીશ.

(દોહા)

શ્રદ્ધા અશુદ્ધ પ્રરૂપણા, કરી ફરસના સોય;
અનજાને પક્ષપાતમેં, મિચ્છા દુક્કડ મોય. ૧

સૂત્ર અર્થ જાનું નહીં, અલ્પબુદ્ધિ અનજાન;
જિનભાષિત સબ શાસ્ત્રકા, અર્થ પાઠ પરમાન. ૨

દેવ ગુરુ ધર્મ સૂત્રકું, નવ તત્ત્વાદિક જોય;
અધિકા ઓછા જે કહ્યા, મિચ્છા દુક્કડ મોય. ૩

હું મગસેલીઓ હો રહ્યો, નહીં જ્ઞાન રસભીજ;
ગુરુસેવા ન કરી શકું, કિમ મુજ કારજ સીઝ. ૪

જાને દેખે જે સુને, દેવે સેવે મોય;
અપરાધી ઉન સબનકો, બદલા દેશું સોય. ૫

જૈન ધર્મ શુદ્ધ પાયકે, વરતું વિષય કષાય;
એહ અચંબા હો રહ્યા, જલમેં લાગી લાય. ૬

એક કનક અરુ કામિની, દો મોટી તરવાર;
ઊઠ્યો થો જિન ભજનકું, બિચમેં લિયો માર. ૭

(સવૈયા)

સંસાર છાર તજી ફરી, છારનો વેપાર કરું,
પ્હેલાંનો લાગેલો કીચ, ધોઈ કીચ બીચ ફરું;
તેમ મહાપાપી હું તો, માનું સુખ વિષયથી,
કરી છે ફકીરી એવી, અમીરીના આશયથી. ૮

(દોહા)

ત્યાગ ન કર સંગ્રહ કરું, વિષય વચન જિમ આહાર;
તુલસી એ મુજ પતિતકું, વારંવાર ધિક્કાર. ૯

કામી કપટી લાલચી, કઠણ લોહકો દામ;
તુમ પારસ પરસંગથી, સુવરન થાશું સ્વામ. ૧૦

જપ તપ સંવર હીન હું, વળી હું સમતા હીન;
કરુણાનિધિ કૃપાળુ હે ! શરણ રાખ, હું દીન. ૧૧

નહિ વિદ્યા, નહિ વચનબળ, નહિ ધીરજ ગુણ જ્ઞાન;
તુલસીદાસ ગરીબકી, પત રાખો ભગવાન. ૧૨

આઠ કર્મ પ્રબળ કરી, ભમીઓ જીવ અનાદિ;
આઠ કર્મ છેદન કરી, પાવે મુક્તિ સમાધિ. ૧૩

સુસા જૈસે અવિવેક હું, આંખ મીચ અંધિયાર;
મકડી જાલ બિછાયકે, ફસું આપ ધિક્કાર. ૧૪

સબ ભક્ષી જિમ અગ્નિ હું, તપિયો વિષય કષાય;
અવછંદા અવિનીત મેં, ધર્મી ઠગ દુઃખદાય. ૧૫



કહા ભયો ઘર છાંડકે, તજ્યો ન માયા સંગ;
નાગ ત્યજી જિમ કાંચલી, વિષ નહિ તજિયો અંગ. ૧૬

પુત્ર કુપાત્ર જ મેં હુઓ, અવગુણ ભર્યો અનંત;
યાહિત વૃદ્ધ વિચારકે, માફ કરો ભગવંત. ૧૭

શાસનપતિ વર્દ્ધમાનજી, તુમ લગ મેરી દોડ;
જૈસે સમુદ્ર જહાજ વિણ, સૂઝત ઔર ન ઠોર. ૧૮

ભવભ્રમણ સંસાર દુઃખ, તાકા વાર ન પાર;
નિર્લોભી સદ્ગુરુ બિના, કવણ ઉતારે પાર. ૧૯

શ્રી પંચપરમેષ્ઠી ભગવંત ગુરુદેવ મહારાજ, આપની સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર, તપ, સંયમ, સંવર, નિર્જરા આદિ મુક્તિમાર્ગ યથાશક્તિએ શુદ્ધ ઉપયોગ સહિત આરાધન, પાલન, સ્પર્શન કરવાની આજ્ઞા છે. વારંવાર શુભ ઉપયોગ સંબંધી સજ્ઝાય, ધ્યાનાદિક અભિગ્રહ-નિયમ પચ્ચખાણાદિ કરવા-કરાવવાની સમિતિ-ગુપ્તિ આદિ સર્વ પ્રકારે આજ્ઞા છે.

નિશ્ચે ચિત શુદ્ધ મુખ પઢત, તીન યોગ થિર થાય;
દુર્લભ દીસે કાયરા, હલુ કર્મી ચિત ભાય.

અક્ષર પદ હીણો અધિક, ભૂલચૂક કહી હોય;
અરિહા સિદ્ધ નિજ સાખસેં, મિચ્છા દુક્કડ મોય.

**ઈતિ ભૂલચૂક મિચ્છા મિ દુક્કડં**

(બૃહદ્ આલોચના સમાપ્ત)

# પ્રકીર્ણ વિભાગ

## ૮૩. મંગલ ભાવના

અરિહા શરણં સિદ્ધા શરણં, સાહૂ શરણં વરીએ રે;
ધમ્મો શરણં પામી વિનયે, જિન આણા શિર ધરીએ રે. ૧

અરિહા શરણં મુજને હોજો, રાગદ્વેષને હણવા રે;
સિદ્ધા શરણં મુજને હોજો, આતમ સિદ્ધિ કરવા રે. ૨

સાહૂ શરણં મુજને હોજો, સંયમ શૂરા બનવા રે;
ધમ્મો શરણં મુજને હોજો, ભવોદધિથી તરવા રે. ૩

મંગલમય ચારેનું શરણું, સઘળી આપદા ટાળે રે;
આ સેવકની ડૂબતી નૈયા, ભવજળ પાર ઉતારે રે. ૪

## ૮૪. પરમાત્મા આરતી

ૐ જય જય અવિકારી, સ્વામી જય જય અવિકારી;
હિતકારી ભયહારી (૨) શાશ્વત સ્વવિહારી. ૐ જય જય૦

કામ ક્રોધ મદ લોભ ન માયા,
સમરસ સુખધારી, સ્વામી સમરસ સુખધારી;
ધ્યાન તુમ્હારા પાવન (૨) સકલ કલેશહારી. ૐ જય જય૦ ૧

હે સ્વભાવમય જિન તુમી ચીના,
ભવસંતતિ ટારી, સ્વામી ભવસંતતિ ટારી;
તુવ ભૂલત ભવ ભટકત(૨) સહત વિપત ભારી. ૐ જય જય૦ ૨

પર સંબંધ બંધ દુખકારણ,
કરત અહિત ભારી, સ્વામી કરત અહિત ભારી;
પરમ બ્રહ્મકા દર્શન(૨) ચહુંગતિ દુખહારી. ૐ જય જય૦ ૩



જ્ઞાનમૂર્તિ હે સત્ય સનાતન,
મુનિમન સંચારી, સ્વામી મુનિમન સંચારી;
નિર્વિકલ્પ શિવનાયક (૨) શુચિગુણ ભંડારી. ૐ જય જય૦ ૪

બસો બસો હે સહજ જ્ઞાનઘન,
સહજ શાંતિચારી, સ્વામી સહજ શાંતિચારી;
ટલૈં ટલૈં સબ પાતક (૨) પરબલ બલધારી. ૐ જય જય૦ ૫

## ૮૫. મંગલ દીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો,
જ્ઞાન દીવો પ્રભુ તુજ ચિરંજીવો. દીવો૦ ૧

નિશ્ચય દીવે પ્રગટે દીવો,
પ્રગટાવો ભવિ દિલમાં દીવો. દીવો૦ ૨

પ્રગટ દીવો જ્ઞાની પરમાત્મા,
તેને અર્પણ હો નિજ આત્મા. દીવો૦ ૩

બહિરાતમતા તજી પ્રભુ શરણે,
બનો અંતરાત્મા પ્રભુ સ્મરણે. દીવો૦ ૪

પરમાતમતા નિશદિન ભાવે,
આતમ અર્પણતા તો થાવે. દીવો૦ ૫

આત્મભાવના સતત અભ્યાસે,
નિજ સહજાત્મસ્વરૂપ પ્રકાશે. દીવો૦ ૬

આત્મદૃષ્ટિ દીવો જલહલતો,
પ્રગટ્યો ઉરમાં જન્મ સફલ તો. દીવો૦ ૭

શ્રીમદ્ સદ્ગુરુ રાજ કૃપાથી,
સ્વરૂપ સિદ્ધિ સાધે મોક્ષાર્થી. દીવો૦ ૮

## ૮૬. શ્રી રત્નાકર પચ્ચીસી

મંદિર છો મુક્તિતણા, માંગલ્ય ક્રીડાના પ્રભુ,
ને ઈન્દ્ર નર ને દેવતા, સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના,
જય પામ તું ! જય પામ તું ! ભંડાર જ્ઞાનકળા તણા. ૧
ત્રણ જગતના આધારને, અવતાર હો કરુણા તણા,
વળી વૈદ્ય હો દુર્વાર આ, સંસારના દુઃખો તણા;
વીતરાગ વલ્લભ વિશ્વના, તુજ પાસ અરજી ઉચ્ચરું,
જાણો છતાં પણ કહી અને, આ હૃદય હું ખાલી કરું. ૨
શું બાળકો મા-બાપ પાસે, બાળક્રીડા નવ કરે ?
ને મુખમાંથી જેમ આવે, તેમ શું નવ ઉચ્ચરે ?
તેમજ તમારી પાસ તારક, આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું, તેમાં કશું ખોટું નથી. ૩
મેં દાન તો દીધું નહીં ને, શિયળ પણ પાળ્યું નહીં,
તપથી દમી કાયા નહીં, શુભ ભાવ પણ ભાવ્યો નહીં;
એ ચારભેદે ધર્મમાંથી, કાંઈ પણ પ્રભુ નવ કર્યું,
મારું ભ્રમણ ભવસાગરે, નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું. ૪
હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને;
મન મારું માયાજાળમાં, મોહન મહા મૂંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે. ૫
મેં પરભવે કે આ ભવે, હિત કાંઈ પણ કીધું નહીં,
તેથી કરી સંસારમાં, સુખ અલ્પ પણ પામ્યો નહીં;
જન્મો અમારા જિનજી, ભવપૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા. ૬
અમૃત ઝરે તુજ મુખ રૂપી, ચંદ્રથી તો પણ વિભુ !
ભીંજાય નહીં મુજ મન અરે રે ! શું કરું હું તો પ્રભુ !



પથ્થર થકી પણ કઠણ મારું, મન ખરે ! ક્યાંથી દ્રવે !
મર્કટ સમા આ મન થકી, હું તો પ્રભુ હાર્યો હવે. ૭
ભમતા મહા ભવસાગરે, પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી, રત્નત્રય દુષ્કર ઘણાં;
તે પણ ગયાં પ્રમાદના, વશથી પ્રભુ કહું છું ખરું,
કોની કને કિરતાર, આ પોકાર જઈને હું કરું. ૮
ઠગવા વિભુ આ વિશ્વને, વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મના ઉપદેશ રંજન, લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે, કેટલી કથની કહું,
સાધુ થઈને બહારથી, દાંભિક અંદરથી રહું. ૯
મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યાં, પરનારીમાં લપટાઈને;
વળી ચિત્તને દોષિત કર્યું, ચિંતી નઠારું પરતણું,
હે નાથ ! મારું શું થશે ? ચાલાક થઈ ચૂક્યો ઘણું. ૧૦
કરે કાળજાને કતલ પીડા, કામની બિહામણી,
ને વિષયમાં બની અંધ હું, વિટંબણા પામ્યો ઘણી;
તે પણ પ્રકાશ્યું લાજ લાવી, આજ આપ તણી કને,
જાણો સહુ તેથી કહું, કર માફ મારા વાંકને. ૧૧
નવકાર મંત્ર વિનાશ કીધો, અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાક્યો વડે, હણી આગમોની વાણીને;
કુદેવની સંગત થકી, કર્મો નકામાં આચર્યાં,
મતિ ભ્રમ થકી રત્નો ગુમાવી, કાચ ટુકડા મેં ગ્રહ્યા. ૧૨
આવેલ દૃષ્ટિ માર્ગમાં, મૂકી મહાવીર આપને,
મેં મૂઢ ધીએ હૃદયમાં, ધ્યાયા મદનના ચાપને;
નેત્રબાણો ને પયોધર, નાભિ ને સુંદર કટિ,
શણગાર સુંદરીઓ તણા, છટકેલ થઈ જોયા અતિ. ૧૩

મૃગનયણીસમ નારી તણા, મુખચંદ્ર નીરખવા વતી,
મુજ મન વિષે જે રંગ લાગ્યો, અલ્પ પણ ગૂઢો અતિ;
તે શ્રુતરૂપ સમુદ્રમાં, ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે, બચું કેમ હું આ પાપથી. ૧૪
સુંદર નથી આ શરીર કે, સમુદાય ગુણ તણો નથી,
ઉત્તમ વિલાસ કળા તણો, દેદીપ્યમાન પ્રભા નથી;
પ્રભુતા નથી તોપણ પ્રભુ, અભિમાનથી અક્કડ ફરું,
ચોપાટ ચાર ગતિ તણી, સંસારમાં ખેલ્યાં કરું. ૧૫
આયુષ્ય ઘટતું જાય તો પણ, પાપબુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ, વિષયાભિલાષા નવ મટે;
ઔષધ વિષે કરું યત્ન પણ, હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું, પાયા વિનાનાં ઘર ચણું. ૧૬
આત્મા નથી પરભવ નથી, વળી પાપ પુણ્ય કશું નથી,
મિથ્યાત્વીની કટુ વાણી મેં, ધરી કાન પીધી સ્વાદથી;
રવિ સમ હતા જ્ઞાને કરી, પ્રભુ આપશ્રી તોપણ અરે,
દીવો લઈ કૂવે પડ્યો, ધિક્કાર છે મુજને ખરે ! ૧૭
મેં ચિત્તથી નહીં દેવની, કે પાત્રની પૂજા ચહી,
ને સાધુઓ કે શ્રાવકોનો, ધર્મ પણ પાળ્યો નહીં;
પામ્યો પ્રભુ નરભવ છતાં, રણમાં રડ્યા જેવું થયું,
ધોબીતણા કુત્તા સમું, મમ જીવન સહુ એળે ગયું. ૧૮
હું કામધેનુ કલ્પતરુ, ચિંતામણિના પ્યારમાં,
ખોટાં છતાં ઝંખ્યો ઘણું, બની લુબ્ધ આ સંસારમાં;
જે પ્રગટ સુખ દેનાર તારો, ધર્મ મેં સેવ્યો નહીં,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી, નાથ કર કરુણા કંઈ. ૧૯
મેં ભોગ સારા ચિંતવ્યા તે, રોગ સમ ચિંત્યા નહીં,
આગમન ઈચ્છ્યું ધન તણું, પણ મૃત્યુને પ્રીછ્યું નહીં;



નહીં ચિંતવ્યું મેં નર્ક, કારાગૃહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશામહીં, ભયમાત્ર હું ભૂલી ગયો. ૨૦
હું શુદ્ધ આચારો વડે, સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારનાં, યશ પણ ઉપાર્જન નવ કર્યો;
વળી તીર્થના ઉદ્ધાર આદિ, કોઈ કાર્યો નવ કર્યા,
ફોગટ અરે ! આ લક્ષ ચોરાશી તણા ફેરા ફર્યા. ૨૧
ગુરુવાણીમાં વૈરાગ્ય કેરો, રંગ લાગ્યો નહીં અને,
દુર્જન તણાં વાક્યો મહીં, શાંતિ મળે ક્યાંથી મને ?
તરું કેમ હું સંસાર આ, અધ્યાત્મ તો છે નહીં જરી,
તૂટેલ તળિયાનો ઘડો, જળથી ભરાયે કેમ કરી. ૨૨
મેં પરભવે નથી પુણ્ય કીધું, ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો, ક્યાંથી થશે હે નાથજી ?
ભૂત ભાવિ ને સાંપ્રત ત્રણે, ભવ નાથ હું હારી ગયો,
સ્વામી ત્રિશંકુ જેમ હું, આકાશમાં લટકી રહ્યો. ૨૩
અથવા નકામું આપ પાસે, નાથ શું બકવું ઘણું,
હે દેવતાના પૂજ્ય ! આ, ચારિત્ર મુજ પોતાતણું;
જાણો સ્વરૂપ ત્રણ લોકનું, તો માહરું શું માત્ર આ,
જ્યાં ક્રોડનો હિસાબ નહીં, ત્યાં પાઈની તો વાત ક્યાં ? ૨૪

(શાર્દૂલવિક્રીડિત)

તારાથી ન સમર્થ અન્ય દીનનો, ઉદ્ધારનારો પ્રભુ,
મારાથી નહિ અન્ય પાત્ર જગમાં, જોતાં જડે હે વિભુ !
મુક્તિમંગળ સ્થાન તોય મુજને, ઈચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યક્ રત્ન શ્યામજીવને, તો તૃપ્તિ થાયે ઘણી. ૨૫

## વર્ણમાળા પ્રમાણે અનુક્રમણિકા


વિષય — પૃષ્ઠ સંખ્યા

**અ**

અજર અમર અવિનાશી (ધૂન) ૧૬૮
અધ્યાત્મ ગાથાઓ .......... ૧૪૩
અધ્યાત્મ પારાયણ .......... ૫૨
અનંત અનંત ભાવ .......... ૨
અનિત્યાદિ ભાવના ......... ૧૦૩
અપૂર્વ અવસર .............. ૯૪
અમિતગતિ સામાયિક ....... ૧૧૧
અમૂલ્ય તત્ત્વવિચાર .......... ૬૪
અરિહંત નમો ............... ૨૦
અરિહા શરણં ...............૨૧૩
અલખ નિરંજન આતમજ્યોતિ..૧૪૩
અશુદ્ધાત્મા શુદ્ધાત્માને અરજ.... ૬૮
અહો ! અહો ! શ્રી સદ્ગુરુ ......૧૨
અહો શ્રી સત્પુરુષકે ............ ૧
અંત મંગલ ...................૧૩
અંતિમ સંદેશ ...............૧૫૭

**આ**

આટલું તો આપજે ભગવન્ ... ૧૧૮
આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય .... ૧૬૯
આત્મરમણ ધૂન (દર્શન જ્ઞાન રમણ) ૨૩
આત્મરમણ ધૂન (મૈં દર્શનજ્ઞાનસ્વરૂપી) ૯૩
આત્મસિદ્ધિ શાસ્ત્ર .............૭૧
આત્મસિદ્ધિ શાસ્ત્રની સ્તુતિ ..... ૭૧
આપ સ્વભાવમેં રે અવધૂ .......૯૨
આરતી ....................૨૧૩
આલોચના પાઠ ............. ૧૫૯

**ઈ**

ઈચ્છે છે જે જોગી જન ....... ૧૫૭

**ઓ**

ૐ જય જય અવિકારી ...... ૨૧૩

**ક**

ક્રોધની સજ્ઝાય ............ ૧૩૭

**ખ**

ખલક સબ રૈનકા સપના ..... ૧૧૯

**ગ**

ગુરુમાહાત્મ્ય ............... ૧૩૧

**છ**

છ આવશ્યક કર્મ (સામાયિક પાઠ) ૧૬૨
છ પદનો પત્ર ...............૧૦૬
છહ઼ ઢાળા ..................૧૭૭

**જ**

જડ ને ચૈતન્ય બન્ને ........... ૧૮
જય જગતત્રાતા ............. ૧૮
જય જય અવિકારી .......... ૨૧૩
જળહળ જ્યોતિ સ્વરૂપ ...... ૧૦૧
જિનેશ્વરની વાણી (અનંત અનંત) ૨
જિસને રાગદ્વેષ... (મેરી ભાવના) ૬૬

**ત**

તારાં દર્શન માત્રથી દેવ....... ૧૪૨
તુમ તરણ તારણ ............ ૮૯
તે ગુરુ મેરે મન બસો ......... ૧૩૬
ત્રણ મંત્રની માળા ............ ૮





**દ**

દર્શન સ્તુતિ ................ ૮૭
દર્શન જ્ઞાન રમણ એકતાન (ધૂન) ૨૩
દશલક્ષણ ધર્મસ્વરૂપ .......... ૨૧
દીપાવે જે મુગટમણિના ...... ૧૨૨
દોહરા .....................૧૦૫
દીવો રે દીવો પ્રભુ (મંગલ દીવો) ૨૧૪
દુર્લભ એવો મનુષ્યદેહ ........ ૧૧
દેવ અમારા શ્રી અરિહંત (ધૂન).. ૭૦
દેવ વંદન (પ્રાતઃકાળ) ......... ૬
દેવ વંદન (સાયંકાળ) ......... ૧૪

**ધ**

ધર્મ જિનેસર ગાઉં રંગશું ..... ૧૪૧
ધર્મ તત્ત્વ જો પૂછ્યું મને ...... ૧૫૬

**ન**

નવકાર મંત્ર ................ ૧

**પ**

પતિત જન પાવની ........... ૭૧
પ્રણિપાત સ્તુતિ .............. ૧૨
પ્રથમ નમું ગુરુરાજને .......... ૬૩
પ્રભુનું નામ રસાયણ સેવે ..... ૧૧૭
પ્રભુ પ્રાર્થના (જળહળ જ્યોતિ) ૧૦૧
પ્રાતઃકાળની સ્તુતિ ........... ૬
પરમપદપ્રાપ્તિની ભાવના ...... ૯૪

**બ**

બહુ પુણ્યકેરા પુંજથી ......... ૬૪
બિના નયન પાવે નહીં ....... ૧૪૧
બૃહદ્ આલોચના ............ ૧૯૪

**ભ**

ભક્તામર સ્તોત્રનો આજ્ઞાપાઠ ૧૨૧
ભક્તામર સ્તોત્ર ........... ૧૨૨
ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ .. ૮૫
ભક્તિનો ઉપદેશ ............ ૬૪
ભક્તિ પારાયણ ............. ૪૦
ભવિજન ભાવ ધરીને ......... ૨૧

**મ**

મન વાળ્યું વળે (ધૂન) ....... ૭૦
માનની સજ્ઝાય ............ ૧૩૮
માયાની સજ્ઝાય ........... ૧૩૮
માંગલિક (અરિહા શરણં) .... ૨૧૩
મુનિને પ્રણામ .............. ૧૦૨
મૂળ મારગ સાંભળો ......... ૯૭
મેરી ભાવના ................ ૬૬
મૈં દર્શનજ્ઞાનસ્વરૂપી હૂં ........ ૯૩
મંગલ દીવો ................ ૨૧૪
મહાવીર સ્વામી સ્તવન ...... ૬૫
મંદિર છો મુક્તિતણા ........ ૨૧૫

**ય**

યમ નિયમ સંજમ ............ ૪

**ર**

રત્નાકર પચ્ચીસી ........... ૨૧૫
રાત્રે રોજ વિચારો ........... ૯૯

**લ**

લોભની સજ્ઝાય ............૧૩૯

**વ**


વિદ્યુત લક્ષ્મી ............... ૧૦૩
વીતરાગનો કહેલો ધર્મ ...... ૧૦
વીરજીને ચરણે લાગું ........ ૬૫
વૈરાગ્ય પારાયણ (અ) ....... ૨૪
વૈરાગ્ય પારાયણ (બ) ........ ૩૨


**શ**


શાંતિકે સાગર .............. ૧૦૨
શાંતિ જિન સ્તવન .......... ૧૧૬
શાંતિદાયક ધૂન (અજર અમર) .... ૧૬૮
શાંતિદાયક ધૂન (સહજાનંદી શુદ્ધસ્વરૂપી) ૧૩૦
શાંતિદાયક ધૂન (હું છું આતમા) .... ૧૪૬
શુભ શીતળતામય ........... ૬૪
શીતલજિન ભેટિયે ........... ૯૧


**શ્રી**


શ્રી અમિતગતિ સામાયિક .... ૧૧૧
શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર ........ ૭૧
શ્રી ગુરુમાહાત્મ્ય ............ ૧૩૧
શ્રી બૃહદ્ આલોચના ......... ૧૯૪
શ્રી ભક્તામર સ્તોત્ર ......... ૧૨૨
શ્રી શીતલજિન ભેટિયે ........ ૯૧
શ્રી સમાધિશતક .............૧૪૭
શ્રી રત્નાકર પચ્ચીસી ........ ૨૧૫


**સ**


સકલ જ્ઞેયજ્ઞાયક તદપિ ........ ૮૭
સદ્‌ગુરુ મુક્ત થવાનો .........૧૬૭
સમાધિ શતક ...............૧૪૭
સહજાત્મ સ્વરૂપ, ટાળો ભવકૂપ ૯૯
સહજાનંદી શુદ્ધ સ્વરૂપી (ધૂન) ૧૩૦
સામાયિક પાઠ (છ આવશ્યક) ૧૬૨
સાયંકાળની સ્તુતિ (દેવવંદન) ૧૪
સુણો શાંતિ જિણંદ .......... ૧૧૬
સૌ પ્રાણી આ સંસારના ...... ૧૧૧
સર્વમાન્ય ધર્મ .............. ૧૫૬


**હ**


હું છું આતમા (ધૂન) ........ ૧૪૬
હૂં સ્વતંત્ર નિશ્ચલ નિષ્કામ ... ૧૧૦
હે નાથ ! ગ્રહી અમ હાથ .... ૧૯
હે નાથ ! ભૂલી હું ........... ૧૯૨
હે પરમકૃપાળુ દેવ ! ......... ૧૨
હે પ્રભુ ! હે પ્રભુ ! ........... ૨
હે પ્રભો આનંદદાતા ......... ૧૨૦


**ક્ષ**


ક્ષમાપના .................. ૯
ક્ષમાપના પાઠનું પદ્ય ........ ૧૯૨


**જ્ઞ**


જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય ...... ૧૦૫
જ્ઞાની એનું નામ ............. ૯૧


## આ પુસ્તકના પ્રકાશનના અર્થ સહયોગી દાતાઓની શુભ નામાવલી

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમદ્ લાલજીબાપા, ચિત્રોડા<br>હસ્તે-શ્રી ભાવનાબેન કિરણભાઈ શાહ | માથાસુર | રૂ. ૨૫,૦૦૦ |
| ૨. | સ્વ. ગુણવંતીબેન રમણભાઈ શાહ | ગાંધીનગર | રૂ. ૨૧,૧૦૧ |
| ૩. | રતનબાઈ મેઘજી, હસ્તે-શ્રી પાનબાઈ | કોબા | રૂ. ૧૧,૦૦૦ |
| ૪. | દિનેશચંદ્ર એસ. બાવીસી | રાજકોટ | રૂ. ૧૦,૦૦૦ |
| ૫. | માતુશ્રી લક્ષ્મીબેન પ્રેમજી,<br>હસ્તે-શ્રી કાંતીભાઈ કારાણી | મુંબઈ | રૂ. ૧૦,૦૦૦ |
| ૬. | જ્યોત્સનાબેન મોદી | જામનગર | રૂ. ૭,૦૦૦ |
| ૭. | મીનાબેન કિરણભાઈ તુરખીયા | ચેન્નઈ | રૂ. ૭,૦૦૦ |
| ૮. | તરલાબેન દિનેશભાઈ બાવીસી | રાજકોટ | રૂ. ૭,૦૦૦ |
| ૯. | સ્વ. નિર્મળાબેન મનહરલાલ મહેતા | પુના | રૂ. ૬,૦૦૦ |
| ૧૦. | ઈન્દીરાબેન ઝવેરી | સુરત | રૂ. ૫,૦૦૦ |
| ૧૧. | જ્યોત્સનાબેન પી. મોદી | રાજકોટ | રૂ. ૫,૦૦૦ |
| ૧૨. | પૂજન કમલેશભાઈ શેઠ | અંજડ | રૂ. ૫,૦૦૦ |
| ૧૩. | સરલાબેન બકુલભાઈ પારેખ | ચેન્નઈ | રૂ. ૫,૦૦૦ |
| ૧૪. | વીણાબેન કમલેશભાઈ ગોસલીયા | ચેન્નઈ | રૂ. ૩,૦૦૦ |
| ૧૫. | સ્વ. અનિલકુમાર કાંતિલાલ લેઉવા | અમદાવાદ | રૂ. ૨,૦૦૦ |
| ૧૬. | રંજનબેન ધનસુખભાઈ શાહ | મુંબઈ | રૂ. ૧,૬૦૦ |
| ૧૭. | પદ્મકુમાર જૈન | અમદાવાદ | રૂ. ૧,૧૦૦ |
| ૧૮. | વર્ષાબેન રાજેશભાઈ મહેતા | પુના | રૂ. ૧,૦૦૧ |
| ૧૯. | દક્ષાબેન નરેન્દ્રભાઈ કાપડી | પુના | રૂ. ૧,૦૦૧ |
| ૨૦. | વીણાબેન કમલેશભાઈ ગોસલીયા | ચેન્નઈ | રૂ. ૧,૦૦૦ |
| ૨૧. | નેમીલાબેન ગગનેશભાઈ સંઘવી | ચેન્નઈ | રૂ. ૧,૦૦૦ |

# સંસ્થાના પ્રકાશનો

## : પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી રચિત કૃતિઓ :

| | | કિંમત (રૂ.) |
|---|---|---|
| ૧. | સાધક સાથી (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી) | ૮૦.૦૦ |
| ૨. | અધ્યાત્મજ્ઞાન પ્રવેશિકા (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી) | ૮.૦૦ |
| ૩. | અધ્યાત્મ - તત્ત્વ પ્રશ્નોત્તરી | ૩.૦૦ |
| ૪. | ભક્તિમાર્ગની આરાધના | ૨૨.૦૦ |
| ૫. | ચારિત્ર્ય સુવાસ (ગુજરાતી, હિન્દી) | ૧૫.૦૦ |
| ૬. | સાધના સોપાન | ૧૫.૦૦ |
| ૭. | આપણો સંસ્કાર વારસો (ગુજરાતી, અંગ્રેજી) | ૧૦.૦૦ |
| ૮. | સાધક ભાવના | ૧૬.૦૦ |
| ૯. | અધ્યાત્મને પંથે (વચનામૃતના કેટલાંક પત્રાંકો ઉપર વિવેચન) | ૨૦.૦૦ |
| ૧૦. | બોધસાર | ૫.૦૦ |
| ૧૧. | સંસ્કાર, જીવનવિજ્ઞાન અને અધ્યાત્મ | ૪૦.૦૦ |
| ૧૨. | પ્રાર્થના | ૩૦.૦૦ |
| ૧૩. | દ્રવ્ય સંગ્રહ પ્રશ્નોત્તરી ટીકા | ૧૦૦.૦૦ |
| ૧૪. | શ્રીમદ્ રાજચંદ્રની જીવનસાધના | ૨૦.૦૦ |
| ૧૫. | ભક્તિના વીસ દોહરા (હે પ્રભુ! હે પ્રભુ!- પદ ઉપર વિવેચન) | ૧૦.૦૦ |

## અન્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| ♦ | હિરદે મેં પ્રભુ આપ (પૂજ્યશ્રી આત્માનંદજીનું જીવન-કવન) | ૫૦.૦૦ |
| ♦ | રાજવંદના (શ્રીમદ્ રાજચંદ્ર રચિત પદો) | ૫.૦૦ |
| ♦ | શાંતિપથ દર્શન ભાગ : ૧-૨ | ૧૮૦.૦૦ |
| ♦ | સંતોની પદ્યાવરણ ગંગા | ૩૦.૦૦ |
| ♦ | ભાવપ્રતિક્રમણ | ૧૦.૦૦ |
| ♦ | શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર (હસ્ત લિખિત) | ૫.૦૦ |
| ♦ | ભાવ પ્રતિક્રમણ | ૧૦.૦૦ |
| ♦ | જિનેન્દ્ર-પૂજા | ૧૦.૦૦ |
| ♦ | સંત સૌરભ (દિવ્યધ્વનિ વિશેષાંક) | નિ:શુલ્ક |
| ♦ | પુષ્પમાળા | ૫.૦૦ |
| ♦ | Pushp Mala & Bodh Vachan | ૧૦.૦૦ |
| ♦ | કાર્યકર્તા-પાથેય (સેવા-ધર્મ) | ૫.૦૦ |
| ♦ | તીર્થ સૌરભ (રજત જયંતી વિશેષાંક) | નિ:શુલ્ક |
| ♦ | બૃહદ્ આલોચના (વિવેચન) | ૧૦.૦૦ |
| ♦ | દૈનિક ભક્તિક્રમ | ૪૦.૦૦ |
| ♦ | ભક્તિ પરાગ (ભજન સંગ્રહ) | ૪૦.૦૦ |
| ♦ | જિન અર્ચના (પ્રક્ષાલ, પૂજા, સ્તુતિ આદિ સંગ્રહ) | ૨૦.૦૦ |
| ♦ | શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પૂજા-વિધાન | ૧૦.૦૦ |
| ♦ | દિવ્યધ્વનિ (આધ્યાત્મિક સંસ્કારપ્રેરક માસિક) (લવાજમ : ત્રિવાર્ષિક રૂ. ૪૦૦ / આજીવન રૂ. ૨,૦૦૦) | ૧૦.૦૦ |

# સંસ્થાના મુખ્ય ઉદ્દેશો

- ભારતીય સંસ્કૃતિના શાશ્વત સત્ય મૂલ્યોનું પ્રતિષ્ઠાપન, સંરક્ષણ અને સંવર્ધન.
- અધ્યાત્મશાસ્ત્રોનું અને અનેકાંતવિદ્યાનું અધ્યયન-અધ્યાપન-સંશોધન-અનુશીલન.
- ભક્તિમાર્ગની સાધના અને વિકાસ.
- સમર્પણયોગ અને આજ્ઞાપાલનની જિજ્ઞાસાવાળા વિશિષ્ઠ સાધક - મુમુક્ષુઓનું આચારસંહિતામાં સ્થાપન.
- શિબિરો, તીર્થયાત્રાઓ, આધ્યાત્મિક સાહિત્ય પ્રકાશન, ઓડિયો-વિડિયો અને આધ્યાત્મિક મુખપત્ર ‘દિવ્યધ્વનિ’ દ્વારા ઉમદા સંસ્કારોનું સિંચન.